૮૮૫

શ્રી જૈન સિદ્ધાંતની [illegible]

(ભાગ ૨ જો)



[illegible]
JAIN [illegible]
BIKANER, [illegible]

॥ વંદે વીરમ્ ॥

શ્રી

જૈન સિદ્ધાંતની વાર્તાઓ.

(ભાગ ૨ જો)

લેખક અને પ્રકાશક:
જીવનલાલ છગનલાલ સંઘવી
વરવાળુ નિવાસી
ઠેકાણું: ઝીંપાપોળ, જૈનશાળા. અમદાવાદ.

પ્રથમાવૃત્તિ
વીરસંવત ૨૪૫૮

પ્રત ૧૨૫૦
વિક્રમસંવત ૧૯૮૮

કિં. રૂ. ૦-૮-૦

પોસ્ટેજ બે આના.

स्तुति.

अर्हंतो भगवंत इंद्र महिता, सिद्धाश्च सिद्धि स्थिता
आचार्या जिनशासनोन्नतिकरा, पूज्या उपाध्यायका
श्री सिद्धांत सुपाठका मुनिवरा, रत्नत्रयाराधका
पंचैते परमेष्ठिनः प्रतिदिनं, कुर्वन्तु वो मंगलम्

Lives of greatmen, all remind us
We can make our lives sublime
Longfellow

(सर्वहक्क स्वाधीन)

મુદ્રણસ્થાન : વસંતમુદ્રણાલય. ઘીકાંટા રોડ–અમદાવાદ.
મુદ્રક : ચીમનલાલ ઇશ્વરલાલ મ્હેતા.

સમર્પણ

શ્રીયુત્ સ્વધર્મનિષ્ટ,

રા. રા. શા. શામળભાઇ ગોરધનદાસ

ઝુણુસાવાડો, મોટીપોળ : અમદાવાદ

સ્વધર્મી મહાશય,

આપનો સ્વધર્મ પ્રત્યે અથાગ પ્રેમ, જૈનપ્રવચનમાં અડગ શ્રદ્ધા, ધાર્મિક અને સામાજીક ઉન્નતિના શુભ વિચારો, જ્ઞાન અભ્યુદયની ઉત્તમ ભાવના, ભક્તામર, અનુપૂર્વિ, પંચપરમેષ્ટિ સ્મરણુ આદિ નિત્યનિયમની ક્રિયાઓનું સતત્ ચિંત્વન અને મનન, મ્હારા પ્રત્યે આપનો નિર્મળ પ્રેમ, જૈન થોકસંગ્રહ નામક જૈન તત્વજ્ઞાનનો ગ્રંથ પ્રકટ કરી આપે બજાવેલી સ્વધર્મસેવા, અને એવાં અન્ય ધાર્મિક પુસ્તકો પ્રગટ કરી, કરાવી જ્ઞાનોદય કરવાની અપૂર્વ ઝંખના, ઈત્યાદિ આપના અનેક સદ્ગુણોથી આકર્ષાઈ, મ્હારા અને આપના વચ્ચેની પ્રેમપ્રસાદીરૂપે હું આપને આ પુસ્તક સાદર સમર્પણ કરી કૃતાર્થ થાઉં છું.

લી. સ્નેહાધિન

છબનલાલ છગનલાલ સંઘવી

ના જયવીરવંદન...

જી. છ. સંઘવીકૃત હાલ મળતાં પુસ્તકો.

જૈન સિદ્ધાંતની વાર્તાઓ ભાગ ૧ લો.	૧૮ વાર્તાઓનો સંગ્રહ.	૦—૮—૦
જૈન સિદ્ધાંતની વાર્તાઓ ભાગ ૨ જો.	...	૦—૮—૦
જૈન ધર્મ પ્રવેશિકા,	સામાયક, અર્થ પ્રશ્નોત્તર ઉપદેશ ભક્તામર વિગેરે.	૦—૪—૦
ગજપદ્યસંગ્રહ,	ગજમુનિના કાવ્યો, જીવનચરિત્ર, જૈન ઇતિહાસ, સઝાયો.	૦—૪—૦
જીવન તરંગીણી.	દરેક પ્રસંગે ગાવાનાં કાવ્યો, જીવતસુવિચારમાળા ક્ષમાપના.	૦—૧—૬
જૈન બાળ પ્રશ્નોત્તરી,	જૈન તત્ત્વજ્ઞાનના પ્રશ્નોત્તરો કાવ્યો. ...	૦—૧—૦
દુઃખી દંપતી યાને વિશુદ્ધ પ્રેમનો વિજય.	૨૩૦ પાનાની સામાજીક રસઝરી નવલકથા.	૦—૮—૦

બધી જુદો સામટી મંગાવનારને પોસ્ટેજ માફ. [illegible] સિવાય જૈન ધર્મના કેઇ પણ પુસ્તકો ફાયદેથી મોકલા[illegible] કરીશું. એકવાર મંગાવી ખાત્રી કરો.

પત્રવ્યવહાર : જીવનલાલ છગનલાલ સંઘ[illegible]
ઝીંપાપોળ; જૈનપાઠશાળા: અમદાવ[illegible]

જાહેર ખબર.

અમારે ત્યાં દરેક જાતના જૈનધર્મના પુસ્તકો [illegible] તથા [illegible] નકશાઓ તથા [illegible] સામાયક [illegible] અમરચંદની વગેરે [illegible] હવે [illegible] [illegible] મળશે. [illegible]

[illegible]) [illegible] નાગરદાસ પ્રા[illegible]
[illegible] – [illegible]. [illegible] ની પોળ – [illegible]

પ્રસ્તાવના

The true spirit of religion comforts as well as composes the soul. (Palmer)

સાચા ધર્મિષ્ટપણાથી આત્માને દિલાસો અને શાંતિ મળે છે. (પામર.)

પ્રિય વાચક:—જેમ હવા અને પાણી જીવનની જરૂરિયાતની વસ્તુ છે. તેમ ધર્મ એ મનુષ્ય જીવનને માટે અતિ ઉપયોગી વસ્તુ છે. હવા વિના જેમ માણસ ગુંગળાઇને મરી જાય છે, તેમ ધર્મ વગરના મનુષ્યનું જીવન શુષ્ક, નિઃરસ અને દુઃખમય સ્થિતિમાં વ્યતિત થાય છે. જીવનની અનેક પળોમાં ધર્મ વિહિન મનુષ્યની એક પળ પણ ખરી શાંતિમાં પસાર થતી નથી. પછી ભલે તે પૌદ્‌ગલિક વિપુલ સાધનોના સહવાસમાં સુખ માનતો હોય, કિંતુ તેનો અંતરાત્મા દુન્યવી અનેક ઉપાધિઓથી ઘેરાયલોજ હશે, રાજાથી રંક સુધી, શ્રીમંતથી ગરીબ સુધી સૌ કોઇને જગતમાં કંઇને કંઇ પ્રકારનું દુઃખ તો હશે જ. (સિવાય સાચા ત્યાગીઓ) અલબત્ત, વિશ્વના સમસ્ત જીવો શાંતિ અને સુખને માટે ચોમેર ફાંફા મારે છે, તદપિ તેમને સાચી શાંતિ કયાંઇથી પ્રાપ્ત થતી નથી. તે શાંતિ આત્માના એકાગ્રપણામાં, પરમ સંતોષની ભાવનામાં, દુનીયાના માયાની બંધનોથી અલિપ્ત રહેવામાં, અને જ્ઞાન, દર્શન, ચારિત્ર તપની લીનતામાં રહેલી છે. તે જ્ઞાનિઓનો બોધ છે. અને એટલાજ માટે સર્વજ્ઞ તિર્થંકરો, વિરલ નૃપતિઓ, ચક્રવર્તીઓ, મહર્ષિઓ અને અગણિત ભવ્યાત્માઓ સંસારને દુઃખ અને ઉદ્વેગમય અનુભવી સર્વ રાજ્યરિદ્ધિ અને સુખમય સામગ્રીઓનો ત્યાગ કરી એકાંત દશા સ્વીકારી આત્મકલ્યાણ સાધી ગયા છે, અને ભવિષ્યની પ્રજાના હિતને સારૂ ગૃહસ્થ જીવન અને ત્યાગી જીવનના ઉત્તમ આદર્શો બતાવી ગયા છે, તે આદર્શની સિદ્ધિને અર્થે તેમણે સંસારમાં કર્મના ફળ રૂપે કેવા કેવા સંકષ્ટો સહન કર્યાં ! શા શા વિતકો અનુભવ્યા ! કાંચન અને કામિનીના અનેક પ્રલોભનો છતાં જગતને નિઃસાર જાણતાની સાથેજ સંસારના સ્વાર્થમય સકંજામાંથી કેવી રીતે છુટી ગયા, અને સત્ય ધર્મની દૃઢ શ્રદ્ધા પછી તેમાં નિશ્ચળ રહીને આત્મોન્નતિને કેવી રીતે પામ્યા; તે સર્વ વિરલ આત્માઓના જીવન-

ચરિત્રોમાંથી આપણે શીખવાનું છે અને નિજ જીવનમાં સત્ય, પરોપકાર, ક્ષમા, સેવા, દાન, બ્રહ્મચર્ય, સંતોષ આદિ ગુણો પ્રગટ પ્રયત્ન કરવાનો છે. તે કરીશું ત્યારેજ આવા ઉત્તમ ચરિત્રો લખવા વાંચવાનો આપણો હેતુ કંઇક અંશે સફળ થયો ગણાશે.

ભગવાન મહાવીરે જૈન સૂત્રોની ચાર અનુયોગમાં ગુંથણી છે. ૧ દ્રવ્યાનુયોગ. ૨ ગણિતાનુયોગ. ૩ ચરિતાનુયોગ. ૪ કરણાનુયોગ. તેમાં ચરિતાનુયોગ સુગમ હોવાથી મનુષ્યની શક્તિ બહુધા તેને જલ્દીથી સ્પર્શ કરી શકે છે અને લોક રૂચિ છે. તેથીજ આ ચરિતાનુયોગને સરળ અને સાદી ભાષામાં યુવાન વૃદ્ધ સર્વ કોઇ સમજી શકે તેવી રીતે યોજવામાં આવ્યો આ પુસ્તકના પ્રથમ વિભાગમાં મેં જૈન સુત્રોની (જ્ઞાતા, ઉપા વિપાક નિર્યાવલિકા ઉત્તરાધ્યયન] ૧૮ વાર્તાઓ તારવીને ટુંકા સુત્રોના સારાંશ રૂપે આપેલી, પરંતુ આ બીજા ભાગમાં ઉત્તરાધ્ય આદિ સુત્રોની અને પૂર્વ વિદ્વાનોએ રચેલા રાસની કેટલીક વાર્તા આપવામાં આવી છે, વાર્તાઓ લંબાણથી અને શક્તિ અનુ રસપૂર્વક, બોધપ્રદ શૈલિથી, સાદી અને સરળ ભાષામાં લખવ આવી છે. અને જૈન બાળકોને તે વધારે ઉપયોગી નીવડશે. અ રાખું છું કે આ પુસ્તકને ખાસ કરીને દરેક જૈન પાઠશાળાના સ્થાપક મહાશયો પોતપોતાની શાળામાં પાઠ્ય પુસ્તક તરીકે ચલ જેથી કરીને જૈન બાળકોનાં કોમળ અંતઃકરણમાં ધાર્મિક તત્વજ્ઞા સાથે ગમ્મત સાથે જ્ઞાન આપનાર આવા પુસ્તકોથી ધર્મની વિશુદ્ધ ભ નાઓનું સિંચન થાય, અને તેમનુ જીવન સંસ્કારી અને નીતિજ્ઞ બની

આ પુસ્તકમાં ૨૦ વાર્તાઓ આપવામાં આવી છે. જે શિયળ તપ અને ભાવ ઉપરની છે. રાસની વાર્તાઓ જૈનાચાર્યે સ્વતંત્ર લખેલી છે. જો કે તે સર્વજ્ઞની વાણી નથી, તથાપિ તે મૂળ સુત્રોના રૂપાંતર રૂપે હોવાથી બોધદાયક છે અને તેમાંથી જીવને ઘણું શીખવાનું છે. તેથીજ તે મૂકવામાં આવી છે. અને તેમ માંથી આપણે તો એકજ સિદ્ધાંત ગ્રહણ કરવાનો છે કે વિરલ આત્મ

સુખમાં કે દુઃખમાં સમભાવ વાળી રહી શકે છે, અને કર્મના અચલ સિદ્ધાંત પર મુસ્તાક રહી સઘળું સમભાવે સહન કરીને અંતે આત્મ શ્રેયા પામે છે. એટલે સિદ્ધાંત કે રાસદ્વારા આપણને તેમાંથી સદ્‌બોધ મળે છે, તેજ માત્ર આત્માર્થી સુજ્ઞજનો શોધી કાઢે છે. આમાંની ધન્ના શાલીભદ્રની વાત દાનધર્મ પર છે. રત્નચૂડ, ચંદનમલયાગીરીની વાત દાન આપતી વખતે કરેલા સંકુચિત અધ્યવસાય પર છે. કલાવતી સુદર્શનની વાત શિયળ પર છે. ચિત્તમુનિ, અર્ણિકમુનિ, હરિકેશીબળ આદિ વાર્તાઓ તપ ઉપર છે. ચાર પ્રત્યેક બુદ્ધની વાત આત્મનિંદા અને ભાવ પર છે. કાન કઠીયારો, હરિબળ મચ્છીની વાત અહિંસા અને નિયમનાં પાલન ઉપર છે. શ્રીપાળની વાત નવપદ આરાધક આયંબિલની ઓળી પર છે. કાન કઠીયારાની વાતમાં પ્રસંગની વાત જૈન સમાજને અતિશયોક્તિ ભરેલી અને હાસ્યાસ્પદ કદાચ લાગશે. પણ દેવના ચમત્કારો જૈન સુત્રોમાં ઠેરઠેર નજરે પડે છે. ઉત્તરાધ્યયન સુત્રમાં હરિકેશબળ મુનિના શરીરમાં યક્ષના પ્રવેશવાથી શા શા બનાવો બને છે, તેનાથી જૈન સમાજ સુપરિચિત છે, તેથી વાર્તાઓમાં આવેલા કેટલાક બનાવો શક્ય છે. એમ માનવાને કારણ છે. જ્યાં તે બનાવો હો વા ન હો. તેમાં શંકા કરવાનું ખાસ કારણ રહેતું નથી, પણ ગુણગ્રાહી મુમુક્ષુઓ તેમના જીવનમાંથી શા શા સદ્‌બોધ લેવાના છે, તેજ માત્ર ગૃહણ કરી કર્તવ્ય પરાયણ બનવા યત્કિંચિત પ્રયત્ન કરવા પ્રેરાય, તો તેથી આપણને ઓછો લાભ થશે નહિ.

અંતમાં આ પુસ્તકના અગાઉ મદદ થઇ, ઉત્તેજન આપનાર અને મ્હારા 'સસ્તું જૈન સાહિત્ય' પ્રચાર કરવાના કાર્યમાં સહાયભૂત થનાર સર્વ સ્વધર્મી મહાશયોનો આભાર માનવાની હું આ તક હાથ ધરું છું. અને હવે પછી ત્રીજો ભાગ બ્હાર પાડવાની જીજ્ઞાસા જૈન સમાજની રૂચિ અને આદર પર છોડી મ્હારું આ પ્રસ્તાવ કાર્ય સમાપ્ત કરી વિરમું છું. ઇત્યલમ્.

પંચમાઇની પોળ.  ચતુર્વિધ સંઘનો નમ્ર સેવક
કૃષ્ણ એકાદશી ૧૯૮૮ જીવનલાલ છગનલાલ સંઘવી.

અનુક્રમણિકા.

AGARCHAND BHAIRODAN SETHIA
JAIN LIBRARY.
BIKANER, RAJPUTANA.

૧ ધન્યકુમાર



પૂર્વે ભરતક્ષેત્રમાં પ્રતિષ્ઠાનપુર નામનું ભવ્ય નગર હતું. ત્યાં જીતશત્રુ નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં ધનસાર નામે એક શેઠ રહેતો હતો. તેને ચાર દીકરા. ૧ ધનદત્ત, ૨ ધનદેવ, ૩ ધનચંદ્ર, ૪ ધન્યકુમાર ઉર્ફે ધન્નો. ધન્નો ચૌથી ન્હાનો, પણ બુદ્ધિમાં, ગુણમાં, રૂપમાં સર્વથી અધિક હતો. ધન્નાનો જન્મ થતાં જ પિતાને અસ્ખલિત દ્રવ્યની વૃદ્ધિ થવા માંડી. ધનસારે જાણ્યું કે આ સૌથી છેલ્લો પુત્ર મહા ભાગ્યશાળી છે. તેને લીધેજ મ્હારી સંપત્તિ વધવા પામી છે. આથી ધનસાર ધન્નાની ખૂબ પ્રસંશા કરે. ધન્નો જેમ જેમ ઉમ્મરમાં વૃદ્ધિ પામતો ગયો, તેમ તેમ બુદ્ધિ, વ્યાપારકુશળતા, ચાતુર્ય, ગંભીરતા આદિ ગુણો તેનામાં વધતા ગયા; પરિણામે ધન્નાની પ્રશંસા આખા નગરમાં થવા લાગી. પુત્રની કીર્તિ થતી સાંભળીને ધનસાર ખૂબ હર્ષ પામતો અને વારંવાર ધન્નાના વખાણ કરતો. આ પ્રશંસા ધન્નાના બીજા ત્રણ ભાઇઓથી સહન ન થઇ. તેઓ બધા ધન્નાની નિંદા કરવા લાગ્યા. એકવાર ત્રણે જણાએ મળી ધનસારને કહ્યું કે અમે વારંવાર પરદેશમાં ફરીને ધન કમાઇ લાવીયે છીએ, છતાં તમે અમારા વખાણ કરતા નથી, ને આ ધન્નો માત્ર અહિંજ બેસી

રહે છે. મફતનું ખાયપીયે છે અને મજા કરે છે; છતાં તમે તેનાં વખાણ કરોછો, એ ક્યાંનો ન્યાય ?

ધનસારે કહ્યું: 'પુત્રો, ત્હમે ધન્નાની નિંદા શા સારૂં કરો છો ધન્નો બહુ બુદ્ધિમાન અને ભાગ્યશાળી છે. તેના પુણ્યોદયને લીધે જ આપણી સંપતિ વધતી જાય છે. વળી તે કંઈ બેઠો ખાય તેવો નથી. તેના ઉત્તમ ગુણો જોઈને જ હું તેની પ્રશંસા કરૂં છું.

આ સાંભળી ત્રણે જણા બોલી ઉઠયા: એમ કં અને જ નહિ. ધન્નાને પણ અમારી જોડે ઉદ્યમ કર મોકલો. એટલે કોણ વધુ કમાય છે તેની ખાત્રી થશે.

× × × ×

ધનસારે ચારેય પુત્રોને ૩૦૦-૩૦૦ સોનામ્હોરો અ વેપાર કરવા મોકલ્યા. પહેલા ત્રણ જણાએ બજા જઈ કરીયાણાના ગાડા ખરીદ્યાં અને સાંજે તે માલ દેતા દરેકને ૫૦-૫૦ સોનામ્હોરોનો નફો થયો.

ધન્નો પણ કરીયાણા બજારમાં ગયો. અને એક સોટ શેઠની દુકાન આગળ થોડે છેટે ઉભો રહ્યો. આ વખ શેઠ બહારગામથી આવેલો એક કાગળ વાંચતા હતા. તે આડતીયાએ લખેલું કે અહિંથી કીંમતી કરીયાણાની પો રવાના થઈ છે, અને તમારી તરફ આવે છે. માટે દ સાંઘી તે ખરીદી લેજો. એટલે તમને પુષ્કળ નફો થ ધન્નો કાગળના અક્ષરો પાછળથી ઉકેલવાની કળામાં પ્ર

કરી. તેથી તેમાં હરિની મરની કહિમત ખરતાની જાણ થતાં તેમાં પ્રતિબિંબમાંથી ધન્નાએ તપાસી લીધી. અને બાદ ત્યાંથી જઈને કંઈ પેલો ખાટલો ગમે ભદાર લીધી ગયો. શેઠ પ્રમાણે કહેતા. તેવું નિત કે કે પેલોને અમતાં દસ મણી વાર હાથો. ખરે ઘેર જઈ ભાંગી ભાગું-જને ખાંધી તે પેલો ખરીદી હતો. ધન્નાએ તેમ જ તરત ખાતામાં ગયું. ત્યારબાદ ભાડેને જાતાં કરિયાણાની પેટી ધન્નાને આપી મળો. ધન્નાએ કરતમાંજ વણ્યાય માટે ઉપર નજી રહો અને પ્રમાણે પેલો ખરીદી લીધી. તેણામાં પેલો શેઠ ભારી પડ્યો, અને દોરીની વણ્યાય માટે માંગણી કરી. વાણીયો બોલ્યોઃ શેઠ, પેલો તો આ ધન્ના શેઠે ખરીદી લીધો છે, એટલે તમારે એકને તો હવે તેની પાસેથી ખરીદી કરવો. શેઠે પોતાના પ્રમાદ માટે પસ્તાવો કર્યો, પણ કરિયાણું તેને કીમતી જણાયું એટલે ધન્ના પાસે માગણી કરી.

ધન્નાએ કહ્યું: 'સવાલાખ સોનામહોરો મને નફાની આપો તો હું તમને આપું.' શેઠે કબુલ કર્યું. એટલે ધન્નાએ તે સઘળો માલ વેચી દીધો. અને નફામાંથી પોતાની ભાભીઓ સારૂ ઘરેણાં, સુંદર વસ્ત્ર, ઈત્યાદિ ખરીદીને ઘેર આવ્યો. અને સઘળી વાત જાહેર કરી. ધનસાર શેઠ ખૂબ આનંદ પામ્યો. તેણે ત્રણે ભાઈઓને કહ્યું—જુઓ હવે ધન્નાની બુદ્ધિ! નાહક અદેખાઈ કેમ કરો છો? ત્યારે તેઓ બોલ્યાઃ પિતાજી, આતો વિશ્વાસઘાત કર્યો કહેવાય! ધનસારે વિચાર કર્યો કે આ ત્રણેને ધન્નાની અદેખાઈ

આવે છે તો ફરી કસોટી કરૂં. એટલે ફરીથી ધનસારે દરેકને ૬૪-૬૪ સોનાના માસા આપી વેપાર કરવા મોકલ્યા. ત્રણ જણાઓ તેમાં ૫-૧૦ સોનાના માસા કમાઈને ઘેર આવ્યા. ધન્નો ૬૪ માસા લઇ પશુ બજારમાં ગયો. ત્યાં તેણે સુલક્ષણો એક ઘેટો જોયો. ધન્નાએ પાંચ માસા સોનું આપીને તે ઘેટો ખરીદી લીધો. તેવામાં એક રાજકુમાર પોતાની સાથે એક જોરાવર ઘેટો લઇને ત્યાં આવ્યો ધન્નાને ઘેટા સાથે ઉભેલો જોઇને તેણે કહ્યું, લડાવવો તારા ઘેટાને આ મારા ઘેટા સાથે ? ધન્નાએ કહ્યું હા. રાજકુમારે કહ્યું કે એવી શરત કે જેનો ઘેટો કુસ્તીમાં હારે સવાલાખ સોનામ્હોરો આપે. ધન્નાએ કબુલ કર્યું. બંને ઘે.. કુસ્તી કરવા મેદાનમાં ઉતરી પડયા. જોવા માટે પુષ્કળ લોક ભેગું થયું. લડાઇમાં રાજકુમારનો ઘેટો હાર્યો. ધન્નાને સવાલાખ સોનામ્હોરો મળી. તે લઈ ધન્નો ઘેર આવ્યો. અને સઘળી વાત કરી. તે સાંભળીને ત્રણ ભાઈનાં તો મોંઢાજ ઉતરી ગયાં. શેઠે ધન્નાની ખુબ પ્રશંસા કરી પણ તેના ભાઇઓ તો ઇર્ષાથી બળવા લાગ્યા. શેઠે કહ્યું ભાઇઓ, ઇર્ષા ન કરો. છતાં તેમણે માન્યું નહિ અને ફરીવા વેપાર કરવા મોકલવાનું કહ્યું. ધનસાર શેઠે ત્રીજીવાર દરેકને સો સો સોનામ્હોરો આપી વેપાર કરવા મોકલ્યા. પણ ઈર્ષા વાળા ત્રણે જણાને તેમાં કંઇપણ નફો થયો નહિ અ વીલે મોઢે ઘેર આવ્યા.

ધન્નો, હવે ક્યાં જવું તેનો વિચાર કરતો ચોકમાં આ ઉભો રહ્યા, ત્યાં તેને લાકડા બજાર તરફ સારા શુકન થ

એટલે ધન્નો ગયો લાકડા બજારમાં. ત્યાં એક ચંડાળ ઢોલીયો વેચવા માટે આવેલો, પણ તે ચંડાળ હોવાથી કોઈ તેનો ઢોલીયો ખરીદે નહિ. ધન્નાએ ચંડાળ પાસેથી તે ઢોલીયો ખરીદી લીધો. અને મજુરો પાસે ઉપડાવી ઘેર લઇ ગયો. મજુરોએ ધન્નાને ઘેર આવી ઢોલીયો પછાડયો; કે તરત તેના ઇસ અને ઉંપળા જુદા થઈ ગયા. જુદા થતાંજ તેમાંથી રત્નનો ઢગલો થયો. આ જોઈ સૌ કોઈ આશ્ચર્ય પામ્યા. અને ધનસાર શેઠ તો ધન્નાપર ખૂબ ખૂશ થઇ ગયાં. ઢોલીયાની હકીકત એવી હતી કે એક શેઠ પાસે પુષ્કળ દ્રવ્ય; પણ તે એવો તો કંજુસ કે **ચમડી તૂટે પણ દમડી ન છુટે.** પરમાર્થે એક પાઇ ખર્ચવી તે તેને માથાના ઘા સમાન હતું. એટલુંજ નહિ પણ તે બૈરાં છોકરાંને પૂરૂં ખાવાનું પણ ન આપે. જગત જનોને છેતરીને, ઓછું આપીને, અદકું લઇને, અને કંઇકની થાપણો ઓળવીને માત્ર અન્યાયથી તેણે ખૂબ પૈસો પ્રાપ્ત કરેલો. રાત દિવસ તે પૈસાની ચોકી કરતો. તેને નિરાંતે ઉંઘ પણ ન આવે. એક દિવસ તેણે પોતાનું બધું છૂટું છૂટું દ્રવ્ય વેચીને રત્નો ખરીદયા. અને કુશળ કારિગર પાસે એક ઢોલીયો બનાવરાવી તેમાં તેણે પોતાના બધા રત્નો છૂપાવ્યાં. અને કોઇને પણ તેની વાત કરી નહિ. શેઠ હંમેશાં તે ઢોલીયામાં સુઇ રહે અને તેની રક્ષા કરે. એકવાર તે માંદો પડયો અને પથારી વશ થયો. ત્યારે તેણે પોતાની સ્ત્રીને કહ્યું કે મને આ ઢોલીયો બહુ વહાલો છે. માટે હું મરી જાઉં તો મારી સાથે આ ઢોલીયાને પણ બાળજો. સ્ત્રીએ તે કબુલ

કર્યું. થોડાક દિવસ બાદ શેઠ મૃત્યુ પામ્યા. અને તેની ઇચ્છા મુજબ ઢોલીયો પણ તેની સાથે ચિતામાં બાળવા માટે મૂકવામાં આવ્યો, તેવામાં સ્મશાનનો રક્ષક ચંડાળ ત્યાં આવ્યો અને ઢોલીયાની માગણી કરી. તેની સ્ત્રીએ તે આપવા માટે પ્રથમ ના કહી. પણ ચંડાળે હઠ લીધી; તેથી બીજા માણસોના કહેવાથી તે ઢોલીયો ચંડાળને આપવામાં આવ્યો. તે ઢોલીયો લઇને આજે ચંડાળ વેચવા માટે આવેલો. અને ધન્નાએ તે ખરીદી લીધો. ધન્નાને તેમાંથી પુષ્કળ રત્ન પ્રાપ્ત થયાં, તેથી ધનસારે ધન્નાની બુદ્ધિના ખૂબ વખાણ કર્યા, અને ઇર્ષાળુ ત્રણ ભાઈઓના મુખ મ્લાન થઇ ગયા; પણ તેઓ અદેખાઇ છોડે નહી અને રોજ ધન્ના સાથે કલેશ કરે. ધન્નાએ વિચાર્યું કે **કલેશથી ગોળાનું પાણી પણ સૂકાય. માટે સુજ્ઞજનોએ જ્યાં કલેશ હોય ત્યાં ઉભા રહેવું ઉચિત નથી.** એમ ધારી ધન્નો એક રાત્રે છાનો માનો ઘરબાર છોડી ચાલી નીકળ્યો. ઘોર જંગલ વટાવતા પ્રભાત થતાં ધન્નો ગામ નજીકના કોઈ એક ખેતર પાસે આવી પહોંચ્યો. અને વિશ્રાંતિ લેવા માટે ત્યાં બેઠો. ખેતરનો ખેડૂત હળ ખેડયા બાદ નવરો થઇને ધન્નાને જોવાથી તેની પાસે આવ્યો. અને વાર્તાલાપ કરવા લાગ્યો. ધન્નાની બોલવાની મીઠાશ અને લલાટની ભવ્યતા જોઇને ખેડૂતને આ અજાણ્યો પરદેશી ઉચ્ચકૂળનો જણાયો. કેટલીકવારે ખેડૂતની સ્ત્રી ભાત લઇને આવી. એટલે ખેડૂતે ધન્નાને ખાવા માટે આગ્રહ કર્યો, ધન્નાએ જવાબ આપ્યો ' મહેનત કર્યા વગર કોઈની કંઈ પણ ચીજ

લેવાનો અને હક નથી.' માટે તમે મને થોડોક વખત આ હળ ખેડવાની રજા આપો તો જ. હું તમારા આમંત્રણનો સ્વીકાર કરું. ખેડુતે તે કબુલ્યું અને ખેડવા માટે ધન્નાને હળ આપ્યું. ધન્નો હળ લઈ જમીન ખેડવા લાગ્યો, તેવામાં દટાયેલા એક પત્થર સાથે હળ અથડાયું. પત્થર ફાટી ગયો. ધન્નાએ ત્યાં નજર કરી તો દ્રવ્યથી ભરેલો એક ચરૂ તેના જોવામાં આવ્યો. ધન્નાએ તે લઈ ખેડૂતને આપ્યો. ખેડૂત આશ્ચર્ય પામ્યો અને ધન્નાને ભાગ્યશાળી સમજી તે ચરૂ ધન્નાને આપવા લાગ્યો ધન્નાએ કહ્યું. આ ચીજ તમારા ખેતરમાંથી નીકળી છે માટે તે તમારી માલીકીની ગણાય, હું તે નહિ લઉં; કારણ પારકું ધન મારે પત્થર સમાન છે. મારે તે ખપેજ નહિ અંતે ખેડૂતે તે ધન લીધું અને સુખી થયો. ધન્નો ખેડૂતની રજા લઈ ત્યાંથી આગળ ચાલ્યો અને ઉજ્જયીની નગરીમાં પહોંચ્યો. ત્યાં પ્રદ્યોત્ નામે રાજા હતો. રાજા કોઈ ઉત્તમ મંત્રીની શોધમાં હતો. તેણે તે દિવસે ઢંઢેરો પિટાવ્યો કે જે કોઈ બુદ્ધિશાળી માણસ સરોવરની વચ્ચે આવેલા થાંભલાને, કિનારે ઉભા ઉભા દોરડાની ગાંઠથી બાંધી દેશે તેને રાજા મંત્રિપદ આપશે: આ બીડું પ્રજાજનમાંથી કોઈ ઝીલી શક્યું નહિ. ધન્નાએ તે બીડું ઝડપ્યું. ધન્નો તે કામ સિદ્ધ કરી મંત્રી બન્યો અને સુખ ભોગવવા લાગ્યો.

× × × ×

પ્રતિષ્ઠાનપુરમાં ધનસારશેઠ ધન્નાના ચાલી જવાથી ઉદાસ બની ગયો હતો. ધનસારની સર્વ લક્ષ્મી તેના ઘર-

માંથી ધન્નાની સાથે ચાલી નીકળી હતી, પરિણામે ધનસા
શેઠ અને તેનું કુટુંબ નિર્ધન બની ગયું. ધનસાર શેઠને
ખાવાના પણ સાંસા પડયા. એટલે તે પોતાના પુત્રો અને
કુટુંબ સાથે ધંધાર્થે પરદેશમાં નીકળી પડયો. સઘળાં ફરતા
ફરતાં કેટલેક દીવસે ઉજ્જયીની નગરીમાં આવ્યાં અને
ભિખારી વેશે શહેરમાં ફરવા લાગ્યા. ધન્નાએ પોતાના
પિતાને કુટુંબ સાથે પોતાના રાજ્યમહેલના ઝરૂખામાંથી
ચિંથરેહાલ સ્થિતિમાં ફરતાં જોયાં. તેમને જોતાંજ ધન્ને
આશ્ચર્ય પામ્યો અને કર્મના ચમત્કાર વિષે વિચાર કરવા
લાગ્યો. એક નોકરને મોકલી ધન્નાએ પોતાના પિતા તથા
ભાઈઓ વગેરેને ઉપર બોલાવ્યા અને સઘળી હકીકતથી
એક બીજા વાકેફગાર થયાં. ધન્નાએ તેમને પ્રેમથી પોતાની
પાસે રાખ્યા. ધન્નાનું કુટુંબ હવે ઉજ્જયીની નગરીમાં સુખ
ભોગવવા લાગ્યું.

કહેવત છે કે કૂતરાની પૂંછડી હંમેશાં વાંકીને વાંકીજ
દુર્જન લોકોપર ગમે તેટલો ઉપકાર કરવામાં આવે તો
પણ તેઓ હંમેશાં અવર્ણવાદ જ બોલે. એ ન્યાયે ધન્નાના
ત્રણ ભાઈઓ અહિં પણ ધન્નાની અદેખાઈ કરવા લાગ્યા,
અને ધન્ના સાથે કલેશ કરવા લાગ્યા. ધનસારને એકવાર
ત્રણે જણાએ કહ્યું, પિતાજી અમારે ધન્ના સાથે રહેવું નથી,
માટે અમારો ભાગ વહેંચી આપો. ધનસારે કહ્યું: પુત્રો,
તમારો ભાગ કેવો, આપણે તો નિર્ધન થઈ ગયા હતા.
અને ધન્નાએ આપણને આશ્રય આપ્યો. તેનાજ ભાગ્યનું
આપણે [illegible] માટે ઝઘડો ન કરો. ત્યારે ત્રણ

ઇઓ બોલી ઉઠયા. પિતાજી એટું ન બોલો. આ ધન્નો ના ભાગ્યનું ખાય છે તે કોને ખબર છે, અમે તો ધનના રખા હિસ્સે ભાગીદાર છીએ. માટે અમને ભાગ વહેંચી આપો. આ ઝઘડો ધન્ના પાસે પહોંચ્યો; તેથી ધન્નાએ વેચાર કર્યો કે જે સ્થળે કલેશ ઉત્પન્ન થાય ત્યાં મારે રહેવું શ્રેયસ્કર નથી. એમ ધારી ધન્નો બધો વૈભવ ભાઈઓને સોંપી ત્યાંથી ચાલી નીકળ્યો. ખરેખર, વીર પુરૂષો પોતાના આત્મબળ ઉપર મુસ્તાક રહી પુરૂષાર્થ ખેડે છે. ત્યારે કાયર પુરુષો પારકી લક્ષ્મીપર તાગડધીન્ના કરી અમન ચમન ઉડાવે છે. એ પણ દુન્યાની એક અજબ ઘટના છે. વીર ધન્નો ત્યાંથી નીકળી અટવી માર્ગે ચાલ્યો જાય છે. તેવામાં તેણે એક સાધુ મહાત્માને જોયાં. જૈન મુનિને દેખી ત્હેને અપૂર્વ પ્રેમ જાગૃત થયો. મુનિ પાસે જઈ ધન્નાએ ભાવયુક્ત વંદન કર્યું. મુનિએ ધર્મબોધ આપ્યો. ધન્નાએ પરદારાગમનની ત્યાં પ્રતિજ્ઞા કરી. ત્યાંથી તે આગળ ચાલતાં કાશી નગરીની સમીપમાં પહોંચ્યો, જ્યાં ગંગા નદી વહેતી હતી ધન્નાએ પોતાના વસ્ત્ર બાજુએ મુકી થાક ઉતારવા ગંગા નદીમાં સ્નાન કર્યું. બહાર આવી, વસ્ત્ર પહેરી, પંચ પરમેષ્ટિનુ સ્મરણ કરતો તે નદી કીનારે બેઠો. તેવામાં ગંગાનદીની અધિષ્ઠાત્રી ગંગાદેવી ત્યાં આવી. ધન્નાને સ્વરૂપવાન દેખી તેનાપર મોહ પામી બોલી. હે પુણ્યશાળી પુરૂષ, ત્હમને દેખી હું મોહિત થઈ છું અને કામ જવાલાથી પિડા પામું છું. માટે મારી સાથે ભોગવિલાસ કરો અને આનંદ પામો. હું સાક્ષાત ગંગાદેવી

છું. તમને સુખી કરીશ. આ સાંભળી ધન્નો બોલ્યોઃ હે, માતાજી, આવું અઘટિત લાપણ કૃપા કરી મ્હારી સાથે ન કરો. મ્હારે પરસ્ત્રીગમનની પ્રતિજ્ઞા છે. ત્યારે ગંગાદેવી ક્રોધાયમાન થઇ બોલીઃ દિવ્યકુમાર, મારૂં અપમાન ન કર અને મારૂં વચન માન્ય કર. નહિ તો આ ચળકતી તરવારથી હું તારૂં મસ્તક ઉડાવી દઇશ. દેવીની ભયંકર વાણીથી જરા પણ ન ગભરાતાં ધન્નાએ ગંભીરતા પૂર્વ[illegible] જણાવ્યું, હે ગંગા મૈયા, મ્હને મૃત્યુનો ભય શા મા[illegible] બતાવો છો. વહેલું કે મોડું દરેકને એકવાર મરવાનું [illegible] છેજ, અધર્મનું સેવન કરી જીવતા રહેવું તેના કર[illegible] પ્રતિજ્ઞાનું પાલન કરતાં મૃત્યુ થાય એ હું વધુ પસ[illegible] કરૂં છું. મારી પ્રતિજ્ઞાનો હું કોઇ રીતે ભંગ કરનાર નથ[illegible] માટે માતા, ત્હમારી ઇચ્છામાં આવે તો મને મારી ના[illegible] યા તો જીવાડો.

ધન્નાની વીરતા અને દઢતા દેખી ગંગા દેવી ધન્ના[illegible] ઉપર ખૂશ થઇ, ને બોલીઃ ધન્ય છે! કુમાર, ત્હારા જેવ[illegible] વીરપુરૂષો જવલ્લેજ મેં જોયા છે. લે, હું તને ત્હારા પ[illegible] ખુશ થઇને આ ચિંતામણી રત્ન આપુ છું. તે તું તાર[illegible] પાસે રાખજે. તેના પ્રભાવથી તું સુખી થઇશ. એટલું બોલ[illegible] ધન્નાને રત્ન આપીને દેવી અદ્રશ્ય થઇ ગઇ. ધન્નો પોતા[illegible] પ્રતિજ્ઞા કાયમ રહી તે માટે પ્રભુનો પાઠ માનવા લાગ્યો.

ધન્નો ત્યાંથી આગળ ચાલ્યો. અને રાજગૃહી નગરી[illegible] એક જીર્ણ બગીચામાં આવી વિશ્રાંતિ લેવા માટે બેઠો. પુ[illegible] ગાળી ધન્નાના આવવાથી આ સૂકાઇ ગયેલો અને જી[illegible]

બગીચો નવપલ્લવિત થઇ ગયો. બાગનો માળી આ દ્રશ્ય દેખી વિસ્મય પામ્યો. આ બગીચાનો માલીક રાજગૃહી નગરીનો કુસુમપાળ નામે એક ધનાઢ્ય શેઠ હતો. માળીએ જઇ શેઠને બગીચો લીલોછમ થઇ ગયાની વાત કરી. કુસુમપાળ શેઠ બગીચામાં આવ્યો. અને ધન્નાને તેણે પ્રભુસ્મરણ કરતો જોયો. શેઠે ધન્નાને ભાગ્યશાળી ધારીને તેની પાસે આવી વંદન કર્યું અને પોતાને ત્યાં આવવાનું આમંત્રણ આપ્યું. ધન્નો શેઠની સાથે તેમને ઘેર ગયો. ધન્નાની બુદ્ધિ, વાકચાતુર્ય, તેજસ્વી મુખારવિંદ, ઉત્તમગુણો, ઇત્યાદિથી પ્રસન્ન થઇ શેઠે પોતાની કુસુમશ્રી નામની પુત્રી ધન્નાને પરણાવી. ધન્નો અહિં સુખ ભોગવવા લાગ્યો.

× × × ×

રાજગૃહિ નગરીના મહારાજા શ્રેણિકનો સેચાનક નામનો હાથી એકવાર મદોન્મત્ત બની છૂટો થઇ નાઠો. અને વસ્તીમાં ત્રાસ વર્તાવવા લાગ્યો. આ વખતે અભયકુમાર ઉજ્જયીનીમાં પ્રદ્યોત રાજાને ત્યાં હતો; એટલે તેમના સિવાય નગરીમાંનું કોઇ પણ માણસ આ હાથીને બાંધી શક્યું નહિ. હાથી તો વધુને વધુ ત્રાસ વર્તાવવા લાગ્યો, ત્યારે શ્રેણિકે ઢંઢેરો પિટાવ્યો કે કોઇ પણ વીરપુરૂષ આ હાથીને વશકરી બાંધી દેશે તેને રાજા પોતાની સોમશ્રી નામની કુંવરી પરણાવશે. આ બીડું ધન્નાએ ઝડપ્યું. અને પોતાની વીરતાથી હાથીને વશ કરીને શ્રેણિક રાજાની કુંવરી પરણ્યો. ધન્નો ખુબ સુખ ભોગવવા લાગ્યો.

આ રાજગૃહિ નગરીમાં ગોભદ્ર નામે એક ધનાઢ્ય શેઠ રહેતો હતો. તે ઘણોજ દયાળુ અને ભદ્રિક હતો. એક વાર એક કાણીયો ઠગ પૈસા કઢાવવાના ઇરાદે ગોભદ્ર શેઠ પાસે આવ્યો અને કહ્યું. ' લ્યો શેઠ, આ તમારા લાખ રૂપીઆ અને લાવો મારી ઘરાણે મૂકેલી એક આંખ. ' ગોભદ્ર આ સાંભળી વિચારમાં પડયો અને કહ્યું. ભાઇ, મેં તારી આંખ કયે દહાડે ઘરાણે રાખી છે કે તું લેવા આવ્યો છું ! આ સાંભળી પેલો ઠગ બોલ્યો. શેઠ. આપો છો કે નહિ ! નહિ તો રાજા પાસે જઈ ફરીયાદ કરૂંછું. હું એવો મૂર્ખો નથી કે લાખ રૂપીયા લઇ તમારે ઘેર આપવા આવું. શેઠ તો સાંભળત દિગ્મૂઢ બની ગયા. અને આ ગળે પડનાર ઠગને શું જવાબ આપવો તેનો વિચાર કરવા લાગ્યા. આસપાસથી ઘણા માણસો આ કૌતક જોવા ભેગાં મળ્યા, પણ આ ઝગડાનું કોઈ નિરા કરણ કરી શક્યું નહિ. પેલો ઠગ રાજદરબારમાં ફરીયાદ કરવા ગયો. ધન્નાએ પોતાની વિચક્ષણ બુદ્ધિથી ધૂર્તની ધૂર્ત વિદ્યા પારખી લીધી. અને ઠગને બીજે દિવસે ફરીયાદ કરવા આવવાનું કહ્યું. સાંજ પડતાં ધન્નો ગોભદ્ર શેઠને ત્ય ગયો અને કહ્યું કે આવતી કાલે તમે રાજ દરબારમાં આવ પેલા કાણીયા ઠગને કહેજો કે મારે ત્યાં ઘણી આંખો ઘરાણે પડી છે, પણ તેમાં તમારી આંખ કઈ તે પારખી શકાર નહિ, માટે તમારી બીજી આંખ કાઢી આપો. એટલે તેન સાથે મેળવીને તમારી આંખ તમને પાછી આપું. બીજે દિવસે પેલો ઠગ ગોભદ્ર શેઠને લઈને રાજસભામાં આવ્યો અને ફરીયાદ કરી. ગોભદ્ર શેઠે ધન્નાએ યુક્તિ બતાવ્ય

જબ ઠગને કહ્યું. એટલે ઠગ પકડાઈ ગયો. રાજાએ તેને ગધેડે બેસાડી માથે મુંડો કરાવી ગામમાંથી કાઢી મૂક્યો. સૌ કોઈ ધન્નાની બુદ્ધિની પ્રશંસા કરવા લાગ્યા. ગોભદ્રશેઠ ધન્ના પર ખૂબ પ્રસન્ન થયાં અને પોતાની સુભદ્રા નામે પુત્રી ત્હેને પરણાવી. ધન્નો પોતાની ત્રણ સ્ત્રીઓ સાથે સુખ ભોગવવા લાગ્યો.

પુણ્યશાળી જીવો જ્યાં જાય ત્યાં સુખ પામે. અને પાપાત્માઓ જ્યાં જાય ત્યાં દુઃખ પામે. એ ન્યાયે ધન્નો જ્યારે રાજગૃહીમાં બાદશાહી સુખ ભોગવતો, ત્યારે ધન્નાના કુટુંબીઓ ઉજ્જયીનીમાં દુઃખ ભોગવતા હતા, કારણકે ધન્નાના એકાએક ચાલી જવાથી ધનસાર તથા તેના ત્રણ પુત્રો પર રાજા ગુસ્સે થયો હતો અને તેમના ઘર બાર લુંટી લીધા હતા. ધનસારે ઉજ્જયિનીમાં દુઃખી અવસ્થામાં રહેવાનું ઉચિત માન્યું નહી. તેથી તે પોતાના પુત્રો સાથે પરદેશમાં પેટ ગુજારો કરવા માટે નીકળી પડયો. અને ફરતાં ફરતાં તેઓ રાજગૃહિ નગરીમાં આવી પહોંચ્યા. એકવાર ધન્નાએ પોતાના મહેલમાં બેઠા બેઠા પોતાના પિતા તથા ભાઇઓને ભિખારી વેશે જોયાં, તેથી ધન્નાએ ત્હેમને ઓળખી આદર પૂર્વક ઉપર તેડાવ્યા. અને સઘળી હકીકત કહીને પોતાની પાસે રાખ્યા. આ પ્રમાણે ધનસારનું આખું કુટુંબ રાજગૃહીમાં સુખ ભોગવવા લાગ્યું.

અહિં પણ ધન્નાને તેના ભાઇઓ સૂખે જંપવા દે નહિ. રોજ તેની સાથે કલેશ કરે. કહેવત છે કે સજ્જન પુરૂષો સજ્જનતા છોડે નહિ. અને દુર્જનો દુર્જનતા છોડે નહિ.

ાંડયા. આ જોઇ ત્રણે વહુઓ સુભદ્રાની અદેખાઈ કરવા
ાગી. અને એકવાર તો તે ત્રણે જણીઓએ ડોસાને સ્પષ્ટ
જણાવી દીધું કે અમે તો હવે છાશ લેવા જવાના નથી.
ાકલજો તમારી વહાલી વહુ સુભદ્રાને. ત્રણ વહુઓએ
જવાનું બંધ કર્યું. એટલે સુભદ્રા રોજ છાશ લેવા જવા
ાાગી. એકવાર ધન્નાએ ત્હેની પત્નીને સુભદ્રાની સઘળી
હકીકત જાણી લેવા કહ્યું. તેથી ધન્નાની સ્ત્રી સૌભાગ્ય
મંજરીએ સુભદ્રા આવતાં તેને આદરપૂર્વક બેસાડી. અને
તેની સર્વ હકીકત કહેવા જણાવ્યું. સુભદ્રાએ પોતાના
કુટુંબની સર્વ આપવીતી જણાવી. તેવામાં ધન્નો આવ્યો
અને અપ્રકટપણે સુભદ્રા પ્રત્યે બોલ્યોઃ હે દેવી. તું કેટલી
બધી સુંદર દેખાય છે! ખરેખર ત્હારૂં ...ના ઘરની
અપસરા જેવું છે! ... ડોસાને ... પડી!
માટે મારૂં કહ્યું ... હું ક... અ...
રહે. હું ત્હારા ... ચો
વિલાસ કર.
મજા કર.

ધ
ઉઠીઃ શું
સમસ્ત
મારા
જણ
ચા

ન હતો ! લાવ, શો લાવ. અને ફરી કોઈવાર આવા શબ્દો
માંથી ન બોલવા. આ શ્રેણિક હું આપના ઘરનો દાસ
તેવી ગરીબાઈમાં કે જેવો તેવા દુઃખમાં હું
નેવી નથી, એમ બિલકુલ માનજો. એટલું
તૈયારી કરી. ધન્નાએ તેને
કર્યું અને પોતેજ ધન્નો છે
તાંજ સુભદ્રાના હર્ષનો પાર ન
માફી માગી. ધન્નાએ પણ તેણીની
કરી. અને ત્યાં આનંદપૂર્વક રહ્યાં.

પણ સુભદ્રા પેર ન આવી, તેથી
લાગ્યો કે ગઇ તેમ હો પણ આજે
છે. એમ કરતાં સાંજ પડી. ધન-
ન રહ્યો. ત્રણ વહુઓ ધનસાર પ્રત્યે
કાં ! મોકલોને તમારી ડાહી વહુને,
કે તમારી વહુ નાઠી જાય વાંરે છે
હાજું હોવું જોઇએ. આ સાંભળી ધનસાર
તરત તે ઉતાવળો ઉતાવળો ધન્નાની
પહેરેગીરને સુભદ્રા બાબત પૂછ્યું.
સુભદ્રાએ તો નવા નવા લુગડાં
પહેરી શેઠ સાથે મજા કરે
તો હોશ કોશ ઉડી ગયા.
પાડી. એટલે ધન્નાએ બહાર
પૂરી દેવાનો હુકમ આપ્યો.
થઇ એટલે ત્રણે ભાઇઓ

માંડ્યા. આ જોઇ ત્રણે વહુઓ સુભદ્રાની અદેખાઇ કરવા લાગી. અને એકવાર તો તે ત્રણે જણીઓએ ટોણાને સ્પષ્ટ જણાવી દીધું કે અમે તો હવે છાણ લેવા જવાના નથી. આટલો તમારી વહાલી વહુ સુભદ્રાને. ત્રણ વહુઓએ જવાનું બંધ કર્યું. એટલે સુભદ્રા રોજ છાણ લેવા જવા લાગી. એકવાર ધન્નાએ ત્હેની પત્નીને સુભદ્રાની સઘળી હકીકત જણી લેવા કહ્યું. તેથી ધન્નાની શ્રી સૌભાગ્ય મંજરીએ સુભદ્રા આવતાં તેને આદરપૂર્વક બેસાડી. અને તેની સર્વ હકીકત કહેવા જણાવ્યું. સુભદ્રાએ પોતાના કુટુંબની સર્વ આપવીતી જણાવી. તેવામાં ધન્નો આવ્યો અને અપ્રકટપણે સુભદ્રા પ્રત્યે બોલ્યોઃ હે દેવી. તું કેટલી બધી સુંદર દેખાય છે! ખરેખર ત્હારૂં રૂપ ઇંદ્રના ઘરની અપ્સરા જેવું છે! તું આ ટોણાને પાને ક્યાંથી પડી? માટે મારૂં કહ્યું જો માને તો હું કહું છું કે તું હવે અહિંજ રહે. હું ત્હારા પર પ્રસન્ન થયો છું. તો મારી સાથે પ્રેમ વિલાસ કર. સારૂં સારૂં ખા. સુંદર ઘરેણા પહેર અને મજા કર.

ધન્નાનું આ પ્રમાણે કથન સાંભળતાંજ સુભદ્રા બોલ ઉઠીઃ શું ત્હમે મને હલકા કૂળની સમજો છો! દેવલોક સમસ્ત રિદ્ધિ મ્હારી પાસે મૂકવામાં આવે તો પણ મારા ધર્મથી લેશ પણ પતિત ન થાઉં. સતી સ્ત્રીઓ જણને પોતાનો દેહ અર્પણ કરે છે. એક તો પોત પતિદેવને અને બીજો અગ્નિદેવને, એ શું ત્હમે સમજતા! સારી છાપ આપવાનો શું તમારો આવોજ

હેતુ હતો ? જાવ, શેઠ જાવ. અને ફરી કોઈવાર આવા શબ્દો મોંમાંથી ન બોલતા. આ ક્ષણેજ હું આપના ઘરનો ત્યાગ કરૂં છું. ગમે તેવી ગરીબાઈમાં કે ગમે તેવા દુઃખમાં હું મ્હારો ધર્મ ચૂકું તેવી નથી, એમ નિશ્ચય માનજો. એટલું બોલી સુભદ્રાએ ઉઠવાની તૈયારી કરી. ધન્નાએ તેને રોકીને પોતાનું જીવન વૃત્તાંત કહ્યું અને પોતેજ ધન્નો છે તે જાહેર કર્યું. વાત સાંભળતાંજ સુભદ્રાના હર્ષનો પાર ન રહ્યો. સુભદ્રાએ ધન્નાની માફી માગી. ધન્નાએ પણ તેણીની શિયળ રક્ષણ માટે પ્રશંસા કરી. બંને ત્યાં આનંદપૂર્વક રહ્યાં.

મધ્યાન્હ થયો પણ સુભદ્રા ઘેર ન આવી, તેથી ધનસાર શેઠ વિચારવા લાગ્યો કે ગમે તેમ હો પણ આજે કંઈક અનિષ્ટ થયું લાગે છે. એમ કરતાં સાંજ પડી. ધનસારના ઉદ્વેગનો પાર ન રહ્યો. ત્રણે વહુઓ ધનસાર પ્રત્યે કહેવા લાગી. સસરાજી, કાં ? મોકલોને તમારી ડાહી વહુને, અમે ન્હોતા કહેતા કે તમારી વહુ જાડી છાશ લાવે છે. માટે દાળમાં કંઈક કાળું હોવું જોઈએ. આ સાંભળી ધનસાર તો ખુબ ખીજાયો. તરત તે ઉતાવળો ઉતાવળો ધન્નાની હવેલીએ આવ્યો. અને પહેરેગીરને સુભદ્રા બાબત પૂછ્યું. પહેરેગીરે જણાવ્યું કે સુભદ્રાએ તો નવા નવા લુગડાં પહેર્યા છે. અને ખુબ ઘરાણું પહેરી શેઠ સાથે ગમ્મત કરે છે. સાંભળતાંજ ધનસારના તો હોશ કોશ ઉડી ગયા. તરત તેણે ધન્ના શેઠને બુમ પાડી. એટલે ધન્નાએ બહાર આવી આ ડોસાને જેલમાં પૂરી દેવાનો હુકમ આપ્યો. અહિં ડસાને ખુબ વાર થઈ એટલે ત્રણે ભાઈઓ ધન્નાની

ડહેલીએ આવ્યા. અને સુભદ્રા તથા ડોસાની માગણી કરં
ધન્નાએ ત્રણે ભાઈઓને પણ જેલમાં પૂરી દીધાં. પછ
ત્રણ વહુઓ રોતી કકળતી આવી. ધન્નાએ ત્હેમને ધક્ક
મરાવી કાઢી મૂકી અને બહાર રખડતી રાખી.

સવાર થયું એટલે ધન્નાએ હવે પ્રકટ થવાનું ઇચ્છયુ
પ્રથમ ધનસારને છુટો કરી માફી માગી અને પોતાની સવ
હકીકત કહી. પછી ત્રણે ભાઈઓને છુટા કર્યા. ત્રણે જણ
પોતાની વહુઓને ઝુંપડીમાંથી બોલાવી લાવ્યા. ડોસાન
હર્ષનો પાર રહ્યો નહિ. ભાઈઓનો દ્વેષ મટાડવા એટલં
શિક્ષા કરવી ઉચિત હતી એમ ધન્નાએ ધનસારને કહ્
ધનસાર પણ આ સાંભળી ખુશી થયો અને ત્રણે પુત્રોન
હવે ધન્નાપર દ્વેષ ન કરવા સમજાવ્યું. ત્રણે ભાઈઓ અં
ત્રણ વહુઓ ધન્નાનો ઉપકાર માનવા લાગ્યા. અને પ્રે
પૂર્વક તેમની સાથે રહેવા લાગ્યા. પછી ધન્નો પોતાન
કુટુંબ સાથે રાજગૃહીમાં ગયો અને પોતાની ચાર સ્ત્રીએ
સાથે સુખપૂર્વક ત્યાં રહેવા લાગ્યો. ત્યારબાદ ચિંતામણ
રત્નના પ્રભાવથી અને નવકાર મંત્રના ચમત્કારથી ધન્ને
ફરની બીજી ચાર રાજકન્યાઓ પરણ્યો અને એકંદર
આઠ સ્ત્રીઓ સાથે સુખ ભોગવવા લાગ્યો.

એકદા ધન્નો આનંદમાં બેઠો છે. સુભદ્રા પાછળ ઉભ
રહી ધન્નાના વાળ ઓળે છે. તેવામાં સુભદ્રાની આંખમાંથ
ટપક ટપક કરતાં આંસુઓ ટપકવા લાગ્યા. તે ધન્નાન
ખભા પર પડ્યાં. ધન્નાએ ચમકીને ઉંચે જોયું તો સુભ
દ્રાને રોતી દીઠી. ધન્નાએ તેને રડવાનું કારણ પૂછય

સુભદ્રા બોલીઃ પ્રાણનાથ, મ્હારા ભાઈ શાળીભદ્રને વૈરાગ્ય થયો છે. અને તેથી તે રોજ એકેક સ્ત્રીને છાંડે છે. અરેરે! એવી રીતે તે બત્રીસ સ્ત્રીઓને છોડીને ચાલ્યો જશે. તેથી મને રડવું આવે છે. આ સાંભળી ધન્નાએ કહ્યુઃ ઓહોહો! ત્યારે તો તે બહુજ કાયર, એમ એકેક સ્ત્રીને છંડાતી હશે ? બત્રીસે સ્ત્રીને એકી સાથે છાંડે ત્યારે તે શૂરવીર કહેવાય.

આ સાંભળી સુભદ્રા બોલીઃ નાથ, કહેવું સહેલું છે; પણ કરવું દોહિલું છે.

" હે, ત્યારે. આજથી મેં આઠેય સ્ત્રીઓ ત્યાગી, " ધન્નો બોલી ઉઠયો.

"એમ ન થાય, વ્હાલા," આઠે સ્ત્રીઓ બોલી ઉઠી.

"વીરપુરૂષના મ્હોંમાંથી નીકળેલું વચન મિથ્યા ન થાય." ધન્નાએ જવાબ આપ્યો.

"ત્યારે અમારૂં શું ?" આઠે સ્ત્રીઓએ કહ્યું.

ત્હમે પણ ચાલો મારી સાથે. આ ક્ષણિક સંસારમાં શા માટે લુબ્ધ થઈ પડયા રહેવું; મનુષ્ય જન્મ વારંવાર મળવો દુર્લભ છે. માટે માનવ ભવનું સાર્થક કરવા તમે પણ તૈયાર થાવ.

સઘળી સ્ત્રીઓ દીક્ષા લેવા તૈયાર થઈ. ધન્નો શાળીભદ્રને ઘેર ગયો અને ત્હેને દીક્ષા લેવા સાવધાન કર્યો. બંને જણા પ્રભુ મહાવીર પાસે ગયા અને દિક્ષા લીધી. ખુબ તપશ્ચર્યા કરી આત્માની અપૂર્વ રમણતામાં પ્રવેશ કરી અંતિમ સમયે બંનેએ અણસણ કર્યું. અને આત્માની

ઉચ્ચતમ ભાવનાઓ ભાવતાં યથા સમયે કાળ કરીને ધન્નો અને શાળીભદ્ર સર્વાર્થસિદ્ધ વિમાનમાં દેવ થયાં અને ત્યાંથી મહાવિદેહમાં જન્મ ધરી મોક્ષમાં જશે.

ધન્ય છે, મહા ભાગ્યવાન વીર ધન્નાને, હેમને આપણા કોટિશઃ વંદન હોજો !

---

૨ શાળીભદ્ર.

મગધ દેશમાં શાલિગ્રામ નામે ગામ હતું. ત્યાં ધન્યા નામે એક વયોવૃદ્ધ અને દરિદ્ર બાઈ રહેતી હતી. તેને સંગમ નામે પુત્ર હતો, તેથી આમતેમ દળણું પાણી કરી ગુજરાન ચલાવતી. સંગમ ઢોરો ચારવાનું કામ કરતો. એક વાર ગામમાં ઉજાણી હતી. સૌ કોઈ તે દહાડે ખીરનું ભોજન કરતા હતા. બપોરે કેટલાક છોકરાઓ વગડામાં સંગમની ભેગા રમવા આવ્યા. તે વખતે છોકરાઓએ સંગમને કહ્યું 'આજે તો અમે ખૂબ ખીર ખાઈને આવ્યા છીએ. [illegible] સુધી ચાલીશું.' ખીરનું નામ સાંભળી સંગમને [illegible] આવ્યું. [illegible] ખીર [illegible] [illegible] [illegible] [illegible] મનમાં [illegible] [illegible] કહ્યું.

'[illegible] ખીર [illegible] [illegible]

'[illegible]

આથી સંગમને બહુ લાગી આવ્યું અને તે રોવા લાગ્યો. ડોસી પણ છોકરાના રડવાથી ખેદ પામી. પોતાની ગરીબ સ્થિતિ માટે પસ્તાવો કરવા લાગી, અને હૈયું ભરાઈ જવાથી તે પણ રડવા લાગી. આ સાંભળી પાડોશમાંથી કેટલીક સ્ત્રીઓ ત્યાં દોડી આવી અને ડોસીને રડવાનું કારણ પૂછ્યું. ડોસીએ ખીરની વાત જણાવી. એટલે આવેલી સ્ત્રીઓએ પોતાને ત્યાંથી દૂધ, ચોખા સાકર લઈ જવાનું અને ખીર બનાવવાનું કહ્યું. ડોસી આશ્વાસન પામી, અને પાડોશી સ્ત્રીઓને ત્યાંથી દૂધ સાકર ચોખા વગેરે લાવીને ખીર બનાવી. અને સંગમને ખાવા આપી. તરત ડોસી કંઈક કારણસર બહાર ગઈ. તેવામાં એક માસક્ષમણ ઉપવાસી જૈન સાધુ ત્યાં વહોરવા પધાર્યા. મુનિને દેખી સંગમને ઘણો જ હર્ષ થયો, અને પોતાને ત્યાંથી ભિ લેવાનું મુનિને આમંત્રણ કર્યું. મુનિ સંગમ પાસે ગય સંગમે થાળી માંહેની બધી ખીર પ્રેમપૂર્વક મહાત્મા વહોરાવી દીધી. મુનિ ભિક્ષા લઈ ત્યાંથી ચાલતા થય સંગમ થાળીની આજુબાજુ ચોંટેલી ખીર ચાટતો હતે તેવામાં પેલી ડોસી આવી. ડોસીએ ધાર્યું કે સંગમ ભૂખ્ હતો, વળી ખીર જેવું ઉત્તમ ભોજન, એટલે બધીયે ખા ગયો અને હજુ તેને ભૂખ હોય તેમ લાગે છે. તેથી ચો વધેલી ખીર લાવીને સંગમને આપી. સંગમે પોતાની ક્ષુ શમાવી, અને મુનિને સુપાત્ર દાન આપ્યું ત્યારથી તેહે અપૂર્વ પ્રેમ જાગૃત થયો. ભારે પદાર્થ ખાવામાં આવવા સંગમને તે પચ્યો નહિ. રાત્રીએ તેને પેટમાં શૂળ ઉત્પ

'હા,' દાસીએ કહ્યું.

'આ નગરીના મહારાજા શ્રેણિક પણ અમારી કાંબ ન લઈ શક્યા. તો તારી માતાજી તે શું લેવાના છે. અમ મોડું થાય છે. માટે જવા દે.' વેપારીઓએ કહ્યું.

'પણ ચાલો તો ખરા, આવવામાં તમારૂં શું જાય દે મને લાગે છે કે તે જરૂર લેશે.' દાસીએ જણાવ્યું.

વેપારીઓ ઉપર ગયા. અને રત્ન કાંબળો બતાવ્ સુભદ્રાએ તેની કીંમત પૂછી.

વેપારીઓએ દરેક કાંબળની કિંમત સવા લાખ સો મ્હોરો જણાવી.

આ સાંભળી સુભદ્રા બોલીઃ તમારી પાસે આવી કેટલ કાંબળો છે ?

અમારી પાસે સોળ કાંબળો છે, એકતો હયો. એ વેપારીએ કહ્યું.–અમારાં શાળિભદ્રને ૩૨ સ્ત્રીઓ છે, તે અમારે ૩૨ કાંબળો લેવી છે.

વેપારીઓ બોલ્યા. માજી, ૩૨ તો હાલ નથી, પણ સોળ

'બહુ સારૂ' ગણી આપો,

વેપારીઓ આશ્ચર્ય પામ્યા અને મનમાં વિચાર કર્યે કે આ ડોશી ગાંડી તો થઈ નથીને, એમ ધારીને એક વેપારી બોલ્યોઃ માજી, અમે પરદેશી છીએ, એટલે ઉધારે આપતા નથી. રોકડી કિંમત અમારે જોઈશે.

તરત સુભદ્રાએ ભંડારીને કહ્યું. 'આ વેપારીઓને તેમની સોળ કાંબળની ૨૦ લાખ સોના મ્હોરો ગણી આપો. ભંડારીએ

૨૦ લાખ સોના મ્હોરો ગણી આપી. વેપારીઓ તો ત્યાંજ ઠંડાગાર થઈ ગયા. અને સુભદ્રાના ગૃહની રિદ્ધિ સિદ્ધિ દેખી આશ્ચર્યમાં ગરકાવ થયા. પછી ભદ્રાએ વેપારીઓને કહ્યું. આ સોળ કાંબળને અડધા અડધ ફાડીને ૩૨ કરી આપો. એટલે અમારા પુત્રની બત્રીસે સ્ત્રીઓને કામમાં આવે. વેપારીઓ તે પ્રમાણે કરી સુભદ્રાને મનમાં ધન્યવાદ આપતા ત્યાંથી ચાલ્યા ગયા. સુભદ્રાએ તે ૩૨ કાંબળો પુત્ર વધુઓને આપી. તેમણે તે શરીર પર મૂકી તો ખડબચડી લાગી. એટલે શરીર લુછીને તેમણે તે કાંબળો ગટરમાં ફેંકી દીધી.

રત્નની કાંબળ વેચાવા આવ્યાની વાત દાસી દ્વારા રાણીના જાણવામાં આવી; એટલે રાણીએ તે કાંબળ ખરીદવાની રાજા પાસે હઠ કરી. રાજાએ પેલા વેપારીઓને શોધવા માટે માણસો મોકલ્યા. વેપારીઓ રાજદરબારમાં આવ્યા. અને પોતાની બધી કાંબળો વેચાઈ ગઈ છે તેમ કહ્યું. એટલે રાજાએ કહ્યું. કોણે કોણે તમારી તે કાંબળો ખરીદી ?

'શાલીભદ્ર શેઠની માતાજીએ અમારી બધી કાંબળો ૨૦ લાખ સોના મ્હોરો આપીને ખરીદી લીધી છે' વેપારીઓએ કહ્યું.

આ સાંભળી રાજા તો અચંબોજ પામી ગયો. મંત્રી અભયકુમારને બોલાવીને કહ્યુ કે જાઓ તમે શાલીભદ્રને ઘેર, અને એક કાંબળની માંગણી કરો: કારણકે રાણીએ હઠ લીધી છે.

અભયકુમાર શાલીભદ્રને ઘેર આવ્યો અને એક રત્ન કાંબળની રાણી માટે માંગણી કરી. આ સાંભળી શાલીભદ્રની

માતા બોલીઃ મંત્રિજી, ધન્ય ઘડી, ધન્ય ભાગ્ય, કે તમારા જેવા પુણ્યશાળી પુરૂષોના મ્હારે ત્યાં પગલા થયાં. પણ દીલગીર છું કે એકે કાંબળ અત્યારે રહી નથી. કારણકે તે સઘળી કાંબળો શાળીભદ્રની સ્ત્રીઓએ દીલ લૂછીને ગટરમાં ફેંકી દીધી છે. એટલે હું લાચાર છું. જો મને અગાઉ ખબર હોત તો આપને ત્યાં જરૂર મોકલાવત. અમે જે નહિ જેવું સુખ ભોગવીયે છીએ તે આપની મીઠી નજર અને શીતળ છાયાનોજ પ્રતાપ છે. એમ કહી સુભદ્રાએ મીઠાં વચનોથી અભયકુમારનો આદર કર્યો.

અભયકુમાર પણ આવાં શ્રીમંતોની નમ્રતા દેખી આશ્ચર્ય પામ્યો. અને ત્યાંથી રજા લઈ રાજમંદિરે આવ્યો. રાજા શ્રેણિકને સર્વ હકીકત જણાવી. શ્રેણિક મન સાથે બોલી ઉઠયો. અહા ! આવાય સ્મૃદ્ધિશાળી નરરત્નો હજુ મારી નગરીમાં વસે છે ખરા ! એમ કહી તેણે અભયકુમારને કહ્યું.

મ્હારે તે લક્ષ્મીવંત શાળીભદ્રને જોવો છે. માટે તમે ફરી તેને ત્યાં જાવ. અને અહીં બોલાવી લાવો. હું પણ તે પુણ્યશાળી પુરૂષના દર્શન કરી આનંદ પામું.

રાજાના કહેવાથી અભયકુમાર ફરી શાળીભદ્રને ઘેર આવ્યો. ભદ્રામાતાએ તેનું ઉત્તમોત્તમ સ્વાગત કર્યું. અને એક રત્નજડિત કોચ ઉપર અભયકુમારને બેસાડી પુનઃ પધારવાનું કારણ પુછયું.

અભય કુમારે કહ્યું. માતાજી, આપના મહુભાગ્યશાળી પુત્ર શાળિભદ્રનું સુખારવિંદ જોવાનો રાજાને અભીલાષ થયો

. તો કૃપા કરી આપના પુત્રને મારી સાથે મોકલો, હું તેમને જરાપણ ઇજા આવવા નહિ દઉં, અને સુખરૂપ તેમને અહીં પાછા મૂકી જઇશ,

ત્યારે ભદ્રાએ કહ્યું. હે મંત્રીશ્વર, મહારાજા અમારા શીરછત્ર છે. તેમની આજ્ઞા એટલે સાક્ષાત્ પ્રભુની આજ્ઞા અમે માનીયે છીએ, તેમની આજ્ઞાનો અનાદર અમારાથી કરી શકાય નહી પણ......એટલું બોલી ભદ્રા અટકી પડી.

માતાજી, આગળ બોલતાં કેમ અટકી ગયા. આપને જે કહેવું હોય તે વીના સંકોચે મને કહો. અભય કુમારે કહ્યું.

ભદ્રા બોલીઃ હે ભાગ્યવંત મહાનુભાવ, કહેવાનું કારણ એટલુંજ કે મારા પુત્ર શાળીભદ્રે અદ્યાપિ પર્યંત તડકો છાંયો વેઠયો નથી. તે બહુજ સુકોમળ છે, તે આપ જાણો છો. વળી ત્યાં મોકલવામાં મને હરકત નથી. પણ શાળીભદ્ર કોઈ દિવસે રાજસભામાં ગયો નથી. ત્યાં અનેક રાજ રાજેશ્વરો, મહામાત્યો, મંત્રિઓ, સુભટો, શેઠ શાહુકારો હોય તે સર્વનો વિવેક કેમ કરવો, અથવા ક્યાં બેસવું, તેનું તેને જરા પણ જ્ઞાન નથી. તેથી વિવેકને અભાવે તેને લાભને બદલે હાનિ થાય. જો કે કહેતાં જીભ ઉપડતી નથી. છતાં આપ અમારા હિતેચ્છુ હોવાથી તેમજ અમારા પ્રત્યે આપ સંપૂર્ણ લાગણી ધરાવો છો, તેથી આપને નમ્ર ભાવે વિનંતિ કરૂં છું કે આપ રાજાજીને સમજાવી અહિં પધારવાનું કહેશો, તો અમારા પર મોટો ઉપકાર થશે. કારણકે અમે આપના દીનકિંકર સેવકો મહારાજાનું યથાશક્તિ

સ્વાગત કરવાનો અપૂર્વ લાભ મેળવીયે. વળી અહોભાગ્ય અમારાં કે મહારાજા શ્રેણિક અમારૂં આંગણું પાવન કરે. મહારાજા અહિં પધારે તો પ્રજાગણમાં પણ કહેવાય કે મહારાજા પ્રજા પ્રતિપાળ છે અને પ્રજાને ત્યાં પણ જાય છે. મંત્રીજી, આ કામ આપજ કરી શકો તેમ છો; કારણ કે આપના વચન પર મહારાજાનો સંપૂર્ણ ભરૂંસો છે. આટલું કામ આપ કરવાનું માથે લ્યો તો અમારૂં જીવન અમો ધન્ય માનીયે. આપ એવી રીતે સમજાવશો કે મહારાજાને એક ક્ષણ પણ એવો વિચાર ન આવે કે અમે મગરૂરીથી બોલીયે છીએ. અમે તો આપના દાસ છીએ. આ સર્વ સ્મૃદ્ધિ અમે આપની મીઠી નજરથીજ ભોગવીયે છીએ. તો કૃપા કરી મહારાજાને લેઇ આપ વહેલાસર અહિં પધારશો એવી અમારી અંતરની ભાવના છે.

ભદ્રાની નમ્રતા અને વિવેક જોઇ અભયકુમાર આનંદ પામ્યો. તેણે ભદ્રાને કહ્યું. માતાજી, તમે ચિંતા ન કરો. હું મહારાજાને તેડીને હમણાજ આવીશ. આપ તેમના સત્કારની બનતી તૈયારીઓ કરી રાખશો. એ પ્રમાણે કહી અભયકુમાર રાજા પાસે આવ્યો. અને સર્વ હકીકત નિવેદન કરી. રાજાને પણ વાત ધ્યાનમાં બેસી ગઇ. શ્રેણિક અભયકુમારને સાથે લઇ શાળીભદ્રને ત્યાં જવા તૈયાર થયો.

આ તરફ મહારાજાના સ્વાગતની સર્વ તૈયારીઓ ભદ્રાએ કરી. દેવલોકમાં રહેલાં ગોભદ્રે પણ વાત જાણી તેથી પોતાના પુત્રની કીર્તિ વધે તે માટે તેણે તમામ રસ્તાઓ સાફ કરી નાખ્યાં. અને મહારાજાના આવવાને

માર્ગ પર ઉત્તમોત્તમ ગાલીચા પાથરી આખો રસ્તો રત્ન પતાકાઓથી સુશોભિત બનાવી દીધો. ભદ્રાએ પણ ઠેર ઠેર ધ્વજ પતાકાઓ અને તોરણો બંધાવી આકર્ષક દેખાવ કર્યો. મહારાજા શ્રેણિક આ સર્વ દશ્ય દેખતાંજ વિસ્મય પામ્યો. અને રસ્તા પરની સાક્ષાત્ ઇંદ્રપુરી જેવી શોભા દેખી શાળીભદ્રને ધન્યવાદ આપવા લાગ્યો. બંને જણા શાળીભદ્રને મહેલે પહોંચ્યા. ભદ્રા માતાએ મહારાજાને દેખી તેમના ઓવારણા લીધા. અને સુંદર સ્વાગત કરી મહેલમાં પ્રવેશ કરાવ્યો. મહેલની અદ્ભુત રમણિયતા દેખી રાજા ઘડીભર જોઈજ રહ્યો. પોતાના મહેલ કરતાં અનેકગણો ભવ્ય અને દિવ્ય મહેલ જોઈ રાજાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. અને પોતાને અહિં લાવવા માટે અભયકુમારને ધન્યવાદ આપવા લાગ્યો. ભદ્રાએ મહારાજાને એક રત્ન-જડિત આસન પર બેસાડી મુખવાસ વગેરે આપ્યા. દિવ્ય મુખવાસ મ્હોડામાં નાખતાંજ રાજાને અમૃત જેવો સ્વાદ લાગવા માંડયો. શાળીભદ્રને જોવાને અધિર બનેલા રાજાએ ભદ્રાને કહ્યું. હે ભદ્રે, તમારા પુત્ર શાળીભદ્ર ક્યાં છે ?

મહારાજા, તે સાતમા માળ ઉપર છે. આપ. બેસો. હું તેને બોલાવી લાઉં છું. એમ કહી ભદ્રા ઉપર ગઇ. અને શાળીભદ્રને કહ્યું.

'હે પુત્ર, શ્રેણિક આવ્યા છે, માટે જોવા સારૂ પધારો.'

એ સાંભળી શાળીભદ્રે કહ્યું. શ્રેણિક આવ્યા હોય તો ખરીદી લીયોને માતા ! એમાં મ્હને શું પુછો છો ? આપ તો બુદ્ધિશાળી છો.

સહન કરી શકશે! ઉઘાડા પગે ચાલવું, ટાઢ તડકો વેઠવો. ટાઢું ઉનું ખાવું, પરિસહ સહન કરવા, યુવાવસ્થામાં બ્રહ્મચર્ય પાળવું એ બધું તું કેમ સહન કરી શકીશ, માતાએ કહ્યું.

માતાજી, મેં નર્કની અનંતી વેદના ભોગવી છે. તો પછી ત્યાગની સાધારણ વેદના કેમ સહન નહિ થાય, અનંતકાળ સુધી ખા ખા કર્યું, તોય સંતોષ થયો નથી, વળી નર્કમાં ઉષ્ણ અને શીત એવી અનંત વેદના હું પામ્યો છું. દેવતાઇ કામ ભોગોથી તૃપ્તિ નથી થઈ. તો મનુષ્યના ક્ષણિક કામ ભોગોથી જીવ શું ધરાવાનો હતો. માટે કૃપા કરી રજા આપોજ. માતાજી. હું સંસારમાં હવે રહેવા માગતો નથી. આજથી હું પ્રતિજ્ઞા કરૂંછું કે રોજ હું એકેક સ્ત્રી છાંડીશ અને તમારા અતિશય સ્નેહને લીધે ૩૨ દિવસમાં ૩૨ સ્ત્રિઓ છોડીને દીક્ષા લઈશ.

શાલિભદ્રની દ્રઢતા દેખીને માતા નિરૂત્તર રહી. તેવામાં ત્હેની બેન સુભદ્રા આવી પહોંચી. ભાઇની દીક્ષા લેવાની વાત જાણતાં તેને ઘણુંજ લાગી આવ્યું. શાલિભદ્રને તેમ ન કરવા વિનવ્યું. પણ શાલિભદ્રનો નિશ્ચય જાણી તે પણ મનમાં ખેદ પામતી મૌન રહી. શાલીભદ્ર ત્યાંથી પોતાની સ્ત્રીઓ પાસે આવ્યો. અને દિક્ષિત થવાની રજા માગી.

સઘળી સ્ત્રીઓએ શાલિભદ્રને રોકવા ખૂબ વિનંતિ કરી, પણ શાલીભદ્રનો તો એકજ નિશ્ચય.

બીજા દિવસથી શાલિભદ્રે એકેક સ્ત્રી છાંડવા માંડી. કેટલાક દિવસ થયાં હશે; તેવામાં તેનો બનેવી ધન્નો વૈર

પર્યંત અહીં શાલિભદ્રને મહેલે આવ્યો. અને ખૂબ ગાજી, કહ્યો: 'શાલિભદ્ર, ઉઠ, આ નિદ્રા, ધર્મના કામમાં ઢીલ ન હોય. કાલ કોણે જોઈ છે. તે તો કાલનું કામ! વૈરાગ્યવાળો તો ક્યારે પણ ઘરમાં મિનીટ ન રહે. ચાલ, ભારી આજે પ્રભુ મહાવીર પધારે છે, પણ મારે આઠેને છોડીને આવ્યો છું. માટે જલદી ચાલ.'

આ બંનેજણાં શાલિભદ્ર અને ધન્નાજી પ્રભુ મહાવીર પાસે ગયાં. પ્રભુએ બન્નેને દિક્ષા આપી. ધન્નો અને શાલિભદ્ર સંયમ લઈને ખૂબ તપશ્ચર્યા કરવા લાગ્યા.

એકવાર શાલિભદ્રે પ્રભુને પૂછ્યું. ભગવાન, આજે મને આહાર પાણી કોણ વહોરાવશે?

પ્રભુ મહાવીરે કહ્યું. 'તમારી માતા.'

શાલિભદ્રે ગોચરી માટે પોતાના ઘેર ગયા. પણ ભદ્રા કંઈ કામપ્રસંગે બહાર ગયેલી અને કોઈ ઘરમાં નહિ. શાલિભદ્ર કેટલોક વખત રાહ જોઈ પાછા આવ્યા, ત્યાં કોઈ એક મહિયારણે બૂમ પાડી, મહારાજ, અહીંથી દહીં વહોરતા જાવ.

શાલિભદ્રે મહિયારીને ત્યાંથી વહોર્યું. પ્રભુ પાસે જતાં રસ્તામાં તેને વિચાર થયો કે શું પ્રભુનું વચન મિથ્યા ગયું? મ્હારી માતાએ તો વહોરાવ્યું નહિ. શંકાનું સમાધાન કરવા પ્રભુને પુછ્યું. શ્રીપ્રભુએ જવાબ આપ્યો. શાલિભદ્ર, આજે તમે જેને ત્યાંથી વહોર્યું તે તમારી પૂર્વ જન્મની માતા,

શાળિભદ્ર આશ્ચર્ય પામ્યા, ત્યાંથી તે વૈભાર પર્વતપર ગયા. અને સંથારો કર્યો. કાળાન્તરે શાળીભદ્ર મૃત્યુ પામી સર્વાર્થ સિદ્ધ વિમાનમાં દેવ પણે ઉત્પન્ન થયાં. ત્યાંથી તે મહાવિદેહમાં જન્મ લઇ મોક્ષગતિને પામશે. ધન્ય છે શાળીભદ્ર સમા વીર નરને, ત્હેમને આપણાં અગણિત વંદન હો જો !

अनुत्तरं दानमनुत्तरं तपो, ह्यनुत्तरं मानमनुत्तरं यशः ।
श्री शालिभद्रस्य गुणा अनुत्तरा, अनुत्तरं धैर्य मनुत्तरं पदम् ।

---

૩ દર્દુરાંક દેવ અને રાજા શ્રેણિક.

કૌશાંબિ નગરીમાં શતાનિક નામે રાજા રાજ્ય કરતો હતો. તે ગામમાં સેડૂક નામનો એક ગરીબ બ્રાહ્મણ વસતો હતો. એકવાર તેની સ્ત્રીને ગર્ભ રહ્યો. અને પ્રસુતિ સમય નજીક આવ્યો ત્યારે તે સ્ત્રીએ પોતાના પતિને કહ્યું કે તમે મ્હારા માટે ગામમાંથી ઘી, ગોળ, વગેરે લઇ આવો, જેથી હું પ્રસુતિકાળ સૂખપૂર્વક પસાર કરૂં. આ સાંભળી બ્રાહ્મણ બોલ્યોઃ આપણે દરિદ્રી છીએ, વળી મ્હારી પાસે એવો કાંઇ હુન્નર નથી કે જેથી હું પૈસા કમાઈને ઘી ગોળ વગેરે લાવી આપું. ત્યારે તે બ્રાહ્મણ સ્ત્રી બોલીઃ પ્રાણનાથ, ઉદ્યમ કરવાથી દરેક વસ્તુ સાંપડે છે; માટે ગમે તે ઉદ્યમ કરી ઘી ગોળ વગેરે મેળવો. બ્રાહ્મણ ઉદ્યમની ફીકર કરતો ત્યાંથી નીકળ્યો, અને એક બગીચામાંથી

સુંદર ફળ લઈ આવ્યો. તેણે તે ફળ રાજાને ભેટ કર્યું. અને રાજા પાસેથી ધી ગોળ મેળવ્યા; હવે આ બ્રાહ્મણ તો રોજ ફળ લઇને રાજા પાસે જવા લાગ્યો. અને તેની સેવા કરવા લાગ્યો.

એકવાર ચંપા નગરીનો રાજા દધિવાહન પુષ્કળ સૈન્ય લઇને કૌશાંબી નગરી જીતવા માટે આવ્યો. શતાનિક પાસે થોડું લશ્કર હોવાથી તે ગભરાયો. અને કિલ્લામાંજ ભરાઈ રહ્યો. દધિવાહનના લશ્કરે તંબુ નાખી બહાર પડાવ કર્યો. કેટલાંક દિવસો બાદ વર્ષાઋતુ શરૂ થઈ, એટલે દધિવાહનનું લશ્કર વેરણ છેરણ થઇ ગયું; માત્ર સેનાપતિ અને થોડાંક માણસો છાવણીમાં રહ્યાં. તે સમયમાં પેલો બ્રાહ્મણ બગીચામાં ફળ લેવા આવ્યો, તે વખતે તેની નજર છાવણીમાં પડતા ઘણાં જ થોડા સિપાઇઓ તેના જોવામાં આવ્યા, તેથી સમય વર્તીને તે શતાનિક રાજા પાસે આવ્યો અને કહ્યું, 'મહારાજા, આજનો દિવસ આપના માટે વિજયવંત છે; માટે આપ જો આજેજ દધિવાહનના લશ્કર પર હુમલો લઈ જાઓ તો જરૂર વિજય મેળવો.' આ સાંભળી રાજાએ પોતાનું સૈન્ય એકઠું કરી એકત્ર બળથી દધિવાહનના સૈન્ય પર હલ્લો કર્યો, પરિણામે તેનું સઘળું સૈન્ય નાસી ગયું. અને શતાનિક રાજા જય પામ્યો. રાજા પેલા બ્રાહ્મણ પર પ્રસન્ન થયો અને તેને આદર પૂર્વક પોતાની પાસે તેડાવી ઇચ્છિત વસ્તુ માગવાનું કહ્યું. બ્રાહ્મણે જવાબ આપ્યોઃ મહારાજા, મારી સ્ત્રીને પૂછીને હું આપને કહીશ. રાજાએ કબુલ કર્યું. બ્રાહ્મણ પોતાની સ્ત્રી પાસે ગયો

અને સર્વ વાત નિવેદન કરી. બ્રાહ્મણની સ્ત્રીએ કહ્યું. પ્રાણ
નાથ, આપણે રાજા પાસે પુષ્કળ દ્રવ્ય માગીયે, પણ નાહ
એવી ઉપાધિ શા માટે વહોરવી? કારણ કે ધનને જાળવ
વાની આપણે રાત દિવસ ફિકર કરવી પડે, તેમ છત
કોઈ સમયે તે ધન ચોરાઇ જાય, તો આપણે પાછા દરિદ્ર
દરિદ્ર જ રહીયે. માટે મારી સલાહ એવી છે કે તમા
મહારાજા પાસે માંગવું કે ગામમાં રોજ એકેક ઘરે જમ
જવું, અને એક સોના મ્હોર દક્ષિણાની રોજ મળે. સ્ત્રી
શિખામણ માની બ્રાહ્મણે તેના કહેવા પ્રમાણે રાજા પાસ
માગ્યું: એટલે રાજાએ તે પ્રમાણે પ્રબંધ કરી આપ્યો.
બ્રાહ્મણ દરેક ઘેર રોજ જવા લાગ્યો અને એકેક સોના
મ્હોર દક્ષિણાની લાવવા લાગ્યો. ગામ લોકના ઉપરાઉપર
આમંત્રણ બ્રાહ્મણને મળવા લાગ્યા. બ્રાહ્મણ પણ પૈસાના
અને સ્વાદિષ્ટ ભોજન જમવાના લોભમાં પડ્યો એટલે તેણે
એવું કર્યું કે એક ઘેરથી જમીને આવે, એટલે ઘેર આવી
ખાધેલું સર્વ મોંમાં આંગળી ઘાલીને વમન કરી નાખે, અને
તરત બીજે ઘેર જઈ જમે અને દક્ષિણા લાવે. આમ
કરતાં થોડાક દિવસમાં તે પૈસાદાર તો થયો; પણ ખોરાક
ખાઇને વારંવાર ઉલટી કરવાથી તેને વ્યાધિ ઉત્પન્ન
થઇ, વખત જતાં વ્યાધિએ ભયંકર રૂપ પકડવાથી તે
શરીરે કોઢીયો થયો. આ જોઈ તેની સ્ત્રી છોકરા વગેરે
બ્રાહ્મણનો તિરસ્કાર કરવા લાગ્યા. મંત્રીએ પણ બ્રાહ્મણને
બદલે તેના છોકરાને જમવા જવાનું કામ સોંપ્યું. અને દરે
ઘેર આ બ્રાહ્મણનો છોકરો જમવા જવા લાગ્યો. તેને

ખાધ દોષિત અન્નથી અનેક વિવિધ વ્યાધીમાં પડ્યો હતો: તેથી ઘરના તમામ આદમી આ બ્રાહ્મણને હડધૂત કરવા અપમાનવા લાગ્યા. પરિણામે બ્રાહ્મણ પણ ઘરમાંથી કંટાળ્યો અને તે એક વખત ઘરની બહાર નીકળી ગયો. રસ્તામાં કોઇ જંગલમાં ખાબોચીઆનું પાણી તેણે પીધું. પીતાંજ તેનો રોગ યોગાનયોગ એકદમ મટી ગયો. અને તે નિરોગી બની ગયો.

હવે આ બ્રાહ્મણ ફરતો ફરતો રાજગૃહિ નગરીના દરવાજે આવી પહોંચ્યો. તે સમયે પ્રભુ મહાવીર રાજગૃહિ નગરીના એક બગીચામાં સમોસર્યા પ્રભુના પુર પ્રભુના દર્શને જવા લાગ્યાં. દરવાજે રક્ષણ માટે રહેતાં દ્વારપાળોને પણ પ્રભુના દર્શને જવાની ઇચ્છા થઇ. પણ પોતાની રક્ષક તરીકેની જગ્યા સાચવનાર કોઇ નહોતું. તેવામાં આ બ્રાહ્મણને ત્યાં આવેલો જોઇ દ્વારપાળે બ્રાહ્મણને રક્ષકનું કામ સોંપ્યું. અને ત્યાંથી આવ્યા બાદ બ્રાહ્મણને સર્વ પ્રકારનો આશ્રય આપવાનું જણાવ્યું. બ્રાહ્મણે રક્ષક તરીકેની જગ્યા લીધી. તેને થોડીકવારે ભુખ તથા લાગી અને કંઠ સુકાવા લાગ્યો. દ્વારપાળે તેને ત્યાંથી ખસવાનું નહિ કહેવાથી તે બ્રાહ્મણ ત્યાંજ રહ્યો. પરિણામે તૃષાની મહા વેદનાથી પીડાતો કર્મસંયોગે તે ત્યાંજ મૃત્યુવશ થઇ ગયો અને મરીને રાજગૃહિ નગરીની બહારની એક વાવમાં દેડકાપણે ઉત્પન્ન થયો.

એકવાર ફરી પ્રભુ મહાવીર રાજગૃહિમાં પધાર્યા. કેટલીક સ્ત્રીઓ આ વાવ ઉપર પાણી ભરવા આવેલી. તેઓ

અરસપરસ બોલવા લાગી. આજે પ્રભુ મહાવીર પધાર્યા છે તો આપણે હેમને દર્શન કરવા જવાનું છે. ઉપર્યુક્ત શબ્દો વાવ માંહેના આ દેડકાએ સાંભળ્યા. પૂર્વ કર્મના સંયોગે હેને અધ્યવસાયો થયાં કે અગાઉ આવા શબ્દો મેં ક્યાંક સાંભળ્યા છે! એમ ચિંતવતા હેને જાતિસ્મરણ જ્ઞાન થયું અને પૂર્વે બ્રાહ્મણના ભવમાં પોતે કરેલું રક્ષક કામ યાદ આવ્યું. તેને પ્રભુ મહાવીરના દર્શન કરવા જવાનું મન થયું તેથી તે દેડકો વાવમાંથી બહાર નીકળી પ્રભુના દર્શને ઉદ્યાન તરફ જવા લાગ્યો, તેવામાં શ્રેણિક મહારાજા પણ ચતુરંગી સેના સાથે પ્રભુને વાંદવા જતા હતા. રાજા શ્રેણિકના કોઇ અશ્વના પગ તળે આ દેડકો આવી ગયો, અને કચરાયો. તરત જ તેણે 'પ્રભુ મહાવીર' શબ્દનો ઉચ્ચાર કરી દેહ છોડયો. પ્રભુ દર્શનની પવિત્ર ઝંખનામાં આ દેડકો મરીને પહેલા દેવલોકમાં દર્દુરાંક નામે દેવ થયો.

એકવાર ઇંદ્રલોકની સભામાં શ્રેણિક મહારાજાની ધર્મ પ્રત્યેની અડગ શ્રદ્ધાના વખાણ થયાં. દર્દુર નામના દેવને શ્રેણિકની પરીક્ષા કરવાનું મન થયું. તેથી તે કોઢીયાનું રૂપ કરીને પ્રભુ મહાવીરની વ્યાખ્યાન પરિષદમાં આવ્યો, અને રાજા શ્રેણિક તથા પ્રજાજનોનાં દેખતાં પોતાના કોઢવાળા દેહ ઉપરથી દુર્ગંધી રસ લઇ પ્રભુના શરીરને ચોપડવા લાગ્યો. આ જોઇ શ્રેણિકને લાગ્યું કે આ કોણ દુષ્ટ માણસ છે કે પ્રભુની આશાતના કરે છે. એવો વિચાર કરી દેશના પૂરી થયા પછી તે દુષ્ટને તેનો યોગ્ય બદલો આપવાનો મહારાજા શ્રેણિકે વિચાર કર્યો. તેવામાં

પ્રભુ મહાવીરને છીંક આવી. તરત પેલો દેવ બોલ્યોઃ તમે મરો. આ સાંભળી રાજા શ્રેણિક ગુસ્સે થયો. તેવામાં રાજાને છીંક આવી એટલે દેવે કહ્યું. 'ઘણું જીવો' થોડીવારે અભયકુમારને છીંક આવી. એટલે દેવ બોલ્યો. 'જીવો યા મરો.' તેવામાં કાળ નામના કસાઈને છીંક આવી, એટલે દેવે કહ્યું, 'ન જીવ, ન મર.' આ સાંભળી રાજાને આશ્ચર્ય થયું. પણ પ્રભુ મહાવીરને મરવાનું કહ્યું તે શ્રેણિકને બહુ લાગી આવ્યું. તેથી તેમણે, આ કોઢીયાને સમોસરણની બહાર નીકળતાં પકડી લેવાનું સિપાઈઓને કહ્યું. વ્યાખ્યાન પુરૂં થયા બાદ કોઢીયો બહાર નીકળતો હતો; તેવામાં રાજાના સિપાઈઓએ કોઢીયાને ચારે બાજુથી ઘેરી લીધો. એટલે કોઢીયો આકાશ માર્ગે ઉડી ગયો. શ્રેણિક પુનઃ પ્રભુ પાસે આવ્યો. અને કોઢીયાનું જીવનવૃત્તાંત પૂછી, તેણે કહેલા ચાર શબ્દોના અર્થ સમજાવવા પ્રભુને કહ્યું. પ્રભુએ ઉત્તર આપ્યો. હે રાજન્, આ કોઢીયો દેડકાના ભવમાં મ્હારા દર્શને આવતાં અશ્વના પગ તળે કચડાઈ મરણ પામ્યો, અને તે પહેલા દેવલોકમાં દર્દુર નામે દેવ થયો છે. ત્હેણે મને જે પોતાના શરીરના દુર્ગંધી રસથી લેપ કર્યો તે દિવ્ય ચંદનનો લેપ હતો. વળી મને છીંક આવતાં 'મર' કહ્યું તેનું કારણ હું જ્યાં સુધી આ જગત પર છું, ત્યાં સુધી મને વેદનીય આદિ ચાર કર્મ વળગેલા છે, પણ હું મૃત્યુ પામતાં સર્વ કર્મથી રહિત બની મોક્ષ સુખને પામવાનો છું; એટલે ત્હેણે મને મરવાનું કહ્યું. રાજન્, તમને છીંક આવતાં 'ઘણું જીવો' કહેવાનો એ અર્થ

હતો કે ત્હમે હાલમાં અપૂર્વ રાજ્ય સાહ્યબી ભોગવો છે
પણ મૃત્યુ પામીને તમે નરકમાં જવાના છો. તેથી તે
તમને જીવવાનું કહયું. વળી અભયકુમારને 'જીવ યા મ
કહેવાનું તાત્પર્ય એ કે અભયકુમાર અત્યારે સંપૂર્ણ રાજ
સુખ ભોગવે છે અને ધર્મક્રિયા કરે છે, અને મૃત્યુ
તે અનુત્તરવાસી દેવ થવાનો છે; એટલે ત્યાં પણ તે અપ
સુખ ભોગવવાનો છે. તેથી તેને જીવ યા મર કહયું. ક
નામના કસાઇને 'ન મર, ન જીવ' કહયું, તેનું કા
એ કે તે અહિયા દરરોજ પાંચસેં પાડાની હિંસા કરે
ઘોર પાપકર્મ ઉપાર્જન કરે છે, અને મરીને તે સાત
નરકમાં જવાનો છે. એટલે તેને 'ન જીવ, ન મર' કહ

આ સાંભળી શ્રેણિક નિરાશ થઇ બોલ્યો: હે પ્રભુ
આપ જેવા જગદુદ્ધારક, મ્હારાં ગુરૂદેવ હોવા છતાં હું
નર્કમાં જઉં એ કેમ બને? પ્રભુએ કહ્યું. રાજન્, તું
સમ્યક્ત્વ પામ્યો, તે પહેલાં તેં નિકાચિત કર્મનો મહા
બંધ પાડી નર્કનું આયુષ્ય બાંધ્યું છે, તો તે મિથ્યા કેમ
થઇ શકે, જીવે કરેલા કર્મ ભોગવ્યા વિના મુક્તિ નથી
(There is no escape from the effect of
ones actions) પરંતુ ત્હારે આશ્વાસન લેવા જેવું એ
કે નર્કમાંથી નીકળીને તું આવતી ચોવીસીમાં 'પદ્મનાભ' ના
નામે તિર્થંકર થઇશ. આ સાંભળી રાજા હર્ષ પામ્યો. પ
નર્કનું દુઃખ ભોગવવું પડશે, એવો વિચાર આવતાં પુનઃ
બોલ્યો, પ્રભુ, કોઇ એવો ઉપાય નથી કે હું નર્કમાં ન જઉં
પ્રભુ [illegible] કહેતા હવા. રાજન્, જો તારી કપીલા દા

સાધુને ભાવ પૂર્વક દાન આપે, અથવા કાલ નામનો કસાઈ જે રોજ પાંચસેં પાડાનો વધ કરે છે તે ન કરે, તો તે બને. શ્રેણિક બોલ્યાઃ પ્રભુ એનો આજ કરીશું! એમ કહી પ્રભુને વંદન કરી શ્રેણિક સ્વસ્થાનકે આવ્યો. તેણે કપિલા દાસીને બોલાવીને સાધુને દાન આપવાનું કહ્યું. કપિલાએ જવાબ આપ્યો. મહારાજ, બીજું ગમે તે કામ સોંપો; પણ આ કામ કૃપા કરી ન સોંપશો. રાજાએ બળાત્કારે તેને દાન આપવાનું કહ્યું. એટલે તેણે એક સાધુને દાન તો આપ્યું; પણ દાન આપતાં તે બોલી: આ સાધુને હું દાન આપતી નથી, પણ શ્રેણિક મહારાજનો ચાટવો આ દાન આપે છે! પછી રાજાએ પેલા કાળ કસાઈને પાડાનો વધ ન કરવાનું કહ્યું; કસાઈએ તે માન્યું નહિ. એટલે રાજાએ તેને એક અંધ કૂવામાં નાખ્યો. ત્યાં કસાઈએ કાદવની માટીના પાંચસે પાડાઓ ચિતર્યા અને ભાવથી તેણે તે બધાને મારી નાંખ્યા. આ વાતની શ્રેણિકને ખબર પડતાં પ્રભુ મહાવીરના સત્ય વચનની તેને દૃઢ શ્રદ્ધા થઈ.

દર્દુર નામનો દેવ શ્રેણિકના સમ્યકત્વની પરીક્ષા કરવા એક જૈન સાધુનું રૂપ ધરી, હાથમાં માછલાં પકડવાની જાળ લઈને શ્રેણિક પાસેથી નીકળ્યો. તેને જોઈને શ્રેણિકે કહ્યું: મહારાજ, આપ ક્યાં જાઓ છો, અને આ હાથમાં ઊર્ણ-કંધા જેવું શું છે? સાધુએ કહ્યું: રાજન્, આ ઊર્ણકંધા નથી; પણ માછલાં પકડવાની જાળ છે. રાજાએ કહ્યું: શું તમે માછલાંનો ભક્ષ કરો છો? હા રાજન્, અમારે તેમ કરવું પડે છે; કારણ કે સાધુઓ ઘણાંખરાં ક્ષત્રિયો હોય છે

એટલે તેમને માંસમદિરા વગર ચાલતું નથી. શું ત્હમે દારૂ પણ પીવો છો ? હા, જુગાર રમતાં તે પણ કરવું પડે એટલે, ત્હમે જુગારી પણ છો ખરૂને ? હા, અમારે ચોરીમાંથી આવેલાં દ્રવ્યનો વ્યવસાય કંઇ કરવો જોઇએને !

આ સાંભળી શ્રેણિકે કહ્યું, મહારાજ કૃપા કરી આપને આ વેશ કહાડી નાંખો, અને નાહક અમારા ઉત્તમોત્તમ ધર્મને વગોવો નહિ. અમારા સાધુઓ ત્રિકાળે પણ દારૂ માંસ, હિંસા, ચોરી, જુગાર, પરસ્ત્રી ગમન, વેશ્યાગમન આદિ વ્યસનો સેવતાંજ નથી. અમારા શ્રાવક બંધુએ પણ તે દુર્વ્યસન સામે દ્રષ્ટિપાત કરતાં નથી. તો સાધુની વાત તો ક્યાં કરવી. આપને જો મોજશોખો ભોગવવાં હોય તો કૃપા કરી મ્હારે ત્યાં આવો. ઉત્તમોત્તમ નિર્દોષ ખાન પાન અને એશઆરામનો બંદોબસ્ત તમને હું કરી આપીશ પણ આ સાધુવેશ ગૃહણ કરી નાહક અમારા ધર્મની નિંદા ન કરાવો. આ સાંભળી તે દેવ શ્રેણિક જરા પણ ચલિત ન થવાથી અદ્રશ્ય રીતે પસાર થઇ ગયો. થોડા દિવસ રહીને પુનઃ તે દેવ એક ગર્ભવંતી સાધ્વીનું રૂપ લઇને, આંખમાં કાજળ આંજીને, તથા કપાળમાં ચાંલ્લો કરીને આવ્યો અને રાજા શ્રેણિક પાસે સુવાવડનો સામાન સુંઠ મરી ઇત્યાદિની માગણી કરી. રાજા શ્રેણિક બોલ્યો ત્હમે સાધ્વીજી થઇને ગર્ભ કેમ ધારણ કર્યો, વળી કપાળમાં ચાંલ્લો કરી ગામમાં ફરો છો તે શું આપના આચારને યોગ્ય છે ? ત્યારે તે દેવ બોલ્યોઃ રાજન્, ત્હને હજુ ક્યાં ખબર છે. ચંદનબાળા મૃગાવતી આદિ ઘણી

ાધ્વીઓ આ પ્રમાણે જ કરે છે! આનો હું તમારી દ્રષ્ટિએ પ્ર એટલે તમે ત્હનેજ કહો છો! ભીડીયે થશે તે ધાર સમજ તમારૂં ગાનવું લાગે છે. આ સાંભળી શ્રેણિકને તે ધ્વી પર તિરસ્કાર થયો અને બોલ્યોઃ સાધ્વીજી, ત્હમે ત્ની ઉપર આવું હલકટનું ખોટું આળ ન મુકો! કૃપા રી તે સતી સાધ્વીને ન નિંદો! ત્હમારીજ નિંદા કરો, ગાવું ભયંકર કામ નિકાળે પણ અમારી સાધ્વીજીઓ ન કરે. તેઓ તો મહા પવિત્ર છે, તેમણે કામને શકંતર ગણીને ભસ્મીભૂત કર્યો છે તો હવે અમારા સાધ્વીજીની નિંદા છોડો અને ચાલો તમે મારા અંતઃપુરમાં. હું તમારી સુવાવડનો સંપુર્ણ બંદોબસ્ત કરીશ અને તમારો નિર્વાહ ચલાવીશ. શ્રેણિક રાજાની સ્વધર્મ પ્રત્યેની અનન્ય શ્રદ્ધા દેખી દર્દુર દેવ ત્યાંજ મૂળ સ્વરૂપે પ્રગટ થયો અને મહારાજાને વંદન કરી બોલ્યોઃ ધન્ય છે રાજન્ ત્હમને, અને ત્હમારી ધર્મ પ્રત્યેની અચળ શ્રદ્ધાને! ઈન્દ્રલોકમાં આપના સમ્યકત્વની જે પ્રશંસા મેં સાંભળી તે બરાબર છે! મેં આપના સાધુ સાધ્વીની જે નિંદા કરી તે માટે હું આપની ક્ષમા માગુછું. મેં આપની પરીક્ષા કરવા માટે પ્રભુ મહાવીરની સભામાં અને અહિંયા આપનો અવિનય કર્યો હતો; પણ ત્હમે ખરેખર તમારા ધર્મમાં અડગ રહ્યા છો. તેથી હું ત્હમારા પર પ્રસન્ન થયો છું. એમ કહી તે દર્દુર નામનો દેવ રાજા શ્રેણિકને બે ગોળા આપીને સ્વર્ગમાં ચાલ્યો ગયો. જેમાંથી એક અઢારસરો મોતીનો હાર અને કાનના બે કુંડળ નીકળ્યાં, જે રાજાએ પોતાની રાણી

ચેલ્લણા અને નંદા એ બન્નેને આપ્યા અને પરમ પવિ જૈન ધર્મની જય પ્રવર્તાવતો રાજા શ્રેણિક રાજ્ય સુ ભોગવવા લાગ્યો.

---

૪ નંદિષેણની સેવા.

મગધ દેશમાં નંદિ નામે ગામ હતું. ત્યાં એક ગરી બ્રાહ્મણ રહેતો. તેને સોમિલા નામે સ્ત્રી હતી. તેનાથી તેમને એક પુત્ર થયો. નામ પાડયું નંદિષેણ. નંદિષેણના શરીરની આકૃતિ જોતાંજ માણસને સુગ ચડે તેવું તેનું કદરૂપું શરીર હતું. પેટ મોટું, નાક વાંકું, કાન તુટેલા. આંખ–ત્રાંસી, મા-થાના વાળા પીળા, શરીર ઠીંગણું એમ સર્વ પ્રકારે ખોડવાળો હોવાથી માતપિતાને તથા સર્વ કોઇને તે અપ્રિય થઇ પડયો. કાળાન્તરે તેના માબાપ મરી ગયા. એટલે નંદિષેણ હવે એકલો અટુલો થઇ પડયો. તે તદ્દન દરિદ્ર હતો, ત્હેને ઘરમાં ચેન પડતું ન હતું. તેથી એકવાર તેનો મામો આવીને નંદિષેણને પોતાને ઘેર લઈ ગયો. અહિં નંદિષેણ ઘરનું તમામ ચાકર તરીકેનું કામકાજ કરવા લાગ્યો. તેના મામાને સાત દીકરીઓ હતી. તે બધીયે નંદિષેણને દેખે કે તેનાથી દૂર ભાગી જાય. તેનો તિરસ્કાર કરે, તેને બોલાવે નહિ આથી નંદિષેણને બહુજ ખોટું લાગ્યું. એકવાર તેને વિચાર થયો કે આવી દરિદ્રાવસ્થામાં અને મનુષ્યોની અપ્રીતિમ રહેવું તેના કરતાં દેશાવર જઇ હરકોઇ ઉદ્યમ ખોળી સ્વતં રહેવું તે વધારે સારૂં. એમ વિચાર કરી તે પોતાના મામ

l આવ્યો અને પરદેશ જવાની રજા માગી. મામાએ કહ્યું.
શા સારૂં પરદેશ જાય છે, તું અહિં રહે અને મજા કર.
તને મારી દીકરી પરણાવીશ. આથી નંદિષેણ રાજી થયો
ને ત્યાંજ રહેવાનો નિશ્ચય કર્યો.

કેટલાક દિવસ બાદ તેના મામાએ પોતાની સાતે દીકરીઓને બોલાવીને કહ્યું: તમારામાંથી હરકોઇ એક આ નંદિષેણને પરણવાનું કબુલ કરો. આ સાંભળી તે સાતે સ્ત્રીઓ કહેવા લાગી: પિતાજી, તમે કહો તો અમે ઝેર ખાઇને મરી જઇએ. પરંતુ નંદિષેણ સાથે લગ્ન કરશું નહિ. આ વાતની નંદિષેણને ખબર પડતાં તેના દુઃખનો પાર રહ્યો નહિ. પણ તે જરા સંસ્કારી હતો. તેણે વિચાર કર્યો આમાં તે સાત પુત્રીઓનો દોષ નથી પરંતુ મ્હારા કર્મનોજ દોષ છે. નહિ તો આવું બેડોળ શરીર અને દરિદ્રાવસ્થા મ્હને કેમ સાંપડે. માટે મ્હારે હવે અહિં ન રહેતાં બીજે કયાંઇ ચાલ્યા જવું. એવો વિચાર કરી એક વખતે છાનો માનો મામાના ઘરમાં નીકળી ગયો.

ફરતો ફરતો તે રત્નપુર નગરનાં ઉદ્યાન પાસે આવી પહોંચ્યો. ત્યાં એક પુરૂષ અને સ્ત્રી એકબીજાને આલિંગન આપતાં ક્રિડા કરી પ્રેમ સુખ ભોગવતાં હતાં. આ દ્રશ્ય નંદિષેણના જોવામાં આવ્યું. ત્હેને તત્ક્ષણ વિચાર થયો. ઓહો, જગત પર માણસો કેવા સુંદર સુખ ભોગવે છે! જ્યારે મ્હારે તેમાંનું કાંઇજ નહિ. પારકું સુખ દેખીને મારે અંતરમાં બળવું પડે છે. તેના કરતાં આપઘાત કરવો એ હજાર દરજ્જે બ્હેતર છે. એમ ધારી તે આત્મ હત્યા કરવા

નજીકના જંગલમાં આવ્યો. તેવામાં સુસ્થિત નામના મુ
તેના જોવામાં આવ્યાં. તેથી તે મુનિ પાસે ગયો.

મુનિએ કહ્યું: ' વત્સ, તું કોણ છે, અને અહિં શા મ
આવ્યો છે ?

નંદિષેણ બોલ્યો: મ્હારાજ, હું એક દરિદ્ર બ્રાહ્મણ
મ્હારાં બેડોળ શરીરથી માણસોનો તિરસ્કાર પામુંછું. જગત
માણસો સુવર્ણ અને સ્ત્રીઓ વડે અનેક પ્રકારના સુંદર સુખ
ભોગવે છે. તે જોઈ હું અંતરમાં બળું છું, તેથી આત્મ
હત્યા કરી આ દુઃખી દેહનો નાશ કરવા માગું છું. આ
સાંભળી મુનિ બોલ્યા: વત્સ, શું તું એમ સમજે છે
લક્ષ્મી અને સ્ત્રીઓના સુખમાં મનુષ્યો ખરા સુખી છે? ના,
ના, તેમ નથી. જેટલી ઉપાધિ અલ્પ લક્ષ્મીવાળાને છે, તે
કરતાં અનેક ગણી ઉપાધી વિશેષ લક્ષ્મીવાળાને છે. લક્ષ્મીવાનો
નિરાંતે ઉંઘી શકતા નથી. વધુને વધુ લક્ષ્મી મેળવવાની તૃષ્ણા
તેમને રાત દિવસ વધતીજ જાય છે. પરિણામે તેઓને
ઉપાધિ, ચિંતા, દુઃખ, વ્યવસાય એટલા બધા હોય છે કે
તેમાં તેને લગારે શાંતિ મળતી નથી. વત્સ, મ્હારા હિસાબે
તું દરિદ્રિ છતાં સંતોષ રાખે તો ઘણોજ સુખી છે.
વળી તું સ્ત્રીઓમાં સુખ માને છે, પણ જો જીવને અધમ
ગતિમાં લઈ જનાર હોય તો તે સ્રી જ છે. ત્હેના મોહમ
તેના પ્રેમમાં, ત્હેના વિષયસેવનમાં માણસો અહર્નીશ
મચ્યા રહી પોતાની જીંદગીની ખરાબી કરી નાખે છે
એક સ્ત્રીને ખાતર જગતપર અનેક પ્રકારના અનર્થો થયા છે
અને થાય છે! એ શું તું નથી જાણતો ! સ્ત્રીઓના સુખ તે

આ જીવે અનંતકાળ સુધી ભોગવ્યા છે। છતાં જીવની તૃપ્તિ નથી થઇ અને તેને લીધેજ સંસારમાં જીવ પરિભ્રમણ કરે છે. માટે હે વત્સ, ત્હારે જો ત્હારા આત્માનો ઉદ્ધાર કરવો હોય તો એ કંચન અને કામિનિનો સર્વથા ત્યાગ કરી સંયમી જીવન ગુજાર. અને પ્રભુસેવા, અને તપશ્ચર્યા કરી ત્હારા જીવનને સુધારી લે.

આ ઉપરથી નંદિષેણનું હૃદય વૈરાગ્યમય બની ગયું. તેણે મુનિ પાસે દિક્ષા ગ્રહણ કરી અને તપશ્ચર્યા કરવા લાગ્યો. તેણે જીંદગી પર્યંતનો છઠછઠના પારણે છઠ કરવાનો અભિગ્રહ લીધો અને ગુરૂની સેવા કરતાં ગામાનુગ્રામ વિચરવા લાગ્યો. થોડા વખત બાદ તેણે એવો નિશ્ચય કર્યો કે મ્હારે એકાદ મુનિવરની વૈયાવચ્ચ (સેવા) કરીને પછીજ પારણું કરવું. તે પ્રમાણે તે મુનિની સેવા કર્યા બાદ પારણું કરતો. આમ ઘણાં વર્ષો સુધી તેણે કર્યું. પરિણામે તેની સેવાના વખાણ ઠેર ઠેર જગતપર થવા લાગ્યા.

એકવાર ઇંદ્ર મહારાજાની સભામાં પણ નંદિષેણની અપુર્વ સેવાના વખાણ થયાં. આ વખાણ ત્યાં બેઠેલા બે દેવોથી સહન ન થયાં, એટલે તેઓ બંને નંદિષેણની પરીક્ષા કરવા સારૂ રત્નપુરમાં આવ્યા. તેમાંનો એકદેવ રત્નપુર નગરની બહાર ઉદ્યાનમાં એક રોગગ્રસ્ત સાધુનું રૂપ ધરીને બેઠો, અને બીજો દેવ સાધુ વેશે નંદિષેણ પાસે આવ્યો. તે વખતે નંદિષેણ પારણું કરવા બેસતો હતો. તેને જોઇને દેવ બોલ્યો: રે નંદિષેણ, આવોજ ત્હારો સેવા ભાવ કે?

મ્હારા ગુરૂ અતિસાર રોગથી પીડાતાં ઉદ્યાનમાં બેસી રહ્યા છે. અને તું નિરાંતે ભોજન કરે છે! આ સાંભળી નંદિષેણ ભોજન પડતું મૂકી ઉઠયો અને સાધુ સામે બે હાથ જોડી બોલ્યોઃ માફ કરો મ્હારાજ, મ્હને ખબર નથી. કૃપા કરી બતાવો ત્હમારા ગુરૂ મહારાજ, ચાલો હું તમારી સાથે આ

ભોજન ભોજનને ઠેકાણે રહ્યું. છઠની તપશ્ચર્યાવાળો નંદિષેણ પેલા સાધુની સાથે ઉદ્યાનમાં ગયો. ત્યાં તે વૃદ્ધ અને રોગિષ્ટ સાધુ જોયા; તેથી તે તેમની સેવા ભક્તિ કર લાગ્યો. તેવામાં વૃદ્ધ સાધુ બોલ્યાઃ નંદિષેણ, હું તૃષા પીડાઉં છું માટે પાણી લાવી આપ. નંદિષેણ પાણી લે રત્નપુરમાં ઉતાવળો ઉતાવળો ગયો. એક ઘેર, બીજે ત્રીજે ઘેર એમ અનેક ઘેર આથડયો. પણ પાણી ન મ છતાં નંદિષેણ મનમાં જરાપણ ખિન્ન ન થયો અને બ ઘરોમાં ફરવા લાગ્યો. કેટલાક ઘર આથડયા બાદ પાણી મળ્યું. તે લઇ વૃદ્ધ સાધુ પાસે આવ્યો અને પાણી આપ્યું. તરત પેલા સાધુ બોલ્યાઃ નંદિષેણ આટલી બધી વાર લગાડી, ત્હને ભાન છે કે નહિ, હું રોગથી પીડા પામું છું તે! નંદિષેણ બોલ્યોઃ કૃપાળુ દેવ, મને માફ કરો નિર્દોષ પાણી મેળવતાં જરા ઢીલ થઇ છે! આપ વ્યાધિથી પિડાઓ છો. તો કૃપા કરી મારી સાથે ઉપાશ્રયે પધારો, તો હું આપની સારી રીતે સેવા ભક્તિ કરી શકું

તું જુએ છે કે નહિ, મ્હારાથી ચાલી શકાય એવું છે વૃદ્ધ સાધુએ ગુસ્સે થઇને કહ્યું.

ગુરૂરાજ, હું આપને મારી ખાંધ પર બેસાડીને

શ, આપને રસ્તામાં દુઃખ નહિ પામવા દઉં, નંદિષેણે વેકપૂર્વક કહ્યું.

તો ભલે લઇ જા. વૃદ્ધ સાધુ બોલ્યા.

સેવામૂર્તિ નંદિષેણે વૃદ્ધ સાધુને પોતાની ખાંધે લીધા ને ચાલવા માંડયું.

રસ્તામાં પેલા દેવ સાધુએ નંદિષેણના શરીર પર ઝાધમંય વિષ્ટા કરી નંદિષેણનું શરીર બગાડી મૂકયું, તાં નંદિષેણ મનમાં જરા પણ ખેદ પામ્યો નહિ. દિષેણ આગળ વધે છે. તેવામાં વૃદ્ધ સાધુ તરત રાલી ઉઠે છે; કેમ ઉતાવળો ચાલે છે? મ્હને દુઃખ થાય , માટે ધીરે ચાલ. આ સાંભળી નંદિષેણ કહે છેઃ મ્હારાજ માફ કરશો. હું આપને જરા પણ દુઃખ આવવા નહિ ઉં. પણ દેવ તો નંદિષેણની પરીક્ષા કરવા ખાતર જોત તેતામાં નંદિષેણનું આખું શરીર મળમુત્ર અને વિષ્ટાથી મરી દેછે, અને નંદિષેણના મોઢા તરફ જુએ છે; પણ નંદિષેણના મોઢાપર ગ્લાનિનો એક અંશ પણ નજરે પડતો નથી. દેવ સાધુ આખે રસ્તે નંદિષેણને કઠોર ભાષા સંભળાવતો જાય છે, છતાં નંદિષેણ વૃદ્ધ સાધુની સેવા કરવાનો આવો અપૂર્વ સમય કયાંથી આવે, તેવાજ વિચારો કરતો ઉપાશ્રય તરફ ચાલે છે. તેવામાં ઉપાશ્રય આવે છે અને આસ્તેથી ગુરૂને નીચા ઉતારે છે. ઉતારતાં જ સાધુ અદ્રશ્ય થાય છે અને દેવસ્વરૂપે નંદિષેણના સામે આવી ઉભો રહી બોલે છે. અહો નંદિષેણ! ધન્ય છે ત્હારી સેવા વૃત્તિને! ઈંદ્રસભામાં ત્હારી જે પ્રશંસા મેં સાંભળી તે બરાબર છે.

ખરેખર ત્હેંજ ક્રોધને જીત્યો છે, મેં ત્હારી કસોટી કરવા આ કામ કર્યું હતું. પણ ત્હારી અનન્ય સેવાથી હું સં પામ્યો છું, એમ કહી દેવ અદ્રશ્ય થયો. નંદિષેણ ર ભાવમાં મગ્ન રહી તપશ્ચર્યા વડે વિશુદ્ધ ચારિત્ર પાળ લાગ્યો. નંદિષેણ, બાર હજાર વર્ષ સુધી ચારિત્ર પા અંતિમ સમયે અણુશણ કરી મૃત્યુ પામ્યો અને આઠ દેવલોકમાં દેવ થયો. નંદિષેણે સંથારો કરેલો, તે વ પૂર્વ સમયની દરિદ્રાવસ્થા અને પ્રેમ કોઈ કારણસર યાદ આવ્યાં. તેથી તેણે નિયાણું કરેલું કે હું આ ભવમાં અનેક સ્ત્રીઓ અને અપૂર્વ લક્ષ્મીનો ભોકતા થા આ નિયાણાના પરિબળે નંદિષેણ દેવલોકમાંથી ર સૌરીપુર નગરમાં અંધક વિષ્ણુ રાજાની સુભદ્રા રાણી કુક્ષીમાં દશમા પુત્ર ‘વાસુદેવ’ નામે ઉત્પન્ન થયાં. ત્હે કામદેવ સરીખું રૂપ દેખીને અનેક સ્ત્રીઓ ત્હેમના પ મુગ્ધ થઇ. એકંદર તેઓ ૭૨૦૦૦ સ્ત્રીઓના સ્વામી થયાં સાથી છેલ્લા તેઓ દેવક રાજાની પુત્રી દેવકીજીને પરણ્યા અને ત્હેમનાથી તેમને કૃષ્ણ વાસુદેવ, ગજ સુકુમાર આદિ મહાન પુત્રો ઉત્પન્ન થયાં.

અનન્ય સેવાભકિત, વિશુદ્ધ ચારિત્ર અને તપશ્ચર્યા અપૂર્વ ફળ નંદિષેણ પામ્યા, પણ જીવનના અંતે લક્ષ્મી અને સ્ત્રીઓમાં આસકિત રહી જવાથી નિયાણાના પ્રતા સંસાર વધારવો પડયો. માટે નિયાણું ન કરતાં અપૂ સેવા, ત્યાગ, તપશ્ચર્યામાં દ્રઢ રહેવું. એજ આ વાર્તા સારાંશ છે.

સુદર્શન શેઠ.

આ આર્યાવર્ત્તમાં ઉત્પન્ન થયેલાં અનેક પવિત્ર પુરૂષો
ને સ્ત્રીઓના જીવનચરિત્રો જ્યારે આપણે વાંચીયે છીએ,
ારે તેઓ બધા પરમ સત્ય, અહિંસા અને ઉત્તમ શીલના
દ્ભુત પાલન વડે જ અમર થયાં છે. જો કે તેવા સંકટો તેમના
ગે ઉભા કરવામાં આવે. તથાપિ તે સર્વમાંથી મહાન
રૂષો જ સ્થિરતાથી પોતાના આત્માનો ઉદ્ધાર કરી લે છે.
દર્શન શેઠ પણ પોતાના પર આવેલા સંકટમાંથી નવકાર
ંત્રના પ્રભાવે કેવી રીતે બચી જવા પામે છે, તે આપણે
ા વાત પરથી જાણીશું.

અંગદેશની ચંપા નામની નગરીમાં દધિવાહન રાજા
ાજ્ય કરતો હતો. તેને અભયા નામે રાણી હતી. તે જ
ગરીમાં સુદર્શન નામે એક ધનાઢ્ય શેઠ રહેતો હતો.
રૂપમાં તે સાક્ષાત્ કામદેવ સરીખો અને ગુણમાં પણ
ર્વથી અધિક હતો. જૈનધર્મ પ્રત્યે તેને સંપૂર્ણ શ્રદ્ધા
હતી. નગરીજનોનું હિત તેને હૈયે હતું. દાનધર્મમાં પણ તે
પ્રશંસનિય હતો. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય એ તેના ખાસ
જીવનમંત્રો હતા. ટુંકામાં સુદર્શન શેઠ એ સાચો જૈન
હતો. એક વાર તે કોઈ કારણસર રાજદરબાર આગળ
થઈને જતો હતો. તે વખતે રાજમહેલના ગોખમાં બેઠેલી
અભયા રાણીએ તેને જોયો. સુદર્શનનું સુંદર અને દેદિપ્યમાન

શરીર જોતાં જ અભયાને કામવાસના જાગૃત થઇ. કે કોઇ પણ રીતે સુદર્શન સાથે ભોગવિલાસ કરી આનં મેળવવાની ત્હેને તીવ્ર ઇચ્છા થઇ. તરત રાણીએ તે કપીલા નામની દાસીને બોલાવીને કહ્યું, 'દાસી, જો ખરી. આ નીચે કેવો સુંદર પુરૂષ ચાલ્યો જાય છે! તે મુખ તો જાણે પૂનમનો ચંદ્રમા! ખરૂં કે નહિ.?

'હા, બા. ત્હમે કહો છો તેવું જ છે હો'! ખુશા દાસીએ પ્રત્યુત્તર વાળ્યો.

'તું ત્હેને ઓળખે છે'? રાણીએ પૂછ્યું.

'હા, બા. તે તો આપણા નગરનો ધનાઢ્ય શેઠ સુદર્શ દાસીએ પરિચય આપ્યો.

'દાસી, જા ત્યારે. ;ત્હેમને તું ઉપર બોલાવી લ રાણીએ કહ્યું.

દાસી ચતુર હતી. તે રાણીનો ભાવ તરત કળી સારી યા બુરી ગમે તેવી રાણીની ઇચ્છાને તાબે થવું કપીલા પોતાનો ધર્મ સમજતી. તે નીચે ગઇ સુદર્શનને આગળ ચાલતાં રોકીને બોલીઃ શેઠ પધારો, ત્હમ અમારા બાઇસાહેબ બોલાવે છે.

સુદર્શન ચમક્યો અને બોલ્યોઃ શું રાણી સાહેબ બોલાવે છે? શા કામે?

'એ તો કોણ જાણે, પણ મને આજ્ઞા કરી છે તેમનું જરૂરી કામ છે, માટે બોલાવી લાવ.' દાસીએ જવા

રાણીની આજ્ઞાનું ઉલ્લંઘન કરવું એ ઠીક નહિ, એમ ચારી સુદર્શન કપીલા દાસી સાથે રાણીના અંતઃપુરમાં ગયો. દાસી ત્યાંથી ચાલી ગઈ. સુદર્શનને દેખતાં જ અભયા બોલીઃ પધારો શેઠ, બીરાજો આ આસન પર. એમ કહી રાણીએ તેને આસન આપ્યું.

આસન પર બેસતાંજ સુદર્શને કહ્યું, 'આજ્ઞાદેવ, આપે મ્હને કેમ બોલાવ્યો છે?'

અભયા બોલીઃ શેઠ દુનીયા પર મેં અનેક માણસો જોયાં છે. પણ તેમાં તમે તો સર્વોત્તમ છો. કારણ કે પ્રભુએ તમને સુંદર શરીર અને લક્ષ્મી બંને આપ્યાં છે. લક્ષ્મી તો મ્હારે ત્યાં પાર વગરની છે, પણ માત્ર તમારા આ સુંદર શરીરની જ હું માગણી કરૂં છું.

'એટલે? આપનું કહેલું હું ન સમજી શકયો.' સુદર્શને કહ્યું.

પ્રિય! તમારી સુંદર મુખાકૃતિ જોઇ હું મોહ પામી છું. મારા અંગે અંગમાં અત્યારે કામાગ્નિની જ્વાળાઓ પ્રગટ થઇ છે. તો કૃપા કરી મારી સાથે ભોગવિલાસ કરો અને જીંદગીનો અનુપમ લ્હાવો લ્યો, રાણીએ પોતાનો મનોભાવ સ્પષ્ટ કહી દીધો.

આ સાંભળી વિસ્મય પામી સુદર્શન બોલી ઉઠયોઃ અરે, બ્હેન. આ તમે શું બોલો છો? એક રાજરાણી થઇને મુખમાંથી આવા શબ્દો બોલવા આપને શોભે નહિ.

હા, તે વાત ખરી, પણ ભુખ્યો માણસ ત્રણ દિવસનો

સુકો રોટલો હોય પણ તે પ્રેમથી ખાય છે, ઉંઘમાં આવેલ માણસ તૂટેલો ખાટલો હોય તો પણ તેમાં સૂઇ જાય છે તૃષાતુર ગમે તેવું પાણી પીએ છે, અને કામી જનો જા કે કજાત જોતા નથી. તેમ હું પણ અત્યારે કામ વેદનાથ પીડાઉં છું; માટે મારો અનાદર નહિ કરતાં આનંદપૂર્વ આ પલંગ ઉપર પધારો અને મારી ઇચ્છા તૃપ્ત કરો.

ઉપર પ્રમાણે રાણીનું કહેવું સાંભળી સુદર્શન મું વણમાં પડયો અને આ સંકટમાંથી કેમ બચવું તેની યુક્તિ શોધવા લાગ્યો. થોડી વારે સાવધાન થઇને તે બોલ્યો રાણીસાહેબ આપનું કહેવું સાચુ છે. હું આપના વચન અનાદર ન કરૂં. પ.....ણ...............

બોલતાં કેમ અટકી ગયા ? શેઠ, કહેવું હોય તે ખુશીથી કહો. અહિં કોઈની પણ બીક રાખશો નહિ. રાણીએ જણાવ્યું.

'પણ હું પુરૂષત્વહિન (નપુંસક) છું. એટલે લાચાર છું નહિ તો આપનું વચન માન્ય કરત. સુદર્શને બચવા માટે યુક્તિ કરીને કહ્યું.

આ શબ્દો સાંભળતાં જ રાણી નિરાશ બની. તેની કામવાસના શાંત થઇ ગઇ. તરત તેણે સુદર્શનને રજા આપી અને પોતાની દુષ્ટ ઇચ્છા સુદર્શન પાસે પ્રગટ કરી તે માં તે પશ્ચાતાપ કરવા લાગી.

\+ \+ \+ \+

થોડાક દિવસો વિત્યા બાદ નગરમાં કૌમુદી ઉત્સ

આવ્યો. નગરજનો આનંદમાં મગ્ન બની, સુંદર વસ્ત્રાભૂષણો પહેરી આમતેમ ફરી રહ્યા હતા. સુદર્શન શેઠના છ પુત્રો પણ સુંદર ઘરેણાં અને અલંકારોથી વિભૂષિત બની ઘરના નોકર સાથે બહાર ફરવા નીકળ્યા હતા. ફરતાં ફરતાં તેઓ રાજદરબાર આગળ આવ્યા. છએ પુત્રોની સુંદર કાંતિ અને રૂપરંગનો ઠાઠ મહેલમાં બેઠેલી અભયા રાણીના જોવામાં આવ્યો. જોતાં જ તેને વિચાર થયો. અહો! આવા સુંદર બાળકો કોના હશે! તરત તેણે કપીલા દાસીને બોલાવીને પૂછ્યું. દાસીએ કહ્યું: 'બાઈસાહેબ, આ છ પુત્રો પેલા સુદર્શન શેઠના છે.

આ સાંભળી રાણી આશ્ચર્ય પામી. પૂર્વ વાતનું સ્મરણ થતાંજ, સુદર્શન ઉપર તેને વેરભાવ પ્રગટ થયો. તે શોકાતુર બની. અને હરકોઈ પ્રકારે સુદર્શનને હેરાન કરવો એવા નિશ્ચય પર તે આવી.

\+ + + +

સમય સમયનું કામ કરે છે. તે મુજબ દિવસ પસાર થઈ ગયો અને રાત્રી થઈ. રાજા રાણીના મહેલમાં આવ્યો. રાણીએ કૃત્રિમ શોક ધારણ કર્યો અને રીસાઈને બેઠી.

રાણીની ઉદાસીન આકૃતિ જોઈ રાજાએ કારણ પૂછ્યું. રાણીએ પ્રત્યુત્તર ન આપ્યો. ફરી રાજાએ પૂછ્યું. રાણી મૌન રહી. બહુ જ આગ્રહપૂર્વક ત્રીજીવાર જ્યારે રાજાએ પૂછ્યું, ત્યારે તે બોલી:

'પ્રાણનાથ! તમારા રાજ્યમાં સર્વત્ર અંધેર! અમારે હવે ક્યાં જવું?'

'છે શું ?' રાજાએ પૂછયું.

'નાથ. નગરના માણુસો તમારી ગેરહાજરીમાં અંત પુરમાં પ્રવેશ કરે, મને સતાવે; છતાં દાદ સાંભળનાર કોઇ જ નહિ! આવું અંધેર જગતમાં કયાંઈ જોયું છે?' રાણીએ પોતાની કપટકળા અજમાવતાં કહ્યું.

'હેં, શું તું કહે છે? એવો કોણુ નીચ માણુસ છે કે મારા અંતઃપુરમાં આવવાની હિંમત કરે? રાણી જલ્દી બોલો, હું તેની જીભ કાપી નાખું, અગર હમણાં ને હમણાં તેના શરીરના ટુકડે ટુકડા કરી નાખું. બોલો, જલ્દી બોલો.' રાજાએ ગુસ્સે થઈને કહ્યું.

'મહારાજા, બીજું તો કોઈ નહિ, પણુ આ નગરનો શેઠ સુદર્શન. તે પૈસાદાર થવાથી છકી ગયો છે. આજ સાંજે તે અંતઃપુરમાં આવ્યો અને પોતાની ઇચ્છા મારી પાસે જાહેર કરી, કેટલાક ચેનચાળા કર્યા. તેને ખુબ ધમકાવ્યો ત્યારે તે ચાલ્યો ગયો. જુઓ આ દાસીને ?' રાણીએ સ્રીચરિત્રનો પાઠ ભજવ્યો.

રાજાએ દાસીને બોલાવવાની બૂમ પાડી, રાણીએ દાસી સાથે સંકેત અગાઉથી કરી રાખ્યો હતો. દાસી બારણાની ઓથે ઉભી રહી, આ સઘળો વાર્તાલાપ સાંભળતી હતી. તરત દાસી અંદર દોડી આવી અને બે હાથ જોડી ઉભી રહી.

રાજા બોલ્યોઃ 'અરે, દાસી, આજ સાંજે સુદર્શન આપણા અંતઃપુરમાં આવ્યો હતો કે ?' !

'હા, કૃપાનાથ, તેણે તો ન કહેવાના વચનો મને બાઇસાહેબને કહ્યાં. તે વખતેજ હું આપને કહેવા આવની હતી. પણ મારી બાઇસાહેબે કહ્યું કે મહારાજા કામમાં હશે એટલે હુંજ તેમને વાતે કહીશ.' દાસી કુગની દાસીએ પણ રાણીની વાતને પુષ્ટી આપી.

તરતજ રાજાએ સુદર્શનને પકડવાનો હુકમ દીધો. કોટવાળ સુદર્શનને ઘેર ગયો અને તેને પકડીને રાજદરબારમાં લાવી કેદખાનામાં પુર્યો, અને સવાર થતાં સુદર્શનને ફાંસીએ ચડાવવાનો હુકમ રાજાએ ફરમાવી દીધો.

અહાહા! એક સત્યવાન અને પરમ પવિત્ર સુદર્શન ઉપર કેવો ભયંકર હુકમ કરવામાં આવ્યો! પોતાની કામ ઇચ્છા તૃપ્ત ન થવાથી દુષ્ટજનો બીજાનું વૈર લેવા શાં શાં અધમ કાર્યો નથી કરતા! અને કાચા કાનના રાજાઓ પણ સ્ત્રીના મોહમાં વશ બંનીને અવિચારી કામ કરતાં જરા પણ અચકાતાં નથી! અહાહા! સુદર્શન જેવા દ્રઢ ધર્મી અને નવકારમંત્રનું સતત્ સ્મરણ કરનાર શ્રાવકને સત્ય સાચવવા જતાં શૂળીના માંચડે ચડવાનો વખત આવ્યો! રે, કર્મ, ત્હારી પણ કળા ન્યારી છે.

+ + + +

બરાબર દશ વાગ્યાનો સમય થયો. સુદર્શનને ફાંસીનો હુકમ ફરમાવ્યાની વાત વાયુ વેગે નગરમાં પ્રસરી ગઈ. સુદર્શનની લોક પ્રિયતા ગામમાં એટલી બધી હતી કે તેને થયેલી આ કારમી શિક્ષાથી સ્ત્રીઓ પુરૂષો અને બાળકો

સુદ્ધાં સૌકોઇ આક્રંદ કરવા લાગ્યા. પ્રખ્યાત નાગરીકજનો રાજા પાસે ગયા; અને સુદર્શનને છોડાવવાની વિનંતિ કરી; પણ રાજાના ઉગ્ર રોષ સામે તે સર્વ નિષ્ફળ નીવડ્યું. સુદર્શનની સ્ત્રી અને કુટુંબી જનો ખૂબ રડવા લાગ્યા. તેમણે પણ રાજા પાસે જઈ સુદર્શનને છોડવા ઘણી આજીજી કરી પણ રાજાએ માન્યું નહિ, અને તેમને ધમકાવીને કાઢી મૂક્યા.

આખરે સુદર્શનને શૂળી પર ચડાવવાનો અમલ થઈ ગયો. શૂળી પર ચડતી વખતે સુદર્શને હૃદયના ભાવ પૂર્વક પ્રભુની સ્તુતિ કરી. પવિત્ર નવકાર મંત્રનું સ્મરણ કર્યું. થોડીવારમાં તો શૂળી ઉપર એક અદ્‌ભુત આશ્ચર્ય લોકોના જોવામાં આવ્યું.

અહાહા! આ આશ્ચર્ય શું હતું! રાજા અને પ્રજાગણ જ્યાં શૂળી સામે દ્રષ્ટી કરે છે, ત્યાં શૂળીજ ન મળે! તેને બદલે એક દિવ્ય રત્ન જડિત્ર સિંહાસન સઘળાએ જોયું, અને તે ઉપર આનંદિત ચ્હેરે સુદર્શનને બેઠેલો જોયો. અને આકાશમાંથી દેવદુંદુભિના મીઠા નાદ સાંભળ્યા! સઘળા લોકો આશ્ચર્યની સાથે સુદર્શનની વાહ વાહ બોલવા લાગ્યા, અને સત્યવાન સુદર્શનના યશોગાન ગાવા લાગ્યા. રાજા પણ સુદર્શનને પરમ પવિત્ર સમજી મોટેથી પોકારી ઉઠ્યો; શાબાશ છે, સુદર્શન ત્હારી શીલતાને! તુંજ ખરો પવિત્ર અને ધર્મિષ્ઠ છે! કૃપા કરી નીચે પધારો અને મને માફી આપો.

સુદર્શન નીચે ઉતર્યો. જનતાને દેવે ચમત્કાર કર્યો, રાજાએ પણ તેને ખૂબ આદર આપ્યો અને જનતાએ માનથી તેને ઘેર લઈ ગયા. અને અભયા આપઘાતની જેમ હકીકત કહેવા જણાવ્યું. સુદર્શને અભયા રાણીને ક્ષમાદાન આપવાની અરજ રાજાને સઘળી વાત કહી. રાજા અભયા તથા કપિલા દાસી પર ખૂબ ગુસ્સે થયો. તેઓ બંનેને પોતાની પાસે બોલાવીને ખૂબ ધમકાવ્યા. બંનેએ સુદર્શન પાસે માફી માગી. અંતમાં સુદર્શને તેમને પવિત્ર ધર્મનો બોધ આપ્યો. સૌ પોતપોતાને સ્થાને ગયાં. આગળ જતાં સુદર્શને ચારિત્ર અંગીકાર કર્યું. અને પરમ પવિત્ર નવકારમંત્રનું સ્મરણ કરતાં તપ અને ચારિત્રના પ્રભાવે તે દેવગતિમાં ગયો.

ધન્ય છે! સુદર્શન,તારી શીલતાને! અને નવકાર-મંત્રની પરમ શ્રદ્ધાને!

---

૫ અરણિક મુનિ

ગ્રીષ્મ ઋતુનો સમય હતો. સૂર્યનારાયણના પ્રચંડ કિરણો પૃથ્વી પર અસહ્ય તાપ વરસાવી રહ્યા હતા. રસ્તા પરની રેતી સખ્ત તાપને લીધે અગ્નિની જેમ ધગધગતી હતી. ઉષ્ણ લુ શરીરને સ્પર્શીને પીડા ઉપજાવતી હતી. તેવા સમયને વિષે બીન અનુભવી અને હમણાંજ યુવાનીમાં પ્રવેશેલા એક સાધુ ભિક્ષાર્થે ભટકતા હતા. તેને ખબર

ન હતી કે કયા ઘરમાં, કેવી રીતે પ્રવેશ કરવો, તેથી તે હ
વિચારમાં ને વિચારમાં ચાલ્યા જતા હતા. પગે ફોલ્લ
પડતાં હતા. પરસેવાના રેબઝેબ તેના શરીરમાંથી નીક
રહ્યા હતા. માથું ફાડી નાખે તેવા તાપમાંથી તે મુનિ
કંટાળીને રસ્તાપરની એક ગગન ચુંબી હવેલીના છાંયડ
નીચે વિશ્રાંતિ લેવા માટે ઉભા. તેવામાં તે હવેલીના
ઝરૂખામાંથી એક નવયુવાન અતિ સ્વરૂપવાન શ્રીમં
બાળાએ આ મુનિને જોયાં. મુનિની દિવ્ય અને તેજસ્
કાંતિ જોતાંજ આ બાળા કામ વ્યથાની મહા પીડાથ
પીડાવા લાગી અને મુનિને બોલાવી તેમની સાથે સં
સુખ ભોગવવાનુ ઈચ્છયું. તરત તેણે દાસીને પોતાની પાસે
બોલાવીને કહ્યું.

'દાસી, જા. પેલા છાંયડે ઉભેલા મુનિને ઉપર બોલાવ
લાવ' દાસી નીચે ઉતરી, મુનિ પાસે આવીને બોલી
મહારાજ, ચાલો ઉપર આ મકાનમાં, હમને મારી બાઈ
બોલાવે છે-

મુનિએ ધાર્યું કે મને આહાર પાણી આપવા માટે
બોલાવતી હશે. એમ વિચારી તે મુનિ દાસી સાથે હવેલીમાં
દાખલ થયાં.

આ મુનિનું નામ અરણિક મુનિ હતું. તગરા નામ
નગરના દત્ત નામના એક વણિકના તે પુત્ર હતા. એકવ
તે નગરમાં મિત્રાચાર્ય નામના એક સ્થવીર મહાત્મા પધા
તેમના ધર્મોપદેશથી વૈરાગ્ય પામી અરણિકના પિતા દ
અને તેમની સ્ત્રી ભદ્રા બંનેએ દીક્ષા લીધી. આ પુત્ર બાળ

હોવાથી તેને ઘણી મુનિઓએ વિચારે માતાપિતાએ અરણિકને પણ દિક્ષિત બનાવી પોતાની પાસે રાખ્યો. દિક્ષિત પિતાને પુત્રપર ઘણોજ મોહ, તેથી તે સારૂં સારૂં ગોચરી લાવી પુત્રને ખવરાવે. તેને વહોરવા માટે કદાપિ જવું પણ નહિ, લોટવુંજ નહિ પણ તે પિતાએ તેને ભણાવવાની પણ દરકાર કરી નહિ, પરિણામે અરણિક અજ્ઞાન અને અભણ રહ્યાં, કેટલાક સમયે પિતા દેવગત થયાં. તેથી હવે તમામ ભાર અરણિકને માથે આવી પડયો. અરણિકના ગુરૂઓ તેમને કહ્યું કે તમે હવે વસ્ત્ર પરિગ્રહ છોડી દ્યો. અને વહોરવા માટે નગરમાં જાઓ. આ વચન અરણિકને અસહ્ય લાગ્યું અને તેઓ વિચારમાં સ્થિર ઉભા રહ્યા, એક બીજા મુનીએ અરણિકને કહ્યું. તમે આટલું નહિ કરી શકો તો આત્માનું કલ્યાણ કેવી રીતે સાધી શકશો ?

આથી અરણિકને લાગ્યું કે ધીમે ધીમે ગોચરી કરવાનું શીખું તો ખરોજ. એવો વિચાર કરી ગુરૂની રજા લઇ પોતે એકલાજ આજે ભિક્ષાએ નીકળ્યાં છે. પણ અસહ્ય તાપથી કંટાળી વિશ્રાંતિ લેવા માટે એક વિશાળ હવેલી નીચે ઉભેલા. ત્યાં દાસી બોલાવવા આવવાથી તે તેની સાથે આ હવેલીમાં દાખલ થયા. મુનિને જોતાં વેંતજ ખુબસુરત બાળા મુનિ સામે આવી. અને બે હાથ જોડી બોલીઃ મહારાજ, આવા સખ્ત તાપમાં ફરી શા માટે નાહક દેહને કષ્ટ આપો છો ? આ તમારી સુંદર યૌવનાવસ્થાને શા માટે આવા નિરર્થક તપમાં વેડફી નાખો છો? મહારાજ, તમે મારી સાથે રહો. અને મન ગમતાં

ભોજન જમી મોજશોખ કરો. આ ઘર તમારૂંજ છે. તે આ મારૂં શરીર પણ તમારે આધિન છે, માટે તમારો વિચિત્ર વેશ છોડી દ્યો. અને મ્હારી સાથે પ્રેમ સુ ભોગવી જન્મ સફળ કરો. ફરી ફરી મહારાજ, મનુ નથી મળતો, માટે વિના પ્રયત્ને મળતું સુખ કૃપા કરી ન જવા દ્યો.

આ બાળાના મધુર અને આશ્વાસન યુક્ત સાંભળતાં અરણિકનું મન વિહ્વલ થયું. તેણે મન વિચાર કર્યો. ખરેખર, આ આકરૂં ચારિત્ર મહારાથી શકાતું નથી. વળી ભિક્ષા માટે આવા તાપમાં ઘેર ભટકવું. છતાં મન ગમતું ભોજન મળે નહિ. તો ના મારે કષ્ટ વેઠી શા માટે આત્માને દુખી કરવો જોઈએ વળી એની મેળે લક્ષ્મી મ્હને ચાંલ્લો કરવા આવે છે તે મ્હારે મ્હોં ધોંવા શા માટે જવું જોઇએ? આમ અરણિક મુનિના વિચારો સંયમી જીવનથી ભ્રષ્ટ બન્યાં અને બાળાને ત્યાંજ સુખ પૂર્વક રહેવાનો તેમને વિચાર થયો. તરત તે બાળા પ્રત્યે બોલ્યા.

તમારી વાત સાચી છે. બાળા. તમે મને આશ્રય આપો છો તો મ્હારે નાહક શા માટે કષ્ટ ઉઠાવવું જોઈએ.

મુનિ તે બાળાના વિચારોને આધિન થવાથી તરત તેણે દાસીને બોલાવી, અને નવાં વસ્ત્રો તથા મિષ્ટ ભોજનનાં થાળ મંગાવ્યા. મુનિના હર્ષનો પાર ન રહયો. તેમાં પોતાનો મુનિ વેશ ઉતારી નાખ્યો. અને આવેલાં ગૃહસ્થ વસ્ત્રો પહેરી લીધાં. સુંદર ભોજનો આરોગ્યાં અ

સુની આ ખુબસુરત બાળા સાથે પ્રેમમાં પડી સુખ ભોગવવા લાગ્યો.

\+ + +

એક દિવસ થયો. બે દિવસ થયાં. ચાર દિવસ થયાં પણ અરણિકનો પત્તો નહિ મળવાથી તેની માતા જે સાધ્વી થઇ હતી અને રોજ પુત્રનું મ્હોં જોઇ સંતોષ પામતી હતી, તે આજે ચાર દિવસથી પુત્રને નહિ જોવાથી ચીંતાતુર બની, અને પુત્ર વિયોગ માટે ઝુરણા કરવા લાગી. તે સાધ્વી વેશે શહેરમાં ફરવા લાગી, અને ખૂણા, ખાંચરા અગાસીઓ, બારીઓ, ઝરૂખા, હવેલીઓ તરફ ધારી ધારી જોવા લાગી. પણ કયાંઇ અરણીકની ભાળ મળી નહિ. તેથી તે વધુને વધુ શોકાતુર થઇ.

દિવસ પર દિવસ અને મહિના પર મહિનાઓ ચાલ્યા ગયા. પણ અરણિકનો પત્તો મળ્યો નહિ. એમ કરતાં એક વરસ થયું, બે વરસ થયાં, ત્રણ વરસ થયાં, પાંચ વરસ થયાં. દસ વરસ થયાં પણ કયાંઇ અરણિક જોવામાં આવ્યો નહી. આથી પુત્રઘેલી માતા સાધ્વી વધુને વધુ ચીંતા કરતી ગાંડાની માફક આમ તેમ નગરમાં શેરીએ શેરીએ અને ઉંબરે ઉંબરે ભટકવા લાગી, અને અરણિક અરણિક' નામના પોકાર કરવા લાગી. છતાં કયાંય તેની ભાળ ન મળવાથી તે તદ્દન ગાંડી બની ગઇ. વસ્ત્રનું ભાન રહ્યું નહિ, ફાટેલા અને મેલાં વસ્ત્રો સહિત મ્હોડેથી પુત્ર નામના ઉચ્ચાર કરી આખા ગામમાં તે દોડાદોડ કરી ભટકવા લાગી. ગાંડી થયેલી સાધ્વીને જોઇ બાળકો તેને

ખીજવી તેનાપર પત્થરા ફેંકવા લાગ્યા. જુવાનીયાઓ ટો
મળી તેની પાછળ પાછળ બૂમો પાડતા ચાલવા લાગ
આમ આખો રસ્તો આજે કૌતકમય બની ગયો. સૌ
સાધ્વીને આ તારો અરણિક, આ તારો અરણિક, એમ
ખીજવવા લાગ્યા. સાધ્વી એક બીજા યુવાન છોકરા
સામે જુવે છે અને અરણિક ન હોવાથી વળી પાછી
દોડવા લાગે છે.

આમ કરતાં કરતાં બાર વર્ષ વીતી ગયાં,
અરણિકનો પત્તો લાગતો નથી. પુત્રઘેલી માતાને
ખાવાનું ભાન, કે નથી વસ્ત્રનું ઠેકાણું, શરીરે તદ્દન સુકલ
બની ગઈ છે, અને હડધુતની માફક આખા ગામમાં ભટકે
પાછળ બાળકોનું ટોળું કીકીયારીઓ પાડતું દોડે છે.

આ દ્રશ્ય એકવાર ઝરૂખાના ગોખમાંથી અરણિ
જોવામાં આવ્યું. જોતાંજ તેણે પોતાની માતાને ઓળ
માતાને પોતાના નામનો ઉચ્ચાર કરતી અને ગાંડી બ
જોઇને અરણિકને ખૂબ લાગી આવ્યું. તરત તે માતૃ-પ્રે
લીધે નીચે આવ્યો અને માતા સાધ્વીને વંદન કરી બોલ
ઓ, માતા, આ રહ્યો તમારો પુત્ર અરણિક!

અરણિકને જોતાંજ માતા એકદમ મૂર્છિત થઇ
થોડી વારે સાવધ થતાં તે બોલી: પુત્ર, અત્યાર સુધ
ક્યાં ગયો હતો? તારા વિયોગના દુઃખે કલુષિત થ
આ ત્હારી માતાને તો જો!

હે માતા! ભિક્ષા કરવી મને અસહ્ય લાગી.
હું પાપ કર્મના ઉદયે જડ કર્મમાં પડ્યો, અને મેં

જીંદગી ખરાબ કરી. માટે મને ક્ષમા આપો. અરણિક સદ્બુદ્ધિ આવતાં બોલ્યો.

માતાએ કહ્યું, હે પુત્ર, ચિંતામણી રત્ન મૂકીને તું કથીરમાં શું લોભાયો ? અનંત કાળ સુધી દેવતાના સુખો ભોગવ્યાં, છતાં ત્હને તૃપ્તિ ન થઇ, તો શું આ મનુષ્યના ક્ષણિક કામ ભોગમાં તૃપ્તિ થશે ખરી ? માટે ફરી તું દિક્ષા લે અને ત્હારૂં જીવન સુધાર.

અરણિક બોલ્યોઃ માતા, દિક્ષા તો હું આ ક્ષણેજ લઇશ, પણ મ્હારાથી ગોચરી નહિ થઇ શકે. પરંતુ કર્મ ક્ષય કરવા માટે હું અણસણ કરી ઉગ્ર તપશ્ચર્યા કરીશ.

'જેમ સુખ ઉપજે તેમ કરો, અને માનવભવની સાર્થકતા સાધી લ્યો.' સાધ્વી માતાએ કહ્યું. અરણિકમુનિએ પુનઃ દિક્ષા લીધી. અને તરતજ ગુરૂ પાસે આજ્ઞા લઇ સૂર્યના પ્રચંડ તાપથી ધગ ધગતી રેતીમાં મધ્યાન્હે બીછાનું બીછાવી તેણે સંથારો કર્યો. પ્રચંડતાપના પ્રભાવે અરણિક મુનિનું શરીર તડતડ કરતું તૂટવા લાગ્યું. જેમ અગ્નિમાં માખણ પ્રવેશ કરે અને શરીરની ખાલ ઉતરવા માંડે; તેમ અરણિક મુનિના શરીરની ખાલ ઉતરવા માંડી. છતાં આત્માની અપૂર્વ રમણતામાં તેમણે જરા પણ મનને કલુષિત બનાવ્યું નહિ. અરણિક મુનિવરે પોતાના કરેલા પાપનો ખૂબ પશ્ચાતાપ કરવા માંડયો. એમ કરતાં તે શુકલ ધ્યાનની શ્રેણિએ ચડયા. અને ત્યાંજ સર્વ કર્મથી મુક્ત બની કેવલ્યજ્ઞાન, કેવલ્યદર્શનને પામી અરણિક મુનિ નિર્વાણ પદને પામ્યા.

---

૭ સતી કલાવતી.

મગધ દેશમાં શંખપુર નામે ગામ હતું. ત્યાં શ઼ ... રાજ્ય કરતો હતો. એકવાર તે કચેરી ભરીને બેઠો ... તેવામાં એક દૂત પોતાના હાથમાં એક સુંદર [illegible] છબી લઈને રાજસભામાં દાખલ થયો, અને રાજાને ... કર્યા. રાજાએ પૂછ્યું. હે દૂત, તમે દેશદેશાવર, પુરપાટણ ફરો છો. તો તમે કયાંઈ નવિન જોયું ?

દૂત બોલ્યો. મહારાજા. નવિનમાં તો આ એક છબી હું લાવ્યો છું. એમ કહી તેણે તે છબી રાજા સામે ધરી. છબી દેખીને રાજા એકદમ વિસ્મય પામ્યો અને બોલી ઉઠયો. અહાહા ! આવી સુંદર છબી તમે કયાંથી લાવ્યા ! શું તે કોઇ દેવાંગનાની છબી છે ?

દૂત હસીને બોલ્યોઃ ના. મહારાજા. આ દેવાંગનાની છબી નથી; પણ મૃત્યુ લોકના જીવંત માનવીની છબી છે. તેનું રૂપ સાક્ષાત્ ઉર્વશી અને રંભાને લજાવે તેવું છે! તેના ચ્હેરાની તેજસ્વીતા સર્વ કળાએ ખીલેલા ચંદ્રમા ને ઝાંખો બનાવે તેવી છે ! તેના ઓષ્ટ, પરવાળાને નિસ્તેજ બનાવે તેવા છે. એના દાંત તો જાણે દાડમની કળીઓ તેના મ્હોડા પર આવીને ચોંટી ગઇ ન હોય તેવા જણાય છે. ટુંકમાં મહારાજા, તેના રૂપની હરીફાઇ આ અવનીપર બીજી કોઈ સ્ત્રી જાતિ કરી શકે તેમ નથી.

'તે કોની પુત્રી છે, જણાવશો ?' રાજાએ વિહ્વળ થઇને પૂછયું.

દૂતે જવાબ આપ્યો. મહારાજ, દેવપાલ નગરના જયસેન રાજાની શ્રીમતી રાણીની તે પુત્રી છે. અને તેનું નામ કલાવતી છે. તે સૌંદર્યે કલાનો નમુનો છે. તે લાગે છે કે વિધાતાએ બધાં મનુષ્યોની આકૃતિ ઘડતાં ઘડતાં અભ્યાસ લીધો હશે, તેટલોજ અભ્યાસ આ એક કલાવતીને ઘડવામાં લીધો હશે.

'લાંબી વાત ન કરો દૂત, જલદી જણાવો કે તે કહી કેવા ગુણવાળી રાજપુત્રને શોભાવે છે?' મહારાજ, હજુ અવિવાહિત છે. તેથી માટે તેણે એવું પણ લીધું છે, કે જે કોઈ તેના ચાર પ્રશ્નોના ઉત્તર આપે, તેની સાથે તે પરણે. હું એક વાર વિજય રાજાની રાજસભામાં ગયો હતો, ત્યારે વિજયરાજાએ કલાવતી માટે યોગ્ય વરની તપાસ કરવાનું મને કહ્યું હતું. આપ સર્વગુણ સંપન્ન છો; તેથી મેં આપને આ વાત કહી છે.

રાજા વિચારમાં પડ્યો અને બોલ્યો: અહા! તેના ચાર પ્રશ્નો કેવા હશે! કહો, દૂત. મ્હારે તે કલાવતીને મેળવવા શું કરવું?

દૂતે જવાબ આપ્યો: મહારાજા વૈશાખ સુદી પુનમના રોજ તેનો સ્વયંવર થવાનો છે. તેને હજુ બે મહિનાની વાર છે. તો આપ સરસ્વતી દેવીનું આરાધન કરો. અને વિદ્યા પ્રાપ્ત કરી તેને મેળવો. 'બહુ સારૂં. હું એમજ કરીશ.' એમ કહી રાજાએ સભા બરખાસ્ત કરી અને રાજા મહાલયમાં આવ્યો. સૂતા, ઉઠતાં, બેસતાં, ચાલતાં તેને કલાવતીનાજ સ્વપ્ન આવવા લાગ્યા. તેથી રાજા સરસ્વતી દેવીની

ઉપાસના કરવા તૈયાર થયો. તેણે અખંડ બ્રહ્મચર્ય વ્રત લીધું, અને રાત અને દિવસ સતત્ વિદ્યાભ્યાસ કરવા લાગ્યો. થોડાક વખતમાં તેણે સર્વ પ્રકારની વિદ્યા સંપાદન કરી. સરસ્વતી દેવી રાજા પર પ્રસન્ન થઈ, અને તેની પાસે સાક્ષાત્ હાજર થઈ, રાજાએ સરસ્વતી દેવીને કહ્યું: દેવી. હું કલાવતીના ચાર પ્રશ્નોના ઉત્તર આપી શકું તેવી બુદ્ધિ મને આપો. સરસ્વતી દેવીએ કહ્યું. તથાસ્તુ. મહારાજા. સ્વયંવરમાં જઈને તમારે વચ્ચે ઉભા કરેલા સ્તંભની પુતળીપર હાથ મૂકવો, એટલે તે પુતળી તેના ચાર પ્રશ્નોના ઉત્તર આપશે. અને કલાવતી તમને પરણશે. આ સાંભળી રાજા ખુશ થયો. અને સરસ્વતી દેવી સ્વસ્થાનકે ગયાં.

નીમેલી તિથિએ શંખરાજા સ્વયંવરમાં આવ્યો. અનેક રાજરાજેશ્વરો પણ સ્વયંવરમાં આવ્યા હતા. કલાવતી હાથમાં પુષ્પનો હાર લઈને સહચરી સાથે મંડપમાં આવી. એ પછી એક એક રાજાઓને પ્રશ્નો પૂછ્યા, પણ કોઈ તેના ઉત્તરો આપી શક્યા નહિ. જ્યારે શંખરાજાને પૂછવામાં આવ્યું, ત્યારે તેણે કહ્યું. હું તો ઉત્તર આપું તેમાં નવાઈ નહિ; પણ આ સ્થંભ પરની પુતળી પણ તમારા ચાર પ્રશ્નોના ઉત્તર આપશે. એમ કહી રાજાએ પુતળી પર હાથ મૂક્યો. એટલે દૈવમાયાથી તે પુતળીએ તેના પ્રશ્નોના ઉત્તરો આપ્યા. યોગ્ય ઉત્તરો મળવાથી કલાવતીએ શંખરાજાના કંઠમાં પુષ્પનો હાર પહેરાવ્યો. પુરોહિતે લગ્નવિધિ કર્યો, અને વિજયરાજા બંનેને આદર પૂર્વક રાજમહેલમાં લઈ ગયો. કેટલાક દિવસ પોતાને ત્યાં

રાખી કલાવતીને ખૂબ કરિયાવર આપી શંખરાજ સાથે તેને સાસરે વોળાવી.

કલાવતી સાસરે આવી. તેનામાં નમ્રતા, સંયમનિષ્ઠા, ધર્મિષ્ઠપણું અને શીલના આદિ ઉત્તમ ગુણો હોવાથી કલાવતીની સર્વત્ર પ્રશંસા થવા લાગી. શંખ રાજા પણ તેના સદ્ગુણોથી પ્રસન્ન થયો. કલાવતી જેવી સદ્ગુણી અને સુશીલ સ્ત્રી સાથે મનુષ્ય સંબંધી સુખ ભોગવતાં શંખ રાજા પોતાના જીવનને ધન્ય માનવા લાગ્યો. સમય જતાં કલાવતીને ગર્ભ રહ્યો, અને આઠ માસ ગર્ભના વ્યતીત થતાં કલાવતીના ભાઈ જયસેને કલાવતીને તેડવા માટે, સુંદર વસ્ત્રો અને મૂલ્યવાન બેરખા લઈને શંખપુરમાં પોતાનાં માણસો મોકલ્યાં. તેઓ શંખરાજ પાસે આવ્યાં, અને કલાવતીને મોકલવાનું કહ્યું. કલાવતી પરના અતિશય સ્નેહને લીધે શંખરાજાએ તેને મોકલવાની ના કહી. જયસેનનાં માણસો ત્યાંથી કલાવતીના મહેલે આવ્યાં. પોતાના અનુચરોને જોઈ કલાવતી આનંદ પામી. અનુચરોએ જયસેન વગેરેના કુશળ સમાચાર કહ્યા. અને તેણે મોકલાવેલાં વસ્ત્રો અને બેરખાં આપ્યાં. 'શંખરાજાએ આપને મોકલવાની ના કહી છે, એટલે હવે અમે જઈશું.' એ પ્રમાણે અનુચરોએ કહેવાથી, મીઠા શબ્દોથી કલાવતીએ પોતાના કુશળ કહેવડાવી અનુચરોને વિદાય આપી.

ભાઈએ મોકલાવેલાં સુંદર બેરખાં કલાવતીએ પહેર્યાં. બેરખાંની સુંદરતા અને મોહકતા જોઈને કલાવતીના હર્ષનો

પાર રહ્યો નહિ. પાસે બેઠેલી દાસીને કલાવતીએ કહ્યું બ્હેન, જો તો ખરી, આ બેરખાં કેવાં સુંદર દેખાય છે!

દાસી બોલી: હા, બા. સુંદર કેમ ન હોય. તમારા પર તેમનો કેટલો બધો સ્નેહ છે! નહિ તો તેઓ આવાં સુંદર બેરખાં મોકલે ખરા?

કલાવતીએ કહ્યું: ખરેખર. તેમનો મારા પર બહુજ પ્રેમ છે, તેઓ ઘડીએ ઘડીએ મને યાદ કરતા હશે. મને એમ થાય છે કે હું હવે તેમને કયારે મળું!

ઉપરનો વાર્તાલાપ થતો હતો. તેવામાં શંખરાજ કલાવતીના મહેલ આગળ થઈને નીકળ્યો. 'સ્નેહ' શબ્દ સાંભળતાં તે ચમક્યો, અને શી વાત થાય છે તે સાંભળવા લાગ્યો. 'મ્હારા પર સ્નેહ, હું તેમને કયારે મળું!' એ શબ્દો સાંભળતાંજ રાજાનું હૃદય વજ્રબાણની જેમ ભેદાવા લાગ્યું. ત્હેને વિચાર થયો. અહાહા! હું આ શું સાંભળું છું? કલાવતી આટલી નિષ્ઠુર અને બેવફા હશે? શું તે અન્ય પુરૂષની ઇચ્છા કરે છે? ખરેખર, હું ઠગાયો છું. હું તેને સુશીલ જાણીને પરણ્યો; પણ તે તો દુરાચારી જણાય છે! અહા, હવે હું શું કરૂં! હવે તો તેણીને તેના પાપનો બદલો અવશ્ય આપું. એમ કહી રાજા ગુસ્સે થઈ ત્યાંથી ચાલી ગયો. અને પોતાના મહેલમાં આવ્યો. તેણે બે ચંડાળોને પોતાની પાસે બોલાવ્યા અને કહ્યું, જાઓ, તમે અહીંથી હમણાં ને હમણાં કલાવતીને કાળાં વસ્ત્રો પહેરાવી, કાળા અશ્વોથી જોડાયલા રથમાં બેસાડી, જંગલમાં લઇ જાઓ. અને બેરખાં સાથે તેનાં બંને કાંડાં કાપી મારી પાસે હાજર કરો.

રાજાનો જહાંગીરી હુકમ થઈ ગયો. આ અનિષ્ઠ હુકમનો અનાદર દાસ લોકો કરી શકયા નહિ. કાળો રથ તૈયાર થઈ ગયો. ચંડાળો કલાવતીના મહેલે આવ્યા. એક અનુચરે કલાવતીને કાળાં વસ્ત્રો પહેરાવ્યાં. અને કહ્યું: મહારાજાનો હુકમ છે, કે તમારે આ નીચે ઉભેલા રથમાં બેસી ચંડાળો સાથે જંગલમાં જવું. આ શબ્દો સાંભળતાંજ કલાવતીને ધ્રાસકો પડયો. પોતાના માથે સંકટ આવ્યું જાણી, કલાવતીએ પરમ પવિત્ર પંચ પરમેષ્ટિનું સ્મરણ કર્યું. કલાવતીએ વિચાર કર્યો, ખરેખર, અત્યારે મ્હારા પાપનો ઉદય થયો લાગે છે. તો આવેલું દુઃખ સ્વકર્મનો દોષ કાઢી સમ ભાવે સહન કરવું, એજ મારો ધર્મ છે; એમ સમજી કલાવતી કાળાં વસ્ત્રો પહેરી રથમાં બેસી ગઇ. ચંડાળોએ પુરવેગે જંગલ તરફ રથ હંકારી મૂકયો. અઘોર અરણ્યમાં આવતાં ચંડાળોએ રથ થોભાવ્યો અને કલાવતીને કહ્યું: બ્હેન, દીલગીરી સાથે અમારે જણાવવું પડે છે કે મહારાજાનો હુકમ છે કે તમારાં બંને કાંડાઓ કાપી નાખવા, અને અહિંજ તમને મૂકવા. જો કે અમને ઘણી જ દયા આવે છે. પણ રાજાના હુકમને તાબે ન થઇએ તો અમારાં બાર વાગી જાય.

આ સાંભળી કલાવતી ધૈર્યવાન થઇને બોલી: ભાઇ, તેમાં ત્હમે શું કરો! મ્હારા માથે દુઃખ નિર્માણ થયેલું હશે, તો તે હું સહન કરીશ. પણ તમે ખુશીથી તમારૂં કામ કરો. જરા પણ ગભરાશો નહિ. એમ કહી કલાવતી રથમાંથી નીચે ઉતરી. પોતાના બે હાથ ચંડાળો સમક્ષ

ધ્રુર્યા. થરથરતા હાથે ચંડાળોએ પોતાનું કાળું કૃત્ય કર્યું. સતીના બંને હાથ ચમકતી તરવારથી કાપી નાખ્યા. બેરખાં સહિત તેઓ રાજમહાલયના માર્ગે વળ્યાં.

અહિં કલાવતી નવકાર મંત્રનું સ્મરણ કરતી આત્માને પશ્ચાતાપ કરતી બેઠી છે. તેવામાં પાસે વહેતી નદી જોવામાં આવી. તે તૃષાતુર થવાથી નદી પાસે ગઇ. તેવા નદીમાં એકાએક પૂર આવ્યું. પાણીના પ્રચંડ મોજા ઉછળ જોઇને સતીને તણાઇ જવાની ધાસ્તી લાગી. કઢંગી સ્થિતિમાં મૃત્યુ થાય, એ તેને યોગ્ય લાગ્યું નહિ. તેથી પ્રભુ સ્મરણ કરતી બોલીઃ હે નાથ, જો મેં આજ સુધી સાચા મનથી પતિ સેવા કરી હોય, સ્વપ્નમાં પણ પતિનું અહિત ન ઇચ્છયું હોય, અને હું પવિત્ર જ હોઉં, તો આ નદીનું પૂર ઓસરી જજો અને મ્હારાં બંને હાથ નવપલ્લવિત થજો. સતીના મુખમાંથી ઉપરના શબ્દો નીકળતાં જ તેના સતીત્વના પ્રભાવે નદીનો પ્રવાહ એકદમ શાંત થઇ ગયો અને તેનાં બંને હાથ નવાં થઇ ગયાં. અહાહા શીયળના પ્રભાવે શું શું નથી બનતું ? સુતરના કાચા તાંતણે કૂવામાંથી જળ કાઢનાર સતી સુભદ્રા, પ્રભુ મહાવીરને અડદ બાકળા વહોરાવી લોખંડી બેડીમાંથી મુક્ત થનાર મહાસતી ચંદનબાળા, અને શીયળ અને નવકાર મંત્રના પ્રભાવે શૂળી ને બદલે સિંહાસન પર બિરાજનાર શ્રમણોપાસક શેઠ સુદર્શનના દૃષ્ટાંતો જૈન ઇતિહાસમાં મોજુદ છે. પરંતુ આજ તો આપણા જીવનની દુર્દશા કયાં જઇ છે? સુખમય સ્થિતિમાં પણ પતિ

મચનારી અને દુઃખમય સ્થિતિમાં પતિ પર વાક્
હારીનો વરસાદ વરસાવનારી આર્યાવર્તની બ્હેનોએ સતી
કલાવતીના જીવનમાંથી સહનશીલતાનો બોધ પાઠ શીખ-
વાની ખાસ જરૂર છે.

અહિં કલાવતીએ એક વૃક્ષની ઓથે આશ્રય
લિધો. અને પુત્ર રત્નને જન્મ આપ્યો. જંગલમાં
પુત્રનો પ્રસવ થવાથી સતીને ઘણુંજ લાગી આવ્યું, પણ
એ કર્મનું પરિણામ સમજી તેણે સઘળું સમભાવથી સહન
કર્યું. તેવામાં એક તાપસ ફરતો ફરતો કલાવતી પાસે
આવ્યો, તરતના જન્મેલા બાળકને જોઇ અને સતીને
નેરાધાર સ્થિતિમાં દેખીને તેનામાં દયાનો સંચાર થયો.
તે કલાવતીને રક્ષણ આપવાનું વચન આપી આશ્રમમાં
લઇ ગયો. અને તાપસણીના સહવાસમાં તેને મૂકી. અહિં
કલાવતી ધર્મ ધ્યાનમાં વખત પસાર કરવા લાગી.

હવે બીજી તરફ ચંડાળોએ સતીનાં બેરખાં સહિત
હાથ લઇ જઇ રાજાને સોંપ્યા. રાજાએ બેરખાંની સુંદરતા
જેવા માંડી. બેરખાંની કારીગીરી નમુનેદાર હતી. ધારી
ધારીને જેતાં બેરખાં પર લખેલું 'જયસેન'નું નામ તેના
વાંચવામાં આવ્યું. વાંચતાંજ રાજાના હૃદયમાં ધ્રાસકો પડયો.
તરત તે સમજ્યો કે આ બેરખાં તો કલાવતીના ભાઈના
મોકલાવેલા જણાય છે! ત્યારે શું હું ખોટી રીતે તેના પર
વહેમાયો? ખરેખર તેમજ. અરેરે! મેં પાપીએ મહા અધમ
કામ કર્યું! હવે મને તે સતી સાધ્વીનો કયાં પત્તો લાગશે?
આ રીતે રાજાને ઘણો પશ્ચાતાપ થયો. જે સતીનો

પત્તો ન લાગે તો મ્હારે પણ હવે દેહ-ત્યાગ કરવો,
નિશ્ચય પર રાજા આવ્યો. તરત તેણે સતીની શોધ
ઘોડેસ્વારો દોડાવ્યા. આખરે તાપસના આશ્રમમાં સતી
ભાળ મળી. ઘોડેસ્વારોએ રાજાના પશ્ચાતાપની વાત ક
અને કલાવતીને રાજ્યમાં આવવાનું કહ્યું. સુશીલ કલાવ
ઘોડેસ્વારો સાથે શંખપૂરમાં ગઈ, શંખરાજાને પ્રણામ ક
શંખરાજાએ સતીની ક્ષમા માગી. સતીનાં કાંડા સજીવ
થયેલાં જોઈને રાજાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ
કલાવતીએ સઘળી વાત નિવેદન કરી. રાજા આનંદ પામ્યો
અને કલાવતીના ઉત્તમ શિયળની પ્રશંસા કરી તેની સા
પ્રેમ સુખ ભોગવવા લાગ્યો.

એકદા સ્થવીર મહાત્મા શંખપુરમાં પધાર્યા. કલાવતી અ
શંખરાજા તેમને વંદન કરવા ગયા. મુનિએ ધર્મબોધ આપ્યો
કલાવતીએ મુનિને પૂછ્યું. મહારાજ. હું આટલું દુઃખ ક
કર્મને લીધે પામી ? જ્ઞાની મહારાજે જણાવ્યું: હે સ
તું પૂર્વભવમાં સુલોચના નામે એક રાજ્યકન્યા હ
અને શંખ રાજાનો જીવ એક પોપટ હતો. તે પોપટને
પાળેલો હતો. તને તે બહુ જ પ્રિય હતો. એકવ
પોપટને બહાર ફરવાનું મન થવાથી ત્હારી પાસેથી
ઉડી ગયો. અને એક ઝાડ પર બેઠો. તને પોપટ વ
ગમ્યું નહિ; તેથી માણસો દ્વારા તેં તેની તપાસ કરા
ઝાડ ઉપરથી તે પોપટને માણસો પકડી લાવ્યા અને
સોંપ્યો પોપટ તને છોડીને નાસી જવાથી તું તેના
ખૂબ ગુસ્સે થઈ. તેથી તેં તેની બંને પાંખો છેદી નાખ

તે મહા પાપના ઉદયથી હું કષ્ટમાં આવી પડ્યો અને તેમજ તે હાથ [illegible] ત્યારે મુનિ [illegible] પૂર્વભવનું વૈર [illegible] ભવમાં ઉદય આવવાથી તેણે ત્યાગ કર્યો [illegible] બન્ને [illegible] લાગ્યાં. માટે હે મુનિ, સંસારમાં [illegible] વિચાર કરો અને ધર્મનું શરણ લેવું એ આત્માને વિનાશી છે. આ પ્રમાણે મુનિનું વચન સાંભળતાંજ વિચા-રમાં લીન થતા કષ્ટની અને [illegible] બન્નેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. તે વડે તેમણે પોતાનો પૂર્વભવ જાણ્યો. બન્નેને ત્યાંજ વૈરાગ્ય થયો અને મુનિ પાસે દિક્ષા ગ્રહણ કરી. ઉગ્ર તપ જપ ક્રિયા કરી મરણ પામી બન્ને દેવલોકમાં ગયા અને ત્યાંથી બન્ને મનુષ્ય જન્મ પામી ક્રિયા કરી તેજ ભવમાં મોક્ષ ગતિને પામશે.

૮ હરિબળ મચ્છી.

જૈનશાસ્ત્રમાં અહિંસા સર્વથી પ્રધાન ધર્મ મનાય છે. દશ વૈકાલિક સૂત્રના પહેલા અધ્યયનની પહેલીજ ગાથા 'धम्मो मंगल मुक्किट्ठं अहिंसा संजमो तवो' મૂકવામાં આવી છે. સર્વ ધર્મમાં અહિંસાને પ્રથમ સ્થાન આપવામાં આવ્યું છે. અહિંસાના એકાગ્ર પાલન વડે આત્માનો ઉદ્ધાર થાય છે. અને સદ્‌ગતિ પમાય છે. આપણી આ વાર્તા અહિંસાના પાલનની છે.

કાંચનપુર નગરમાં વસંતસેન નામે રાજા રાજ્ય કરતો હતો. તે નગરમાં હરિબળ નામનો એક માછીમાર રહેતો

મારો ઉધડો જ લેશે, ગાળોનો વરસાદ વરસાવશે. અને ઘરમાંથી હાંકી કહાડશે. ત્યારે શું મારે મારી પ્રતિજ્ઞાનો ભંગ કરવો? ના; ના, તે તો કદિ પણ ન બને. મુનિએ આપેલી પ્રતિજ્ઞા ગમે તેટલા સંકટો પડે; પણ તોડવી તો નહિજ. ત્યારે ઘેર પણ કેમ જવાય? હું આ નજીકના મહાદેવના મંદિરમાં રાત વાસો ગાળીશ અને સવાર થતાં નદિ કિનારે આવી, બીજા માછલા મળશે તે લઇને ઘેર જઇશ. એવો તેણે મન સાથે દ્રઢ સંકલ્પ કરી લીધો. તેવામાં તરત જ પેલું કોડી બાંધેલું માછલું કુદકો મારી બહાર નીકળ્યું; હરિબળ સામે આવી ઉભું રહ્યું, અને મનુષ્યની ભાષામાં બોલ્યું: ધન્ય છે, હરિબળ ત્હારી ટેકને! આજે મેં ત્હારી કસોટી કરી હતી. ત્હારો નિયમ તેં બરાબર જાળવ્યો; તેથી ત્હારા પર હું પ્રસન્ન થયો છું માટે જોઇએ તે માગી લે.

આ સાંભળી હરિબળ આશ્ચર્ય પામી બોલ્યો: માછલાની જાત થઈને તું મને શું આપવાનો છે? માછલું બોલ્યું: હરિબળ, હું માછલું નથી, પણ લવણ સમુદ્રનો અધિષ્ઠાયક દેવ છું. ત્હારી પ્રતિજ્ઞાની કસોટી કરવા, મેં આ સઘળી માયા કરી હતી. તું તારા નિયમમાં અડગ રહ્યો છું, તેથી હું ત્હારા પર ખુશ થયો છું, કારણ કે ઘણા માણસો નિયમ લેતા નથી, અને જેઓ લે છે તે બરાબર પાળતા નથી. અને જેઓ પાળે છે, તે પોતાના પર સંકટ આવતાં છોડી દે છે. ત્હારી વિષમ દશામાં પણ તેં જે નિયમનું સુંદર રીતે પાલન કર્યું છે, તેનાથી હું પ્રસન્ન થયો છું; માટે ખુશી પડે તે તું માગી લે.

આ સાંભળી હરિબળ બોલ્યો: દેવ, મ્હારે બીજું કંઈ જોઈતું નથી; પણ સંકટ સમયે તમારે મને મદદ કરવી એટલું વચન આપો. દેવ, તથાસ્તુ કહી અદ્રશ્ય થઇ ગયો. હરિબળ ત્યાંથી આગળ ચાલ્યો અને નજીકના એક મહાદેવના મંદિરમાં જઈ સુઇ રહ્યો.

× × ×

કાંચનપુરના વસંતસેન રાજાને એક પુત્રી હતી. તેનું નામ વસંતશ્રી. વસંતશ્રી ભરયૌવનમાં આવેલી હતી. ખૂબસુરતાની તે મૂર્તિ હતી. ત્હેના લગ્ન માટે તેનો પિતા યોગ્ય વરની તપાસ કરતો હતો. પણ અદ્યાપિ તેને યોગ્ય કોઇ વર મળ્યો ન હતો. વસંતશ્રી ઉમરલાયક થઇ હોવાથી તે કામવ્યથાની મહા પીડાથી પીડાતી હતી, અને કોઇ સુંદર પુરૂષ મેળવી, પોતાની વ્યથા સમાવવાની ચિંતામાં હતી. તે રાજમહાલયના ઝરૂખામાંથી રસ્તા પર દ્રષ્ટિપાત કરી રહી હતી. તેવામાં હરિબળ નામનો એક વણિક શ્રીમંત પુત્ર તે બાળાના ગોખ નીચેથી પસાર થતો હતો. વસંતશ્રી ત્હેને જોઈને કામ-વિહ્વલ બની અને એક ચીઠી લખી તેના પર ફેંકી. હરિબળે ચમકીને ઉંચે જોયું, તો રાજકન્યાને ગોખમાં બેઠેલી જોઈ. વસંતશ્રીએ ઇસારા વડે હરીબળને ઉપર બોલાવ્યો, અને સ્નેહપૂર્વક પોતાનો મનોભાવ વ્યક્ત કર્યો. અરસપરસ બંનેને પ્રેમ જાગૃત થયો. વસંતશ્રીએ આ વણિક હરીબળ મારફત પોતાની હૃદય વેદના સમાવી. હરિબળ રોજ ત્હેને મહેલે આવવા લાગ્યો; પરિણામે બંનેને ગાઢ પ્રેમ બંધાયો. વસંતશ્રીએ એકવાર

હરિબળને કહ્યું: સ્વામિનાથ, આમ આપણે છૂપી રીતે સુધી ચલાવ્યા કરીશું ? વળી મેં આપને મ્હારૂં તન ધન અર્પણ કર્યું છે. એટલે આપના સિવાય મને ક્ષણ પણ ચેન પડતું નથી; માટે આજ રાત્રિના બાર આપણે બંને અહિંથી દૂર દેશાવર નીકળી જઈએ. મારી સાથે પુષ્કળ ઝવેરાત, દાગીના વગેરે લાવીશ, એ ઘોડા લાવીશ અને નગર બહારના મહાદેવના હું આવીશ. તમારે પણ ત્યાં આવવું. આ સંકેત હરિ પણ કબુલ કર્યો અને રાતના નીમેલી જગ્યાએ મળવાનું વચન આપી હરિબળ ઘેર ગયો. કહ્યું છે કે જાતિમાં કપટ ઘણું હોય, વણિક જાતિને ભય ઘણો ક્ષત્રિયને રોષ ઘણો હોય અને બ્રાહ્મણને લોભ ઘણો તે મુજબ વણિક હરીબળને, ઘેર ગયા પછી વિચાર અરે, મે બાળાને વચન આપીને કેવું અવિચારી કર્યું ! વસંતશ્રી એક રાજકન્યા છે, અને તેની સાથે જવું એટલે યમરાજને નોતરવું; કારણ કે આ રાજાને ખબર પડે, તો મારૂં ઘાણીએ ઘાલીને કાઢે. મ્હારે શું દુઃખ છે કે વ્યાભિચારને ખાતર આ કુટુંબ, લક્ષ્મી છોડીને તેની સાથે જવું, નાહક હાથે શા માટે દુઃખ વહોરવું. આ રીતે હરિબળ વણિકે સાથે જવાનો વિચાર માંડી વાળ્યો અને રાતના નિરાંતે પોતાના ગૃહમાંજ સૂઈ રહ્યો.

વસંતશ્રી તો હરિબળને જ દેખતી હતી. તેને [illegible] મહાપરિતાપ હતો; એટલે તેણે તો દિવસ ભર

…બાની બધી તૈયારીઓ કરી લીધી. અને પુરંદર રાણીના ઘરેણાં લીધાં. અને અમુક દિવસે રાત્રિના બારને બે પોર પછી તે મહેલમાંથી બહાર નીકળી ગઈ. રસ્તામાં કોઈ કોઈને ઠગ આપીને મહાદેવના મંદિર આગળ તે આવી પહોંચી, ત્યાં હરિબળ અગાઉથી ગયો હતો. કૃષ્ણપક્ષની કાળી રાત્રી હતી. એટલે પાસ આવનારની આકૃતિ બિલકુલ ચોખ્ખું દેખાતું નહિ. વસંતશ્રીએ હરિબળને ધીમેથી કહ્યું: હરિબળ ચાલોને, મોડું થયું. હું તમારે સાથે માટે આજે બધું લાવી છું, તેમજ પુરંદર રાણીના પણ મારી સાથે છે. માટે જલ્દી ચાલો.

આ સાંભળતાંજ હરિબળ મનમાં વિચારમાં પડયો. તે મન સાથે બોલ્યો: અહા, કેવા મધુર શબ્દો વડે આ સ્ત્રી મને બોલાવે છે! વળી અધું શું અને રાણીના શું? તરત તે સમજી ગયો કે મ્હારા નામેરી કોઈ પુરૂષની સાથે ચાલ્યા જવાનો આ સ્ત્રીએ સંકેત કર્યો હોય તેમ જણાય છે! ફરીથી તે બાળા બોલી: હરિબળ, મોડું કેમ કરો છો. ચાલોને, જલ્દી. રાજાને ખબર પડશે તો આપણાથી નસાશે નહિ. આ સાંભળી હરિબળે વિચાર કર્યો કે વિના મહેનતે મળતું સુખ મ્હારે શા માટે જવા દેવું. વળી ઘેર મને સ્ત્રીનું સુખ નથી. એક જીવદયાના પાલન વડે મને કેવું સુખ મળે છે! માટે જવું તો ખરૂં જ. એમ વિચારી ન કળી શકાય તેવી રીતે ધીમા સ્વરે હરિબળ બોલ્યો: હાં, ચાલો. એમ કહી તે ઘોડા પર સ્વાર થયો. બન્ને જણા ત્યાંથી ઘોડાને પૂરવેગે દોડાવતાં નીકળી પડયાં. રસ્તામાં વસંતશ્રી વાત

કરતી જાય છે અને હરિબળ માત્ર હાં શબ્દોથી આપે છે. એમ કરતાં સવાર થવા આવ્યું. દિવસના આછા પ્રકાશમાં વસંતશ્રીએ હરિબળ સામે જોયું તો શ્રીમંતપુત્ર હરિબળના બદલે મેલાંઘેલાં વસ્ત્રવાળો કોઇ બીજો જ પુરુષ તેના જોવામાં આવ્યો. જોતાં જ વસંતબાળા ચમકી હતી પણ હજારો ગાઉ દૂર નીકળી ગયા પછી ખબર પડવાથી કંઇ બની શકે તેમ ન્હોતું. વસંતબાળાએ વિચાર્યું કે હવે ઘેર જવામાં પણ સાર નથી. માટે કુદરતે જેની સાથે જોડાણ કરાવ્યું. તેની સાથે જ પ્રેમથી રહેવું. કેમકે આમાં પણ કંઈક દેવનો સંકેત હશે. એમ વિચારી તેણે હરિબળને પોતાની પાસેના સુંદર વસ્ત્રો પહેરવા આપ્યાં. અને બંને એક નદી કાંઠે વિશ્રાંતિ લેવા માટે બેઠા. નજીકમાં વિશાળપુર નામનું નગર હતું. ત્યાં મદનવેગ નામે રાજા હતો. તે નગરમાં જઇ બંનેએ સૂખપૂર્વક રહેવાનો નિરધાર કર્યો

વસંતશ્રી પાસે પુષ્કળ ઝવેરાત હતું; તેથી તેમને રળવાની ઉપાધિ ન હતી. પૈસા વડે તેમણે એક ભવ્ય મહેલ ખરીદ્યો. અને તેઓ બંને જણા તેમાં સુખ ભોગ ભોગવતાં રહેવા લાગ્યા. હરિબળે વિચાર કર્યો કે મ્હારે ગરીબોને દાન આપી વિના પ્રયત્ને મળેલી લક્ષ્મીનો કંઇ સદુપયોગ કરવો. એમ ધારી તે દાન આપવા લાગ્યો પરિણામે તેની પ્રશંસા આખા નગરમાં થઇ. રાજાના કાને પણ આ વાત આવી, તેથી રાજાએ પણ તે દાનવીર પુરુષ સાથે મિત્રતા બાંધવાના ઇરાદે તેને રાજ સભામાં તેડાવ્યો હરિબળ રાજાને પ્રેમ પૂર્વક મળ્યો. રાજાએ પણ તે

ખૂબ આદર સત્કાર કર્યો. બદલામાં હરિબળે રાજાને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું.

રાજા પોતાના પ્રધાન સાથે હરીબળને ત્યાં જમવા આવ્યો. રાજબાળા વસંતશ્રીએ ભાત ભાતની સુંદર રસોઈ બનાવી. સોનાના થાળી વાડકા મૂકી દીધાં. સુંદર વસ્ત્ર લંકારો પહેરી હાથમાં મિષ્ટ ભોજનનો થાળ લઇને તે પીરસવા આવી. વસંતશ્રીનું તેજસ્વી મુખાર્વિંદ જોઇને રાજાના હૃદયમાં કાતીલ તીર ભોંકાયું, ત્હેને તે બાળા પર કુદ્રષ્ટિ થઈ; કોઇ પણ પ્રકારે પોતાને સ્વાધિન કરી—તેની સાથે સુખ ભોગ ભોગવવાનો તેણે નિરધાર કર્યો. જમી પરવારી રાજા સ્વસ્થાનકે આવ્યો; પણ તેને કયાંઇ ચેન પડયું નહિ, કારણ કે વસંતશ્રીની મોહક મૂર્તિ તેના હૃદયમાં વસી ગઈ હતી. પળે પળે તે તેનું જ સ્મરણ કરતો. રાજાએ પ્રધાનને તેડાવી પોતાની વ્યથા જણાવી. દુષ્ટ મતિના પ્રધાને પણ વસંતશ્રીને તાબે કરવાની યુક્તિ રાજાને બતાવી.

રાજાએ હરિબળને પોતાની પાસે બોલાવ્યો અને કહ્યું: હે ધીર પુરૂષ, ત્હમે મારા મિત્ર છો, વળી સાહસિક અને હિંમતવાન છો, આજે તમને એક એવું કામ સોંપવાનું છે, કે તમારા સિવાય તે બીજા કોઇથી બની શકે તેમ નથી, બોલો, તમે તે કરી શકશો?

આ સાંભળી હરિબળ બોલ્યોઃ મહારાજા, આપનું ગમે તેવું કામ હશે તો પણ હું ના નહિ કહું, માટે વિના સંકોચે જણાવો. રાજા આનંદ પામ્યો, અને કહ્યું: જુઓ હરિબળ. મ્હારે મ્હારી પુત્રીનો વિવાહ કરવાનો છે, તો તેની

આમંત્રણ પત્રિકા લઈને તમારે લંકાના રાજા વિભિષણ પાસે જવાનું છે, જોકે લંકા અહિંથી બે હજાર ગાઉ દૂર છે, પણ તેમને આમંત્રણ કર્યા વગર છુટકો નથી; માટે તમે જો જાવ તો બહુજ સારૂં.

હરિબળે કહ્યું: ભલે, મહારાજા. તમારૂં તે કામ હું ખુશીથી કરીશ. એમ કહી રાજાની રજા લઈ તે ઘેર આવ્યો. વસંતશ્રીને સઘળી વાત કહી. વસંતશ્રી તરત સમજી ગઈ, કે રાજાને મ્હારા પર જરૂર કુદ્રષ્ટિ થઈ છે. તેથીજ તેણે આ યુક્તિ કરી જણાય છે! તેણે હરિબળને કહ્યું: સ્વામીનાથ. રાજાનું વચન સ્વીકારીને તમે મ્હોટી ભુલ કરી છે, કારણ કે રાજાને મ્હારા પર કુબુદ્ધિ થયેલી જણાય છે, અને તેથી જ તમને દૂર લંકામાં જવાની આજ્ઞા કરી છે

હરિબળ બોલ્યો: પ્રિયા, વીરપુરૂષો મ્હોઢામાંથી નીકળેલું વચન મિથ્યા કરતા નથી. ગમે તે સંકટો આવે, પણ મ્હારે મ્હારૂં બોલેલું વચન પાળવું જોઈએ. હું કામ કરી એક મહિનામાં જ પાછો આવીશ. પણ [illegible] તમારીજ ફીકર થાય છે.

[illegible]

સ્મરણના યોગે હું મારૂં કામ પતાવી તરત પાછો આવીશ. એમ કહી હરીબળ તૈયાર થયો, અને એક ઘોડા પર બેસી ત્યાંથી રવાના થઈ ગયો. કેટલાએક ગાઉનો પંથ કાપી તે દરિયા કિનારે પહોંચ્યો અને મછવાની શોધ કરવા લાગ્યો; પણ ત્યાં મછવો મળેજ નહિ. તેથી તે ચિંતામાં પડયો. આ વાત પેલા દેવે જાણી, એટલે એક મગરનું રૂપ કરી તે દરિયા કાંઠે હરીબળ પાસે આવ્યો. મગરને દેખતા હરિબળ પ્રભુનું સ્મરણ કરી તેની પીઠ પર સ્વાર થઈ ગયો. મગર સમુદ્રનું અગાધ જળ કાપતો કાપતો લંકા બેટના કીનારે આવી ઉભો રહ્યો. એટલે હરીબળ નીચે ઉતર્યો. અને પગ પાળે તેણે લંકા શહેરમાં પ્રવેશ કર્યો. લંકાની ગગનચુંબી હવેલીઓ, વિશાળ ચોક, સુંદર બજાર આદી જોતો જોતો હરિબળ ચાલ્યો જાય છે. તેવામાં એક ભવ્ય મકાન તેના જોવામાં આવ્યું. બારણે કોઈ માણસ ઉભેલું નહી. તેણે મકાનમાં દ્રષ્ટિ કરી, તો પણ કયાંઇ માણસ તેણે જોયું નહિ. હવેલી તદ્દન સુન-સુનાકાર હતી. કૌતક જોવાના ઇરાદે હરિબળે મકાનમાં પ્રવેશ કર્યો, તો ત્યાં કોઇ માણસ નહિ, તે પહેલે માળ ગયો, બીજે માળ ગયો, ત્રીજે ચોથે ગયો; પણ કયાંઇ માણસ ન જોવાથી તે આશ્ચર્ય પામ્યો. અને પાંચમા માળ પર ચઢયો. ત્યાં તેણે એક ખુબસુરત બાળા મૃતવત્ સ્થિતિમાં સુતેલી જોઈ. તે વિસ્મય પામ્યો. આજુબાજુ હરિબળે નજર કરી તો એક અમૃતનો ભરેલો શીશો તેના જોવામાં આવ્યો. તરત તે શીશો તેણે ઉંચકી લીધો અને તેમાંનું અમૃત તેણે પેલી બાળા પર છાંટયું. અમૃતના પ્રભાવે તરત તે બાળા આળસ મરડીને હભી થઇ. અને આ વીર

પુરૂષને દેખી ત્હેને વંદન કર્યું. હરિબળે તેને પૂછ્યું: બાળા, તમે કોણ છો? જવાબમાં બાળાએ કહ્યું, હે મહા ભાગ્યવાન પુરૂષ, તમે મારી સાથે લગ્ન કરવાનું વચન આપો, તો જ હું તમને કહું; નહિ તો અત્યારેજ હું ફાંસો ખાઇ આત્મઘાત કરૂં છું.

આ શબ્દો સાંભળતા હરિબળ આશ્ચર્ય પામીને બોલ્યો: બાળા, તમે દુઃખી જણાઓ છો, તો હું તમને પરણવાનું વચન આપું છું. તમારી કથની હવે મને કહો.

બાળા બોલી: મહાનુભાવ. હું વિભિષણ રાજાના પુષ્પ બટુક નામના માળીની પુત્રી છું. મ્હારૂં નામ કુસુમશ્રી છે. કોઈ ભવિષ્યવેત્તાએ મ્હારા પિતાને કહ્યું છે કે, કુસુમશ્રીને પરણનાર પુરૂષ કોઈ રાજ્યનો રાજા થશે. આ ઉપરથી મ્હારો પિતા રાજ્ય મેળવવાની લાલસાએ મહારા પર મોહ પામ્યો છે. અને તે મારી સાથે લગ્ન કરવા માગે છે; હું તેની હલકી કામ વૃત્તિને તાબે થતી ન હોવાથી, તે પાપી મને બહુ દુઃખ દે છે. વિદ્યાના બળે તે મને મૃતવત્ બનાવી કામ અર્થે બહાર ચાલ્યો જાય છે, અને ઘેર આવતાં મને સજીવન કરીને મારી પાસે દુષ્ટ માગણી કરે છે. મહાનુભાવ, તે દુઃખથી હું આપઘાત કરવાના નિશ્ચય પર આવી હતી; પરંતુ આપ જેવા પુણ્યશાળી પુરૂષના સમાગમથી હું ઉદ્ધાર પામી છું. તો કૃપા કરી હવે મોડું નહિ કરતાં, ચાલો આપણે અહિંથી ચંપાપુર જતા રહીયે.

હરીબળ બોલ્યો: બાળા. હું વિશાળપુર નગરનો

જાની: વતી અહિંના રાજા વિભિષણને લગ્નમાં પધારવાનું
ામંત્રણ આપવા આવ્યો છું. તો તમે અહીં રહો અને
વિભિષણ પાસે જઈ જલ્દી તમારી પાસે આવું છું.
ા સાંભળી કુસુમશ્રીએ કહ્યું. પ્રાણનાથ, વિભિષણ કોઈ
થળે લગ્ન પ્રસંગે જતા જ નથી. મારી પાસે તેમની
રવાર છે. તો તમે તમારા નગરના રાજાને કહેજો કે
ંભિષણ લગ્ન ઉપર આવશે. અને તેના બદલામાં નિશાની
ારીકે તરવાર આપી છે. હરિબળને આ વાતથી સંતોષ
ચો. કુસુમશ્રી અને હરિબળ ગાંધર્વ લગ્નથી જોડાયા. ત્યાંથી
નેકળી તેઓ સમુદ્ર કિનારે આવ્યા. તે વખતે મછવો
ાયાર હતો. એટલે બંને જણ તેમાં બેસી ગયા અને
વેશાળા નગરીની સમીપમાં આવી પહોંચ્યાં.

× × ×

હરીબળના જવાથી મદનવેગ રાજા વસંતબાળા પાસે આવ્યો અને અનેક પ્રકારની લાલચો આપી વસંતબાળાને પોતાને સ્વાધિન થવા કહ્યું. વસંતબાળા પતિવૃતા હતી. તે રાજાની દુષ્ટ વાસનાને તાબે થાય તેવી ન હતી. તેણે રાજાનો તિરસ્કાર કરી કહ્યું. મહારાજ હરિબળને પરદેશ મોકલવામાં તમારો આવોજ દુષ્ટ મનોભાવ હતોને?

રાજા બોલ્યોઃ હા. એટલાજ માટે મેં તેને ઘણે દૂર મોકલ્યો છે. તે લંકાએ પહોંચી શકે તેમ છે જ નહી. તે રસ્તામાંજ મૃત્યુ પામ્યો હશે. માટે એવા પુરૂષની ઇચ્છા કરવા કરતાં તું મ્હારા રાજ્યમાં રહે અને મારી

સાથે પ્રેમ કરી સુખ ભોગવ. હું તને મ્હારી પટરાણી બનાવીશ.

વસંતશ્રી તિરસ્કારપૂર્વક બોલી ઉઠી: પૂગી મૂકો તમારા એ પટરાણી પદમાં ! મહારાજા, તમે એમ ન સમજતાં કે સતી સ્ત્રી તમારે તાબે થશે.

'જો મ્હારે તાબે તું નહિ થાય તો હું તારા પર બળાત્કાર કરીશ.' રાજાએ ભય બતાવતાં કહ્યું.

વસંતબાળા સમજી કે હાલ તો હું એકલીજ છું વળી મ્હારી સ્હાયમાં કોઈજ નથી. રાજા બળાત્કાર કરશે તો મ્હારૂં શિયળ ખંડન થશે. એમ વિચારી તે જરા મુંઝાઈ; પણ પુનઃ તેને યુક્તિ સૂઝી આવી. તેથી તે બોલી: મહારાજા, મ્હારે નિયમ છે કે જયાં સુધી એક પુરૂષ જીવતો હોય ત્યાં સુધી બીજાને પરણવું નહિ. તેઓ મને એક મહિનાનો વાયદો આપી ગયા છે. તો તે મુદત વીત્યા બાદ તે નહિ આવે તો ખુશીથી હું તમારે સ્વાધીન થઈશ.

આ સાંભળી રાજાએ વિચાર્યું કે, એક મહિનો શું પણ બાર મહિના થાય તોય તે કયાં પાછો આવવાનો છે? માટે નાહક બળાત્કાર કરવો તે ઠીક નહિ, કેમકે એક મહિના બાદ તે મારી સાથે ખુશીથી લગ્ન કરશે. આમ વિચારી વસંતશ્રીને મધુર વચનથી સંતોષી રાજા સ્વસ્થાનકે આવ્યો. વસંતબાળા પતિદેવનું સ્મરણ કરતી અને પોતાનું શિયળ રક્ષિત રહે તે માટે પ્રભુ પ્રાર્થના કરતી સમય વ્યતીત કરવા લાગી, જોત જોતામાં ૨૯ દિવસ પસાર થઈ ગયાં. વસંતબાળા પોતાનું શિયળ ભ્રષ્ટ થશે એ વિચારે

ખુબ શોક કરવા લાગી. અને તેણે રાજાના આપઘાત કર-વાના નિશ્ચય પર આવી.

તેવામાં જ હરિબળે આકાશ માર્ગે આવીને તુરત જ પી. વસંતબાળા વિમાનથી કહીને રોઈ. આખું નગર હરિ-બળના દર્શન થયાં. તરત તે તેના પગમાં પડી અને હર્ષાશ્રુનો ક્રમ બેસ્યો. હરિબળે તેની કોણ દુર મુકી એક દમ ખુશ્કું, વસંતશ્રીએ સર્વ હકીકત જાહેર કરી, અને તેથી આવેલી આશા કેવી છે તે પૂછ્યું. હરિબળે પણ સર્વ આપવીતી જણાવી. અને ઘણીજ પ્રેમ પૂર્વક રેવા લાગી.

પ્રાતઃકાળ થતાં હરિબળ રાજ્ય દરબારમાં ગયો. અને બિભિષણની તલવાર રાજાને આપીને કહ્યું, મહારાજ. બિભિષણે તમ પ્રસંગે આવવાનું કહ્યું છે, અને તેની નિશાની તરીકે આ તરવાર મને આપી છે. હરિબળનું આવું સાહસ દેખી રાજાના આનંદનો પાર રહ્યો નહિ. તેને હરિબળ પ્રત્યે પણ પ્રેમ થયો, અને પોતે તેની બેરહાજરી દરમિયાન વસંતબાળાને આપેલ દુઃખ માટે, સદ્બુદ્ધિ આવતાં રાજાએ હરિબળની માફી માગી. રાજાને પ્રધાનપર અભાવ થયો. એટલે પ્રધાનને રાજ્યમાંથી રૂકસદ આપી. હરીબળને પ્રધાન બનાવી રાજાએ પોતાની કુંવરી તેને પરણાવી.

કેટલેક દિવસે જ્ઞાની મહારાજ પધારવાથી મદનવેગ રાજાને વૈરાગ્ય થયો, એટલે વિશાળપુરનું રાજ્ય હરિબળને સોંપી તે દિક્ષા લઇ ચાલી નીકળ્યો. હરીબળે પોતાની જુની સ્ત્રીને તેડાવી તેને શિખામણ આપી, પોતાની પાસે

રાખી. વસંતશ્રીના પિતા વસંતસેન રાજાને પુત્રે
ખબર પડવાથી તેને પણ સંતોષ થયો. હરિબળે વિ
ચાર્યું કે નાનીશી જીવ દયાથી હું આટલી રિદ્ધિ પામ્
તો જે મહા પુરૂષો સર્વ પ્રકારે જીવદયા પાળતા હો
તેમને કેટલું સુખ પ્રાપ્ત થતું હશે! એમ વિચારી તે
પોતાના રાજ્યમાં 'અમારી પડહ' વગડાવ્યો.

કોઇ એક પ્રસંગે મુનિ મહારાજ પધાર્યા. હરિ
પોતાની ત્રણે સ્ત્રીઓ સાથે મુનિને વંદન કરવા ગયો. મુનિ
ધર્મબોધ આપ્યો. હરિબળ વૈરાગ્ય પામ્યો. અને ત્રણે સ્ત્રી
સાથે તેણે દિક્ષા લીધી. સખ્ત તપ જપ સંવર કરી અં
સમયે અણસણ વૃત આદરી, શુભ ધ્યાનમાં પ્રવર્તતાં હ
બળને કૈવલ્યજ્ઞાન પ્રાપ્ત થયું, અને નિર્વાણ પદને પામ્

ધન્ય છે, હરિબળ, ત્હારી અહિંસાની અચળ પ્રતિજ્ઞ

---

૯ કાન્હડ કઠીયારો

મધ્યાન્હનો સમય હતો. સૂર્યનારાયણના
કીરણો પૃથ્વી પર અસહ્ય તાપ પ્રસારી રહ્યા હતા.
લૂ ચોતરફથી આવીને શરીરને પીડા આપતી હતી. સ
તાપને લીધે ધરતી ધખધખી ઉઠી હતી. તેવા સમય
અયોધ્યા નગરીનો કાન્હડ નામનો એક ગરીબ કઠીયા
હાથમાં કુહાડી લઇ જંગલમાં લાકડા કાપતો હતો. તે
શરીરમાંથી પરસેવાના રેબઝેબ નીકળતા હતા. સ

તાપથી તેનું શરીર તદ્દન શ્યામ બની ગયું હતું. પગની ચામડી પણ પગરખાના અભાવે પત્થર જેવી કઠણ થઇ ગઇ હતી. શરીર પર તેણે બાર થીગડાવાળી બંડી અને ચૌદ થીગડાંવાળો ચોરણો પહેર્યો હતો. માથામાં તાલ પડી ગઇ હતી. તે અતિશય દુઃખી હતો. પણ સ્વભાવે ભદ્રિક અને સરળ હતો. તેણે એવો નિયમ કરેલો હતો કે લાકડાની ભારી વેચતાં આનો બે આના જે કંઇ ઉપજે; તેમાંથી અર્ધો ભાગ ધરમાદામાં આપવો, અને બાકીના પૈસામાંથી ઘરનું ગુજરાન ચલાવવું અહા. કેવો સુંદર નિયમ! એક કંગાળ માણસ, જેને જીવન નિર્વાહનું પૂરેપુરૂં સાધન નહિ; છતાં પણ અર્ધી રકમ ધરમાદામાં નાખવી. આજ મનુષ્યોને હજારો અને લાખોની આવક છતાં અર્ધી રકમ તો શું; પણ આવકનો સોમો ભાગ પણ ધરમાદે ખરચવાનો નિયમ નથી. ત્યારે ધન્ય છે આ ગરીબ કઠીયારાને, કે પોતાની ટુંકી આવકમા પણ પૈસાનો સદુપયોગ કરવા ચૂકતો નથી! ગરીબ કઠીયારાએ લાકડા કાપીને ભારી બાંધી અને વિશ્રાંતિ લેવા માટે એક ઝાડની તળે બેઠો. તેવામાં તેણે નજીકમાં એક સાધુ મહાત્માને સખ્ત તાપમાં ઉઘાડા શરીરે બેઠેલા જોયાં, કઠીયારો તે મહાત્મા પાસે ગયો. અને ભાવપૂર્વક વંદન કરી બોલ્યોઃ હે મહારાજ, આપ આવા સખ્ત તાપમાં જંગલમાં શા સારૂ બેઠા છો? શું તમે પણ મારી જેમ દુઃખી છો? આ સાંભળી મુનિ બોલ્યાઃ ભાઈ, આ આખું જગત મને દુઃખી જણાય છે. કોઇને સ્ત્રીનું, કોઇને પુત્રનું, કોઇને કુટુંબનું, કોઇને ધનનું એમ અનેક પ્રકારના દુઃખો વડે આ જગત ઘેરાયલું છે. ગરીબથી

માંડીને ધનાઢ્ય સુધી, રંકથી માંડીને રાજા સુધી માણુસ દુઃખી છે. ગરીબો ધન કમાવામાં અને ધનવાનો અસંતોષી બની વધુ ધન મેળવવામાં અને તેનું રક્ષણ કરવામાં એટલા બધા રચ્યા પચ્યા રહે છે, કે તેમને ક્યાંઈ સાચી શાન્તિ મળતી નથી. આ બધી ઉપાધિમાંથી છુટવા મા હું સંયમ લઇને પ્રભુ ભક્તિ અને એકાંત તપશ્ચર્યામાં આ જીવન વિતાવું છું. અહિંસા સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય અ અપરિગ્રહ એ અમારાં ખાસ નિયમો છે. ભાઇ, ત્હારે ખરી શાંતિ મેળવવી હોય, તો તું પણ આ નિયમ અંગીકાર કર.

આ સાંભળી કઠીયારો બોલ્યોઃ મ્હારાજ. એવા સખ્ત નિયમો મ્હારાથી પાળી શકાય નહિ. કૃપા કરી મ્હારા બની શકે તેવો એકાદ નિયમ મને આપો.

મુનિ બોલ્યાઃ જીવ દયા એ પ્રધાન દયા છે. લીલા લાકડાં કાપી અસંખ્ય જીવોનો સંહાર કરે છે અ મહા પાપ બાંધે છે; માટે લીલા લાકડા નહિ કાપવાનો નિયમ લે. તો તેથી તું પરભવે સુખી થઇશ.

'બહુ સારૂં, ગુરૂ દેવ, એમ કહી કઠીયારાએ લી લાકડા નહિ કાપવાનો મુનિ પાસેથી નિયમ લીધો અ મુનિને વંદન કરી ઘર તરફ આવ્યો. થોડી મહેનતે લાકડા મળતાં, તે હવે તેને ઘણી મહેનતે મળવા લાગ્ય પણ તે કઠીયારો પોતાના નિયમમાં દૃઢ રહીને રોજ સુકા લાકડાંનો [illegible] કાપી લાવે, અને તે વેચી અર્ધો રહે [illegible] [illegible] પોતાની આજીવિકા ચલાવ આ પ્રમાણે [illegible] તેના નિયમની સખત [illegible] [illegible]

[illegible]

[illegible]

પણ હું મ્હારા મિત્રને [illegible]

[illegible]

પણ હું તેમ છતે મ્હારા મિત્રને [illegible]

[illegible]

અને ઉત્તર કરતાં તે [illegible] મિત્ર [illegible]

[illegible] પણ [illegible]

તેને [illegible]

એમ જ થયું. ત્રણ દિવસનો ભૂખ્યો અને થાકેલો કઠી
ચોથા દિવસે જંગલમાં ફરવા લાગ્યો. તે વખતે પેલો
કઠીયારાની વધારે કસોટી કરવા મનુષ્યનું રૂપ લઈ
કઠીયારા સામે આવી ઉભો રહ્યો અને બોલ્યો.

'ભાઈ, તું કોણ છું, અને આ જંગલમાં
આથડે છે?'

'હું કઠીયારો છું અને લાકડા કાપવા માટે
જંગલમાં આથડું છું; પણ કયાંઇ લાકડા જડતા નથી
કઠીયારાએ કહ્યું.

'ઘણી જ નવાઇની વાત! આટલા બધા ઝાડો છ
તને લાકડા મળતા નથી?' દેવે કહ્યું.

'ઝાડો તો ઘણા છે, પણ તે બધા લીલાં છે.
લીલા ઝાડ નહિ કાપવાનો નિયમ છે. સુકા ઝાડ શોધ
ત્રણ દિવસ વીતી ગયા છે.'

'વાહરે, ત્હારો નિયમ, ઘેર હાંલ્લાં કુસ્તી કરે અ
ત્હારે નિયમ પાળવો, આવો નિયમ તે આપણાથી પળા
હશે? નાહક શા માટે ભુખ વેઠી દુઃખ ભોગવે છે? લી
તો લીલાં. જે મળ્યાં તે સુખેથી કાપ અને તે વેચી
ઉપજે તેનાથી આનંદ કર.'

'ભાઈ, મ્હને એવો ઉપદેશ ન આપો. ત્રણ દિવ
તો શું પણ ત્રણ વરસના ઉપવાસ કરવા પડે: તો પ
હું મારા નિયમથી ડગીશ નહિ. લીધેલી પ્રતિજ્ઞા હું ભાંગી
નહિ. કૃપા કરી તમે તમારે રસ્તે જાવ. હું મારૂં ફોડી
લઇશ. મ્હારૂં શું થશે, તેની ચિંતા તમારે કરવાની
નથી.' કઠીયારાએ કહ્યું.

આ શાંભળી દેવ આશ્ચર્ય પામ્યો. મનેં મનુષ્યનું
રૂપ પલટાવી દેવનું સ્વરૂપ કરી કઠીઆરા પાસે આવી
ા કહી અને બોલ્યોઃ ધન્ય છે, કાષ્ટક તારી ટેકને,
ને નિયમથી ડગાવવા માટે મેં આ સઘળી માયા કરી
તી. ત્હારા જેવા દ્રઢ પ્રતિજ્ઞાવાળા મનુષ્યો મેં ભાગ્યેજ
ા અવનિ પર જોયા છે. ત્હારા નિયમથી હું ખુશ થયો છું.
ટે જો આ નજીકનું ઝાડ સુકું છે. તે તું કાપ અને તેના
કડાનો તું એક પૂતળો બનાવરાવજે. તેના પગ પર
ર પૂતળીઓ મુકાવજે, અને જે કોઇ તેની સેવા ભાવ
ના મ્હોરો આપે, તેને તું પૂતળો વેચજે. એમ કહી
ર અદ્રશ્ય થયો. કઠીયારો તે સુકા ઝાડને કાપી લાકડા
ઈ ઘેર ગયો અને સુતારને ત્યાં જઈ પૂતળો તૈયાર
વાનું કહ્યું.

કઠિયારાના હર્ષનો પાર રહ્યો નહિ. તેણે મન સાથે
ચાર કર્યોઃ અહો, એક સાધારણ નિયમથી મને કેવો
ાભ થયો. તો જેઓ સંયમથી અનેક પ્રકારના નિયમો
ાળતા હશે, તેમને કેવો મહાન લાભ થતો હશે! એવો
ચાર કરી કઠીયારો બીજે દિવસે હાથમાં કુહાડી લઇ
ાકડા કાપવા જંગલમાં જવા નીકળ્યો. ગામ બહાર
ીકળતાં એક ધર્મશાળામાં તેણે એક મુનિને વ્યાખ્યાન
આપતાં જોયા. કઠીયારાએ તે ધર્મશાળામાં પ્રવેશ કર્યો. આ
ખતે મુનિ બ્રહ્મચર્યનો મહિમા સમજાવતા હતા. કઠીયારો
ુનિનું વ્યાખ્યાન એક ચિત્તે સાંભળવા લાગ્યો વ્યાખ્યાન
ંધ થયું. કઠિયારાએ ઉભા થઇ મુનિ પાસે દર પૂર્ણિમાએ

બ્રહ્મચર્ય પાળવાનો નિયમ ગ્રહણ કર્યો. અને ત્યાંથી મુનિને વંદન કરી જંગલમાં આવ્યો. પેલા દેવે વિચાર્યો કે કઠીયારાને ટાલીયાની કીંમત ઉપજતા હજુ વ લાગશે. માટે મારે તેને દુઃખી થતો બચાવવો જોઈ એમ વિચારી તે દેવે કઠીયારાના માર્ગમાંજ એક ચં બાવનાનું વૃક્ષ ઉભું કરી દીધું. કઠીયારો તે ઝાડ પા પહોંચ્યો. ઝાડને સૂકું દેખી તેણે કાપ્યું અને લાકડા લ બજારના ચોકમાં વેચવા માટે ઉભો; તેવામાં ધનદ નામના શેઠનો ગુમાસ્તો ચંપક લાકડા ખરીદવા કઠી પાસે આવ્યો અને તેની ભારીના છ પૈસા નક્કી કરી પોતા શેઠને ત્યાં લઈ ગયો. કઠીયારાએ ભારી શેઠના ઘરમાં નાખ ચંપકે તેને છ પસા ગણી આપ્યા. તે લઇ કઠીયારો ચાલ લાગ્યો. તેવામાં શેઠ જમીને નીચે ઉતર્યા, ત્યાં તો સુગ સુગંધ આખા ઘરમાં પ્રસરી રહી હતી. ધનદત્ત શે આશ્ચર્ય પામ્યા. આસપાસ નજર કરી તો આ સુગં લાકડામાંથી નીકળતી હતી. તરત ધનદત્તે ચંપકને બોલા પૂછ્યું: આ ભારીનું તેં શું આપ્યું ?

ચંપક બોલ્યો: ‘ છ પૈસા, શેઠ. ’

‘ બોલાવી લાવ પેલા કઠીયારાને. ’ શેઠે કહ્યું.

ચંપક કઠીયારાને બોલાવવા દોડ્યો. કઠીયારો શે પાસે આવી પહોંચ્યો અને ગભરાતા મને બોલી ઉઠ્યો કેમ, શેઠ સાહેબ. આપને આ ભારીના છ પૈસા વધા પડ્યા કે શું ? લાવો, હું તે પાછી લઈ જઉં.’

ના, ભાઇ, ના. તેમ નથી. તું અજાણ્યો છું, ઓટ

ને લાકડાની કીંમતની ખબર નથી. પણ હું કોઈની ચીજ અનીતિથી લેતો નથી. આ લાકડા ચંદન વૃક્ષના છે, તેનું મૂલ્ય હું પણ આંકી શકું તેમ નથી. છતા મ્હારા સંતોષની ખાતર હું તને ૫૦૦ સોના મ્હોરો ફક્ત આપુ છું. એટલે તું માનીશ કે મેં વિશ્વાસઘાત કર્યો નથી. એમ કહી તેણે ૫૦૦ સોના મ્હોરો આપવા મુનિમને કહ્યું. મુનિમે કાન્હઠ કઠીયારાને ૫૦૦ સોના મ્હોરો ગણી આપી. તે લઇ કઠીયારો હરખાતો હરખાતો અને શેઠની સજ્જનતાના વખાણ કરતો આગળ ચાલ્યો.

× × ×

સાયંકાળનો સમય હતો. અયોધ્યા નગરીના રાજમાર્ગ પર અનેક માણસો એકત્ર મળી મોજશોખ કરી રહ્યા હતા. તે વખતે કામલતા નામની એક વિખ્યાત વેશ્યા પોતાના આલીશાન ભૂવનની અટારીમાંથી રાજમાર્ગ પર દષ્ટિ કરી રહી હતી. તેવામાં તેણે રૂપીયાની થેલી સાથે પેલા કઠીયારાને જતો જોયો. વેશ્યાએ વિચાર્યું-કે આ માણસ લાગે છે તો ભિખારી જેવો; પણ પાસે છે રૂપીયાની થેલી; એટલે તેની સાથે પ્રેમ બાંધી થેલી લઈ લઉં તો સારૂં. એમ વિચારી કામલતાએ દાસીને મોકલી કઠીયારાને પોતાના મકાનમાં બોલાવ્યો. કઠીયારો ઉપર આવ્યો. આવતાંજ ગણિકાએ અનેક પ્રકારના હાવભાવ વડે કહ્યું, સ્વામિનાથ. પધારો, આપણે આનંદ કરીયે. વેશ્યાની છટા યુક્ત વાણી, તેનું તેજસ્વી મુખારવિંદ અને મધુર શબ્દો સાંભળતાંજ કઠીયારો જાણે દેવભૂવનમાં આવ્યો હોય તેમ

તેને લાગ્યું. વેશ્યાએ તેના સારૂં સુંદર વસ્ત્રાભુષણો અને મિષ્ટાન્નનો થાળ મંગાવ્યા. કઠીયારો આ સઘળું જોતાં જ આશ્ચર્યચકિત બની ગયો. ક્યાં તેનું કાળું શરીર અને ક્યાં આ ગૌરાંગી વેશ્યા ! ક્યાં તેના જાર બાજરીના રોટલા અને ક્યાં આ મિષ્ટાન્નનો સ્વાદ ! ક્યાં તેના ફાટેલા અને ખડબચડા લુગડાં અને ક્યાં આ રેશમી મુલાયમ વસ્ત્રો ક્યાં તેની નાનીશી ઝુંપડી અને ક્યાં આ દિવ્ય મહાલય ક્યાં તેની કર્કશા સ્ત્રી અને ક્યાં આ મધુર ભાષીણી વેશ્યા કાન્હડ આ સઘળું જોઇને સ્તબ્ધજ બની ગયો. તેં પોતાની પાસેની થેલી તરત વેશ્યાને સ્વાધિન કરી દીધી કેટલોક વખત વાર્તા વિનોદ કર્યા બાદ વેશ્યા તેની સા પ્રેમ સમાગમ કરવા કઠીયારાને અગાસીમાં લઈ આવ સુંદર પલંગ, રેશમી તળાઈ, મલમલની ચાદર, ખુશંતુ પવનની લહેર, એ સર્વ કઠીયારાને સ્વપ્નવત્ લાગવા માંડ અને પોતાની જાતને તે ધન્ય માનવા લાગ્યો. તેવામાં તે એક આશ્ચર્ય જોયું; જોતાં જ તેનો આનંદ એકદમ ઉડી ગ અને તે વિચાર તરંગોમાં તણાવા લાગ્યો.

અહા ! આ આશ્ચર્ય શું હતું ? તે એ કે અગાસીમાંથી કઠીયારાએ આકાશ તરફ દ્રષ્ટિ કરી તો તે વખતે પૂર્ણિમાનો ચંદ્ર સોળે કળાએ ખીલેલો હતો. પૂર્ણ ચંદ્રને દેખતાં જ તે એકદમ ચિંતામાં પડી ગયો અને વિચારવા લાગ્યો, અહો ! આજે હું આ શું કરૂં છું ! પૂર્ણિમાના દિવસે બ્રહ્મચર્ય પાળવાનો મેં મુનિ પાસે નિયમ લીધો છે, અને આજે તે જ દિવસ છે. હા. હવે મ્હારે શું કરવું. એમ ચિંતવતા હવે

થી રીતે અહિંથી છૂટકું, તેની તે ગુંઝવણમાં પડ્યો. તેવામાં તેને એક યુક્તિ સુઝી આવવાથી તેણે વેશ્યા પ્રત્યે કહ્યું, પ્રિયે. મ્હને અત્યારે શૌચે જવાની સ્પૃહા થઈ છે. તો હું હમણાંજ પાછો આવું છું. એમ કહી કઠીયારાએ નવા વસ્ત્રો બદલી પોતાના અસલ વસ્ત્રો પહેરી લીધાં. હાથમાં જંગલ જવાનો લોટો લઈ વેશ્યાની રજા લઈ ત્યાંથી તે ચાલી નીકળ્યો. અને પોતાનો નિયમ સચવાયો, તે માટે પ્રભુનો પાડ માનતો ઘેર આવી પહોંચ્યો.

અહિં વેશ્યા હાથમાં પાણીની ઝારી લઈ કઠીયારાના આવવાના માર્ગની પ્રતિક્ષા કરવા લાગી. અર્ધો કલાક થયો, કલાક થયો, બે કલાક થયાં; છતાં કઠીયારો આવ્યો જ નહિ. વેશ્યા ફીકરમાં પડી. આખી રાત પસાર થઈ ગઈ. વેશ્યા આશ્ચર્ય પામી મન સાથે બોલીઃ અહા! આવો વિચિત્ર માણસ તો આજે મેં પહેલ વહેલો જ જોયો. રૂપીયાની થેલી મૂકીને એમને એમ ચાલ્યો ગયો. અહા, આ તે કોણ હશે? વેશ્યાને ચિંતા કરવાનું એક જ કારણ હતું, તે એ કે વેશ્યા નીતિવાન હતી. તેને હરામનો પૈસો કોઇનો ખપતો ન હતો. પ્રાતઃકાળ થયું. વેશ્યા હાથમાં ૫૦૦ સોના મ્હોરોની થેલી લઇ રાજમંદિરે આવી. રાજાને પ્રણામ કરી બોલીઃ હ્યો મહારાજ, આ થેલી. ગઈ રાત્રે કોઈ અજાણ્યો માણસ મહારા ભુવનમાં આવી મ્હારી સાથે પ્રેમ કર્યા વગર આ થેલી મૂકી જતો રહ્યો છે! અનીતિનું ધન મ્હારે ખપતું ન હોવાથી હું તે આપના ચરણમાં મૂકું છું. આશ્ચર્યની સાથે રાજાએ તે થેલી લીધીઃ વેશ્યા ત્યાંથી પોતાને ઘેર આવી.

રાજાએ ઢંઢેરો પીટાવ્યો, કે જે કોઇ માણસ ગઈ રાત્રે ૫૦૦ સોના મ્હોરોની થેલી વેશ્યાને ત્યાં મૂકીને જતો રહ્યો હોય, તે રાજા પાસે આવી જાહેર થાય.

કઠીયારો રાજા પાસે આવ્યો અને કહ્યું: મ્હારાજા, મ્હારે પૂર્ણિમાના બ્રહ્મચર્યનો નિયમ હોવાથી આ પ્રમાણે કરવું પડયું. રાજાએ જ્યારે તેને ૫૦૦ સોના મ્હોરો ક્યાંથી મળી તે બાબત પૂછ્યું, ત્યારે તેણે ધનદત્ત શેઠની હકીકત કહી. રાજાએ ધનદત્તને તેડાવ્યો. ધનદત્તની વાત સાંભળ રાજાએ ધનદત્ત, વેશ્યા અને કઠીયારો એ ત્રણેના વખા કર્યા. પણ તે સર્વમાં કઠિયારાને ઉત્તમોત્તમ ગણીને તે તેના નિયમ-પાલન માટે ખૂશ થઇ રાજાએ ખૂબ ઇના આપ્યું. કઠિયારો આનંદ પામી ઘેર ગયો.

× × ×

હવે પેલા પલંગની શી વ્યવસ્થા થઈ. તે આપણે તપાસીયે. કઠિયારાની સ્ત્રી પલંગ લઈને રોજ બજારમાં વેચવા જાય; પણ કોઈ તેની સવા લાખ સોના મ્હોરો આપે નહિ. પલંગની વાત રાજાની કાને પહોંચી. રાજાએ વિચાર કર્યો કે સવા લાખ સોના મ્હોરની કિંમતવાળા પલંગમ કંઈક કરામત હોવી જોઇએ. નહિ તો કોઈ તેની એટલ બધી કીંમત કરે નહિ. એમ વિચારી રાજાએ તે ઢાલીયે ખરીદ્યો. સવા લાખ સોના મ્હોરો આવતાં કઠીયારાન સ્ત્રીના હર્ષનો પાર જ રહ્યો નહિ. તે કાન્હડને હવે ખૂ પ્રેમથી બોલાવવા લાગી અને તેની આજ્ઞા પાળવા લાગ

ઠેચારો પણ નિયમના મહાન લાભનો વિચાર કરતો સુખ ાગવવા લાગ્યો.

રાજાએ પોતાના દિવાનખાનામાં ઢોલીયો મૂકાવ્યો. ને તેજ રાત્રિએ સુવા માટે રાણીને આમંત્રણ કર્યું. પણ ાણી બાજુના એક દિવાનખાનામાં દાસીઓ સાથે વાતચિત રતાં ઉંઘ આવવાથી સૂઇ ગઇ. રાજાને ચંદ્રિકા નામની એક નવયુવાન પુત્રી હતી. પરણ્યા બાદ પહેલેજ આણે ા પિતાને ત્યાં આવી હતી, રાજાએ નવો પલંગ ખરીદો કે, તે જોવા સારૂં તે પિતાના શયનગૃહમાં આવી. પલં-ગમાં આઠા પડી જરાવાર સૂઇ જવાની ચંદ્રિકાને ઇચ્છા થતાં તે તેમાં સૂઈ ગઇ. સુખમય શય્યામાં સૂતા વેંતજ તેને ઉંઘ આવી ગઈ.

નિયત સમયે રાજા શયનગૃહમાં આવ્યો. અને કપડા ઉતારી જ્યાં પલંગમાં સુવાની તૈયારી કરે છે; તેવામાંજ પલંગમાં જડેલી એક પુતળીએ વિચાર કર્યો. અહો ! આ રાજાને ખબર નથી કે પલંગમાં કોણ સુતું છે ! જે ઘડીએ રાજા પલંગમાં સૂઈ જશે, તેજ ઘડીએ નીતિવાન રાજાપર મોટું કલંક આવશે. માટે મ્હારે ઢોલીયાની કીમત વસુલ કરાવવી જોઇએ. એવો વિચાર કરી ખરરર કરતી તે પુતળી પલંગમાંથી બહાર આવી, રાજા સામે જોઈને હસી, અને હસ્યા પછી બોલીઃ હે રાજા, ત્હારો ભંડાર અત્યારે ચોર લોકો લૂટે છે. અને પહેરેગીરો સઘળા ઉંઘે છે. માટે હમણાજ જા, નહિ તો ત્હારો બધો ભંડાર લૂંટી ચોરો ચાલ્યા જશે. એમ કહી તે પુતળી આકાશમાં ઉડી ગઈ.

આ સાંભળી રાજા આશ્ચર્ય પામ્યો. તરત તે ત્યાંથી ઉઠ્યો કપડા પહેર્યા અને રાજભંડારમાં ગયો. ત્યાં તેણે ચ ચોરને જોયા. રાજાએ તરત એક ચોરને ઘાયલ કર્યો અ પહેરેગીરને જગાડયાં. પહેરેગીરોએ બાકીના ચોરોને પક કેદખાનામાં પૂર્યા. રાજા ત્યાંથી શયનગૃહમાં આવ્યો.

આજે કામ વિકારથી ઉત્તેજીત બન્યો હતો; એટલે ઝટ કપડા ઉતારી પલંગમાં સૂવા ગયો; તરત પલંગમાં બીજી પુતળી બહાર નીકળી. અને રડી. રડયા પછી બોલી: હે રાજા, ચોરોને પકડાવી તું પાછો આવતો હતો, તે વખતે ત્હારાં પગરખાં નીસરણી પાસે તેં ઉતાર્યા. તેમાં એક તંબોળીયો નાગ ભરાઇ ગયો છે. તો તું હમણાજ જા. નહિતો તારો સેવક તારા પગરખાં ઉપાડતાં મરણને શરણ થશે. તરત રાજા ઉભો થયો. સેવકને જગાડી પગરખાં લાકડીવતી ફેરવાવ્યા, તો તેમાંથી તંબોળીયો નાગ નીકળ્યો. રાજાના આશ્ચર્યનો પાર રહ્યો નહિ. નાગને બહાર નંખાવી રાજા સુવા માટે ઓરડામાં આવ્યો અને કપડા ઉતારી કામમાં આંધ બની જલ્દીથી સૂવાની તૈયારી કરવા લાગ્યો. તેવામાં ત્રીજી પુતળી બહાર આવી. તે રુવી, અને રુવ્યા પછી બોલી: હે રાજા હમણાં જ તારી ઘોડાશાળા પડશે અને તારી રેવતી નામે ઘોડી દટાઇને મરી જશે. માટે જલ્દી જા, અને તેને બચાવ. રાજા તરત ત્યાંથી ઘોડાશાળામાં ગયો અને અશ્વપાળ પાસે ઘોડી બહાર કઢાવી. તરતજ ઘોડાશાળા પડી. રાજા આશ્ચર્ય પામી [illegible], પલંગ, ત્હારી [illegible] બહુ છે. તેમ કહી તે

શયનગૃહમાં આવ્યો અને સૂવા માટે પલંગમાં બેઠો. આ જોઈ ચોથી પુતળીએ વિચાર કર્યો. અહા, ક્રમણાં જ અનર્થ થઈ જશે; એમ ધારી તરત તે ઉઠી થઈ અને બોલીઃ રાજન્ તારી પુત્રી કયાં છે તેની તપાસ કર. આ સાંભળતાંજ રાજાને ધ્રાસ્કો પડયો. તે બહાર આવ્યો અને દાસીને બોલાવી કહ્યું. દાસી, ચંદ્રિકા કયાં છે? દાસીએ તપાસ કરી, પણ ચંદ્રિકા નહિ. એક પછી એક અનેક દાસીઓ જાગી. નોકરો જાગ્યાં અને ચંદ્રિકાની શોધ કરવા લાગ્યા. તેવામાં રાણી પણ જાગી અને રાજા પાસે આવી. રાણીને દેખતાંજ રાજા બોલી ઉઠયો તું અહીં કયાંથી? રાણી બોલીઃ નાથ. દાસી સાથે વાર્તાલાપ કરતાં ઉંઘ આવી ગઈ અને તેથી હું અહિંજ સૂઈ રહી. ત્યારે પલંગમાં કોણ સૂતું છે? રાજાએ કહ્યું. ચાલો તપાસ કરીએ. એમ કહી રાજા રાણી બંને પલંગ પાસે ગયા. ઓઢેલી ચાદર ખસેડતાં તેમણે ચંદ્રિકાને જોઇ. ચંદ્રિકા તરત જાગી ગઇ. રાજાએ તેને પલંગમાં સુઇ જવાનું કારણ પૂછયું. ચંદ્રિકાએ કહ્યું: પિતાજી, હું પલંગ જોવા આવી હતી. પણ જરાવાર સૂંઇ જતાં મને ઉંઘ આવી ગઇ. એમ કહી ચંદ્રિકા ત્યાંથી પોતાના મહેલમાં ચાલી ગઈ. રાજાએ અનેલી સર્વ હકીકત રાણીને કહી. અને કાન્હડ કઠીયારાને મનમાં ખુબ ધન્યવાદ આપ્યો.

સવાર થતાં રાજાએ કાન્હડને માનપૂર્વક રાજસભામાં તેડાવ્યો, અને તેની ખૂબ પ્રશંસા કરી તેને પ્રધાનની જગ્યા સુપ્રત કરી. કાન્હડની ખીના આનંદનો પાર જ ન રહયો. તેણીનું

જીવન છેક બદલાઇ ગયું અને તે પતિભક્તિમાં અહર્નિશ રહેવા લાગી. કાન્હડ ધર્મ અને પ્રતિજ્ઞાનું ફળ સમજી ધર્મ ક્રિયામાં વધારે દ્રઢ બન્યો અને ન્યાયપૂર્વક રાજ-વહીવટ ચલાવવા લાગ્યો.

એકદા કોઇ સાધુ મહાત્મા તે નગરમાં પધાર્યા. કાન્હડ મુનિને વંદન કરવા ગયો. મુનિના ધર્મબોધથી તે વૈરાગ્ય પામ્યો અને મુનિ પાસે દીક્ષા લીધી. ખૂબ તપ સંવર ક્રિયા કરીને અને અંતિમ સમયે અણસણ કરી કાન્હડ મૃત્યુ પામ્યો. અને મરીને પહેલા દેવલોકમાં દેવ થયો. ત્યાંથી તે મહા વિદેહમાં જન્મ લઈ મોક્ષ ગતિને પામશે. ધન્ય છે કાન્હડ ત્હારી ટેકને ! સૌ કોઈ કાનહડની માફક લીધેલ પ્રતિજ્ઞાને પાર ઉતારવાના પણ લ્યે. એજ પ્રાર્થના !

---

૧૦ શ્રીપાળ.

અંગ દેશ. ચંપા નગરી. સિંહરથ રાજા. તેને કમળ પ્રભા નામે એક રાણી. આજ સુધી રાણીને એકે સંતાન થયું ન હતું. તેથી રાજા રાણી બંને બહુ ઉદાસ રહેતા. કેટલાક વર્ષો વિત્યા બાદ રાણીને ગર્ભ રહ્યો. રાજા ખૂબ આનંદ પામ્યો. નવ મહિના પૂર્ણ થતાં કમળ પ્રભા રાણીએ એક મહા તેજસ્વી પુત્રનો જન્મ આપ્યો. દાસીએ રાજાને

ધામણી આપી. રાજાએ દાસીને ખૂબ ધન આપ્યું, અને
ત્ર જન્મની ખુશાલીમાં આખાં ગામને જમાડી, ગરીબ
રબાને પુષ્કળ દ્રવ્ય વહેંચ્યું. આ કુંવરનું નામ પાડ્યું
ીપાળ.

શ્રીપાળ પાંચ વર્ષનો થતાંજ સિંહરથ મૃત્યુ પામ્યો.
ાજાના મૃત્યુથી રાણી ખૂબ શોક કરવા લાગી. બુદ્ધિમાન
ંત્રીએ તેને આશ્વાસન આપ્યું. કિશોર વયના કુમા-
ને રાજ્યાસને સ્થાપી સઘળો રાજ્યકારભાર મંત્રી ચલા-
વા લાગ્યો. સિંહરથ રાજાને અજીતસેન નામે એક ભાઈ
તો. અદ્યાપિ રાજાને પુત્ર ન હોવાથી પોતાને રાજ્ય મળશે
એ આશાએ તે પોતાનું જીવન વીતાવતો. પરંતુ શ્રીપા-
ળના જન્મવાથી અજીતસેનની આંખમાં ઝેર રેડાયું. અને
કોઈ પણ રીતે ચંપા નગરીનું રાજ્ય પોતાને સ્વાધિન
કરી લેવાનું તેણે ઇચ્છયું. રાજ્યમાં ખટપટ ચલાવીને તેણે
લશ્કરને ફોડ્યું અને કુંવર તથા રાણીને મારી નાખીને
રાજ્ય પડાવી લેવાની પેરવાઇ રચી. આ વાતની રાણી
કમળપ્રભાને ખબર પડી ગઈ. તેથી તેણે વિચાર્યું કે આ
સ્થિતિમાં હવે અહિં રહેવાથી જાનનું જોખમ થશે. એમ
ધારી એક રાત્રે કમળપ્રભા શ્રીપાળને સાથે લઇ છાનીમાની
નગરની બહાર નિકળી ગઇ. કૃષ્ણપક્ષની કાળી રાત્રીમાં
કાંટા કાંકરા ખુંદતી, ઝાડ વૃક્ષ વટાવતી રાણી એક અઘોર
જંગલમાં આવી પહોંચી અને વિશ્રાંતિ લેવા માટે એક
ઘટાદાર વૃક્ષની નીચે બેઠી. જંગલમાંના હિંસક જાનવરો
વાઘ સિંહ વગેરેની ભયંકર ગર્જનાઓ સાંભળી તેમના

કાળજાં ભયથી કંપવા લાગ્યાં. પણ રામ રાખે તેને કોણ ચાખે, એ ન્યાયે તેમણે તે રાત્રી સહિસલામત રીતે પસાર કરી.

પ્રભાત થયું. સૂર્યનારાયણના સોનેરી કિરણો આખા જંગલમાં પ્રસરી ગયા. શ્રીપાળ કુંવરને ભૂખ લાગવાથી કંઈક ખાવાનું આપવા માટે તેણે પોતાની માતાને કહ્યું. કમળપ્રભા રાજ્યમાં મળતાં દુધ સાકર જંગલમાં મળવા અશક્ય જણાવાથી બહુ ખેદ પામી અને પોતાની દુર્ભાગ્ય દશા માટે તેને ખૂબ લાગી આવ્યું. તેણે આસપાસ ચોતરફ જોવા માંડયું અને કોઇને આવવાના માર્ગની પ્રતિક્ષા કરવા લાગી. તેવામાં સામેથી આવતું કોઢીયા લોકોનું એક ટોળું તેના જોવામાં આવ્યું. થોડીવારમાં તે બધા કમળપ્રભા પાસે આવી પહોંચ્યા. તેમને જોઇને રાણીએ કહ્યું: ભાઇઓ, અમે વખાના માર્યા અહિં આવ્યા છીએ. આ બાળકને ભુખ લાગી છે, માટે તમે કંઈક ખાવાનું આપો અને અમને આશ્રય આપો. આ સાંભળી એક આગેવાન કોઢીયો બોલી ઉઠયોઃ બાઈ. અમે બધા કોઢવાળા અને રોગિષ્ટ છીએ. તમે અમારી કંઇપણ ચીજ ખાશો તો તમને અમારા જેવો કોઢ થઇ જશે.

કમળપ્રભાએ કહ્યું: ફીકર નહિ. જે થવાનું હોય તે ભલે થાય. પણ અમે જીવતા રહીયે તો બસ. એવી અમારી ઇચ્છા છે.

'તો ભલે, લ્યો આ ખાવાનું, અને ચાલો અમારી સાથે.' એક કોઢીયાએ જણાવ્યું.

રાણી કમળપ્રભાએ કોઢીયા પાસેથી ખાવાનું લીધું અને શ્રીપાળને આપ્યું. શ્રીપાળ ભૂખ્યો હોવાથી તે ખધું ખાઈ ગયો. તરતજ શ્રીપાળને કોઢનો રોગ ઉત્પન્ન થયો. રાણી શ્રીપાળને લઈ કોઢીયાના ટોળામાં ભળી ગઈ. અને તેમની સાથે ચાલવા લાગી. શ્રીપાળને થયેલો કોઢ ઉંબર જાતનો હોવાથી સૌ કોઈ શ્રીપાળને ઉંબર રાણો કહી બોલાવવા લાગ્યું.

ઉંબર રાણો, સાતસો કોઢીઆ અને રાણી કમળપ્રભા આગળ ચાલતાં ચાલતાં ઉજ્જયીની નગરીમાં પહોંચ્યા અને સીપ્રા નદીને કિનારે સપડાઓએ મુકામ નાખ્યો. આ વખતે ઉજ્જયીનિ નગરીમાં પ્રતિપાળ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને બે રાણીઓ હતી. ૧ સૌભાગ્ય સુંદરી અને બીજી રૂપસુંદરી. આ બંને રાણીઓને એકેક પુત્રી થઇ. એકનું નામ સુરસુંદરી અને બીજીનું નામ મયણાસુંદરી. બંને પુત્રીઓ ભણી ગણીને વિદ્વાન થઇ. મયણાસુંદરીને જૈન ધર્મ પ્રત્યે ઘણીજ શ્રદ્ધા હતી. નવ તત્વ, નયનિક્ષેપ, પુદ્દગળ પર્યાય, કર્મગ્રંથ આદિ જૈન ગ્રંથોનું તેણે સારૂં જ્ઞાન સંપાદન કરેલું. પુત્રીઓની વિદ્વતાથી રાજા ઘણો આનંદ પામ્યો. એક વાર રાજાએ બંને પુત્રીઓની વિદ્વતા તપાસવાનો વિચાર કર્યો. અનેક વિદ્વાન પુરૂષોને રાજ સભામાં નોતર્યા અને પોતાની બંને પુત્રીઓને ત્યાં બોલાવી. સુરસુંદરી અને મયણાસુંદરી સુંદર વસ્ત્રાલંકારો પહેરીને રાજસભામાં હાજર થઇ. મહારાજા પ્રતિપાળે તે

બંનેને યોગ્ય આસને માનપૂર્વક બેસાડયા. પછી રાજાએ સુરસુંદરી સામે જોઈને કહ્યું.

હે પુત્રી, તમે સર્વ પ્રકારની વિદ્યા શીખ્યા છો; તો કહો કે જગતનો જીવાડનાર અને સંહારનાર કોણ? પિતાના પ્રશ્નનો ઉત્તર આપતાં સુરસુંદરી બોલી.

હે પિતાજી, જગતનો જીવાડનાર અને સંહારક એક રાજા અને બીજો મેઘ. કારણ કે પ્રજા પર રાજાની અમિદ્રષ્ટિ હોય તો તેને ન્યાલ કરી દે છે, અને કોપ ઉતરતાં તેને બેહાલ કરી દે છે, વળી મેઘ પૃથ્વી પર અનુકુળ વરસવાથી પ્રજાને સુખી કરે છે. અને પ્રતિકુળ વરસવાથી પ્રજાને બેહાલ બનાવે છે. આ પ્રમાણે સુરસુંદરીનો ઉત્તર સાંભળી રાજા તેના પર ખુબ ખુશી થયો. તેવામાં શંખપૂર નગરનો અરિદમન નામનો રાજા રાજસભામાં આવ્યો. રાજાએ તેને આદરપૂર્વક યોગ્ય આસને બેસાડયો. સુરસુંદરીની નજર અરિદમન પર પડતાં તે મોહ પામી, અને લજ્જાયુક્ત નયને પ્રતિક્ષણે તેની સામેજ જોવા લાગી. પ્રતિપાળ રાજા સુરસુંદરીનો મનોભાવ કળી ગયો. તેણે વિચાર કર્યો કે સુરસુંદરીને અરિદમન પર સ્નેહ થયો લાગે છે. માટે હું સુરસુંદરીને તેની સાથે પરણાવું તોજ તે સુખી થશે. એમ ધારી રાજાએ તેજ વખતે ગોરને તેડાવી અરિદમનને તિલક કરાવ્યું અને સુરસુંદરીનો વિવાહ તેની સાથે નક્કી કર્યો. આ દ્રશ્ય મયણાસુંદરીથી જોઇ શકાયું નહિ. તેના ચ્હેરા પર ઉદાસીનતાની છાયા છવાઈ ગઈ. રાજાએ તેના

આવ આવ્યો અને પિતાના પ્રથમ પ્રશ્નનો ઉત્તર આપતા મયણાસુંદરીને કહ્યું.

મયણા સુંદરી બોલીઃ પિતાજી. સુરસુંદરી કરતાં મહારા વિચારો જુદીજ જાતના છે. આપ એમ સમજતા હો કે રાજા અને મેઘજ જગતનું કલ્યાણ અને અકલ્યાણ છે, તો તેમાં તમારી ગંભીર ભૂલ થાય છે. હું તો દરેક જીવના કરેલાં કર્મનેજ પ્રધાન ગણું છું. પ્રાણીઓના ભાવી આગળ બિચારો રાજા કે મેઘ કશુંય કરી શકતો નથી. તે સર્વ માત્ર નિમિત રૂપ છે. ગમે તેટલો રાજા પ્રસન્ન થવા છતાં બીજાના કર્મમાં જો અહિતજ હોય તો રાજા તેનું હિત કરી શકતો નથી, અને રાજા ગુસ્સે થવા છતાં જો તેનામાં હિત પ્રધાન હોય, તો તે અહિત કરી શકતો નથી; એમ હું માનુંછું. વળી મેઘ અનુકુળ વરસાદ આપી જગતનું કલ્યાણ કરી શકે છે અને અલ્પ અથવા અતિશય વરસાદ વરસાવવાથી નુકસાન કરે છે, તે વાત ખરી; પણ જરૂરી વરસાદ છતા, જો ખેડુતના કર્મમાં નુકસાનજ લખાયલું હોય તો રાજા કે મેઘ કોઈ તેને ફાયદો કરી શકે તેમ નથીજ. માટે હે પિતાજી, તમે અહંકારને છોડી હું આપને કહુ છું તે સત્ય માનો.

મયણાસુંદરીના આ શબ્દો સાંભળતાંજ રાજાને એકદમ ક્રોધ વ્યાપ્યો, અને બોલ્યોઃ ઉદ્ધત છોકરી, આ મારી પ્રચંડ રાજસભામાં તું પિતાની અવગણના કરે છે; પણ યાદ રાખજે કે હું તને થોડા સમયમાંજ, ત્હારાં કર્મના ફળ ચખાડીશ. પછી હું જોઉં છું કે કર્મને પ્રધાન માનનારી તું કેવી સુખી

થાય છે ! આ પ્રમાણે કહી રાજાએ સભા બરખાસ્ત કરી, અને તે સ્વસ્થાનકે આવ્યો. સાંજે રાજા ઘોડેસ્વાર થઇ નગર બહાર નદી કિનારે ફરવા નીકળ્યો. ત્યાં તેણે કોઢીયા લોકનું એક ટોળું બેઠેલું જોયું. રાજાએ વિચાર્યું કે આમાંના એકાદ કોઢીયા સાથે મયણાસુંદરીને હું પરણાવું ત્યારેજ મ્હને સંતોષ થાય. રાજા તેમાંના એક કોઢીયા પાસે આવ્યો, અને તેને કહ્યું. અલ્યા કોઢીયા, ચાલ મારા દરબારમાં, હું તને મારી કુંવરી પરણાવું.

આ સાંભળી કોઢીયો આભોજ બની ગયો અને બોલ્યોઃ માબાપ. અમારા જેવા ગરીબની શું મશ્કરી કરો છો ! રાજા કહે. નહિ, સાચી વાત છે. મારી એક પુત્રી મારૂં અપમાન કરે છે, મારે તેને તારી સાથેજ પરણાવવી છે. માટે ઉભો થા. અને વિલંબ નહિ કરતાં તારા સાથીઓ જોડે જલ્દીચાલ.

આ કોઢીઓ તે ઉંબરરાણો. અથવા આપણી વાર્તાનો નાયક શ્રીપાલ. શ્રીપાલ રાજાના અતિ આગ્રહને વશ થઇ ૭૦૦ કોઢીયાને સાથે લઇ ભરબજારમાં થઈ ચાલવા લાગ્યો. લોકો આ દ્રશ્ય જોઈ આશ્ચર્ય પામ્યા. રસ્તામાં એક ટીખળીયાએ કહ્યું. અલ્યા કોઢીયાઓ. આ જાન લઈને આમ ક્યાં જાવ છો ! આ સાંભળી એક બટુક બોલો કોઢીઓ બોલી ઉઠયોઃ તમારા રાજાની કુંવરી સાથે અમારા આ ઉંબરરાણાને પરણાવવા. કોઢીયાઓ રાજસભામાં પહોંચ્યા. લોકો પણ પુષ્કળ ભેગું થયું. સૌ કોઈ જાણતા કે રાજા તેની પુત્રી ઉપર રાજસભામાં નાખુશ થયો હતો; તેથી કદાચ એકાદ કોઢીયા વેરે પોતાની પુત્રીને પરણાવી દે તો ના કહેવાય નહિ !

[illegible] ભગવાને [illegible] આ સમયમાં જૈન મુનિ મહારાજ વિચરે છે, તે [illegible] પવન [illegible] કર્યો. અને [illegible] ત્યાંથી મુનિને વંદન કરવા ઉપાશ્રયમાં આવ્યા. ગુરૂમહારાજે મદનને ધર્મલાભથી, અને સાથે કેમ છો તે પૂછ્યું. મદનકુંવરે પોતાની હકીકત કહી. ગુરૂએ તે બંનેને ઉપદેશ આપ્યો અને કહ્યું, તમારે બંનેને માટે પરમ પવિત્ર નવકાર મંત્રનું સ્મરણ કરવું. સુખમાં કે દુઃખમાં, દિવસે કે રાત્રિયે, સુતાં કે ઉઠતાં, પરમ પરમેષ્ઠિનું ધ્યાન તમારે મુકવું નહિ. મહામંત્રના પ્રભાવે તમે આ લોક અને પરલોકમાં જરૂર સુખી થશો. તે સાથી હું તમને એક નિયમ એ આપું છું કે તમારે નવ પદ આરાધના સુખ્ય વર્ષમાં બે વાર આંબેલની ઓળી કરવી. એટલે ચૈત્ર શુદ ૭ થી ચૈત્ર શુદ ૧૫ સુધીના નવ આંબેલ અને આસો શુદ ૭ થી આસો શુદ ૧૫ સુધીનાં નવ આંબેલ કરવા. અને ૧ અરિહંત, ૨ સિદ્ધ, ૩ આચાર્ય, ૪ ઉપાધ્યાય, ૫ સાધુજી ૬ જ્ઞાન ૭ દર્શન ૮ ચારિત્ર ૯ તપ એ નવ પ્રકારની આરાધનામાં રક્ત રહેવું. તે મહાન ક્રિયા તમે કરશો તો

શ્રી વીરશાસનના પ્રતાપે સર્વ સારૂં થશે.

ઉપરનો નિયમ બંને જણાએ પ્રેમપૂર્વક મુનિ પાસેથી ગ્રહણ કર્યો. મુનિને વંદન કરી તેઓ આગળ ચાલ્યા, અને એક સ્થળે વિશ્રાંતિ કરીને રહ્યા. પહેલી ઓળીનો સમય આવતાં બંનેએ આયંબીલ શરૂ કર્યા. એક બે અને ત્રણ આંબેલ પસાર કરતાં શ્રીપાળના શરીરમાંનો રોગ નાબુદ થવા લાગ્યો અને સુશોભિત ચામડી દેખાવા લાગી. નવ આંબેલ પૂરા થતામાં તો શ્રીપાળનું શરીર કંચન જેવું થઇ ગયું. આથી બંનેના હર્ષનો પાર રહ્યો નહિ. માતા કમળ પ્રભા પણ શ્રીપાળનું દેદીપ્યમાન શરીર દેખતાં ખુબ આનંદ પામી. ઉજ્જયીનીમાં મયણાસુંદરીનું મોસાળ હતું; એટલે તેઓ બધા મયણાસુંદરીના મામાને ત્યાં ગયા. મામાએ તેઓનું સુંદર રીતે સ્વાગત કર્યું. અને હર્ષપૂર્વક પોતાને ત્યાં રાખ્યા.

એકવાર શ્રીપાળ ઘોડે બેસીને ફરવા નીકળ્યો. શ્રીપાળને જોઈ એક માણસે બીજા પ્રત્યે કહ્યું. જુઓ. આ આપણા રાજાના જમાઈ જાય. આ શબ્દો શ્રીપાળના કાને પડયા. શ્રીપાળે વિચાર કર્યો: ખરેખર, જગતમાં કહેવત છે કે, જે પોતાના ગુણો વડે ઓળખાય તે ઉત્તમ, બાપના ગુણોવડે ઓળખાય તે મધ્યમ, મામાના ગુણોવડે ઓળખાય તે અધમ, અને સાસરાના ગુણો વડે ઓળખાય તે અધમાધમ ગણાય. માટે મ્હારે અહિં રહેવું ઉચિત નથી. એમ ધારી તરત તે પાછો ફર્યો અને ઘેર આવી માતાને કહ્યું. માતાજી, મ્હારે મ્હારૂં નસીબ અજમાવવા પરદેશ જવું છે. માતાએ તેને રોકવા ઘણું

સમજાવ્યો, પણ શ્રીપાળ એકનો બે નજ થયો. અંતે માતા તથા સ્ત્રીની રજા લઇ શ્રીપાળ પરદેશ જવા માટે નીકળી પડયો. ચાલતાં ચાલતાં શ્રીપાળ એક જંગલમાં આવી પહોંચ્યો. ત્યાં એક માણસ વિદ્યા સાધતો હતો; પણ તેની પાસે કોઇ સ્હાયક ન હોવાથી તેને વિદ્યા સાધ્ય થતી ન હતી. શ્રીપાળને દેખીને આ માણસે પોતાને મદદગાર તરીકે રહેવાનું કહ્યું. શ્રીપાળે તે કબુલ કર્યું. વિદ્યા સાધક હવે નિશ્ચિંત બનવાથી તેને તરત વિદ્યા સાધ્ય થઇ. તે શ્રીપાળ પર ખૂબ પ્રસન્ન થયો. તેથી તેણે શ્રીપાળને બે વિદ્યા આપી. ૧ જળતરણી. એટલે જળમાં પડે પણ ડૂબે નહિ અને બીજી શસ્ત્ર હરણી. એટલે શરીરપર શસ્ત્રના ગમે તેટલા ઘા પડે પણ વાગે નહિ. આ બે પ્રકારની વિદ્યા મેળવી શ્રીપાળ ત્યાંથી રવાને થયો, અને ભરૂચ બંદરે આવ્યો. ભરૂચ શહેરની મોટી મોટી હવેલીઓ, સુંદર બજારો જોવામાં તે મશગૂલ બન્યો. કૌશાંબી નગરીનો ધવલ નામનો એક ધનાઢ્ય શેઠ વેપાર અર્થે અહિં આવેલો. તે પોતાનો તમામ માલ વેચી ભરૂચમાંથી કરીયાણાના ૫૦૦ વહાણો ભરી બંદર ઉપર આવ્યો; પણ દૈવ સંજોગે તેના વહાણ સ્થંભી ગયા. વહાણ ચલાવવા ખલાસીઓએ ખુબ મહેનત કરી, પણ એક પણ વહાણ બંદર પરથી ખસી શકયું નહિ. આથી ધવળ શેઠ નિરાશ થયો, અને પોતાની કૂળદેવી સીંકોતરીનું તેણે સ્મરણ કર્યું. સીંકોતરી પ્રગટ થઇ ધવળ શેઠને કહ્યું. બત્રીસ લક્ષણા કોઇ પુરૂષનો આ સમુદ્રને તું ભોગ આપે, તો ત્હારા વ્હાણ આગળ ચાલે. ધવળશેઠ રાજદરબારમાં ગયો અને રાજા

પાસે પુષ્કળ દ્રવ્યની ભેટ ધરીને બોલ્યોઃ મહારાજા. મ્હારા વહાણ થંભી ગયા છે. માટે કોઈ બત્રીસ લક્ષણા પુરૂષને ભોગ આપવાની રજા આપો, તોજ મ્હારા વહાણો ચાલે તેમ છે. રાજાએ કહ્યુંઃ ભલે. જેનું અહિં કોઇ સગું વહાલું ન હોય અને જે કોઈ અજાણ્યો પરદેશી તમારા જોવામાં આવે, તેને ખુશીથી લઇ જઈ ભોગ આપો. આ સાંભળી તરતજ ધવળશેઠે તપાસ અર્થે શહેરમાં પોતાના માણસો દોડાવ્યા. તપાસ કરતાં અજાણ્યો મુસાફર શ્રીપાળ તેમની નજરે પડયો. માણસોએ તેની પાસે આવી શ્રીપાળને કહ્યું અલ્યા, ઉભો થા. અને ચાલ અમારી સાથે.

'ક્યાં!' શ્રીપાળે કહ્યું.

માણસો બોલ્યાઃ 'તારા બાપ પાસે.' ચાલને. અમે કહીયે છીએ, ને વળી તું પૂછે છે કે ક્યાં?'

ઓત્તારીની! શ્રીપાળ જરા વિચાર કરીને બોલ્યોઃ પણ કહો તો ખરા, મને ક્યાં લઇ જવો છે?

'અમારા ધવળ શેઠના વહાણ અટકી ગયા છે. તેથી તને લઇ જઇ દરિયાને તારો ભોગ આપવાનો છે.' માણસોએ જણાવ્યું.

'મહારો ભોગ? સિંહનો નહિ, વાઘનો નહિ. ને માણસનો ભોગ? શ્રીપાળે કહ્યું.

'હા હા. ત્હારો ભોગ! ઝાઝી લાયરી છોડી દે અને ચાલ

'નથી આવતાં જાવ, તમારે કરવું હોય તે કરો' શ્રીપાળે જવાબ આપ્યો.

આ સાંભળતાં એક માણસ ગુસ્સે થયો અને પોતા

પામેની તરવારની અણી ઓચિંતાને ઘોંચી; પણ શ્રીપાળને તેની કંઈ અસર થઈ નહિ. શ્રીપાળે પોતાની પાસેની લાકડીના પ્રહારો બેચાર માણસ ઉપર કર્યા. તરતજ માણસો ધબો ધબ કરતાં નીચે પડ્યાં. એમ કરતાં વાત વધી પડી. માણસોએ શ્રીપાળ પર શસ્ત્રના ઘા કરવા માંડયા; પણ શ્રીપાળને જરાપણ આંચ આવી નહી. અને લાકડીના પ્રહારો વડે માણસો ઘાયલ થવા લાગ્યા. તેથી તેઓ બધા ત્યાંથી નાસી ગયા અને ધવળ શેઠ પાસે આવી સઘળી વાત કરી. ધવળ શેઠ હાંફળા ફાંફળા રાજા પાસે ગયા અને લશ્કરની માગણી કરી. રાજાએ તે આપ્યું, તેથી લશ્કર શ્રીપાળ જોડે લડવા લાગ્યું; પણ તે બધાને શ્રીપાળે હરાવ્યું. રાજા અને ધવળ શેઠ શ્રીપાળ પર પ્રસન્ન થયા. શ્રીપાળે ધવળ શેઠને કહ્યું. તમારા વહાણો હું ચલાવું તો તમે મને શું આપશો? શેઠે કહ્યું. એક લાખ સોના મહોર. શ્રીપાળ દરિયા કિનારે આવ્યો. અને પરમ પવિત્ર નવકાર મંત્રનું સ્મરણ કર્યું. તે મહામંત્રના પ્રભાવે ધવળશેઠના વહાણો ચાલ્યાં. શ્રીપાળે ધવળશેઠને કહ્યું: મારે દેશાવર જોવાની ઇચ્છા છે. માટે મને સાથે લ્યો તો હું તમને ભાડા તરીકે દરમહિને સો સોનામહોરો આપીશ. ધવળશેઠે તે કબુલ કર્યું. શ્રીપાળ વહાણમાં બેસી ગયો અને મુસાફરી કરવા લાગ્યો. વહાણો ચાલતાં ચાલતાં બબ્બરકોટ બંદરે આવ્યા. ત્યાં બબ્બરકોટના રાજાના માણસો દાણ લેવા માટે ધવળશેઠ પાસે આવ્યા. ધવળશેઠ પાસે દાણ માગ્યું. ધવળશેઠે કહ્યું: દાણ શેનું માગો છો? અમારે તમારા ગામમાં માલ વેચવો નથી. માણસોએ કહ્યું. તમે અમારા બંદરમાં વહાણ નાંગર્યાં, માટે દાણ લેવાનો અમારો રિવાજ

છે. ધવળશેઠ તો મુમણ શેઠ (કંજુસ)નો ભાઈ હતો. તેણે દાણ આપ્યું નહિ; તેથી માણસોએ તેને પકડીને બાંધ્યો અને રાજા પાસે લાવ્યા. રાજાએ તેના પર ગુસ્સે થઈ કેદખાનામાં પૂરી દીધો. શ્રીપાળને ખબર પડી એટલે તે ધવળશેઠ પાસે આવ્યો અને કહ્યું. બોલો શેઠ. તમારે છુટવું છે? ભાઈ. શેઠે જવાબ આપ્યો.

‘ બદલામાં મને શું આપશો ?’ શ્રીપાળે કહ્યું.

‘ ભાઈ તું મને છોડાવે તો અડધો અડધ વહાણ હું તને આપીશ ’

શ્રીપાળ ગયો રાજા પાસે અને ધવળશેઠને છોડી દેવાનું કહ્યું.

રાજાએ કહ્યું: દાણ આપે તો તારો શેઠ છુટે.

શ્રીપાળ બોલ્યો. દાણ બાણ નહિ મળે, છોડો છો કે નહિ ?

ઓસ્તાદીની. જોર તો ખુબ જણાય છે ! અલ્યા કોઈ હાજર ? પકડો આ છોકરાને. રાજાએ કહ્યું.

રાજાના માણસો તેને પકડવા લાગ્યા. શ્રીપાળે પોતાની લાઠી ચોતરફ વીંઝવા માંડી. પટોપટ માણસો ઘાયલ થઈ નીચે પડવા લાગ્યા. માણસો તરવાર ભાલા બંદુક બરછી વડે શ્રીપાળને મારવા લાગ્યા. પણ શ્રીપાળને જરાપણ ઈજા થઈ નહિ. રાજા આ બધું જોઈ આશ્ચર્ય પામ્યો અને શ્રીપાળની વીરતાનાં વખાણ કર્યાં. તેણે પોતાની કુંવરી શ્રીપાળને પરણાવી. ધવળશેઠ અને શ્રીપાળ બબ્બરકોટના રાજાની રજા લઈ આગળ ઉપર ચાલ્યા. ધવળશેઠે શ્રીપાળને [illegible] વહાણ

આપ્યાં. ત્યાંથી તેઓ રત્નદ્વીપ બંદરે પહોંચ્યા. ત્યાં કનકકેતુ નામે રાજા હતો. તેને મદન મંજુષા નામે એક કુંવરી. રત્નદ્વીપના પહાડપર એક દેવીનું મંદીર હતું. મદન મંજુષા રોજ મંદીરમાં આવે અને દેવીની પુજા કરે. દૈવસંજોગે આ મંદીરના દ્વાર એકાએક બંધ થઈ ગયા. રાજાએ ઢંઢેરો પીટાવ્યો કે જે કોઇ મંદીરના કમાડ ઉઘાડશે, તેને રાજા પોતાની કન્યા પરણાવશે. શ્રીપાળ ગયો મંદીર પાસે. નવકાર મંત્રનું ઉત્કૃષ્ટ ભાવના વડે સ્મરણ કર્યું: મંદીરના કમાડ ખટાખટ કરતાં ઉઘડી ગયાં. રાજાએ શ્રીપાળને પોતાની કન્યા પરણાવી. તે લઇ શ્રીપાળ વહાણ પર આવ્યો અને બંને રાજકન્યાને સાથે લઇ પ્રેમ વિનોદ કરતો તે વહાણમાં મુસાફરી કરવા લાગ્યો.

આ બંને રાજકન્યાઓનું અથાગ રૂપ દેખીને ધવળ શેઠનું મન વિહ્વલ બન્યું: તેને શ્રીપાળપર અદેખાઇ આવી. તેણે વિચાર કર્યો કે હું આ શ્રીપાળને સાથે લાવ્યો તેથી તે બે ખુબસુરત રાજકુંવરીને પરણ્યો. માટે જો હું શ્રીપાળને કોઇપણ યુક્તિથી દરીયામાં ફેંકી દઉં, તો આ બંને કુંવરીઓ મારે સ્વાધીન થાય અને બધા વહાણ પણ મને પાછાં મળે. એમ ધારી તેણે વહાણના છેડે એક માંચડો બંધાવ્યો, અને તે પર ઉભો રહીને ધવળશેઠ દરીયામાં જોવા લાગ્યો. તરત તેણે બૂમ પાડી કહ્યું: શ્રીપાળ, આવો. દરિયામાં એક કૌતક છે. જુવો તો ખરા! આ આઠ મોંઢા વાળો મગર! શ્રીપાળ ભદ્રિક હતો. તેને ધવળશેઠના કપટની ખબર ન હતી. શ્રીપાળ માંચડા પર આવી ઉભો

રહ્યો અને દરીયામાં જોવા લાગ્યો. છાની રીતે ધવળશેઠે માંચડાને બાંધેલી દોરી કાપી નાખી. શ્રીપાળ તત્કાળ દરિયા માં પડયો અને તણાવા લાગ્યો.

અહાહા ! ઉપકારી પુરૂષો ઉપકાર માટે શું શું નથી કરતાં ! અને ધવળશેઠ જેવા ઉપરથી ઉજળા દેખાતા પણ મનના મેલાં ઉપકારી જનો પર અપકાર કરવા શું શું નથી કરતા ! તે આપણે આ ચરિત્ર ઉપરથી ઉત્તરોત્તર જાણીશું. શ્રીપાળ દરિયાના અગાધ જળમાં પડયો. પડતાંજ તેણે નવકાર મંત્રનું સ્મરણ કરી લીધું. તેને જળ તરણી વિદ્યા સાધ્ય હતી; એટલે તે ડૂબ્યો નહિ અને તરતે તરતો તે કોંકણ દેશના કિનારે આવી પહોંચ્યો. હવે કયાં જવું તેના વિચાર કરતો તે કિનારાપર બેઠો. અહીંના રાજા વસુ પાળને મદન મંજરી નામે એક કુંવરી હતી. તે યોગ્ય ઉંમરની થઇ હોવાથી રાજા તેના માટે યોગ્ય વરની તપાસમાં હતો. એકવાર જોશીએ જોશ જોઇને રાજાને કહ્યું કે આજથી અમુક દિવસે અમુક ટાઇમે દરિયા કિનારે એક પુરૂષ આવશે. તેને તમે તમારી કન્યા આપશો તો તે બહુજ સુખી થશે. શ્રીપાળ દરિયા કિનારે આવ્યો તેજ વખત અને તેજ દિવસ જોશીનો નિર્ણય કરેલો હતો; એટલે રાજા તે વખતે દરિયા કિનારે આવ્યો. જોશીના કહેવા પ્રમાણે સુંદર લક્ષણ યુકત શ્રીપાળને જોયો. તેથી રાજાએ તેને આદરપૂર્વક બોલાવ્યો. તેનો સત્કાર કર્યો અને વાજતે ગાજતે તેને રાજમહેલમાં લાવી પોતાની કુંવરી શ્રીપાળને પરણાવી. શ્રીપાળ અહીં સુખ

સોમવવા લાગ્યો. બહારથી આવનાર પરોણાઓને પાનબીડું આપી સત્કાર કરવાનું કામ શ્રીપાળે પોતાના માથે લીધું.

વહાલા વાચક ! ધવળશેઠની ધારણા હવે બર આવે છે કે કેમ તે આપણે તપાસીયે. શ્રીપાળના દરિયામાં પડવાથી કપટપૂર્વક ધવળશેઠ એકદમ બૂમ પાડી ઉઠયોઃ અરે કોઈ આવો, આવો, માંચડાની દોરી અચાનક તૂટી જવાથી બિચારો શ્રીપાળ દરીયામાં પડી ગયો. આ સાંભળતાંજ શ્રી પાળની બન્ને પત્નીઓ એકદમ ગભરાઈને ધવળશેઠ પાસે દોડી આવી. તેમને દેખી ધવળશેઠ ખુબ રૂદન કરવા લાગ્યો. અને શ્રીપાળના વખાણ કરવા લાગ્યો શ્રીપાળની બન્ને પત્નીઓના દુઃખનો પારજ રહ્યો ન હતો. તેઓ બંને ખુબ રૂદન કરવા લાગી. થોડીવારે ધવળશેઠ શાંત થઈ બંને રાજકન્યાઓને આશ્વાસન આપી કહેવા લાગ્યોઃ અરેરે. શ્રીપાળ બહુજ ભલો માણસ હતો; પણ હવે આપણે શું કરીયે. જે નસીબમાં માંડયું હોય તે થાય છે જ. માટે હવે શોક છોડી દ્યો. ધવળ શેઠના કૃતિમ શબ્દો તરતજ તે બંને રાજકન્યાઓ સમજી ગઈ અને ધવળ શેઠનું જ આ કાર્ય છે, એમ તેઓએ માની લીધું. કેટલાક વખત બાદ ધવળ શેઠે ફરીથી રાજકન્યા પાસે આવીને કહ્યું. સુંદરીઓ. શ્રીપાળનો હમે શોક કરશો નહિ. આ સઘળાં વહાણો મારાં છે. માટે મારી સાથે રહો અને ખાઓપીઓ અને મોજ કરો. શ્રીપાળ કરતાં અધિક રીતે હું તમને સાચવીશ. ધવળ શેઠના શબ્દો સાંભળતાંજ બંને સ્ત્રીઓ બોલી ઉઠીઃ પાપીઆ ધવળ, અમે તારી દુષ્ટ ઇચ્છા સમજી ગયા છીએ.

અમે વીર ક્ષત્રીયાણીઓ છીએ. શિયાળ થઇને સિંહ
સતાવતાં અને વત્તું ઓછું બોલતા વિચાર કરજે. રાજ
કન્યાના પ્રચન્ડ ક્રોધ યુક્ત શબ્દોથી ધવળ શેઠ તે વખ
ગમ ખાઇ ગયો અને બીજી વખત વાત. એમ વિ
કરી સ્વસ્થાનકે આવ્યો. તેવામાં દરિયામાં તોફાન થ
તોફાનના પ્રચંઠ વાતાવરણથી વહાણ આમ તેમ ડોલ
લાગ્યું. કેટલાક દિવસ તોફાન ચાલ્યા બાદ તે શાંત
અને વહાણ અથડાતાં અથડાતા કોંકણ દેશને કિનારે આ
લાગ્યું. ધવળ શેઠે વહાણ ત્યાં નાંગરવાનો હુકમ આ
અને પુષ્કળ દ્રવ્ય લઇને કોંકણના રાજાને ભેટ આપ
દરબારમાં આવ્યો. ત્યાં તેણે શ્રીપાળને જોયો. જોતાં
તે આશ્ચર્યચકિત થઇ ગયો, અને મન સાથે બોલ્યોઃ અ
આ શું? શ્રીપાળને મેં દરિયામાં ફેંકી દીધો, તો
જીવતો નીકળ્યો? પણ હવે તેને કોઇ રીતે રાજા પ
હલકો ઠરાવું તો સારૂં. એમ ધારી તેણે કેટલાક નાટકી
ઓને લાલચ આપીને ફોડયાં. અને રાજસભાના ચોક
નાટક કરાવ્યું. રાજા તથા શ્રીપાળ વગેરે નાટક જોવા
આવ્યા. નાટક પુરૂં થતાંજ એક વૃદ્ધ નાટકીઓ બો
ઉઠયો. અરે શ્રીપાળ. તું અત્યાર સુધી કયાં ગયો હ
પુત્ર વિયોગને માટે ઝૂરતો હું ગામેગામ ફરૂં છું; છતાં ત
પત્તો લાગતો નથી. ચાલ બેટા ચાલ. તેવામાં વૃદ્ધ નાટક
બોલી ઉઠી. અરે પુત્ર. અમને કયાં સુધી હવે રીબાવીશ
તેવામાં ૬—૭ વરસનો એક છોકરો બાપા બાપા કર
શ્રીપાળ પાસે દોડી આવ્યો અને તેને વળગી પડયો. આ
શ્રીપાળ તો આશ્ચર્યજ પામી ગયો. રાજા વિચારમાં

[illegible] આ શું ? શું [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] કરવા [illegible] કહ્યું હતું. તેથી અમે કર્યું છે. શ્રીપાળે નગરજન ધવળ શેઠને પકડ્યો. અને ખુબ માર મારી કેદખાનામાં પૂર્યો. પણ શ્રીપાળે બીજે દિવસે ધવળ શેઠને છોડાવ્યો અને પોતાના મહેલના બંગલા સામે એક મકાન આપી ધવળશેઠને રાખ્યો.

દલા અને દુષ્ટ બુદ્ધિના માણસોને ગમે તેટલો આશ્રય આપવા છતાં તેઓ પોતાની નીચ મનોવૃત્તિ છોડતા નથી. તે ન્યાયે ધવળ શેઠને આટલે હજુયે પોતાના પાપનો બદલો ન મળ્યો હોય, તેમ તે શ્રીપાળ પર વધુને વધુ ઝેર વરસાવવા લાગ્યો અને કોઇ પણ રીતે તેનો ઘાટ ઘડી નાખવાનો તેણે નિશ્ચય કર્યો.

મધ્યરાત્રિનો સમય હતો. આખું નગર ઘોર નિંદ્રામાં પડયું હતું. પહેરેગીરો પણ બંધુકને પીઠ પાછળ ટેકાવી ઉભા ઉભા ઉંઘતા હતા. શ્રીપાળ પોતાના મહેલના સાતમા માળે શાંત નિંદ્રા લેતો હતો. તે વખતે સામેના બંગલામાંથી ધવળ શેઠ હાથમાં કટારી લઈ બહાર નીકળ્યો. અને

ધીરેધીરે શ્રીપાળના મહેલ પાસે આવ્યો. પહેરેગીરને ઉંઘ
જોઈ એકદમ ધવળ શેઠ ઉતાવળો ઉતાવળો મહેલમાં દાખ
થયો અને પગથીઆ પર ચડવા લાગ્યો. એક બે ત્રણ એમ
છ માળ વટાવી ધવળ શેઠ સાતમા માળ ઉપર ચડ
લાગ્યો. મનમાં કંઈ કંઈ પ્રકારના સુખમય સ્વપ્નાઓ
સેવતો ધવળ શેઠ જેવો સાતમા માળના પગથીયા પ
ચડતો હતો. તેવામાં અચાનક તેનો પગ પગથીયાની
ઉપર પડ્યો. શરીરે જાડો અને કદાવર હોવાથી દેર
તે સ્થિર રહી શક્યો નહિ; તરતજ તે ભફાંગ લેતો છે
ભોંયતળીયે પડ્યો. પગ અધર અને માથું નીચે, એવી સ્થિ
તિમાં પડતાં તેની પાસેની કટારી તેના પેટમાં પેસી ગઈ
અને દુષ્ટ ધવળશેઠ તેના પાપનો યોગ્ય બદલો પામી ત્યાંજ
મરણને શરણ થયો.

સવાર થયું. શ્રીપાળ જાગ્યો. પહેરેગીરોએ શ્રીપાળને
નીચે આવવા કહ્યું. નીચે આવતાંજ શ્રીપાળે ધવળશેઠનું
મૃત્યુ થયેલું જોયું. જોતાં જ તે બોલી ઉઠયો, ખરેખર, માણસ
જેવું કૃત્ય કરે છે, તેવુંજ ફળ તે પામે છે, થો
વારમાં પુષ્કળ લોક ત્યાં ભેગું થઈ ગયું. સૌ કોઈ ધવળશે
પર ધિક્કારનો વરસાદ વરસાવવા લાગ્યું. શ્રીપાળ પ્ર
જનોની પ્રીતિ વચ્ચે આનંદથી પોતાના દિવસો વીતાવ
લાગ્યો.

ત્યારબાદ શ્રીપાળ કુંડલપુર ગામના મકરકેતુ રાજા
પુત્રી ગુણસુંદરીને વીણા વગાડવામાં જીતીને પરણ્યો.
રાજાની કુંવરીને સાપ કરડેલો. શ્રીપાળે નવકાર મંત્ર
પ્રભાવથી સાપનું ઝેર ઉતારી કુંવરીને સજીવન કરી,

તેને પરણ્યો. એમ અનેક પરોપકારો કરી શ્રીપાળ એકંદર આઠ રાજકન્યાઓને પરણ્યો. કેટલાક વખત બાદ શ્રીપાળ પુષ્કળ સૈન્ય લઈ પોતાની સ્ત્રીઓ સાથે ઉજ્જયિની આવ્યો. ઉજ્જયિની રાજ્યને જીતી પોતે રાજ્યાસને બેઠો. માતા કમળપ્રભાને અને મયણાસુંદરીને સ્નેહપૂર્વક મળ્યો. ન્યાયસર રાજ્યતું પ્રતિપાલન કરતો અને પંચપરમેષ્ઠિનું ધ્યાન ધરતો શ્રીપાળ સુખપૂર્વક દિવસો પસાર કરવા લાગ્યો.

એકવાર કેટલાક નાટકીયાઓ શ્રીપાળના દરબારમાં નાટક કરવા આવ્યા. શ્રીપાળ પોતાની રાણીઓ સાથે નાટક જોવા આવ્યો. નાટક પુરૂં થયા બાદ દરેક નાટકીયાએ રાજાને સલામ ભરી, પણ એક નટી ઉભી ન થઈ. કેમકે તે મયણાસુંદરીને ઓળખતી હતી. તપાસ કરતાં જણાયું કે તે મયણાસુંદરીની બ્હેન સુરસુંદરી હતી.

વાચક, ત્હમે આ સુરસુંદરીને ઓળખી હશે. પ્રતિપાળ રાજાએ સુરસુંદરીના ઉત્તરોથી પ્રસન્ન થઇ તેને અરિદમન રાજા સાથે પરણાવી હતી. અરિદમન સુરસુંદરીને લઇને પોતાને વતન જતો હતો, તેવામાં લુંટારાની એક ટોળી તેમને સામી મળી. સુરસુંદરીને સ્વરૂપવાન ધારીને લુંટારાઓ તેને ઉપાડી ગયા, અને નાટકીયાઓને વેચી. ત્યારથી સુરસુંદરી નાટકીયાનો ધંધો કરતી. અને કર્મને પ્રધાન ગણી દિવસો વ્યતીત કરતી.

મયણાસુંદરીએ તેને ઓળખી. એટલે પોતાની પાસે બોલાવી પ્રેમપૂર્વક તેને સાથે રાખી. ઉજ્જયનીના રાજા પ્રતિપાળને પોતાને ત્યાં બોલાવી મયણાસુંદરીએ સર્વ હકીકત સવિસ્તર જણાવી. રાજા મયણાસુંદરી પર ખુબ પ્રસન્ન

થયો અને તેને ધન્યવાદ આપવા લાગ્યો. એટલુંજ નહિ પણ પોતે કર્મને પ્રધાન માનનારો થયો અને જૈન ધર્મ આસ્તિક બન્યો.

શ્રીપાળ ત્યાંથી લશ્કર લઇ ચંપાનગરી પર આવ્યો તેના કાકા અજીતસેનને કહાવ્યું કે શ્રીપાળ હવે કુમાર લાયક થયો છે, માટે રાજ્ય સોંપી દો. અજીતસેને ત્હેનું કહેવું માન્યું નહિ, પરિણામે બંને વચ્ચે યુદ્ધ થયું. અજીતસેન હાર્યો અને ચંપાનગરીનું રાજ્ય શ્રીપાળે લીધું. પોતાના દ્રોહી કાકા અજીતસેનને શ્રીપાળે માનભરી પદવી આપી પોતાના રાજ્યમાં રાખ્યો.

નવકાર મંત્રના પ્રભાવે શ્રીપાળ ખુબ સુખ પામ્યો. અનેક રાજ્યોનો તે સ્વામી થવા છતાં તે અદ્યાપિ સુધી નવપદ આરાધક આંબેલની ઓળી કરવા ચૂકતો નહિ. તેણે રાજ્યના તમામ કરવેરા માફ કર્યા અને પ્રજાને ખુબ સુખ આપ્યું.

એકદા કોઇ સ્થવીર મહાત્મા પધાર્યા. રાજા શ્રીપાળ તેની નવ રાણીઓ તથા માતા કમળપ્રભા ત્હેમને વંદન કરવા ગયા, મુનિએ ધર્મબોધ આપ્યો. મુનિનો ઉપદેશ શ્રીપાળના હૃદયમાં સોંસરો ઉતરી ગયો. તેણે મુનિ પાસે શ્રાવકના બાર વ્રત ધારણ કર્યા. અહર્નિશ સામાયક, મહિનામાં છ પોષધ, ત્રણ મનોરથનું ચિંતવન, નવકારમંત્રનું સતત્ સ્મરણ, અને નવપદ આરાધક ઓળી ઇત્યાદિ ક્રિયાઓ હૃદયના ઉચ્ચતમ ભાવપૂર્વક તે કરવા લાગ્યો. યથાકાળે શ્રીપાળ મૃત્યુ પામ્યો અને મરીને નવમા દેવલોકમાં દે

પણે ઉત્પન્ન થયો. ત્યાં [illegible] નવમા દેવલોકમાં અપાર [illegible] મનુષ્યના અને ચાર દેવના ભવ કરી નવમા ભવે મનુષ્ય જન્મ પામી સિદ્ધિગતિમાં જશે. ધન્ય છે, નવપદ આરાધક વીર શ્રીપાલને, તેમને અમારા અનેક વંદન હો !

રત્નચુડ વ્યવહારી.

જંબુદ્વીપના દક્ષિણ ભરતમાં તામલીપ્તી નામે નગર. ત્યાં છત્ર શત્રુ રાજા. તેને પાનીવી નામની રાણી. તે નગરમાં અનેક ધનાઢય વેપારીઓ રહે. તે સર્વેમાં સૌથી રૅમૃદ્ધિવાન મણીચૂડ નામે વેપારી હતો. તેને સરસ્વતી નામે એક સ્ત્રી હતી. તેનાથી તેમને એક મહા ભાગ્યશાળી પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ રત્નચૂડ.

મણિચૂડને ત્યાં ધનની કમીના ન હતી. નોકર ચાકર ધસ દાસીઓનો પાર ન હતો, તે સર્વના પાલન વડે રત્નચૂડ કિમ્મરમાં વૃદ્ધિ પામવા લાગ્યો. આઠ વર્ષનો થતાં તેને કલાચાર્ય પાસે મૂકવામાં આવ્યો. અનુક્રમે રત્નચૂડ બહોંતેર કળામાં પ્રવીણ થયો. પુત્રના ભણતરની સાથે ગણતર પણ શીખવવાની પિતાને જરૂર લાગી. શામ દામ દંડ ભેદ ઈત્યાદિ પ્રકારની વ્યવહારીક કળા શીખવા માટે શહેરની સૌભાગ્યમંજરી નામની એક ગુણિકાને ઘેર રત્નચુડને મોકલવામાં આવ્યો. રત્નચુડ બુદ્ધિશાળી હોવાથી થોડા વખતમાંજ સર્વ પ્રકારની વિદ્યા શીખીને તે સ્વગૃહે આવ્યો.

પુત્રને ઉંમર લાયક થયેલો ધારી પિતાએ તે
ગામના એક નગરશેઠની પુત્રી રત્નસુંદરી સાથે રત્નચૂડ
વિવાહ કર્યો. અને ખૂબ ધામધૂમ પૂર્વક લગ્ન મહોત્સ
ઉજવ્યો. રત્નચૂડ અનેક પ્રકારના સાંસારિક સુખો ભો
વવા લાગ્યો.

સાંજનો સમય હતો. સૂર્યનારાયણ ક્ષિતિજમાં અંત
જવાની તૈયારી કરતા હતા. તામ્રલીપ્તી નગરીના શોખ
ગૃહસ્થો નગરમાં ફરવા નિકળ્યા હતા. તે વખતે રત્ન
પણ સુંદર વસ્રાભુષણો પ્હેરી ફરવા માટે નીકળ્યો. જે વ
તે મધ્ય બજારમાંથી પસાર થતો હતો, તે વખતે સૌભા
મંજરી નામની તેની પૂર્વસ્નેહિ ગુણિકા તેને સામી મ
રત્નચુડના અથાગ રૂપ પર તે મોહ પામી. અને મન સાથે વિ
કરવા લાગી; અહો, આ રત્નચુડ પહેલાં મારે ત્યાંજ
રહેતો, પરંતુ હવે તે સુંદર યુવતિને પરણ્યો; એટલે
આવાને તે કદિ આવતોજ નથી. તો હું ભલે તેના સહવા
લાભ ન પામુ ! પણ આવનાર યુવતિને પણ મ્હારા
પ્રેમીનો પ્રેમ પામવા ન દઉં ! એવો વિચાર કરી તે ગુ
રત્નચુડ પ્રત્યે બોલી: અહો ! રત્નચુડ શેઠ, આજે તમે
બહુ વખતે મળ્યાં, પણ મારે તમને એક શિખામણ આ
છે, સાંભળશો કે ?

'ધણીજ ખુશીથી, તમારે લીધે તો હું સર્વ વિ
પારંગત બન્યો છું. તો આ માટે નહિ સાંભળુ ? જે
હોય તે ખુશીથી કહો.'

વેશ્યા બોલીઃ શેઠ, મોઢામાં તાંબુલ રહી ગયું છે, સુંદર વસ્ત્રાલંકારો પહેર્યાં છે. નિશ્ચિંત થઇને ફરો છો! એ સઘળું કોની કમાઇ પર ?

રત્નચુડ વિચારમાં પડી ગયો અને બોલ્યોઃ મ્હારા પીતાની.

જ્યાં સુધી પિતાના દ્રવ્ય પર તાગડધિન્ના કરો છો, ત્યાં સુધી તમારી કિંમત કોડીની પણ નથી. સમજ્યા ? જ્યારે આપ કમાઈ પર આટલો શોખ માણો; ત્યારેજ ત્હમે શૂરવીર કહેવાઓ. 'ગુણિકાએ' જણાવ્યું.

ગુણિકાના શબ્દો રત્નચૂડના હૃદયમાં કારી ઘા સમાન લાગ્યા. તત્ક્ષણ તેણે વિચાર્યું કે હું પરદેશ જઇ કમાઇ લાવું ત્યારેજ ખરો! એમ ધારી સૌભાગ્યમંજરીની રજા લઇ સીધો તે ઘેર આવ્યો અને પરદેશ જવાની પિતાને વાત કરી.

પિતાએ કહ્યુંઃ પુત્ર, આપણે ત્યાં શું ધનની ખોટ છે ? સાત સાત પેઢી સુધી બેઠા બેઠા ખવાય, તોયે આપણું ધન ખૂટે તેવું નથી. તો શા માટે નાહક કષ્ટ વેઠી તમારે પરદેશ રખડવું જોઈએ ? રત્નચૂડે પિતાનું વચન ગણકાર્યું નહિ. અને જવા માટે હઠ લીધી. પુત્રનો અતિ આગ્રહ જોઇ મણિચૂડે તેને રજા આપી. તેના માટે સાત વહાણ તૈયાર કરાવ્યા. સાથે ૫૦૦ સુભટો આપ્યા. સલાહકાર તરીકે એક મિત્ર આપ્યો, અને શિખામણ આપતાં પિતાએ કહ્યું. પુત્ર, વાટે હુંશિયાર રહેજે. નવખંડ ધરતીમાં જ્યાં ફાવે ત્યાં ફરજે; પણ કૂપ કટાક્ષ નામે એક દ્વીપ છે ત્યાં ન જતાં; કારણકે ત્યાં પૂતારા લોકોની વસ્તી રહે છે.

'બહુ સારૂ, પિતાજી' એમ કહી રત્નચૂડ સાત વ્હાણ કરીયાણાના, ૫૦૦ ક્રોડ સોનામ્હોરો, ૫૦૦ સુભટો અને એ મિત્ર લઈને નીકળ્યો. તેઓ સઘળા દરિયા કિનારે આવ્ય અને વહાણુમાં બેસી સમુદ્રમાં મુસાફરી કરવા લાગ્ય કેટલાંક દિવસો વિત્યાં બાદ એકાએક દરિયામાં તોફા જાગ્યું. ભયંકર પવન વાવા લાગ્યો. પાણીના પ્રચંડ મોજ ઉછળવા લાગ્યાં, વહાણુ હાલકડોલક થવા લાગ્યું અને સખ તોફાનને લીધે વહાણુ અવળી દિશામાં ચડી ગયું. કેટલા દિવસે તોફાન શાંત થયું, અને વહાણુ એક દ્વીપ પાં આવી પહોંચ્યું. ખલાસીઓએ વહાણુ થોભાવ્યું, અને કે દ્વીપ છે તે જાણુવા યંત્રથી તપાસ કરી; તો તેઓ કૂપ કટાક્ષ નામના દ્વીપ પાસેજ આવી પહોંચ્યા હતા. ખલાસીઓએ રત્નચૂડને વાત કરી. રત્નચૂડે મિત્રને કહ્યું. ભાઈ, આ પિતાએ કહેલો કૂપ કટાક્ષ દ્વીપ આવ્યો ! કહો, આપણે હ શું કરીશું ? મિત્ર પણુ સાહસિક અને હિંમતવાન હતે તેણે કહ્યું, ભાઇ બનવાનું હોય છે, તે કોઇ મિથ્યા કરી શ તેમ નથી. આપણે અહિં ઉતરીયે. શું થાય છે તે જોઈએ અને આપણે અહિં બહુજ સાવચેતીથી રહીશું. રત્નચુ મિત્રની સલાહ માન્ય કરી. વહાણો દરિયા કાંઠે નાંગર્યાં અ રત્નચુડ તથા તેનો મિત્ર દરીયા કિનારે ઉતર્યા.

તેવામાં ચાર ઠગ વાણીયા રત્નચૂડ પાસે આવી ઉ રહ્યા અને બોલ્યાઃ પધારો, પધારો. શેઠ સાહેબ. ધન્ય ઘડ ધન્યભાગ્ય અમારાં, કે આપ અમારા દેશમાં પધાર્યા.

આપનું વતન કયું, આપનું નામ શું, ક્યા કારણસર પધારવું થયું છે ? તે કૃપા કરી જણાવશો ?

રત્નચૂડ સમજી ગયો કે આ ઠગ લોકો છે. પણ ગંભીરતાથી તેણે જવાબ આપ્યો. શેઠીયાઓ. અમે તામ્રલીપ્તી નગરથી આવીયે છીએ. મ્હારૂં નામ રત્નચૂડ. મ્હારા પિતાનું નામ મણિચૂડ. કરીયાણાના વ્હાણો ભરી વેચવા માટે અમે અહિં આવ્યા છીએ. આ સાંભળી એક ઠગ બોલ્યો: ઓહો ! રત્નચૂડ તો આપણો ભત્રિજો થાય, ભત્રિજો! બીજો ઠગ બોલ્યો. હા. હા. ખરી વાત છે. ખરી.

ત્રીજો ઠગ બોલ્યો. ત્યારે ચાલો શેઠ અમારે ઘેર. તમ જેવા ભાગ્યશાળી પુરૂષો અમારે ત્યાં ક્યાંથી હોય ! તમને જમ્યા સિવાય નહિ જવા દઇએ.

ઠગ લોકોનું પરસ્પર ભાષણ સાંભળી રત્નચૂડ આશ્ચર્ય પામી વિચાર કરવા લાગ્યો. તેવામાં ચોથો ઠગ બોલ્યો: શેઠ સાહેબ વિચાર શા કરો છો ? અમે પણ વેપારીઓ છીએ. અને તમારા બધા વહાણ ખરીદી લઇશું.અને તમે કહેશો તે આપીશું. નંખાવી દો તમારા સાતે વહાણો અમારી વખારમાં. અને ચાલો અમારે ત્યાં જમવા.

રત્નચૂડ બોલ્યો: આ વહાણોનું કરીયાણું બહુ કિંમતી છે. અને તેની કિંમત દશક્રોડ સોના મ્હોરોની છે.

એક ઠગ બોલ્યો. કંઇ ફિકર નહિ. ખુશીથી અમે તમારા વહાણોની કિંમત આપીશું. આ પ્રમાણે કહેવાથી રત્નચુડે પોતાના સાતે વહાણો ઠગ લોકોની વખારમાં ઠલ-

પાડ્યા. અને ઠગ લોકોની સાથે તેમને ઘેર જમવા માટે ગયો. ઠગ લોકોની સ્ત્રીઓએ ભાતભાતની સ્વાદિષ્ટ રસોઈ બનાવી. બંને મિત્રો જમવા બેઠા. જમી રહ્યા બાદ ઠગોએ તેમને પાનસોપારી આપ્યાં. થોડીવારે રત્નચુડે કહ્યું. શેઠીયાઓ, અમારે કાલ સવારમાં અહિંથી જવું છે. માટે [illegible] સોના મ્હોરો આપો. એટલે તે વડે અહિંથી કંઇક ખરીદી થઈ શકે. આ સાંભળી એક ઠગ બોલી ઉઠયો: શેઠ સાહેબ તમે તે કંઈ દિવાના થયાં? તમારા રૂપીઆ સાચા; પણ અમે ક્યાં રોકડથી સોદો કર્યો છે? અમે તો તમારા સાત વહાણુ તમે માગશો તે ચીજથી ભરી દઇશું.

રત્નચુડ અને તેનો મિત્ર સમજ્યા કે ખરેખર ફસાયા!

મિત્રે ધીરેથી રત્નચુડના કાનમાં વાત કરી. વિચાર શો કરો છો? ચાલો રાજા પાસે ફરીયાદ કરવા. બન્ને મિત્રો ત્યાંથી ઉઠયા અને બહાર નીકળી રાજદરબાર તરફ ચાલ્યા.

રસ્તે જતાં એક કાણીઓ ઠગ તેમને મળ્યો. રત્નચુડને જોઇ તે બોલ્યો. ઓ હો હો હો! શેઠ, બહુ દહાડે દેખાયા! લ્યો આ તમારી પાંચસે સોના મ્હોર. અને લાવે તમારા પિતાને ત્યાં ઘરાણે મૂકેલી મારી એક આંખ!

આ સાંભળી રત્નચુડ અને તેનો મિત્ર દિંગ બની ગયાં. અને બોલી ઉઠયા. ખરેખર. આ નગરી ધૂતારાઓથીજ ભરેલી જણાય છે. રત્નચૂડ બુદ્ધિશાળી હતો, તેથી તે બોલ્યો: લાવો પાંચસે સોનામ્હોરો. તમારી આંખ આવતી કાલે સવાર

માં આવી ખૂશીથી લઈ જજો. કાણીયાએ વિચાર્યું કે મને ઠગીને કોઈ જતો રહે તેવો આ દુનિયામાં તો નથી; એમ ધારી તેણે ૫૦૦ સોના મ્હોરો રત્નચુડને આપી. તે લઇ રત્નચુડ આગળ ચાલ્યો. તેવામાં તેમને એક માળી મળ્યો. માળીએ રત્નચુડને પ્રણામ કર્યા અને ફુલનો એક ચારસરો હાર ભેટ આપ્યો. જવાબમાં રત્નચુડે કહ્યું કે તમને હું કંઇક આપીશ. માળી ચાલ્યો ગયો. આગળ ચાલતાં તેમને એક સુતાર મળ્યો. તેણે લાકડાની બે પાદુકા (પાવડીઓ) રત્નચુડને આપી. રત્નચુડે કહ્યું કે આવતી કાલે સવારે જતી વખતે હું તમને ખુશી કરીશ. રત્નચુડ અને તેનો મિત્ર આગળ ચાલ્યાં. ત્યાં સામેથી અરસપરસ ઝગડો કરતાં ચાર વાણીયા તેમના જોવામાં આવ્યાં. તેઓ રત્નચુડની નજીક આવી પહોંચતા તેમાંનો એક ઠગ વાણીયો બોલ્યો. ભાઈ. લડો છો શા માટે ? પૂછી જુઓ આ શેઠને, એટલે આપણો ઝગડો પતી જશે. પોતાના તરફ આંગળી બતાવીને કહેવાથી રત્નચુડ બોલ્યોઃ શું છે ભાઇઓ ! એક ઠગ બોલ્યો. શેઠ. આ રત્નાકર દ્વીપમાં પાણી કેટલું છે ? તેનું લેખું કરી આપો. જો તે તમે કહી આપશો, તો અમે તમને સોળક્રોડ સોનામ્હોરો આપીશું. અને નહિ કહી આપો તો તમારા સાતે વ્હાણ ડુલ થઈ જશે !

ઓત્તારીની, રત્નચુડ આશ્ચર્ય પામ્યો અને મન સાથે બોલી ઉઠ્યોઃ અરે અમે અહિં ક્યાંથી આવી ચડ્યા? અહિંથી નીકળતાં હવે સાત પાંચ થશે. એમ વિચારી

રત્નચુડે ઠગને કહ્યું કે આવતી કાલે તમને પાણીનો હિસાબ કરી આપીશ. એમ કહી રત્નચુડ અને તેનો મિત્ર આગળ ચાલ્યાં.

સાંજ પડી ગઇ હતી. તેથી રાજાના દરબારમાં કટાઇમે જવાય નહિ. તેથી તેઓ બંને હવે શું કરવું ? તેનો વિચાર કરતાં માર્ગ પર સ્થિર ઉભા રહ્યાં. રત્નચુડે કહ્યું. ભાઈ, આ નગરીમાં આવીને આપણે હવે તો ખાલી હાથેજ જવું પડશે અને ખુબ દુઃખ વેઠવું પડશે. તે સાંભળી તેનો મિત્ર બુદ્ધિ ઉત્પન્ન થતાં બોલ્યોઃ ભાઇ ત્હમે રાજાની માનીતી વેશ્યાને ત્યાં આજની રાત્રી ગાળો. તે તમને કંઇક યુક્તિ બતાવશે. આ વાત રત્નચુડને ગમી. તેથી તે તપાસ કરતો કરતો રણઘંટા નામની રાજાની માનીતી વેશ્યાના આવાસમાં ગયો. રત્નચુડને દેખી રણઘંટાએ તેનો સત્કાર કર્યો. રત્નચુડે વેશ્યાને પ૦૦ સોના મ્હોરો આપી. વેશ્યા ખુબ ખુશી થઈ અને રત્નચુડ સાથે પ્રેમ સમાગમ કરવા તત્પર થઈ. તેણે સુમધુર ગાન તાન શરૂ કર્યા. પણ રત્નચુડ ચિંતામાં ગરકાવ થયેલ હોવાથી કંઇ પણ ઉત્તર આપે નહિ. રત્નચુડને ઉદાસ ચ્હેરે જોઇને રણઘંટાએ ત્હેને ઉદાસીનતાનું કારણ પૂછયું. રત્નચુડે પોતાની સવિસ્તર હકીકત જાહેર કરી. અને કોઇ પણ રીતે બચાવવા તેણે વેશ્યાને દર્દભરી વિનંતિ કરી.

રણઘંટા બોલીઃ સ્વામીનાથ, તમારી સુંદર મુખાકૃતિ ઉત્તમ લક્ષણો જોઇ હું પ્રસન્ન થઇ છું. ત્હમે ગભરા છોડી દો અને જરૂર હું તમને દુઃખમાંથી મુક્ત કરીશ પણ તમારે હું કહું તે પ્રમાણે વર્તવું પડશે.

કંઈ ફીકર નહિ, મિત્ર: રત્નચુડે જણાવ્યું.

રયુઘંટાએ કહ્યું. મિત્ર, ત્હમારે સ્ત્રીના કપડાં પહેરી અહિં મારી પાસે બેસવું અને મારી મા યમઘંટા મને પૂછશે કે આ કોણ છે? તો હું કહીશ કે મારી બ્હેનપણી મને મળવા આવી છે. વળી મારી મા ગામની માનીતી હોવાથી ગામના મુખ્ય પુરૂષો, શહેરના અમલદારો વગેરે અહિં આવે છે. તેઓ ગામમાં બનેલી બધી વાત અહિં કરે છે. તો ત્હમે તે નિરાંતે સાંભળજો. રત્નચુડે તે કબુલ કરી સ્ત્રીનો વેશ પ્હેરી લીધો અને બહારના દિવાનખાનામાં રયુઘંટાની સમીપમાં બેઠો.

થોડીવારે બહાર ગયેલી યમઘંટા આવી પહોંચી અને અંદરના દિવાનખાનામાં ગઈ. તેવામાં પેલા ચાર ચેઠીયાઓ યમઘંટા વેશ્યાને ત્યાં આવી પહોંચ્યા. તેમને જોઈ યમઘંટાએ કહ્યું. કહો ચેઠીયાઓ! આજે કંઈ શિકાર હાથ લાગ્યો?

ચેઠીયાઓ બોલ્યાઃ અરે, આજ તો મોટી લોટરી લાગી ગઈ છે. પરદેશથી રત્નચુડ નામનો વેપારી કરીયાણાના સાત વહાણ લઈને આવ્યો છે. તે બધા અમે ખરીદી લીધા છે, અને અમારી વખારમાં નંખાવી દીધા છે. તેના બદલે અમારે તેના વહાણો બીજી ચીજોથી ભરી દેવાના છે. તો નજીવી કિંમતની ચીજોથી અમે તેના વહાણો ભરી દઇશું; એટલે અમારો બેડો પાર! બોલો. અમે કેવી યુક્તિ કરી?

આ સાંભળી ચમઘંટા મૃદુ હાસ્ય કરીને બોલી: શેઠીયાઓ, પરદેશમાં ફરનારા વણિકો બહુ હુશિયાર હોય છે. કદાચ એ તમારી પાસે માગશે કે મારા વહાણો તમે મચ્છરના હાડકાથી ભરી આપો તો તમે શો જવાબ આપશો?

આ સઘળો વાર્તાલાપ રત્નચુડ બહારના દિવાનખાનમાં બેઠો બેઠો સાંભળતો હતો.

ધૂતારાઓ બોલ્યાઃ તેનામાં એટલી બધી બુદ્ધિ ક્યાંથી હોય! સવારમાં તો તે ચાલ્યો જવાનો છે! રાતની રાતમાં તેને આવી બુદ્ધિ કોણ બતાવે તેમ છે! ચમઘંટા બોલી: તો તમે બરાબર ફાવ્યા! ઠગ ત્યાંથી ચાલ્યા ગયા. થોડીવારે પેલો કાણીઓ ઠગ આવ્યો. તેણે પોતાની વાત ચમઘંટાને કરી. ઉત્તરમાં ચમઘંટા બોલીઃ ત્હમે યુક્તિ સરસ કરી. પણ એ રત્નચુડ ત્હમને કહેશે કે તમારી બીજી આંખ કાઢી આપો એટલે તેની સાથે મેળવીને તમારી આંખ પાછી આપું. તો ત્હમે તમારી બીજી આંખ કાઢી આપશો? આ સાંભળી કાણીયાએ કહ્યુંઃ તેનામાં એવી બુદ્ધિ હોય તો તો જોઈએજ શું! કાણીઓ ઠગ એટલું કહી ચાલ્યો ગયો. તેવામાં માળી આવ્યો. માળીએ કહ્યું. મેં રત્નચુડને ફૂલનો હાર આપ્યો છે. બદલામાં મને કંઇક આપવાનું કહ્યું છે. તો એકાદ વહાણ તો મને આપશેજ. આ સાંભળી ચમઘંટા બોલીઃ એ સાચી વાત છે ત્હારી. વાણીયા બહુ ઉસ્તાદ હોય છે, એ ત્હને નહિ ખબર હોય! તે વાણીઓ ઘડામાં સાપને પૂરી

થેલાનું મ્હોં બંધ કરી ત્હને કહેશે કે આમાં કંઇક છે, તો લે. તો તું શું કરશે ! માળી બોલ્યોઃ અરે, બાઇ. એવું તે કદી બનતું હશે ! એટલામાં સુતાર આવી પહોંચ્યો. સુતારે રેલચુડને પાદુકા આપ્યાની વાત કરી અને બદલામાં ખુશી કરવાનું તેણે કહ્યું છે તે કહ્યું. યમઘંટાએ જવાબ આપ્યોઃ રેલચુડ તમને કહેશે કે રાજાને ત્યાં પુત્ર અવતર્યો. તું ખુશી કે ના ખુશી ? તો તમે શો જવાબ આપશો ? સુતારે કહ્યું, એવી બુદ્ધિ ત્હેનામાં હોય તો રાજદરબારે જતાં તે પાછો ફરેજ નહિ. માટે જરૂર મને એકાદ વહાણ તો મળશેજ.

થોડીવારે બીજા ચાર ધૂતારા વેશ્યાને ત્યાં આવી પહોંચ્યા. તેઓએ કહ્યુંઃ હે યમઘટા. આજ તો એવો શિકાર મળ્યો છે કે અમારા પાસા પોબાર !

યમઘંટા બોલીઃ કહો તો ખરા એટલું બધું તે શું ?

ધૂર્તો બોલ્યાઃ આજ તો સાત વહાણ લઇને આવેલા એક વેપારીની સાથે અમે એવી હોડ કરી છે કે આ રત્નાકર સમુદ્રના પાણીનું લેખું તે કરી આપે, તો અમે તેને સોળ ક્રોડ સોનામ્હોરો આપીયે. અને લેખું ન કરી આપે તો તેના સાતે વહાણ ડૂલ. કરીએ ! કહો. તેના સાતે વહાણો હવે અમારે સ્વાધિન થશે કે નહિ?

યમઘંટા બોલીઃ તે વેપારી બહુ ચાલાક અને બુદ્ધિશાળી છે. તે તમને કહેશે કે નદીઓના પ્રવાહને રોકો, એટલે હું પાણીનું લેખું કરી આપું. તો તમે શો જવાબ આપશો ? ધૂર્તો બોલ્યાઃ આવું ડહાપણ તેનામાં કયાંથી હોય ?

ચમઘંટાએ કહ્યું: તે તો બરાબર તમે ફાવશો ! અને એમ કરશો ! ચાર ધૂર્તો ત્યાંથી વિદાય થયાં. રત્નચૂડે રત્નચૂડે ઉપકાર માની રજા લીધી અને સ્વસ્થાનકે આવ્યો.

સવાર થતાં તે રાજદરબારમાં ફરીયાદ કરવા ગયો અને સઘળી હકીકત રાજાને જાહેર કરી. રાજાએ એક એક બધા ઠગને બોલાવવા હુકમ કર્યો.

રાજસભા ભરાણી છે, અનેક સુભટો, દ્વારપાળો, રક્ષક નગરજનોથી સભા ચિકાર ભરાઇ ગઇ છે. તેવામાં પ્રથમ ચાર વણિકો આવ્યા. રાજાએ તેમને પૂછ્યું. અહ્યા વણિકો. તમે આ રત્નચૂડના સાત વ્હાણો લીધા છે? હા. મ્હારાજા, પણ અમે તેને કહ્યું છે કે તમે માગશો તે ચીજથી તમારા સાત વહાણો અમે ભરી આપશું. રાજાએ રત્નચૂડને માગવાનું કહ્યું. રત્નચૂડે કહ્યું: મારા સાત વહાણો તમે મચ્છરના હાડકાંથી ખીચોખીચ ભરી આપો. આ સાંભળતાંજ ધૂર્તોના તો રા રમી ગયાં. સૌ કોઇ આશ્ચર્ય પામ્યા. ધૂર્તો ખીસીયાણ પડી ગયા, રાજા ન્યાયી હોવાથી રત્નચુડને તેના વહાણો કિંમતની દશકરોડ સોના મ્હોરો અપાવી. થોડીવારે કાણીઓ ઠગ આવ્યો. અને પોતાની એક આંખ માગી. જવાબમાં રત્ન ચુડે તેની બીજી આંખ માગી, અને તેની સાથે મેળવી આપવાનું કહ્યું. આ સાંભળી કાણીઓ ઠંડોગાર થ ગયો અને રાજસભા છોડીને ચાલતો થયો. પછી મા આવ્યો. રત્નચુડે સર્પથી પૂરેલો મ્હોં બાંધેલો એક ઘ આપીને કહ્યું: આમાં કંઇક છે માટે તે લેજો. માળી મૂઠીઓ વાળીને નાઠો. થોડીવારે સુતાર આવ્યો. તેને રત્ન

[illegible]

[illegible] સૌભાગ્ય સુંદરીને પરણ્યો અને સુખ ભોગવવા લાગ્યો.

એકવાર એક સ્થવીર મહાત્મા લામતીપ્રી નગરીમાં પધાર્યા. મણીશુક અને કલ્પશુક મુનીને વંદન કરવા ગયા. મણિશુકે કલ્પશુકનો પૂર્વભવ પૂછયો. જ્ઞાની મહારાજે કહ્યું: કલ્પશુક પૂર્વભવે નંદનગામમાં એક ડોશીને ત્યાં પુત્ર હતો. તેને એકવાર ખીર ખાવાનું મન થયું. ડોશી ગરીબ હોવાથી ખીરનું ખર્ચ કરી શકે તેમ ન્હોતી; તેથી તે રડવા લાગી. પાડોશણે ખીરની સામગ્રી લાવીને ડોશીને આપી. ડોશીએ ખીર બનાવીને પુત્રને ખાવા આપી. તેવામાં એક જૈન મહાત્મા માસક્ષમણને પારણે વહોરવા સારૂ પધાર્યા. પુત્રે બધી ખીર

મહાત્માને વહોરાવી. સુપાત્ર દાનના પ્રતાપે તે [illegible] પામીને રત્નચુડ થયો. ડાશી ખુશી થયેલી, તેથી તે [illegible] થઇ. એક પાડાશણે સામગ્રી આપી. અને અભિમાન [illegible] તેથી તે વેશ્યા થઇ. બીજીએ અનુમોદન આપ્યું, તેથી [illegible] રત્નચુડની સ્રી રત્નસુંદરી થઇ. પિતાપુત્ર આ સાંભળી આ[illegible] પામ્યા અને બોલી ઊઠયા. અહો સુપાત્ર દાનનો કે[illegible] અપૂર્વ મહિમા! પિતા પુત્રે પરમાર્થે ખુબ ધન વા[illegible] અને દીક્ષા લીધી. રત્નચુડે ખુબ તપશ્ચર્યા કરી અને અં[illegible] સમયે અણુસણ કરી મૃત્યુ પામી તે સાતમાં દેવલોકે [illegible] થયો. ત્યાંથી ચવી તે મોક્ષમાં જશે! ધન્ય છે રત્ન[illegible] વહેપારીને! સૌ કોઇ તેની જેમ સુપાત્રદાન આપી આત્મ[illegible] હિત સાધે.

ઉપનય—રત્નચુડ વ્યવહારીઓ તે સંસારી જીવ, [illegible] સંસારરૂપી સમુદ્ર, સૌભાગ્યમંજરી જેણે આપ કમાઇ કરવાનો [illegible] આપ્યો તે સદ્‌ગુરૂ, વહાણ તે ગર્ભનિવાસ, અન્યાયી સ્થળ [illegible] [illegible] અવતાર! ચાર વણિક તે ચાર કષાય! સુતારની [illegible] [illegible] અને [illegible]! [illegible] અને [illegible] તે [illegible] મદ! [illegible] તે ચાર વિકથા! [illegible] વેશ્યા તે મિથ્યાત્વવિકાર. આ [illegible] [illegible] [illegible] કર, અને [illegible], [illegible] [illegible]!

[illegible]

[illegible]

મતે જનોની ધાપણુ ઓળવીને ખરેખર તે ધનાઢય થયો હતો. પરમાર્થે એક રાતી પાઈ પણ આપવી તે તેના ભવિષ્યમાં લખાયલુંજ ન હતું. આ પ્રમાણે ધન સંચય કરીને ૯૯ કરોડ સોનાની સુદી તિજોરીમાં જમાવી હતી. સઘળી લક્ષ્મીનો માત્ર તે રક્ષકજ હતો. તેનો ભોક્તા તો કોઇ બીજો જ હતો. વૃદ્ધદત્ત શેઠને એકેય પુત્ર ન હતો, માત્ર તિલોત્તમા નામે એક પુત્રી હતી. એકવાર રાત્રીના છેલ્લે પહોરે વૃદ્ધદત્ત લક્ષ્મીની ચિંતા કરતો પોતાના શયન ગૃહમાં સૂતો હતો; ત્યામાં અદ્રશ્ય રહીને એક દેવી બોલી:

હે વૃદ્ધદત્ત શેઠ. ચિંતા શી કરે છે? ત્હારી લક્ષ્મીનો ભોગવનાર પુણ્યશાળી પુરૂષ જન્મી ચુક્યો છે! આ અદ્રશ્ય શબ્દો સાંભળી "વૃદ્ધદત્ત વિચારમાં પડી ગયો. ફરી શાંત ચિત્તે તે સાંભળવા લાગ્યો. પુનઃ તેવીજ આકાશવાણી થઈ. વૃદ્ધદત્ત ચમક્યો અને ભયભીત બનીને તે આમ તેમ જોવા લાગ્યો. પુનઃ વિચાર આવતાં તે બોલ્યોઃ અહા! આજે મેં આ શું સાંભળ્યું! શું મારી લક્ષ્મિનો ભોગવનાર કોઇ બીજોજ? મારે પુત્ર નથી, તેથી જરૂર બીજો કોઈ મારી લક્ષ્મીનો માલીક થયો! પણ ના. તેમ તો હું કદાપિ નહિ થવા દઉં. આ બધી મહેનત, દગા, ફટકા, અનીતિ, દુઃખ મેં બીજા માટેજ કર્યું? તે કદિ બનેજ નહિ! એટલું બોલી ત્વરિત તે પથારીમાંથી ઉઠયો. અને દિવાનખાનાની બહાર આવ્યો. ન્હાઇ ધોઈ સ્વચ્છ વસ્ત્ર પહેરી તે પોતાની ગોત્ર દેવીની પુજા કરવા બેઠો. અને ઘૃતનો અખંડ દીપક પ્રકટાવી ઉપવાસ આદરી દેવીનું સ્મરણ કરવા લાગ્યો. એક બે ત્રણ

અને સાત ઉપવાસો જ્યાં વૃદ્ધદત્તને થયાં કે તરત
ગોત્રદેવી પ્રત્યક્ષ થઇ અને બોલીઃ કહો શેઠ. મારૂં કેમ
સ્મરણ કર્યું છે?

વૃદ્ધદત્ત બોલ્યોઃ હે મહાદેવી. સાત દિવસ પૂર્વે
એક રાત્રિએ સાંભળ્યું કે મારી લક્ષ્મીનો ભોગવનાર
અન્ય પુરૂષ પ્રગટ થયો છે. શું તે વાત સાચી?

હા. તે વાત ખરી છે. તું મારો ભક્ત છે, તેથી
તને કહું છું કે તારી લક્ષ્મીનો ભોગવનાર કાંપિલ્ય
નગરમાં ત્રિવિક્રમ નામના એક શેઠના ઘરમાં તેની પુ
નામે એક દાસીની કુક્ષીએ ઉત્પન્ન થયો છે.

શું એક દાસીને ઘેર મારી લક્ષ્મીનો ભોગ
ઉત્પન્ન થયો છે? હે મહામાયા. તમે એવો પ્રયત્ન ન
કે તે મારી લક્ષ્મી ભોગવી શકે નહિ. વૃદ્ધદત્તે કહ્યું.

દેવી બોલીઃ ના. એમ બની શકેજ નહિ. નિ
થયેલા ભાવિને સમસ્ત લોકમાં કોઇ ફેરવી શકે તેમ
એમ કહી દેવી અદ્રશ્ય થઈ. વૃદ્ધદત્ત ગુસ્સે થયોઃ અને
સાથે બોલવા લાગ્યોઃ ઓહ, શું મારી લક્ષ્મીનો
કોઈ બીજો થશે? હું સ્વપ્ને પણ તેમ થવા દેનાર નથી.
લખેલા લેખમાં મેખ મારવા હું તૈયાર છું. એમ
તે ત્યાંથી ઉઠયો. મુનિમને બોલાવી કરીયાણાથી
પુષ્કળ ગાડાગાડીઓ તઇયાર કરવાનું તેને કહયું.
આદિથી પરવાર્યો. અને સાથે પુષ્કળ માણસો લઇ
તથા પોતાના લાકની રજા લઇ કાંપિલ્યપુરમાં

[illegible] [illegible] [illegible] [illegible] [illegible] તે [illegible]
પહોંચ્યો અને ત્રિવિક્રમ શેઠનું ઘર પૂછી તેને
[illegible] [illegible] [illegible] [illegible] [illegible] નથી
ઉતારી અને અનુચરોને તે કામ આપવાનું કહ્યું.

વૃદ્ધદત્ત ત્યાંને જોઈ ત્રિવિક્રમ શેઠે તેનો ખુબ સત્કાર અને આગમનનું કારણ પુછ્યું. વૃદ્ધદત્તે જણાવ્યું: શેઠ [illegible] અહીંયે આવ્યો છું. [illegible] [illegible] માલ છે. [illegible] માલ તમામ હાલ અમારે વેચવાનો છે. ત્રિવિક્રમે [illegible] કે અને દલાલીનો ખુબ લાભ મળશે. તેથી વૃદ્ધદત્તની તે પ્રેમથી વાતો કરવા લાગ્યો અને જ્યાં સુધી બધો ન વેચાઇ રહે ત્યાં સુધી ત્રિવિક્રમે વૃદ્ધદત્તને પોતાને જમવાનો અને રહેવાનો અતિ આગ્રહ કર્યો. વૃદ્ધદત્તને [illegible]નુંજ હતું તેથી તેણે ત્રિવિક્રમને ત્યાંજ રહેવા ખાવા [illegible]ત કર્યું અને સુખપૂર્વક તે ત્યાં રહેવા લાગ્યો. [illegible]ક્રમ શેઠના ઘરમાં વૃદ્ધદત્ત બહુ સારી રીતે રહેવા લાગ્યો. [illegible]ી સ્ત્રી, છોકરાં, નોકર ચાકર એ સઘળાની સાથે ખુબ [illegible]ી અને નમ્રતાથી તે વાર્તાવિનોદ કરે અને સઘળાંને [illegible]ંદ આપે. પરિણામે ત્રિવિક્રમ શેઠના ઘરના તમામ [illegible]સો વૃદ્ધદત્તને સારી રીતે ચ્હાવા લાગ્યા. પુષ્પશ્રી દાસી [illegible]રે વૃદ્ધદત્ત એટલો બધો પ્રેમ દર્શાવતો કે પુષ્પશ્રીને વૃદ્ધદત્ત [illegible]ા ઘડીભર ગોઠે નહિ. કેટલેક દિવસે વૃદ્ધદત્તનો તમામ [illegible]લ વેચાઈ ગયો. ત્રિવિક્રમને પણ ખુબ નાણું મળ્યું. [illegible]દત્તે પોતાને દેશ જવાની ત્રિવિક્રમ પાસે રજા માગી. [illegible]વિક્રમને પણ વૃદ્ધદત્તના સહવાસે તેના પર એટલો બધો

સ્નેહ બંધાયો હતો કે તેને રજા આપવી તે તેને અસહ્ય લાગ્યું. ત્રિવિક્રમે કહ્યુંઃ હે મિત્રતુલ્ય શેઠ, આપના પધારવાથી મને આર્થિક લાભ થયો છે, પરંતુ આપના ખુશનુમા સ્વભાવથી અને નિઃસ્વાર્થ પ્રેમથી ઘરના બધા માણસોનો આપના પર એટલો બધો સ્નેહ છે કે તેનું વર્ણન થઇ શકે નહિ. આપ જવાનું કહો છો, તો અમારાથી હા કહેવાતું નથી. કારણ કે તે સ્નેહ રહિત વચન કહેવાય. અને ના પણ કહેવાતું નથી, કેમકે તે અમંગળ શબ્દ છે. અને મરજી પ્રમાણે કરો એમ કહું તો તે ઉદાસભાવ દેખાય. માટે આપ અહિં ફરીથી પધારો ત્યાંસુધી અમારો સ્નેહ ભૂલતા નહિ. એટલુંજ આપને હું કહું છું. વળી આપ અહીં કેટલોક વખત રહ્યા, તે દરમ્યાન અહીંની જે કોઇ ચીજ આપને ઇષ્ટ લાગી હોય તે યાદગીરી નિમિત્તે લઇ જશો એવી મારી વિનંતિ છે.

આ સાંભળી વૃદ્ધદત્ત બોલ્યોઃ શેઠ. મ્હારે ત્યાં કોઇ પણ વસ્તુઓનો અભાવ નથી. જે જોઇએ તે સઘળું મારી પાસે છે; પણ આપનો મ્હારાપર બહુ સ્નેહ હોવાથી હું એટલું જ માગું છું કે તમારી પુષ્પશ્રી દાસી મને આપશો; કારણ કે રસ્તામાં રસોઇપાણીની અડચણ ન પડે. હું મારે વતન પહોંચ્યા પછી દાસીને તરત પાછી મોકલી આપીશ.

ત્રિવિક્રમને દાસી પર ખુબ પ્રેમ હતો, પણ વૃદ્ધદત્તના અતીવ સ્નેહને લીધે તેની માગણીની તે અવગણના કરી શક્યો નહિ. તેણે વૃદ્ધદત્તને કહ્યું. શેઠ, આપનો સ્નેહ અપાર છે. તેથી હું ના કહી શકતો નથી; પણ આપ દાસીને તરત માંજ પાછી મોકલી દેજો.

વૃદ્ધદત્ત બોલ્યો: શેઠ સાહેબ. જરા પણ ફીકર કરશો હિ. ત્રિવિક્રમે દાસીને વૃદ્ધદત્તની સાથે જવા કહ્યું. ભદ્રિક દાસી વૃદ્ધદત્ત સાથે જવા તત્પર થઈ. દાસી ગર્ભવંતી હતી. અને તેના ગર્ભમાં રહેલો પુત્ર, તેજ આ વૃદ્ધદત્તની લક્ષ્મીનો ભોક્તા.

વૃદ્ધદત્તે ગાડાગાડીઓ આગળથી રવાના કરી દીધા. અને પોતાના માટે એક રથ રાખ્યો. તેમાં વૃદ્ધદત્ત, દાસી અને પેટાર બેઠા. ત્રિવિક્રમ તેમને ભાગોળ સુધી વળાવવા આવ્યો અને પુનઃ પધારજો એવો સ્પષ્ટ સંકેત કરી તે પાછો ર્યો. રથ પૂરવેગે ચાલવા લાગ્યો. અને ઉજ્જયિની નગરી પાસેના એક જંગલમાં આવી પહોંચ્યો. અહિં વૃદ્ધદત્તે વિચાર ર્યો કે હવે મારૂં કામ સાધી લઉં અને વિધિનાં લખેલા લેખને મિથ્યા કરૂં. રથકારને રથ ધીરેથી હાંકવા વૃદ્ધદત્તે હ્યું. રથ ધીરો પડ્યો. એટલે વૃદ્ધદત્તે એકદમ ભા થઈ કુષ્પથી દાસીને પોતાના બેઉ કદાવર હાથ વડે કડી, અને ઉંચકીને તેને બહાર ફેંકી દીધી. વૃદ્ધદત્ત તેની ાછળ કૂદી પડયો. પોતાની પાસેથી એક છુરી કાઢીને દ્ધદત્તે દાસીના ગળાપર ફેરવી દીધી! દાસી ત્યાંજ મરણને રણ થઇ ગઇ! ગર્ભનું વેર લેવા બદમાસ વૃદ્ધદત્તે સ્ત્રીના પેટ પર ખુબ જોરથી પાટુનો પ્રહાર કર્યો. વૃદ્ધદત્ત આ ભયંકર કામ કરીને ખુબ ઝડપથી દોડી રથમાં ચઢી ઠો. રથ પૂરવેગે ચાલવા લાગ્યો. વૃદ્ધદત્ત આશાની ઇમારત ચણતો અને વિધિના લેખ મિથ્યા કર્યા માની મનમાં ર્ષ પામતો તે પોતાને વતન પહોંચી ગયો.

પણ કુદરતની કળા ન્યારી છે. જાલભતા માણસો તેને

પાર પામી શકતા નથી. તો વૃદ્ધદત્ત બિચારો તે કોણ માત્ર ? તે એમ સમજતો હતો, કે મેં ગર્ભને પણ મારી નાખ્યો છે. પણ રામ રાખે તેને કોણ ચાખે એ ન્યાયે જ્યારે ધનદત્તે પુષ્પશ્રી દાસીના પેટપર પ્રહાર કર્યો તેજ વખતે દાસીના પેટમાં રહેલો ગર્ભ જીવતો બહાર નીકળી ગયો અને તરફડીયા મારવા લાગ્યો; પણ દાસીનું ખુન કરી ભયભીત બનેલા વૃદ્ધદત્તે બાળક તરફ લક્ષ કર્યું નહોતું. એ વખતે ઉજ્જયીની નગરીની કોઇ એક ડોસી બેચાર સ્ત્રીઓ સાથે એક ગામથી બીજે ગામ તે રસ્તે થઈને જતી હતી, તેવામાં તેણે મૃત્યુ પામેલી દાસીને અને તરતના જન્મેલા જીવતા બાળકને જોયાં. ડોસીએ બાળકને ઉંચક્યું અને તે લઇ જઈને રાજા પાસે જઈ સઘળી વાત કરી. રાજાએ ડોસીને કેટલુંક દ્રવ્ય આપીને બાળકનું રક્ષણ કરવાનું કહ્યું અને પોતાના માણસો મોકલી પુષ્પશ્રી દાસીની મૃત્યુ ક્રિયા કરાવી.

ડોસી બાળકનું રક્ષણ કરવા લાગી. અનુક્રમે આ બાળક વૃદ્ધિ પામ્યો અને સર્વ પ્રકારની વિદ્યા કળા શીખ્યો. એકવાર આ બાળકે પોતાની વૃદ્ધ માતાને પુછ્યું: માજી, મારા પિતા ક્યાં છે ? ડોસીએ તેને બનેલી સર્વ હકીકત કહી સંભળાવી, આ બાળકનું નામ ચંપક. અને તે વૃદ્ધદત્તની સર્વ લક્ષ્મીનો ભોક્તા ! રાજાની સ્હાયથી ચંપક વેપાર કરવા લાગ્યો અને પોતાના પુર્વ પુણ્યના બળે વેપારમાં તે ખૂબ કમાયો. તેણે કરોડો રૂપીઆની મુડી જમાવી. તેની ઉદારતા, બોલવાની મીઠાશ અને બુદ્ધિકુશળતાથી મોટા મોટા વેપારીઓ અને અધિકારીઓ તેના મિત્ર બન્યાં.

[illegible]

... વિચારમાં પડ્યો અને મન ... [illegible]
આ તે જ દાગીનો ખુદ કે જે દાગીને મેં મારી
... હતી. મેં અજાણીએ આવક તરફ લક્ષ ન કર્યું!
જ તે છેવટનો વદા. કાંઈ કહું કે મેં પરિચય પૂછયો.
તો હમણાંજ અનર્થ થઈ જાત. પણ હવે કંઈ
નહિ. તેનો પાટ મટી નાખું ત્યારેજ હું ખરો.
વિચારી વૃદદત્ત ચંપક પાસે આવ્યો અને બોલ્યો:
ગુલાબ, તમે બહુજ બુદ્ધિશાળી અને ચાલાક છો.
આપ બળે ખૂબ લક્ષ્મી કમાયા છો. ભાઈ, વેપારમાં
ર તમારો સાથ જોઈએ છીએ. તો હું કહું તેમ
કરશો ?

'ઘણી જ ખુશીથી, કહો શી આજ્ઞા છે?' ચંપકે
ાવ્યું.

હું તમને એક પરણીડીયામાં ચીઠી લખી આપું છું. તે લઇ તમે ચંપા નગરીમાં જાવ. મ્હારા ભાઈ તમને અમુક અમુક ચીજોનાં ગાડાં ભરી આપશે. તે લઈ તમે અહિં આવો અને આ ગામમાં તે વેચતાં તેમાં એક કોડ સોનામ્હોરોનો આપણને લાભ મળશે. તેમાં અર્ધ ભાગ તમારો, અને અર્ધ ભાગ મ્હારો. બોલો કબુલ છે ને?

ચંપક કબુલ થયો. વૃદ્ધદત્તે એક ચીઠી લખી, અને પરણીડીયામાં બીડીને તેને આપી. તે લઈ ચંપક ચંપા નગરીને પંથે પડયો. આ ચીઠીમાં નીચે પ્રમાણે લખેલું હતું.

વ્હાલા ભાઈ,

—આ દુરાત્માએ મહાજનની સમક્ષ મારી નિંદા કરી મ્હને હલકો પાડયો છે, અને મારી આબરૂ ધૂળમાં મેળવી દીધી છે. માટે આવનાર માણસને આપણા ઘર પછવાડેના ભાગમાં જે કૂવો છે, ત્યાં લઈ જઈ તેને મારી નાંખીને કૂવામાં ફેંકી દેજો. આ કામ સિદ્ધ કરી છૂપી રીતે માણસ દ્વારા મને ખબર પહોંચાડજો, અગર તમે જાતે આવીને મને કહી જજો, એટલે મને સંતોષ થાય.

કાગળ લઈ ચંપક વૃદ્ધદત્તનું ઘર પૂછી તેને ત્યાં ગયો. આ વખતે વૃદ્ધદત્તનો ભાઈ વ્યાપારાર્થે ચૌટામાં ગયો હતો, અને વૃદ્ધદત્તની સ્ત્રી પાડોશીને ત્યાં મળવા ગઈ હતી. ઘેર તેની પુત્રી તિલોત્તમાજ હતી. આ અજાણ્યા પણ સર્વાંગ સુંદર યુવકને જોઈ તે મોહ પામી. ચંપકે તેને કાગલ આપ્યો. તિલોત્તમાએ તે વાંચ્યો. ફરી તેણે ચંપક સામે જોયું અને મન સાથે બોલી: અહા! કેવો સુંદ

રૂપ! શું તેનું મનોહર મુખ, ખરેખર આ યુવક ભાગ્યશાળી છે! અરે, મ્હારા દુષ્ટ પિતાએ આ યુવક પર કેવું ભયંકર કામ કરવા પ્રયત્ન કર્યો છે! ખરેખર, હું કોઈ રીતે આ પુરૂષને બચાવું અને તેને જ પરણું. એવો વિચાર કરી તિલોત્તમાએ તે કાગળ ચીરી નાખ્યો, અને તેના જેવાજ અક્ષરોથી તેણે નીચે પ્રમાણે લખ્યું.

વ્હાલા ભાઈ,

આ પત્ર લાવનાર ઉજ્જયીની નગરીના ચંપક શેઠને આજ સાંજેજ આપણી તિલોત્તમા પરણાવી દેજો. કારણ કે મેં તેના રૂપ ગુણની સર્વ પ્રકારે પરીક્ષા કરી લીધી છે. માટે મ્હારા આવવાની વાટ ન જોતા!

આ પત્ર તિલોત્તમાએ તેની માને આપ્યો. સાંજ પડતાં વૃદ્ધદત્તનો ભાઈ સાધુદત્ત ઘેર આવ્યો. તેણે તે પત્ર વાંચ્યો. તેણે તરત જ ચંપકને પ્રેમપૂર્વક બોલાવ્યો અને આદર સત્કાર કર્યો. લગ્નની તૈયારીઓ તેણે જલદીથી કરવા માંડી. જેની પાસે પૈસાની છાકમછોળ હોય, અનેક માણસો જેની સેવામાં હાજર હોય; તેને કામ કરતાં શી વાર લાગે? એક કલાકમાં તો સર્વ સામગ્રી આવી ગઈ. ગોરે આવી ચાર મંગળ વર્તાવી દીધાં. ચંપક અને તિલોત્તમા લગ્નગ્રંથીથી જોડાઈ ગયાં.

બીજે દિવસે તિલોત્તમાના ચંપક સાથે થયેલા લગ્નના સમાચાર કોઈએ વૃદ્ધદત્તને આપ્યાં. આ સાંભળતાં વૃદ્ધદત્તના ક્રોધનો પાર ન રહ્યો. ત્યાંથી એકદમ તે ચંપાનગરીએ પહોંચ્યો. વાત ખરી લાગતાં તે ખૂબ શોક

કહેવા લાગ્યો. પણ હવે તેણે ગંભીરતાથી ચંપકનો
પટી નાખવાનો વિચાર કર્યો. તેણે સઘળી વાત પોત
સ્રીને કહી અને ચંપકને પોતાની લક્ષ્મીનો ભોક્તા
અટકાવવા માટે ઝેર આપવાનું તેની સ્રીને કહ્યું.
વાતની તિલોત્તમાને ખબર પડી ગઇ. તેથી પોતાની
ત્યાંની કંઇ પણ ચીજ નહિ ખાવાનું તેણે ચંપકને ક
એટલે ચંપક બહુ સાવધ રહેવા લાગ્યો. ઘણો કાળ વ્યત
થયો; પણ વૃદ્ધદત્ત પોતાની ધારણામાં ફાવ્યો નહિ. ત
ચંપકને મારી નાંખવા માટે તેણે બીજી યુક્તિ રચી.

વૃદ્ધદત્તે પોતાના બે નોકરોને ફોડયા અને કહ્યું
તમે ચંપકને કોઈ રીતે મારી નાખો, તો હું તમને
સો સોના મ્હોરો આપીશ. લાલચુ નોકરોએ કબુલ કર્યુ
અને ચંપકને એકાંત જોઇ મારી નાખવાનો લાગ શોધ
લાગ્યા. પણ કહેવત છે કે ખાડો ખોદે તે જ પડે. બીજા
અહિત ઇચ્છવા જતાં પોતાનું જ અહિત થાય!
વૃદ્ધદત્ત જાણતો ન હતો.

એકવાર ચંપક નાટક જોવા ગયો. અને મોડી રાત્રે
ઘેર આવ્યો. અર્ધરાત્રે દ્વાર ઉઘડાવવા માટે બુમ પાડ
પડોશીઓને કષ્ટ આપવું તે તેને ઉચિત લાગ્યું નહિ. તેથ
તે બહાર ડેલીમાં ઢાળેલા ખાટલામાં સૂઈ રહ્યો
ફરતા ફરતાં પેલા નોકરો ખાટલા પાસે આવ્યા. ત્યાં તેમણે
ચંપકને સૂતેલો જોયો. આ તકનો યોગ્ય લાભ લઈ તેમાંના
એકે ચંપક પર તરવાર ચલાવવા ઇચ્છયું. બીજાએ કહ્યું.
ભાઈ, વૃદ્ધદત્તે આપણને કહ્યાને ઘણો સમય થઇ ગયો. ઉ

અને કદાચ ચંપકશેઠ પર તેમની પ્રીતિ થઇ હોય. તો નાહક આપણે ચોસવું પડે. માટે વગર વિચારે કામ કરતાં પહેલાં આપણે શેઠને પૂછી લઇએ તો સારૂં. બીજાએ તે વાતને પુષ્ટી આપી, એટલે બંને જણા વૃદ્ધદત્ત પાસે ગયાં, અને કહ્યું, ચંપકશેઠ આજે બહાર ડેલીમાં સૂઇ રહ્યાં છે. કહો, અમે તેને મારી નાખીયે ?

વૃદ્ધદત્ત બોલ્યોઃ અરે, મુર્ખાઓ, એમાં મ્હને પૂછવા શું આવ્યા; જાવ જલ્દી જાવ. અને પૂરો કરી નાખો એ પાપીને હમણાં જ !

અનુચરો ચંપકને મારવા દોડયા, પણ ચંપક તે વખતે ખાટલામાં ન હતો. બરાબર તેજ સમયે ચંપકને માંકણ કરડવાથી તે હલો થઇ ગયો. અને એક મિત્ર પડોશીને ત્યાં જઇને સૂઇ રહેલો. અનુચરોએ ધાર્યું કે તે કંઇ પેસાબ કરવા ગયો હશે તો હમણા આવશે. એમ કહી તેઓ ડેલી બહાર આડા અવળા ફરવા લાગ્યા. વૃદ્ધદત્ત વિચારતો કે હમણા અનુચરો આવીને મને ખબર આપશે. પણ વખત વધારે થવાથી વૃદ્ધદત્તને ચેન પડયું નહિ. તે તત્કાળ ત્યાંથી ડેલીમાં તપાસ કરવા આવ્યો. પણ ત્યાં કોઇજ મળે નહિ. વૃદ્ધદત્તે વિચાર્યું કે ચંપકને જરૂર પૂરો કર્યો હશે. અને મુડદું શબ કૂવામાં ફેંકી દેવા સારૂં નોકરો ગયા હશે. હમણાજ તેઓ આવશે. એટલે મ્હને અહિંજ સૂઇ રહેવા દે. એમ ધારી ચંપકવાળા ખાટલામાંજ વૃદ્ધદત્ત સૂઇ રહ્યો. કાચી ઉંઘ, તેથી વૃદ્ધદત્તની આંખો ઘેરાવા લાગી. એક ચાદર લઇ મ્હોં સુધી ઓઢી લીધી. અને તે નિંદ્રાદેવીને સ્વાધીન થઇ ગયો.

પેલા નોકરો બહાર ફરીને આવ્યાં, ત્યાં પેલા [illegible] લામાં તેમણે એક માણસ સૂતેલું જોઈ તેઓ આનંદ પા[illegible] અને ચંપકજ છે એમ તેમણે માની લીધું. તેમણે મ્ય[illegible] માંથી પોતાની ચમકતી તરવારો બહાર ખેંચી કાઢી [illegible] આ વૃદ્ધદત્તના શરીર પર ચલાવી દીધી! ભયાનક ચ[illegible] પાડી વૃદ્ધદત્ત ત્યાંજ મરણને શરણ થઈ ગયો. અનુચરો [illegible] તેના શબની ગાંસડી બાંધી કૂવામાં ફેંકી દીધું. અહા[illegible] મનુષ્યો જેવા કર્મ કરે છે, તેવાજ ફળ તે પામે છે. [illegible] ભવમાં કે અન્ય ભવમાં પણ કરેલા કર્મ ઉદય આવ્યા વ[illegible] રહી શકતા નથી. પ્રાતઃકાળ થયું. અનુચરો ઠરાવેલી રક[illegible] લેવા સારૂ પેલા કૂવા પાસે થઈને વૃદ્ધદત્તને ઘેર જતા હત[illegible] તેવામાં તેમણે કૂવામાં નજર કરી તો વૃદ્ધદત્ત, પોતા[illegible] માલીકનું મડદું તેમણે પાણીમાં તરતું જોયું. તેઓ આશ્ચ[illegible] ચકિત થઇ ગયાં. અને મનમાં ખૂબ ખેદ પામી છાનામા[illegible] ઘરમાં ભરાઈ ગયા. વૃદ્ધદત્તના ભયંકર અવસાનથી [illegible] તેની સ્ત્રી કીર્તિદેવી અને સાધુદત્ત બંનેને હાર્ટફેલ થ[illegible] ગયું અને તેઓ પણ મરણને શરણ થઈ ગયા.

વૃદ્ધદત્તની ૯૬ ક્રોડ સોના મહોરોનો માલીક આખરે ચંપક બન્યો. વિધિનું નિર્માણ જગતના કોઈ પણ માન[illegible] થી દેરથી ફેરવી શકાતું નથી. સર્વ લક્ષ્મી [illegible] [illegible] [illegible] [illegible]

તીને ચંપક દેવલોકમાં ગયો. અને ત્યાંથી ચવી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મી તેજ ભવમાં મોક્ષગતિને પામશે. ધન્ય છે, ચંપક જેવા પુણ્યશાળી પુરૂષને; જે પોતાના બંને ભવોને સુધારી સન્માર્ગને ગ્રહણ કરે છે.

---

૧૩ કર્મ રક્ષિત કુમાર.

પૂર્વે વસંતપુર નામે નગર હતું. ત્યાં જીતશત્રુ રાજા રાજ્ય કરતો હતો. તેને કમળશ્રી નામે રાણી હતી. તેનાથી તેમને એક પુત્રી થઇ. નામ પાડ્યું ભાવિનીદેવી. ભાવીનિ ખૂબ લાડ-પાડમાં ઉછરી. આઠ વર્ષની થતાં તેને ભણવા સારૂં નિશાળમાં મૂકવામાં આવી, ત્યાં તે વિદ્યાચાર્ય પાસે અનેક પ્રકારની વિદ્યાકળા શીખવા લાગી.

તેજ નગરમાં જીનદાસ નામે એક શેઠ. તેને ધારણી નામે સ્ત્રી. ત્હેમને મ્હોટી ઉંમરે એક પુત્ર થયો. નામ પાડ્યું કર્મરક્ષિત કુમાર. આઠ વર્ષનો થતાં તેને નિશાળે બેસાડવામાં આવ્યો. કર્મરક્ષિત બુદ્ધિમાં સર્વથી અધિક, સ્વભાવમાં પણ ઉત્તમ; તેથી થોડાંજ વખતમાં તે ખૂબ ભણ્યો અને વિદ્યાગુરૂનો માનીતો થઇ પડયો. એકવાર આચાર્ય કોઈ કારણસર બહારગામ ગયા. કુમાર અને કુમારિકા એ બંનેના વર્ગની દેખરેખ રાખવાનું કામ વિદ્યાગુરૂએ કર્મરક્ષિતને સોંપ્યું. કર્મરક્ષિત એકવાર નીચેનો શ્લોક ભણતો હતો.

उदयति यदि भानुः पश्चिमायां दिशायां,
प्रचलति यदि मेरुः शीततां याति वन्हिः
विकसति यदि पद्मं पर्वताग्रे शिलायां,
तदापि न चलतियं भाविनी कर्मरेखाः

અર્થાતઃ—પશ્ચિમ દિશામાં કદિ સૂર્ય ઉગે, મેરૂપર્વત ચળે, અગ્નિમાં શિતળતા આવે, પર્વતના અગ્ર ભાગે શીલામાં પદ્મ કમળ ઉગે, તથાપિ ભાવિની કર્મરેખા ચલાયમાન થતી નથી.

ઉપરનો શ્લોક કર્મરક્ષિત કુમાર વારંવાર ગોખતો હતો. સામે સ્ત્રી વર્ગમાં પેલી રાજકન્યા ભાવિનીદેવી આ શ્લોક સાંભળતી હતી. જેમ જેમ કર્મરક્ષિત શ્લોક બોલે, તેમ તેમ ભાવિની તે સાંભળીને ક્રોધાયમાન થતી. છેવટ જ્યારે તે ખૂબ ખીજવાઇ, ત્યારે તે મન સાથે બોલીઃ દુષ્ટ કર્મરક્ષિત, તું મને ખીજવે છે, અને સતાવે છે, પણ યાદ રાખજે કે તારૂં વેર હું જરૂર વાળીશ. અને પછી હું જોઇશ કે તું ભાવિનીને કેમ ચળાવી શકે છે! એટલું બોલી રાજકન્યા તરત ઉભી થઇ, અને દોડતી કર્મરક્ષિત પાસે આવી, પોતાની પાસેની પાટી તેણે ખુબ જોરથી કર્મરક્ષિતના કપાળમાં છુટી મારી. પાટી વાગતાંની સાથેજ કર્મરક્ષિતના કપાળમાંથી દડદડ દડતી લોહીની ધારા વહેવા લાગી. ભાવિની એકદમ ત્યાંથી રવાના થઈ ગઈ અને રાજમહેલમાં આવીને કોપ ભુવનમાં ઉદાસ થઈને બેઠી.

[illegible] વિદ્યાર્થીઓ કર્મરક્ષિતને ઘેરી વળ્યા. અને [illegible] ભાવિનીને

વિજય થયું. વિદ્યાધરોએ કર્મરક્ષિતને પાછો ભાગ્યો
અને ત્યાંથી તેને જીનદાસ પાસે લઈ ગયા. અને પ્રમાણી
પત કર્યા. વિદ્યાધરે રાજકુમારીએ કર્મરક્ષિતને પાછી મારી,
તેથી જીનદાસને ઘણું લાગી આવ્યું; તેણે રાજા પાસે ફરીયાદ
કરવા જવાનું ઈચ્છયું.

બપોર જમવાનો સમય થયો હતો. રાજા ભોજન
કરવા માટે ભોજનગૃહમાં આવ્યો. ત્યાં તેણે ભાવિનીને
દેખી નહિ. તેથી તે શયનગૃહ, આરામગૃહ વગેરે તપાસી
વિશ્રુતનમાં આવ્યો. ત્યાં તેણે ભાવિનીને ચિંતાતુર વદને
બેઠી દેઈ. રાજા આશ્ચર્ય પામ્યો. અને ભાવિનીને પૂછયું.
પુત્રી, આજે તું ઉદાસ થઈને કેમ બેઠી છે? શું તને
કોઈએ દુખવી છે, શું તારું કોઈએ અપમાન કર્યું છે? જે
હોય તે જલદી કહે.

ભાવીની બોલીઃ પિતાજી, જીનદાસ શેઠના પેલા
કર્મરક્ષિતે નિશાળમાં મને ખુબ ખીજવી છે, તેણે
મારું એવું તો અપમાન કર્યું છે કે પિતાજી આપને પણ
કહી શકાય નહી.

શું તને ખોટી ગાળ દીધી છે? રાજા બોલ્યો.

ના તેણે મારી છેડતી કરી છે. તેણે કહ્યું કે ભાવિની
લાયમાન થતી નથી; એટલે તે મને પોતાની દુષ્ટ વાસના
માં સપડાવવા પ્રયત્ન કરે છે.

રાજા આ સાંભળી ગુસ્સે થઇ બોલ્યોઃ શું તે એવો
દુષ્ટ છોકરો પાક્યો? હું તેની અત્યારેજ ખબર લઉં છું.
હાલ જમી લે.

કર્મરક્ષિતનું તાત્કાલિક વેર લેવાના ઇરાદાથી રાજ-
કુમારી બોલી: ના પિતાજી, હું જમનાર નથી. તે છોકરાને
બોલાવી ચંડાળ પાસે આ પત્થર શિલા સાથે તેને ચાર
વાર પટકાવી તેના શબને જ્યારે ખાળમાં નાંખી દેવ-
રાવશો ત્યારેજ મને શાંતિ થશે અને પછીજ હું નિરાંતે
જમીશ. તે પહેલા હું કોઇ રીતે જમનાર નથી.

રાજાએ જાણ્યું કે તે દુષ્ટ છોકરાંએ મારી પુત્રીને
ખુબ દુઃખ દીધું લાગે છે, માટે પુત્રીના કહેવા પ્રમાણે
અત્યારેજ હું તેની દુર્દશા કરૂં. એમ વિચારી રાજા ક્રોધથી
બોલી ઉઠયો: અરે કોઇ હાજર? તરતજ એક નોકર રાજા
પાસે દોડી આવ્યો અને હાથ જોડી ઉભો રહયો. રાજાએ
કહ્યું: જા, કોટવાળને કહે કે જીનદાસ શેઠના છોકરા કર્મ-
રક્ષિતને પકડીને મારી પાસે જલ્દી હાજર કરે. નોકર
તરત કોટવાળ પાસે ગયો. કોટવાળ જીનદાસ શેઠને ઘેર
ગયો અને કર્મરક્ષિતને રસીથી બાંધી રાજા પાસે હાજર
કર્યો. અચાનક પોતાના ઉપર આફત આવવાથી જીનદાસ
ખુબ ગભરાયો. તે રાજા પાસે આવી પહોંચ્યો અને [illegible]
[illegible] કર્મરક્ષિતને પકડ્યો તે જાણવા નમ્રતાપૂર્વક કહ્યું.
રાજા ક્રોધથી ધમધમી રહ્યો હતો. તેણે [illegible]
જીનદાસ [illegible]
[illegible]

[illegible]

[illegible]

અહાહા! દુષ્ટ મનુષ્યો એક સાધારણ અપરાધને
ટે જગતમાં કેવાં કેવાં ભયંકર દુઃખો કરે છે! તેને ખબર
ી કે હસતાં હસતાં બાંધેલાં કર્મ ઉદયમાં આવતાં
ા પણ છુટકારો થતો નથી. એક કવિએ કહ્યું છે કે;—

હોત કર્મ હોટાળીયે, ખોટે છવ બે વાર;
દુખના ડગલા દેખીયે, ચારે દિશ મોઝાર.
હસતાં હસતાં બાંધીયા, છુટે નહિ રોતાય,
અંગિન સળગે સ્હેલથી, ઓલવતાં દુખદાય.

ભાવિની દેવી કર્મસંહિતને મરી ગયેલોજ સમજતી
ી. પરંતુ તેને ગર્ભમાં રહેલા કર્મની ક્યાં ખબર હતી કે

તેનુંજ લગ્ન કર્મરક્ષિત કુમાર સાથે ભાવિમાં લખાયેલું છે. પત્થર સાથે ચારવાર પટકી કર્મરક્ષિતને જ્યારે ખાળમાં ફેંકી દેવામાં આવ્યો, ત્યારે તેનામાં જીવનો શેષ સંચાર હતો. તેના શ્વાસોશ્વાસ ઘણીજ મંદગતિએ ચાલતાં. તેવામાં ગટરના જાળીઆમાંથી પવનનો સંચાર થયો અને કર્મ રક્ષિતના શરીરને સ્પર્શ થતાં તેના શ્વાસોશ્વાસ વધારે જોરથી ચાલવા લાગ્યા. કર્મરક્ષિતે છુટકારાનો દમ ખેંચ્યો અને ચાર છ કલાકને અંતરે તે સ્વસ્થ બની ગયો. ધીરે ધીરે તે ખાળની બહાર નીકળ્યો. નજીકમાં એક વહોરાનું ઘર હતું. કર્મરક્ષિત કુમારનું તેજસ્વી અને દયામય મુખારવિંદ જોઈ વહોરાને દયા આવી, તેથી છુપી રીતે તેણે પોતાને ત્યાં રાખ્યો અને ઔષધ ઉપચાર કરાવ્યાં. એક માસના અંતરે તે બરાબર સાજો થઇ ગયો. પોતાના ભાવિની પ્રબળતા નીહાળવા કર્મરક્ષિત એક રાત્રે વહોરાને ત્યાંથી ચાલી નીકળ્યો અને જંગલમાં આવી પહોંચ્યો. અહિં તેને એક સિદ્ધપુરૂષનો સમાગમ થયો. સિદ્ધપુરૂષ એટલે વિદ્યા સાધનાર. મંત્રજંત્રનો જાણ. આ પુરૂષની કર્મ રક્ષિતે સેવા કરી. સિદ્ધપુરૂષ તેના પર પ્રસન્ન થયો. તેણે કહ્યુઃ કર્મરક્ષિત, આજથી તારી ભાગ્યરેખા પલટાવાની છે. માટે જા. ઉદ્યમ કર.

કર્મરક્ષિત ત્યાંથી નીકળી કંચનપુર આવ્યો અને નગરના જીર્ણ થયેલા એક બગીચામાં વિશ્રાંતિ લેવા માટે બેઠો. આ બગીચાનો માલીક એક લક્ષાધિપતિ શેઠ હતો. તેને ભરયુવાનીમાં આવેલી એક પુત્રી હતી. તેના

માટે તે યોગ્ય વરની તપાસ કરતો હતો. એક નિમિત્તીયાએ તેને કહેલું કે આ પુત્રીને લાયક એક પુરૂષ આજથી એક માસ પછી એટલે ચૈત્ર સુદ ૧૫ ને દિવસે મધ્યાન્હ સમયે તમારા છુર્ણ બગીચામાં આવશે. તેના પુણ્યશાળી પગલાંથી બગીચો લીલોછમ થઈ જશે. તો તમે તમારી પુત્રીને તે પુરૂષ સાથે પરણાવશો. તે પુરૂષ મહા પ્રતાપી છે અને આગળ જતાં તે રાજ્ય સુખ પામશે. જે દિવસે કર્મરક્ષિત બગીચામાં આવ્યો તેજ ચૈત્ર સુદ ૧૫ નો દિવસ હતો: મધ્યાન્હનો સમય હતો. કર્મરક્ષિતના પુનિત પગલાંથી બગીચો લીલોછમ થઈ ગયો. માળીએ તરત શેઠને ખબર આપી. શેઠ આવ્યો. કર્મરક્ષિતને પ્રેમથી બોલાવી તેનો આદરસત્કાર કરી પોતાને ઘેર લઈ ગયો અને બહુજ ધામધુમ પૂર્વક પોતાની પુત્રી તેને પરણાવી. કર્મરક્ષિત અહિં સુખ ભોગવવા લાગ્યો. શેઠ શેઠાણીને કર્મરક્ષિત પર ઘણીજ પ્રીતિ હતી. આ શેઠ પાસે પાંચ લાખની પુંજી હતી. તેમાંથી અઢીલાખની કિંમતના તેણે બે કડાં કરાવ્યાં હતા. કર્મરક્ષિત પરના અથાગ સ્નેહને લીધે શેઠ તે કડાં કર્મરક્ષિતને પહેરવા આપ્યાં. એકદા શેઠ કંઈ કામસર બહાર ગામ ગયા.

તે પ્રસંગે એક વિશ્વ વિખ્યાત નટી કંચનપુરમાં આવી અને મધ્યબજારના ચોકમાં અદ્ભુત નાટ્ય પ્રયોગો કરવા લાગી. લાખો માણસોની મેદનિ તે જોવા આવી. કર્મરક્ષિત પણ કુશળ નટીના પ્રયોગો જોવા લાગ્યો. નાટ્યની પરિસમાપ્તિ પછી લોકો નટી પર ખુબ

ખુશ થઈ ગયા. અને રૂપીઆ, દાગીના જે કંઇ પોતાની પાસે હતું તે સર્વ નટીને ઇનામમાં આપવા લાગ્યાં. કર્મ રક્ષિત પણ નટીના પ્રયોગો પર આફરીન થયો હતો, તેથી તેણે પોતાની પાસેના અઢી લાખની કિંમતના બંને કડાં નટીને આપી દીધા. નટી ત્યાંથી વિદાય થઇ.

કેટલેક દિવસે શેઠ ઘેર આવ્યા. તેણે કર્મરક્ષિત પાસે પેલાં કડાં જોયા નહિ. શેઠે તે કડાં બાબત પુછયું. કર્મ રક્ષિતે નટીને આપ્યાની વાત કરી. શેઠ તે સાંભળી ઘણાં ગુસ્સે થયાં. કર્મરક્ષિત પર તિરસ્કાર છુટયો. કર્મરક્ષિતની સાથે બોલે નહિ અને રોજ તેના પર ઉદાસ રહે. કર્મ રક્ષિતને આથી ઘણું લાગી આવ્યું. તે સમજ્યો કે અપ્રિતિવાળા સ્થાનકમાં રહેવું ઉચિત નથી. ખરેખર કહ્યું છે કે

ભાવ નહિ આદર નહિ, નહિ નયનમાં નેહ,
તે સ્થળમાં રહેવું નહિ, કંચન વરસે મેહ.

ભલે ગમે તેટલી સંપત્તિ અને સુખ સામગ્રી હોય, પરંતુ જ્યાં પ્રિતિ ન હોય, ત્યાં રહેવું મારે માટે યોગ્ય નથી. એમ વિચાર કરી એક સાંજે કર્મરક્ષિત ઘરમાંથી છાનો માનો બહાર નીકળી ગયો અને દરિયા કિનારે આવ્યો. ત્યાં એક શેઠનું વહાણ જાવા બંદરે જતું હતું. કર્મરક્ષિત તે વહાણમાં બેસી ગયો અને કેટલાક દિવસની મુસાફરી બાદ તે જાવા બંદરે આવી પહોંચ્યો. વહાણમાંથી નીચે ઉતરી પ્રભુ સ્મરણ કરતો તે બંદર પર બેઠો.

હવે એવું બન્યું કે જાવાનો રાજા અપુત્રીઓ મરણ પામ્યો. પિત્રાઈઓ માંહોમાંહે રાજ્ય માટે લડવા લાગ્યા.

રાજજનોએ કહ્યું કે હાથણીને શણગારો, અને તે જેના પર કળશ ઢોળે તે આપણા બધાનો રાજા. સૌએ કબુલ કર્યું. હાથણી શણગારવામાં આવી. તેની સુંઢમાં કળશ મૂક્યો. હાથણી મંદગતિએ ઝુલતી ચાલવા લાગી. પાછળ સ્વજનોનું ટોળું ચાલ્યું. આખા ગામમાં ફરીને હાથણી શહેરની બહાર આવી અને દરિયા કિનારે પહોંચી. લોક ટોળા પાછળ ચાલતું હતું. હાથણી કર્મરક્ષિત પાસે આવી પહોંચી અને તેના પર કળશ ઢોળ્યો. લોકો બોલી ઉઠયાં: હાથણી ભૂલી, હાથણી ભૂલી.

ફરીવાર હાથણી શણગારાઇ. પણ હાથણી કયાં ભૂલે એવી હતી ? ફરીવાર તેણે કર્મરક્ષિત પર કળશ ઢોળ્યો. ફરી લોક બોલ્યું: હાથણી ભૂલી. ત્રીજીવાર હાથણી શણગારી. ત્રીજીવાર પણ તેણે કર્મરક્ષિત પરજ કળશ ઢોળ્યો. સ્વજનોએ આનંદથી કર્મરક્ષિતને ઉંચક્યો. સુંદર વસ્ત્રાલંકારો પહેરાવી તેને હાથીની અંબાડી પર બેસાડયો; અને રાજ્ય મહેલમાં લાવી, તેનો રાજ્યાભિષેક કરાવ્યો અને પોતાના રાજા તરીકે સ્વીકાર્યો !

વહાણ લઇ આવનાર શેઠ ભેટ લઇને નવા રાજા પાસે આવ્યો, રાજાએ ત્હેનો કર માફ કર્યો. અને કહ્યું કે હું રાજા થયો છું. તમે સ્વદેશમાં જાવ, ત્યારે મ્હારા સસરાને કહેજો કે તમારો જમાઈ જાવાનો રાજા થયો છે, તો તમારા કડાં લઇ આવો. અને મરજી પડે તો તમારી દીકરીને સાથે તેડતા આવજો. વહાણવાળો શેઠ સ્વદેશ ગયો અને સઘળી હકીકત કહી. શેઠ જમાઇ પર ઘણા ખુશી થયા

અને પોતાની પુત્રીને સાથે લઈ જાવા આવ્યા. કર્મરક્ષિતે તેનો ખુબ સત્કાર કર્યો અને પ્રેમપુર્વક ત્યાં રાખ્યા.

× × ×

વસંતપુર નગરના જીતશત્રુ રાજાની કન્યા ભાવિનીદેવી ૧૮ વર્ષની થઇ છે. યૌવન સંપુર્ણ ખીલેલું છે. રાજા પુત્રીને માટે યોગ્ય વરની ચિંતા કરે છે. વરની તપાસ માટે તેણે દૂર દૂર દૂતો મોકલી દીધા છે! અને દરેક રાજાઓની છબીઓ લઇને આવવાનું જણાવ્યું છે. તેમાંનો એક દૂત જાવા આવ્યો અને કર્મરક્ષિતની છબી લઇ ગયો. રાજાએ સર્વ દેશના રાજાની છબીઓ એક પછી એક નીહાળવા માંડી. તે સર્વમાં ચઢિયાતી (કર્મરક્ષિત) જાવાના રાજાની છબી જોવામાં આવી. જીતશત્રુ રાજા તે છબી જોઇ ઘણોજ ખુશ થઇ ગયો. અને તરતને તરત વેવિશાળનું સોનેરી શ્રીફળ પુરોહિત મારફત જાવા મોકલાવ્યું. લગ્નનો દિવસ પણ નક્કી કરી મોકલ્યો. કર્મરક્ષિતે તે કહેણ સ્વીકાર્યું. અને પરણવા માટે જાતે આવવાનું કહ્યું. પૂરોહિત વસંતપુરમાં પાછો ફર્યો. રાજાએ ધામધૂમ શરૂ કરી દીધી. રાજમહેલ સુશોભિત રીતે શણગાર્યો. આખું નગર ધ્વજા પતાકાઓ અને તોરણોથી રમણિય દેખાવા લાગ્યું. નિયત સમયે કર્મરક્ષિત ચતુરંગી સેના લઇને વસંતપુરમાં પરણવા માટે આવ્યો. રાજાએ સામૈયું કર્યું. કર્મરક્ષિત તોરણે આવ્યો ચોરીમાં બેઠો. હસ્તમેળાપ થયો. ગોરે મંગળફેરા ફેરવી દીધા. કર્મરક્ષિત અને ભાવિનીનાં લગ્ન થઈ ગયા કેટલાક દિવસ સુધી રાજાએ પોતાના જમાઇને રાખ્યા. ભાવિ

[illegible]

કર્મરક્ષિત [illegible]
ની પ્રેમવિનોદ કરે છે, તેવામાં એક અનુચરે અંદર આ-
વીને ખબર આપી. કર્મરક્ષિતે ખબર આપી. અનુચરે તેમને [illegible] સેવક ગયાથી [illegible] આત્માની [illegible] ઠોકરી ખાવાનું કર્મરક્ષિતને મન થયું. તેથી તેમણે [illegible] સંભળાવ્યો. અનુચર [illegible] આપી [illegible] કર્મરક્ષિતે [illegible] તે [illegible] અને તેના [illegible] લાગ્યો, તેમાં [illegible] કર્મરક્ષિતની આંખ-[illegible] વાગ્યું અને તેમાંથી લોહી નીકળવા માંડયું. [illegible] ગભરાઈ ગયા. તેથી તે [illegible] પાટો [illegible] દીવાનખાનામાં દોડી ગઈ.

ભાવિની ત્યાંથી ઉઠી નહિ. પણ પોતાની પાસે કિંમતી ચીર હતું, તે તેણે તરત ચીરી નાખ્યું, અને કર્મરક્ષિતની આંગળી પર પાટો બાંધવા લાગી. પૂર્વ વાતનું કર્મરક્ષિતને આજ સ્મરણ થઈ આવ્યું. અને તરતજ તે હસી પડયો. આ દ્રશ્ય ભાવિનીએ જોયું. અને આશ્ચર્ય પામીને કર્મ-રક્ષિતને હસવાનું કારણ પૂછયું.

કર્મરક્ષિત બોલ્યોઃ 'પ્રિયા, એ તો અમસ્તુંજ!'

'નહિ, સ્વામીનાથ, જરૂર કહો.' ભાવિની બોલી;

"પણ, કહેવામાં સાર નથી."

"નહિ કહો, તો આજથી મારે અન્ન પાણી હરામ છે."

સમય વિચારી કર્મરક્ષિત બોલ્યો: ત્હારો બહુ આગ્રહ છે તેથી જ મારે કહેવું પડે છે. જો સાંભળ. પ્રિયા. તું જેની સાથે પરણી છે, તે જ હું કર્મરક્ષિત (જીનદાસનો પુત્ર.)

હેં! શું સાચીવાત છે? આશ્ચર્ય પામી ભાવિની બોલી.

હા, મ્હને ધિક્કારનારી પણ તું, શીલા સાથે ચાર વાર પટકાવનાર પણ તું, અને પ્રેમથી મને પાટો બાંધનાર પણ તું! જો ભાવિના લેખ કદાપિ મિથ્યા થાય છે?

માફ કરો નાથ! તે વખતે મારી બાળબુદ્ધિ હતી. પણ વ્હાલા, આપે મને અત્યાર સુધી કહ્યું કેમ નહિ?

ડાહ્યા પુરૂષો સમયને ઓળખે છે. વખત જોયા વિના જેમ તેમ બોલી નાંખવું તે સારૂં નથી. તેમ પાછલું વારંવાર સંભાળી શોક કરવો ઉચિત નથી.

અરેખર, નાથ. અમારી સ્ત્રીની બુદ્ધિ હલકી જ હોય! કૃપાનાથ, મ્હને માફ કરો. મારી ભૂલ થઇ. ભવિષ્યમાં હું આવું કામ કદાપિ નહિ કરૂં.

હવે તો નહિ જ કરેને! પાછળ પસ્તાવો કરતાં પહેલાં પ્રથમથી જ વિચાર કરીને દરેક કાર્ય કરવું જોઇએ. કેટલોક વાર્તાવિનોદ કર્યા બાદ તેઓ છુટા પડયા. અને સ્વકાર્યમાં ગૂંથાયા. નવદંપતિ કર્મને પ્રધાન ગણી હંમેશાં સત્કાર્યો કરવા લાગ્યાં અને સૂખ ભોગવવા લાગ્યા.

સમયાન્તરે એક જ્ઞાનિ મહારાજ પધાર્યા. કર્મરક્ષિત અને ભાવિની વંદન કરવા ગયા. મુનિએ ધર્મબોધ આપ્યો.

જીવે પોતાનો પૂર્વભવ પૂછયો. મહારાજે કહ્યું. હે કર્મરક્ષિત પૂર્વભવે તું એક શેઠનો પુત્ર હતો. ભાવિની ત્હારી સ્ત્રી નામે સ્ત્રી હતી. એક વાર કમળાએ દાણા સૂકવવા માટે તડકામાં મૂકયા. પાછળથી એક ઢોર આવ્યું, અને કંઈ ખાઈ ગયું. તે વખતે ત્હને કમળા પર ખૂબ ક્રોધ ચઢ્યો. એક વજનદાર લાકડી લઈને તેં કમળાના બરડામાં ચાર વાર જોરથી મારી. તેં નિકાચિત કર્મ બાંધ્યું. કેટલેક કાળે તમે બન્ને ધર્મ પામ્યા અને મૃત્યુ પામી દેવલોકમાં ગયા. ત્યાંથી નીકળી તું કર્મરક્ષિત થયો અને કમળા ભાવિની થઈ. પૂર્વે બાંધેલું નિકાચિત કર્મ ત્હમને આ વખતે ઉદય આવ્યું. ભાવિનીએ ત્હને ચાર વાર પત્થર શીલા વડે પટકાવી પૂર્વ ભવનું વેર વાળ્યું! માટે હે જીવ, ક્રોધ કરતાં પહેલાં વિચાર કરવો, અને કર્મને પ્રાધાન્ય ગણી ધર્મ માર્ગે પ્રવર્તન કરવું એજ જીવને સુખદાયક છે.

મહાત્માનું ઉપર્યુક્ત કથન સાંભળી કર્મરક્ષિત પ્રતિબોધ પામ્યો. રાજ્યની સુવ્યવસ્થા કરી, દાનાદિમાં પુષ્કળ દ્રવ્ય વાપરી તેણે મુનિ પાસે દિક્ષા ગ્રહણ કરી. સખ્ત તપ જપ ક્રિયા કરી આત્માના ભાવમાં લીન થઈ, મૃત્યું પામી તે પહેલા સુધર્મ દેવલોકમાં ગયો. અને ત્યાંથી મહાવિદેહ ક્ષેત્રમાં જન્મ ધરી તે મોક્ષગતિના પરમ સુખને પ્રાપ્ત કરશે.

ન્યાયઃ—कडाण कम्माण ण मोक्ख अत्थि કરેલા કર્મ ભોગવ્યા વિના મુક્તિ નથી.

૧૪ ચિત્ત અને બ્રહ્મદત્ત

વારાણુસી નગરીમાં શંખ રાજા રાજ્ય કરતો હતો. તેને નામુચિ નામે પ્રધાન હતો. પ્રધાન વિદ્યાકળામાં કુશળ હતો. પરંતુ તેનામાં વ્યભિચારનું મોટું દૂષણ હતું. એકવાર તે રાજાના અંતઃપુરમાં દાખલ થયો અને રાણી સાથે પ્રેમ સુખ ભોગવવા લાગ્યો. આ વાતની રાજાને કોઈ અનુચર દ્વારા ખબર મળી; એટલે તે તપાસ અર્થે અંતઃપુરમાં આવ્યો. પોતાની રાણી સાથે પ્રધાનને દુરાચાર સેવતો જોઈ રાજાને ઘણોજ ક્રોધ ચઢ્યો. તત્કાળ તેણે પ્રધાનને પકડીને મંગાવ્યો; તેની સર્વ માલમીલ્કત જપ્ત કરી. અને ભુદત્ત નામના એક ચંડાળને બોલાવી પ્રધાનને શહેર બહાર લઈ જઈ ગરદન મારવાનો રાજાએ હુકમ ફરમાવ્યો. પ્રધાનને લઈને ચંડાળ જંગલમાં આવ્યો. અને રાજાનો હુકમ તેને કહી સંભળાવ્યો. આ સાંભળી પ્રધાન ભયથી ધ્રુજવા લાગ્યો અને પોતાને નહિ મારવા તેણે ચંડાળને ઘણીજ આજી[illegible] પૂર્વક વિનંતિ કરી. બદલામાં ચંડાળે કહ્યું કે તું મારા [illegible] પુત્રોને સંગીત કળા શીખવે તો હું તને જીવતો રા[illegible] પ્રધાને તે કબુલ કર્યું. ચંડાળે તેને ગુપ્ત ભોંયરામાં રાખ[illegible] અને તેની પાસે સંગીતવિદ્યા શીખવા તેણે પોતાના [illegible] અને સંભુતિ નામના બે પુત્રોને મોકલ્યા. પ્રધાન આ બ[illegible] સંગીત નૃત્ય આદિ કળાઓ શીખવવા લાગ્યો.

ચંડાળની સ્ત્રી ખુબસુરત [illegible] જોવા સારૂ આવ[illegible] ગુપ્ત ભોંયરામાં આવતી. અને તે પ્રધાન સાથે વાતો [illegible]

રાણી. થોડા સમયના અંતે પ્રધાનને તથા ચંડાળ સ્ત્રીને બંનેને પ્રેમ થયો. પ્રધાન દુરાચારી હોવાથી આ ચંડાળ સ્ત્રીની સાથે વિષય સુખ ભોગવવા લાગ્યો. પાપ કદિ છાનું રહિ શકતું નથી. એ ન્યાયે પ્રધાનના દુષ્કૃત્યની બીના ચંડાળને ખબર પડી. તેણે વિચાર કર્યો. અહો! આ પ્રધાન કેટલો બધો દુષ્ટ છે કે જ્યારે મેં તેને મોતથી બચાવ્યો ત્યારે તે મારીજ સ્ત્રી સાથે પ્રેમ બાંધવા તત્પર થયો! ધિક્કાર છે એ દુરાત્માને, હું હવે તેને તેના પાપનો યોગ્ય બદલો આપીશ. અને સમય આવતાં તેનો ઘાટ ઘડી નાખીશ. આમ વિચારી તે ચંડાળ પ્રધાનને મારી નાખવાની તક શોધવા લાગ્યો. આ વાતની ચંડાળના બંને પુત્રોને ખબર પડી, એટલે તેમણે વિચાર્યું કે આપણે વિદ્યાગુરૂનો બચાવ કરવો જોઇએ. એમ ધારી પિતાની ઈચ્છા તેમણે પ્રધાનને કહી. અને ગમેતે રીતે છટકી જવાનું પ્રધાનને કહ્યું. એટલે તેજ રાત્રે પ્રધાન ગુપ્તરીતે ભોંયરામાંથી બહાર નીકળી ગયો. અને દેશ પરદેશ ફરવા લાગ્યો. કેટલાક વખતે તે હસ્તીનાપુર નગરમાં આવી પહોંચ્યો. અહિં સનંત કુમાર નામે ચક્રવર્તી રાજ્ય કરતો હતો. પ્રધાન તેની પાસે આવ્યો અને દીનવદને તેણે નોકરીની માંગણી કરી. સનંતકુમારે તેને સામાન્ય સીપાઇની નોકરી આપી. પણ પ્રધાન પોતાની બુદ્ધિ અને ખટપટના પરિણામે થોડાજ વખતમાં સનંતકુમારનો પ્રધાન બન્યો. અને સુખ ભોગવવા લાગ્યો.

આ તરફ બંને ચંડાળ પુત્રો સંગીત, નૃત્ય આદિ કળામાં કુશળ બન્યા હતા. એકવાર વારાણસી નગરીમાં

પ્રમોદ મહોત્સવ હતો. સર્વ નગર જનો આનંદમાં મશગૂલ હતા. તે વખતે આ બંને ચંડાળ પુત્રો નગરજનોને પોતાની સંગીત કળા બતાવવા માટે શહેરમાં આવ્યા. અને મુખ્ય રસ્તા પર ઉભા રહી હાથમાં વીણા લઈ સુમધુર કંઠે ગાન તાન કરવા લાગ્યા. સંગીતના મધુર સૂરથી પુષ્કળ માણસો મુગ્ધ બની ગાન તાન સાંભળવા લાગ્યા. તેવામાં કેટલાક લોકોએ આ ચંડાળોને ઓળખી કાઢયા. તેથી એકદમ તેઓ ગુસ્સે થયા. અને પોતાને અભડાવ્યા તે માટે ક્રોધાયમાન થઇ હાથમાં લાકડી પત્થર જે કંઇ આવ્યું તે લઈ આ ચંડાળ પુત્રોને મારવા માટે પાછળ પડયા. બીકના માર્યા ચંડાળ પુત્રો ત્યાંથી નાસી ગયા. અને જંગલમાં આવી પહોંચ્યા.

અહિં બંનેએ વિચાર કર્યો: અહો, જગતમાં કેવા કેવા દુષ્ટ મનુષ્યો વસે છે. આપણામાં સંગીતની સુંદર કળા હોવા છતાં માત્ર આપણી હલકી જ્ઞાતિને ખાતર તેઓ આપણો તિરસ્કાર કરે છે. માટે આપણે હવે આપઘાત કરવો ઇષ્ટ છે. એમ ધારી તેઓ બંને આપઘાત કરવા સારૂં એક ઉંચા પ્હાડ પર ચડયા. અને ત્યાંથી પડીને મરી જવાનો નિશ્ચય કર્યો. તેવામાં એક મુનિ મહાત્મા પહાડ પર બેઠેલાં. તેમની નજર આ બંને પર પડી. મુનિએ પોતાના જ્ઞાનબળે આ બંનેનો મનોભાવ જાણી લીધો. તેથી તે મુનિ બોલ્યા: ભાઈઓ. ત્હમે કોણ છો, અને શો વિચાર કરો છો ? આ સાંભળી બંને મુનિને પગે લાગી બોલ્યા:—મહારાજ. અમે ચંડાળના પુત્રો છીએ. અમારી હલકી

[illegible] કરેલ હતો. મુનિનો આ ઉપદેશ અનેના હૃદયમાં ઉતરી ગયો. પદ્મરાજ તેમજ મુનિ પાસે દિક્ષા લીધી. અને તપ ક્ષેત્રમાં આત્માને ભાવતાં તેઓ ગ્રામાનુગ્રામ વિચરવા લાગ્યા.

ફરતાં ફરતાં તેઓ હસ્તિનાપુર નગરના ઉદ્યાનમાં પધાર્યા. આજે અને મુનિવરોને માસક્ષમણનું પારણું હતું. એટલે તેમાંના એક સવ્રતમુનિ ભિક્ષાર્થે શહેરમાં ફરવા લાગ્યા. તેવામાં નામુચિ નામના પ્રધાને પોતાના મહેલની બારીમાંથી આ મુનિને જતાં જોયાં. તરતજ તેણે મુનિને

ઓળખી કાઢયા, અને વિચાર કર્યો: અરે ! આ તો પેલો ચંડાળનો પુત્ર, તેણે દિક્ષા લીધી લાગે છે, મારી બધી વાત આ જાણે છે, અને કદાપિ તે મારી વાત રાજાને કહેશે તો મારે અહિંથી નાસી જવું પડશે. માટે મારે આ મુનિને ગામમાંથી હાંકી કાઢવા જોઇએ. એમ વિચારી પ્રધાન પોતાના અનુચરો સાથે નીચે આવ્યો અને મુનિ પાસે જઇ તેમને ખુબ માર મારવા લાગ્યો. મુનિ નિઃશસ્ત્ર હતા, તપસ્વી હતા. ત્હેમનાથી માર સહન થઈ શક્યો નહિ. એટલે તરત તેમને અંગે અંગમાં ક્રોધની જવાળા વ્યાપી ગઈ. પોતાની તેજુલેશ્યાના બળે તે મોઢામાંથી ધૂમાડાના ગોટેગોટા કાઢતાં ઉદ્યાન તરફ જવા લાગ્યા. ધુમાડાથી આખું આકાશ અને શહેર છવાઇ ગયું. ચક્રવર્તિએ અનૂચર મારફત જાણ્યું કે કોઇએ જૈનમુનિને સતાવ્યા છે; તેથી આમ બન્યું છે. એટલે ચક્રવર્તી ઉદ્યાનમાં સંભૂતિ મુનિ પાસે ગયાં. તે વખતે બંને મુનિવરોએ અણસણ કરેલો. ચક્રવર્તિએ સંભુતિ મુનિને વંદન કરી કહ્યું. મહારાજ, અમારો અપરાધ ક્ષમા કરો અને શાંત થાઓ. તથાપિ સંભૂતિ મુનિ શાંત થયા નહિ. એટલે ચિત્ત મુનિએ સંભૂતિ મુનિને કહ્યું: હે ક્ષમાશ્રમણ, અનંત પુણ્ય બળે પ્રાપ્ત થયે ચારિત્ર શા સારૂં બાળીને ભસ્મીભૂત કરો છો. માટે સં અને શાંત થાવ. ઉક્ત શબ્દોથી સંભુતિ મુનિ શાંત ફરી ચક્રવર્તિએ તેમને વંદન કર્યું, ચક્રવર્તી સુનંદાએ પણ મસ્તક નમાવીને સંભૂતિ મુનિના વંદન કર્યું. સંભૂતીમુનિ તે વખતે ધ્યાન દ- ધયેલા હતા. જે વખતે ચક્રવર્તીની સ્ત્રી સુનં

દન કર્યું, તે વખતે તેના માથામાં નાખેલ ચંદન ભાવ-
ના તેલનું ટીપું સંભૂતી મુનિના ચરણ પર પડયું. તેણની
ઠંક અને સુગંધથી સંભુતિ મુનિનું ચિત્ત વિહ્વલ બન્યું.
મણે નેત્ર ખોલી ઉંચે જોયું. તો સાક્ષાત્ દિવ્યાંગના સમી
ૌંદર્યવાન સ્ત્રી તેમના જોવામાં આવી. જોતાંજ તે એકદમ
નામાં મુગ્ધ બન્યા અને વિકાર ઉત્પન્ન થયો. તરતજ
મણે નિયાણું કર્યું કે જો મારા તપ સંયમનું ફળ હોય
ા આવતા ભવે મને આ સ્ત્રીરત્ન પ્રાપ્ત થજો. અહા, કાંચન
અને કામીનીનો પ્રભાવ જગત જનોપર કેવો પડે છે. જેનું
અપૂર્વ ચારિત્ર બળ છે, એવા મહાન મુનિવરો પણ સ્ત્રીઓના
સૌંદર્યમાં વિકારવશ બની આત્માનું હિત ગૂમાવી બેસે છે.

ચક્રવર્તી ત્યાંથી સ્વસ્થાનકે આવ્યા. તેમને ખબર પડી
કે મુનિના ક્રોધનું કારણ પ્રધાન હતો. તેથી તેમણે પ્રધાન
પર ગુસ્સે થઇ તેના ઘરબાર લૂંટી લીધા અને તેને રાજ્ય-
માંથી હાંકી કાઢયો. બંને મુનિવરો કેટલાક વખત સુધી
અણુસણ વ્રત પારી કાળાન્તરે કાળ ધર્મને પામ્યા. અને
સૌધર્મ દેવલોકમાં ગયા. ત્યાંથી ચિત્ત મુનિ પુરિમતાલ
નગરમાં એક ધનાઢય શેઠને ત્યાં પુત્રપણે અવતર્યા અને
સંભુતિ મુનિ કંપિલપુર નગરમાં બ્રહ્મભુતિ રાજાને ત્યાં,
તેની ચુલ્લણી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉપજ્યાં. તેજ વખતે
રાણીએ ચૌદ સ્વપ્ન દીઠા. તિર્થંકર અને ચક્રવર્તીની માતા
ચૌદ સ્વપ્ન દેખે છે. અનુક્રમે સવાનવ માસે પુત્રનો જન્મ
થયો. રાજાએ જન્મોત્સવ ઉજવ્યો. અને પુત્રનું નામ 'બ્રહ્મદત્ત'
પાડયું. કેટલાક સમયે રાજા મરણ પામ્યો. કુમાર તે વખતે

ઓળખી કાઢયા, અને વિચાર કર્યોઃ અરે ! આ તો પેલો ચંડાળનો પુત્ર, તેણે દિક્ષા લીધી લાગે છે, મારી બધી વાત આ જાણે છે, અને કદાપિ તે મારી વાત રાજાને કહેશે તો મારે અહિંથી નાસી જવું પડશે. માટે મારે આ મુનિને ગામમાંથી હાંકી કાઢવા જોઇએ. એમ વિચારી પ્રધાન પોતાના અનુચરો સાથે નીચે આવ્યો અને મુનિ પાસે જઇ તેમને ખુબ માર મારવા લાગ્યો. મુનિ નિઃશસ્ત્ર હતા, તપસ્વી હતા. ત્હેમનાથી માર સહન થઈ શક્યો નહિ. એટલે તરત તેમને અંગે અંગમાં ક્રોધની જવાળા વ્યાપી ગઈ. પોતાની તેજુલેશ્યાના બળે તે મોઢામાંથી ધુમાડાના ગોટેગોટા કાઢતાં ઉદ્યાન તરફ જવા લાગ્યા. ધુમાડાથી આખું આકાશ અને શહેર છવાઇ ગયું. ચક્રવર્તિએ અનૂચર મારફત જાણ્યું કે કોઇએ જૈનમુનિને સતાવ્યા છે; તેથી આમ બન્યું છે. એટલે ચક્રવર્તી ઉદ્યાનમાં સંભૂતિ મુનિ પાસે ગયાં. તે વખતે બંને મુનિવરોએ અણસણ કરેલો. ચક્રવર્તિએ સંભુતિ મુનિને વંદન કરી કહ્યું. મહારાજ, અમારો અપરાધ ક્ષમા કરો અને શાંત થાઓ. તથાપિ સંભુતિ મુનિ શાંત થયા નહિ. એટલે ચિત્ત મુનિએ સંભુતિ મુનિને કહ્યુંઃ હે ક્ષમાશ્રમણ, અનંત પુણ્ય બળે પ્રાપ્ત થયેલું ચારિત્ર શા સારૂં બાળીને ભસ્મીભૂત કરો છો. માટે ક્ષમજો અને શાંત થાવ. ઉક્ત શબ્દોથી સંભુતિ મુનિ શાંત પડ્યા. ફરી ચક્રવર્તિએ તેમને વંદન કર્યું, ચક્રવર્તીની સ્ત્રી સુનંદાએ પણ મસ્તક નમાવીને સંભુતિ મુનિના ચરણમાં વંદન કર્યું. સંભુતીમુનિ તે વખતે ધ્યાન દશામાં લીન થયેલા હતા. તે વખતે ચક્રવર્તીની સ્ત્રી સુનંદાએ મુનિને

ચંદન કર્યું, તે વખતે તેના માથામાં નાખેલ ચંદન આવ-નાના તેલનું ટીપું સંભૂતી મુનિના ચરણ પર પડયું. તેહની ઠંડક અને સુગંધથી સંભુતિ મુનિનું ચિત્ત વિહ્વલ બન્યું. તેમણે નેત્ર ખોલી ઉંચે જોયું. તો સાક્ષાત્ દિવ્યાંગના સમી સૌંદર્યવાન સ્ત્રી તેમના જોવામાં આવી. જોતાંજ તે એકદમ તેનામાં મુગ્ધ બન્યા અને વિકાર ઉત્પન્ન થયો. તરતજ તેમણે નિયાણું કર્યું કે જો મારા તપ સંયમનું ફળ હોય તો આવતા ભવે મને આ સ્ત્રીરત્ન પ્રાપ્ત થજો. અહા, કાંચન અને કામીનીનો પ્રભાવ જગત જનોપર કેવો પડે છે. જેનું અપૂર્વ ચારિત્ર બળ છે, એવા મહાન મુનિવરો પણ સ્ત્રીઓનાં સૌંદર્યમાં વિકારવશ બની આત્માનું હિત ગૂમાવી બેસે છે.

ચક્રવર્તી ત્યાંથી સ્વસ્થાનકે આવ્યા. તેમને ખબર પડી કે મુનિના ક્રોધનું કારણ પ્રધાન હતો. તેથી તેમણે પ્રધાન પર ગુસ્સે થઈ તેના ઘરબાર લૂંટી લીધા અને તેને રાજ્ય-માંથી હાંકી કાઢયો. બંને મુનિવરો કેટલાક વખત સુધી અણુસણ વ્રત પારી કાળાન્તરે કાળ ધર્મને પામ્યા. અને સૌધર્મ દેવલોકમાં ગયા, ત્યાંથી ચિત્ત મુનિ પુરિમતાલ નગરમાં એક ધનાઢય શેઠને ત્યાં પુત્રપણે અવતર્યા અને સંભુતિ મુનિ કંપિલપુર નગરમાં બ્રહ્મગુપ્તિ રાજાને ત્યાં, તેની ચુલણી રાણીની કુક્ષિમાં પુત્રપણે ઉપજ્યાં. તેજ વખતે રાણીએ ચૌદ સ્વપ્ન દીઠા. તિર્થંકર અને ચક્રવર્તીની માતા ચૌદ સ્વપ્ન દેખે છે. અનુક્રમે સવાનવ માસે પુત્રનો જન્મ થયો. રાજાએ જન્મોત્સવ ઉજવ્યો. અને પુત્રનું નામ 'બ્રહ્મદત્ત' પાડયું. કેટલાક સમયે રાજા મરણ પામ્યો. કુમાર તે વખતે

બાલ્યાવસ્થામાં હતો. એટલે રાજ્યનો સઘળો કાર્યભાર રાજાએ પોતાની માંદગી વખતે તેના દીર્ઘ નામના એક મિત્ર રાજાને સોંપ્યો હતો. આ દીર્ઘ રાજાને ચુલ્લણી રાણી સાથે આડો સંબંધ હતો. આખો દિવસ અને રાત તે ચુલ્લણીના આવાસમાંજ પડયો રહે અને તેની સાથે પ્રેમ સૂખ ભોગવે. આ વાતની બ્રહ્મદતને ખબર પડી. પોતાની માતાનું દુષણ તેનાથી સહન ન થયું, એટલે એકવાર તેણે દીર્ઘ રાજાને ચોકખું સંભળાવી દીધું કે તમે અંતઃપુરમાં મારી માતા સાથે દુષ્ટ રીતે વર્તો છો, પણ યાદ રાખજો કે હું તમને કોઇ વખત જાનથી મારી નાખીશ. આ શબ્દો સાંભળતાં દીર્ઘરાજાને કાળ વ્યાપ્યો. તેણે સઘળી વાત ચુલ્લણીને કરી. ચુલ્લણીએ દીર્ઘરાજાને કહ્યું: સ્વામીનાથ, તમે ફીકર શીદને કરો છો? હું બ્રહ્મદત્તનો થોડાક વખતમાંજ પ્રાણ લઈ લઈશ અને આપણે સૂખ ચેનથી હંમેશની માફક રહીશું. ચુલ્લણી રાણી બ્રહ્મદત્તનો જાન લેવાની યુક્તિ શોધવા લાગી. તેણે નગર બહાર એક સુંદર લાક્ષાગૃહ તયાર કરાવ્યું અને ત્યાં બ્રહ્મદત્તને રહેવા કહ્યું. બ્રહ્મદત્ત ત્યાં રહેવા ગયો. આ વાત દીર્ઘરાજના પ્રધાન મારફત બ્રહ્મદત્તે જાણી, એટલે તેમણે રાતો રાત તે લાક્ષાગૃહમાંથી છેક શહેર બહાર ભાગોળ સુધીની એક સુરંગ ખોદાવી. [illegible] બ્રહ્મદત્ત અને પ્રધાન પુત્ર બંને તેમાં સૂઈ રહ્યા.

મધ્યરાત્રિનો સમય થયો. રાણી ચુલ્લણી લાક્ષાગૃહ પાસે આવી પહોંચી. એક [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] અને [illegible]

ભાગો મહેલ જતુની કોઠરી, પ્રધાન પુત્ર અને બ્રહ્મદત્ત સ્વાધીન થઈ ગયાં. પ્રધાન પુત્રે સુરંગનું દ્વાર બ્રહ્મદત્તને બતાવ્યું, પ્રહારને જમની એક ઠોકર મારી જમણું દ્વાર તોડી નાંખ્યું, અને તેમાં દાખલ થયા. અને સુરંગ વાટે દૂર બહાર નીકળી બહારના પગે ચાલ્યા. પોતાની અજબ શક્તિના બળે તેણે દેશપરદેશના અનેક રાજાઓ જીત્યા. અનેક સ્ત્રીઓને પરણ્યો અને સૈન્ય લઈને તે દીર્ઘરાજા ઉપર ચઢી આવ્યો. તેને મારીને તે રાજ્યાસને બેઠો. પોતાના પૂર્વ ભવથી અને ચક્રરત્નના પ્રભાવથી તેણે એક પછી એક અનેક દેશો જીત્યા અને છખંડ સાધી તે ચક્રવર્તિ તરીકે દિગ્વીજયી થયો.

એકવાર બ્રહ્મદત્ત રાજસભામાં બેઠો છે, તેવામાં નાટકીયા લોકો ત્યાં નાટક કરવા આવ્યા. નાટકના વિધવિધ પાઠોનું આબેહુબ ચિત્ર દેખી પૂર્વભવમાં દેવલોકમાં નાટક દેખ્યાનું તેને સ્મરણ થયું. અને તરતજ તેને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થયું. તે વડે બ્રહ્મદત્તે પોતાનાં પૂર્વના પાંચ ભવો જોયાં. તેમાં પોતાનો ભાઈ ચિત્ત બધા ભવોમાં સાથેનો સાથીજ જોયો. તરત તેને વિચાર થયો, અહો! મ્હારો પાંચ ભવોનો સંગાથી ભાઈ આ ભવમાં કયાં હશે? એમ વિચારી તેણે એક શ્લોક રચી ગામમાં ઢંઢેરો પીટાવ્યો કે આ મારો અર્ધો શ્લોક જે કોઈ પૂરો કરી આપે, તેને હું મારૂં અધું રાજપાટ આપીશ. તે અર્ધ શ્લોક આ પ્રમાણે હતો.

गोप दासो मृगो हंसो, मतंगामरो यथा . ,

ઉપરનો શ્લોક સર્વ કોઇ મુખપાઠ કરી વારંવાર

બોલે; પણ તેનો બીજો અર્ધો ભાગ કોઇ બરાબર બનાવી શકે નહિ.

હવે આ તરફ ચિત્ત મુનિ પુરિમતાલમાં એક શેઠને ત્યાં જન્મેલા. ઉંમર લાયક થતા એક મુનિ પાસે ઉપદેશ સાંભળી વૈરાગ્ય પામી તેમણે દીક્ષા લીધેલી. તેમને પણ જાતિસ્મરણ જ્ઞાન થયેલું, અને તે પણ પોતાના પુર્વ ભવોનાં સંગાથી ભાઇને ખોળવા ગ્રામાનુગ્રામ વિહાર કરતાં કરતાં કંપિલપુર નગરના ઉદ્યાનમાં આવી પહોંચ્યાં. ત્યાં એક ખેડૂત અર્ધ શ્લોક ગોખતો હતો. તે તેમના સાંભળવામાં આવ્યો. એટલે તેમણે ધાર્યું કે જરૂર મ્હારો ભાઇ અહિંજ છે. એટલે તેમણે ખેડૂતને પાસે બોલાવી તે શ્લોક પૂરો કરી આપ્યો. ખેડુત હર્ષ પામતો રાજસભામાં ગયો અને નીચે પ્રમાણે શ્લોક બોલ્યોઃ—

गोप दासो मृगो हंसो, मत्तंगापरो यथा
एषां पष्ट्यो जाति मन्यामन्य भावि मुक्तयो

આ સાંભળી બ્રહ્મદત્ત આશ્ચર્ય પામ્યો. અને પોતાનો ભાઈ આવો દરિદ્ર થયો, એ તેને લાગી આવવાથી તત્કાળ તે મુર્છા પામ્યો. થોડીવારે શુદ્ધિ આવતાં રાજાએ દમ દઇ ખેડુતને પુછયું કે આ શ્લોક તેં બનાવ્યો? ખેડુત હાથ જોડી બોલ્યોઃ ના મહારાજા. આ ઉદ્યાન પાસે એક મુનિ પધાર્યા છે, તેમણે આ શ્લોક બનાવ્યો છે. આ સાંભળી રાજાએ ખેડુતને થોડુંક ધન આપી વિદાય કર્યો અને પોતે અશ્વારૂઢ થઇ ઉદ્યાનમાં આવ્યો. ત્યાં ધ્યાનસ્થ બેઠેલા ચિત્ત મુનિને તેણે વંદન કર્યું અને કહ્યુંઃ—

અહો બંધુ! આપણે પાંચ ભવોથી એક્ઠા હતા. ૧ અ-
ભવમાં દાસ. ૨ મૃગ. ૩ હંસ. ૪ ચાંડાળ. ૫ દેવ. અને
છઠ્ઠા ભવમાં આપણે બન્ને જુદા થયા તેનું શું કારણ?

ચિત્ત—અહો બ્રહ્મદત્ત! સનતકુમાર ચક્રવર્તીની સુનંદા
સ્ત્રીને દેખીમુનિપણામાં તેં પાપ બાંધ્યો અને તેને
મેળવવાનું તેં નિશ્ચય કર્યું. તેથી આપણે આ
ભવે જુદા પડયા.

બ્રહ્મદત્ત—હે ભાઈ, ગત જન્મમાં મેં ચારિત્ર પાળ્યું તેનું
ફળ મને પ્રત્યક્ષ મળ્યું. પણ તમે ગત
જન્મમાં ચારિત્ર પાળી ભિક્ષુક બન્યા અને આ
જન્મમાં પણ ભિક્ષુક રહયાં. તો તેનું ફળ
તમે કેમ ન પામ્યા?

ચિત્ત—હે બ્રહ્મદત્ત. કરેલા કર્મનું ફળ તો અવશ્ય છેજ.
તું એમ ન સમજતો કે હું સુખી છું અને ચિત્ત
દુખી છે; મ્હારે પણ ઘણી રિદ્ધિ હતી. પણ એકવાર
સાધુ મહાત્માએ મને સમજાવ્યું કે પ્રભુની વાણી
અને જ્ઞાનદર્શન ચારિત્રની લીનતામાં અપૂર્વ સુખ છે;
તેથીજ મેં જગતની ક્ષણભંગુર રિદ્ધિ છોડીને દિક્ષા
લીધી છે.

બ્રહ્મદત્ત—મહારાજ. મારે ત્યાં દેવવિમાન જેવાં
સુંદર મહેલો છે. અનુપમ લાવણ્યવાળી સ્ત્રીઓનાં વૃંદ
છે. અગણિત લક્ષ્મી છે. અનેક વાજીંત્રો છે.' સુંદર નાટારંભ
સદાય ચાલી રહયાં છે. માટે આપ પણ સાધુ ધર્મ છોડી
મારી સાથે રહો. મને સાધુપણું દુખમય દેખાય છે.

ચિત્ત—હે રાજન્! સર્વ ગીતગાન વિલાપ સમાન છે. નાટ્યારંભ વિટંબણા માત્ર છે. અલંકારો ભાર રૂપ છે કામ ભોગો દુઃખ આપનારા છે. વૃથા તેમાં મોહ ન પામ. તે સઘળાનું પરિણામ કેવળ દુઃખ છે અને તપ સંયમ શીલતામાં ખરૂં સુખ રહેલું છે. માટે આ ક્ષણિક કામ ભોગો, નાશવંત લક્ષ્મી, અનિત્ય શરીર ઈત્યાદિનો મોહ છોડો. અને પરમ પવિત્ર સુખદાયક ચારિત્ર માર્ગને ગૃહણ કરો,

બ્રહ્મદત્ત—હે મુનિ. તમારો ઉપદેશ મારા ગળે કોઈ રીતે ઉતરે તેમ નથી. આ વૈભવ, આ મોજશોખ અતુલ લક્ષ્મી, સૌંદર્યવાન સ્ત્રીઓ, નોકર, ચાકર, મહેલાતો, છખંડનું આધિપત્ય એ સર્વ મ્હારાથી કોઈ રીતે છોડી શકાય તેમ નથી.

ચિત્ત—હે રાજન. જો ત્હારાથી તે ન છોડી શકાય તો તું જીવદયા આદિ ગૃહસ્થ ધર્મને અંગીકાર કર અને આત્માની ઉચ્ચ દશાની ભાવના ભાવ. જેથી તું પરલોકમાં સુખ પામે.

બ્રહ્મદત્ત—મ્હારાજ. તેમાંનું કંઇ પણ મ્હારાથી બની શકે તેમ નથી માટે વૃથા ઉપદેશ મને ન આપો.

ચિત્ત—હે બ્રહ્મદત્ત. મ્હારા ઉપદેશની તને કંઈ પણ અસર થઈ નહિ. તો તારી સાથે આ સઘળો મિથ્યા વાર્તાલાપ થયો. તો હું હવે જઇશ.

બ્રહ્મદત્ત—ભલે. આપની જેવી ઇચ્છા.

બ્રહ્મદત્તને ચિત્ત મુનિનો ઉપદેશ રૂચ્યો નહિ. ચિત્ત

[illegible]

૨૫ હરિકેશબળ.

ગંગા નદીના કિનારા પર એક નાનું ગામડું હતું. તેમાં ચંડાળ જાતિના મનુષ્યો રહેતા હતા. ત્યાં બળકોટ્ટ નામે એક ચંડાળ હતો. [illegible] તે ભાગ્યવાન હતો. તેને બે સ્ત્રીઓ હતી. ૧ ગૌરી. અને બીજી ગાંધારી. ગાંધારીથી તેને એક પુત્ર ઉત્પન્ન થયો. તેનું નામ હરિકેશબળ.

હરિકેશ પૂર્વ જન્મમાં બ્રાહ્મણ હતો. અને દિક્ષા લઈને તે દેવલોકમાં ગયો હતો, પણ બ્રાહ્મણ જાતિમાં તેણે પોતાના ઉચ્ચ કુળનો અને અથાગ રૂપનો મદ કર્યો હતો. તેથી તે આ જન્મમાં નીચ કુળમાં ઉત્પન્ન થયો, અને

રૂપના મદથી તે બેડોળ, કાળો અને કદરૂપો થયો. તે બેડોળ પણું જોઈને તેના માબાપ અને સ્વપર જનો ર કોઈ તેની સામે તિરસ્કારની નજરે જોતું. એકવાર ગામમ કંઈક ઉત્સવ હતો. એટલે બધા ચંડાળો એક સ્થળે એકઠ થઇ મોજ શોખ કરી રહ્યા હતા, નાના છોકરાએ નિર્દોષ રમત રમતા હતા. તેવામાં હરિકેશ તેમન પાસે આવ્યો. હરિકેશનો સ્વભાવ તોફાની હતો, તેથી ત છોકરાઓને મારીને રંજાડવા લાગ્યો. છોકરાંઓ રડત રડતાં પોતાના માબાપ પાસે ગયાં. અને હરિકેશે માર્યાક કહ્યું. તેમના માબાપોએ બળકોટને ફરિયાદ કરી. એટલે બળકોટ ક્રોધાયમાન થઈને હરિકેશને મારવા દોડયો. પણ હરિકેશ ત્યાંથી દૂર નાસી ગયો, અને ધૂળના એક ઉંચા ઢગલા પર બેઠો, અને એકઠા થયેલા સ્વજ્ઞાતિ જનો તરફ દૂર નજરથી તે જોવા લાગ્યો. સઘળા ચંડાળો ટોળે મળીને આનંદ કરી રહ્યા હતા, તેવામાં ભયંકર ફુંફાડા મારતો એક વિષધર સર્પ તે ટોળામાં આવ્યો. માણસો ભયભીત બનીને આમ તેમ નાસવા લાગ્યા. એક જોરાવર ચંડાળે આવી તે વિષધર સર્પ ઉપર લાકડીના ફટકો લગાવ્યો. અને સાપના ટુકડે ટુકડા કરી નાખ્યા.

થોડીવારે ફરીથી ત્યાં એક બીજો સર્પ આવ્યો. એક બે માણસો બોલી ઉઠયા મારો. મારો. ત્યારે બીજાઓએ કહયું. ભાઈઓ. આ સર્પને કોઈ મારશો નહિ કારણ કે તે ઝેરી નથી. એટલે કોઇને ઇજા કરશે નહિ. સર્પ ધીરે ધીરે ત્યાંથી ચાલ્યો ગયો. માણસો પુનઃ પ્રમોદ કરવા લાગ્યા.

[illegible] અને જન્મથી [illegible] છે. મહારાજ, મેં હવે જ્યાં શાંતિ ખોળી ત્યાં અશાંતિ નિશ્ચય કરી છે. તો કૃપા કરી બતાવો અને શાંતિનો માર્ગ !

મુનિ સમજ્યા કે આ કન્યામાં જીવ છે, તેથી તેમણે હરિકેશને બોધ આપવા કહ્યું: હે વત્સ, તું શાંતિની શોધમાં છે, તે તને બહાર શોધવાથી નહિ મળે. ખરી શાંતિ ત્હારા આત્મામાં રહેલી છે. આ જીવ અનંત કાળથી ૮૪ લાખ જીવા યોનિમાં રખડવો છે. અને કદાગ્રહ, પ્રપંચ, નિંદા, કષાય, પ્રમાદ વડે સંસારમાં દુઃખ પામે છે. માટે

ભાઈ ,ત્હારે ખરી શાંતિ જોઈતી હોય, તો જગતની સ૦
ઉપાધિ, સર્વ માયાનો પરિત્યાગ કર અને મ્હારી જે
ત્યાગ દશાને આધિન થા, તોજ ત્હારૂં કલ્યાણ થશે. અ
સાંભળી હરિકેશ બોલ્યોઃ—પણ પ્રભુ, હું ચંડાળ છું ને
શું તમે મને દિક્ષા આપી શકશો ?

'હા, ચંડાળ હો તેથી શું થયું, પ્રભુ મહાવીરન
માર્ગમાં સર્વ કોઈને આત્મ કલ્યાણ કરવાનો હકક છે.
મુનિનું કથન સાંભળી હરિકેશબળે ત્યાંજ મુનિ પાસે
દિક્ષા અંગીકાર કરી અને એકાંત તપ કરવા તેઓ જંગલ
માં નીકળી પડયા. ત્યાંથી ફરતાં ફરતાં હરિકેશ મુનિ વારા
ણુશી નગરીના તિંદુક નામના ઉદ્યાનમાં પધાર્યા. અહિ
તિંદુક નામના યક્ષનું મંદિર હતું, તેમાં હરિકેશ મુનિ
કાયોત્સર્ગ ધ્યાનમાં લીન રહયાં. તિંદુક નામનો યક્ષ હરિ-
કેશ મુનિની તપશ્ચર્યા અને ચારિત્રથી પ્રસન્ન થઇ તેમનો
ભકત બન્યો અને સેવા ચાકરી કરવા લાગ્યો.

હવે તે નગરનાં રાજાની પુત્રી ભદ્રા કેટલીક સખીઓ
સાથે આ તિંદુક યક્ષની પુજા કરવા ઉદ્યાનમાં આવી. ત્યાં
તેણે મેલાં ઘેલાં વસ્ત્રવાળા અને કદરૂપા શરીરવાળા હરિકેશ
ને જોયાં. જોતાંજ તે ઘૃણા પામી. અને મુનિની નિંદા
કરવા લાગી. પેલા યક્ષથી મુનિની થતી નિંદા સહન થઈ
નહિ. તેથી તે રાજપુત્રી પર ગુસ્સે થયો, અને ક્ષણભરમાં
તેને જમીન પર પછાડી દીધી. બાળા મુર્છા પામી, અને
બેહોશ બની ગઈ. તેના શરીરમાંથી રૂધીર નીકળવા માંડયું.
આ જોઈ તેની સખીઓ ગભરાઈ ગઈ અને રાજા પાસે

[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible]
[illegible] છે, [illegible]
[illegible]
[illegible] કરું, અને [illegible]
[illegible]
[illegible]
[illegible] છે. [illegible]

રૂદ્રદત્ત નામના પુરોહિત સાથે પરણાવી. પુરોહિત રાજ કન્યા મળવાથી ઘણો રાજી થઇ ગયો.

પુરોહિતે આ કન્યાને પવિત્ર કરવા માટે એક પ્રચંડ યજ્ઞ આરંભ્યો. અનેક બ્રાહ્મણોને તે યજ્ઞમાં નોતર્યા. તે સર્વને જમવા માટે અનેક પ્રકારના સ્વાદિષ્ટ ભોજનો રંધાવ્યા. બ્રાહ્મણો યજ્ઞ મંડપમાં વેદ મંત્રોચ્ચાર બોલવા લાગ્યા. તેવામાં હરિકેશ મુનિ ભિક્ષાર્થે ફરતા ફરતા આ યજ્ઞ પાડામાં આવી પહોંચ્યા.

જાડા હોઠ અને લાંબા દાંતવાળા આ કદરૂપા ચાને કુરૂપ મુનિને દેખી કેટલાક અભિમાની બ્રાહ્મણો ગુસ્સે થઇ બોલી ઉઠયાઃ અસ્પૃશ્ય કોણ છે, અને આ વાઘરી જેવા વેશે અહિં કેમ આવ્યો છે? ચાલ્યો જા અહિંથી જલ્દી, નહિ તો જીવતો નહિ રહેવા પામે.

'આ સાંભળી હરિકેશ બોલ્યાઃ—ભૂદેવો. ક્રોધ ન કરો. હું અહિં ભિક્ષા લેવા સારૂં આવ્યો છું.

'ભિક્ષા બિક્ષા અહિં નહિં મળે. તારા જેવા અધમો સારૂં અમે ભોજન નથી બનાવ્યું. આ ભોજન તો અમારા જેવા પવિત્ર બ્રાહ્મણોને જમવા માટે છે. કદાચ આમાંનું ભોજન વધે તો અમે તે ફેંકી દઇશુ: પણ તારા જેવા કોઢીઆ ભિખારીને હરગીજ નહિ આપીએ માટે ચાલ્યો જ જલ્દી ચાલ્યો જા નહિતો [illegible] અમે તને [illegible] કાઢીશું. ઉક્ત કઠિન શબ્દો બ્રાહ્મણના મુખેથી સાંભળી હરિકેશ બોલ્યાઃ

'હે બ્રાહ્મણો હું બ્રહ્મચારી છું. નિરંતર તપશ્ચર્યા કરું છું, મ્હારે કોઈનો નથી, અને બીજાના અન્નમાંથી નિર્દોષ ભોજન કરું છું. તમે તો યજ્ઞમાં હિંસા કરો છો, જુઠું બોલો છો, બ્રહ્મચર્ય પાળતા નથી, માટે હું પવિત્ર છું તો મને તમારા માટે નીપજાવેલાં ભોજનમાંથી થોડુંક આપો.

આ સાંભળતાં બ્રાહ્મણો બહુ ગુસ્સે થયાં અને મુનિને ત્યાંથી કાઢી મૂકવા તત્પર થયાં. જુવાન બ્રાહ્મણો એકદમ યજ્ઞ મંડપમાંથી બહાર નીકળી આવ્યા, અને સૌ કોઈ મુનિને મારવા લાગ્યા. આ દૃશ્ય તિંદુક યક્ષના જાણવામાં આવ્યું. તેથી તે મુનિની વ્હારે આવ્યો. અને મુનિના શરીરમાં પેસી ગયો. પેસતાંજ તેણે પોતાનાં પ્રચંડ બળથી અનેક બ્રાહ્મણોને લોહી વમતા કરી દીધા. કેટલાકના નાક કાન મ્હોં ફુટી નાખ્યા, કેટલાકના શરીરમાંથી લોહીની ધારાઓ વહેતી કરી દીધી. એટલામાં રૂદ્રદત્ત બ્રાહ્મણ અને રાજકન્યા ભદ્રા ત્યાં આવી પહોંચ્યા ભદ્રા હરિકેશ મુનિને ત્યાં ઉભેલા જોઇ આશ્ચર્ય પામી અને તેમને ઓળખી તેમના ચરણમાં વંદન કર્યું.

ભદ્રાએ બીજા બ્રાહ્મણોને કહ્યું: તમે આ મહામુનિની નિંદા શા માટે કરો છો? આ તો મહાપ્રતાપી તપસ્વી મહાત્મા છે, અને બાળબ્રહ્મચારી છે. યક્ષના પ્રભાવે તે મ્હને પરણ્યા હતા, પરંતુ પોતે બ્રહ્મચારી હોવાથી તેમણે મારો ત્યાગ કરેલો. માટે આ પવિત્ર મુનિને જે જોઈએ તે ખુશીથી આપો. એમ કહી તે મુનિની ક્ષમા માગવા લાગી. યક્ષ આ વખતે

મુનિના શરીરમાંથી પલાયન કરી ગયો. એટલે મુનિએ બાળાને કહ્યું, હે બાળા. હું ત્યાગી અને તપસ્વી છું, મ્હારાથી ક્રોધ થઈ શકે નહિ; પણ યક્ષના પ્રવેશવાથી આમ બન્યું હતું. મારે માસક્ષમણનું આજે પારણું છે. માટે તમોએ યજ્ઞ માટે ઉપજાવેલા આહારમાંથી મને થોડુંક આપો. તરત રાજકન્યાએ હરિકેશ મુનિને ભિક્ષાદાન આપ્યું. સુપાત્ર દાનના પ્રભાવે 'અહોદાન, મહાદાન' એવો ત્યાં આકાશ ધ્વનિ થયો. યજ્ઞ પાઠામાં દિવ્ય સુવર્ણની વૃષ્ટિ થઈ. સૌ કોઈ સ્તબ્ધ બની મુનિની ક્ષમા માગવા લાગ્યા. હરિકેશ મુનિએ તેમને ધર્મબોધ આપ્યો, કેટલાંક બ્રાહ્મણોને મુનિનો ઉપદેશ રૂચ્યો અને દિક્ષા લીધી. એમ અનેક જનોને પ્રતિબોધ પમાડી, અદ્‌ભુત તપશ્ચર્યા કરી હરિકેશ બળ મુનિ ચંડાળ કુળમાં ઉપજેલા છતાં આત્માની ઉચ્ચતમ ભાવનાને ભાવતાં કૈવલ્ય જ્ઞાન પામ્યા, અને નિર્વાણ પદને પહોંચ્યા. ધન્ય છે! હરિકેશ મુનિ સમા મહાન તપસ્વી ક્ષમા શ્રમણને, ત્હેમને આપણા અનેક વંદન હો.

---

૧૬ નેમિરાજ

માળવા દેશના સુદર્શન નગરમાં મણિરથ રાજા રાજ્ય કરતો હતો. તેને યુગબાહુ નામે ન્હાનો ભાઈ હતો. તે યુગબાહુને મદનરેખા નામની સ્ત્રી હતી. રૂપરૂપનો તે ભંડાર હતી. તેનું મુખ પૂર્ણિમાના ચંદ્રને શરમાવે તેવું હતું.

એકવાર મદનરેખાનું દેદિપ્યમાન સુખારવિંદ મણીરથના જોવામાં આવ્યું. જોતાંજ તે ચકિત થઇ ગયો. તેના હૃદયમાં વિકાર ઉત્પન્ન થયો. અને કોઇપણ રીતે તેણે મદનરેખાની સાથે સ્નેહ બાંધવાનું ઇચ્છયું. તે રાજમંદિરમાં આવ્યો. પણ તેને કયાંઇ ચેન પડયું નહિ. પળેપળે મદનરેખાનું સુખારવિંદ તેની નજર આગે તરવા લાગ્યું. મદનરેખાને પોતાના પર સ્નેહ થાય તે માટે તે અનેક પ્રકારના સુંદર વસ્ત્રો, આભુષણો, મેવા મીઠાઇ વગેરે મોકલવા લાગ્યો. મદનરેખા પતિવૃતા સ્ત્રી હતી. તે સ્વપ્નેય અન્યને ચાહે તેવી ન હતી. મણીરથ જે જે ચીજો મોકલે, તેના મદનરેખા સહર્ષ સ્વીકાર કરતી. તે એમ સમજતી હતી કે પોતાના પરના નિર્દોષ સ્નેહને લીધે મણિરથ આ સઘળું મોકલે છે; પણ તેને મણીરથની અધમ વાસનાની ખબર ન હતી. વખત જતાં મણીરથને લાગ્યું કે મદનરેખા મને ચાહે છે. તેથીજ સર્વ વસ્તુઓને તે સ્નેહપૂર્વક સ્વીકાર કરે છે. એકવાર મણીરથે દાસીને મદનરેખા પાસે મોકલી કહાવ્યું કે મણિરથ તમને પ્રેમથી ચ્હાય છે, માટે તમે તેમની પાસે જઇ આનંદ કરો. અને મનગમતા સુખ ભોગવો. તમને યુગબાહુ તરફથી જોઇએ તેવું સુખ મળતું નથી. આ ઉપરથી મદનરેખા તરત મણીરથનો દુષ્ટ ભાવ સમજી ગઇ. અને દાસીને જણાવી દીધું કે જા, લુચ્ચી અંહિંથી જલદી ચાલી જા. નહિતો અહીંજ હું તારા શરીરની દુર્દશા કરી નાખીશ. ફરી આવી વાત મારી પાસે કરી છે તો અહિંથી તું જીવતી જવા નહિ પામે. દાસી ત્યાંથી છુટી અને સઘળી વાત મણીરથને કરી. મણીરથે વિચાર્યું કે જ્યાં સુધી યુગબાહુ જીવતો છે, ત્યાં

પ્રાણીને મારતાં વાર [illegible] નહિ કરે. એમ ધારી તે યુગ-બાહુને મારવા બાગમાંની તક શોધવા લાગ્યો.

સાંજનો સમય હતો. યુગબાહુ અને મદનરેખા ફરવા માટે બગીચામાં આવ્યા હતા. ખુશનુમા પવનની લહેર આવતી હતી. યુગબાહુ આરામ લેવા એક બાંકડાપર સૂતો. મદનરેખા સુગંધીદાર પુષ્પો બાગમાં ચુંટતી હતી. તે વખતે મણિરથ હાથમાં તરવાર લઈને ધીમે પગલે બગીચામાં દાખલ થયો. અને પાછળથી આવી તેણે પોતાની તરવાર મ્યાનમાંથી કાઢી યુગબાહુના ગળાપર ચલાવી દીધી. યુગ-બાહુ કારમી ચીસ પાડી બેહોશ બની ગયો. આ ભયંકર ચીસ સાંભળી મદનરેખા યુગબાહુ પાસે દોડી આવે, તે પહેલાં મણિરથ પૂર વેગે દોડતો ત્યાંથી પસાર થઇ ગયો. અંધકારના આછા પ્રકાશમાં મદનરેખાએ મણિરથને ઓળખ્યો. અને સમજી કે આ દુષ્ટે મ્હારી સાથે સ્નેહ બાંધવા આ ભયંકર કૃત્યુ કર્યું છે. ખેર! પણ મ્હારે હવે મ્હારા પતિની સદ્-ગતિ થાય તેમ કરવું જોઇએ. એમ ધારી મદનરેખાએ છેલ્લાં શ્વાસ લેતાં યુગબાહુના હૃદયમાં ધર્મનું શરણું આપ્યું; થોડીવારે યુગબાહુ મૃત્યુ પામ્યો અને શુભલેશ્યાના પરિણામે તે દેવલોકમાં ગયો. અહિં મદનરેખાએ વિચાર કર્યો કે હવે મ્હારૂં શું થશે? દુષ્ટ મણિધર મ્હારાપર બળાત્કાર કરશે અને મ્હારૂં શીયળ ખંડન કરશે. માટે મ્હારે તેના રાજ્યમાં રહેવું ઉચિત નથી. એમ માની તે મનમાં ધૈર્ય ધારણ કરીને ઉદ્યાનની બહાર નીકળી અને જંગલમાં ચાલી ગઈ. ભાઇના ગળાપર તરવાર

ચલાવી મણીરથ મદનરેખા મેળવવાના સ્વપ્ન સેવતો ઉદ્યાનમાંથી પૂર ઝડપે દોડતો રાજમહેલ તરફ આવતો હતો. તેજ વખતે એક ભયંકર સર્પ પર તેનો પગ પડયો. સર્પ ક્રોધાયમાન થયો અને તરતજ તેણે જોરથી મણિરથના પગને ડંખ દીધો. મણિરથ ભયંકર ચીસ પાડી તત્કાળ મરણને શરણ થઈ ગયો, અને નરકમાં ગયો.

જંગલના ભયાનક કષ્ટો સહન કરતી મદનરેખાએ એક વૃક્ષની ઓથે આશ્રય લીધો. ત્યાં તેણે એક પુત્ર રત્નનો જન્મ આપ્યો. આ પુત્રને એક ચીરમાં વીંટી તેણે વૃક્ષ નીચે મૂક્યો. પોતાના પતિની વીંટી તે પુત્રને પહેરાવી અને તે સ્નાન કરવા માટે નજીકના સરોવરપર આવી. તેવામાં એક મદોન્મત્ત થયેલો હાથી ત્યાં આવી પહોંચ્યો. અને મદનરેખાને તેણે પોતાની સુંઢમાં લઈ અધર આકાશમાં ઉછાળી. મદનરેખા ભયભીત બની. તેવામાં મણિપ્રભ નામના વિદ્યાધરનું વિમાન આકાશમાર્ગે ઉડતું હતું. તે વિમાનમાં મદનરેખા જઈને પડી. મૃત્યુલોકની અપ્સરા જેવી સ્રીને દેખી વિદ્યાધરનું મન ચલિત થયું, અને મદનરેખાને પોતાની સ્રી બનાવવાનું તેણે ચિંતવ્યું. તરત તેણે પોતાનું વિમાન પાછું ફેરવ્યું. મદનરેખાએ વિદ્યાધરને પૂછયું. આપ ક્યાં જાઓ છો? મણિપ્રભ બોલ્યો: હે દેવી. હું મ્હારા સાધુ થયેલા પિતાને વંદન કરવા જઉં છું. પરંતુ તમારા જેવી સુંદર સ્રીનો મ્હને લાભ મળ્યો. તેથી આ વિમાન પાછું વાળી ઘેર લઈ જઉં છું. તમને ત્યાં મૂકીને પછીજ હું પિતાના દર્શને જઈશ. આ સાંભળી મદનરેખાએ કહ્યું:

મને પણ સાધુ દર્શનની ઈચ્છા છે. તો કૃપા કરી મને સાથે લઈ જાવ. વિદ્યાધર કબુલ થયો. વીમાન સીધે રસ્તે ચાલવા લાગ્યું અને થોડા વખતમાં તેઓ મણિપ્રભના દિક્ષિત પિતા મણીચૂડ પાસે આવી પહોંચ્યા. બંનેએ તેમને વંદન કર્યું. સાધુ જ્ઞાની હતા. તેઓ મણિપ્રભનો દુષ્ટ હેતુ જાણી ગયા. એટલે મદનરેખાને નહિ સતાવવાનો અને સતી સ્ત્રીનું રક્ષણ કરવાનો તેમણે મણિપ્રભને ઉપદેશ આપ્યો. મણિપ્રભ પ્રતિબોધ પામ્યો.

મદનરેખાએ જ્ઞાનિ મુનિને વંદન કરી પૂછયું. મહારાજ, મ્હારા બાળકને ઝોળીમાં બાંધી હું વૃક્ષ નીચે મુકી આવી છું. તો કૃપા કરી કહેશો કે તેની શી સ્થિતિ છે. મુનિ બોલ્યાઃ–હે સતી. મિથિલા નગરીનો પદ્મરથ રાજા ક્રિડા કરવા, જંગલમાં આવ્યો હતો, તે તારા પુત્રને જોવાથી પોતાને પુત્ર ન હોવાથી તેને લઇ ગયો છે. જે સર્વ પ્રકારે સુખ શાંતિમાં છે. ત્હારા પુત્ર પર રાજાને ઘણોજ પ્રેમ છે. તે બાળકના રાજ્યમાં આવવાથી સર્વ રાજાઓ પદ્મરથને નમ્યાં, તેથી તેનું નામ 'નમિરાજ ' પાંડયું છે, આ સાંભળી મદનરેખા ખૂબ આનંદ પામી. તેવામાં એક દેવ નાટયાનંદ કરતો ત્યાં આવી પહોંચ્યો. અને પ્રથમ તેણે મદનરેખાને વંદન કર્યું. અને પછી મુનિને વંદન કર્યું. આ જોઇ વિદ્યાધરે આશ્ચર્ય પામી આમ કરવાનું મુનિને કારણ પુછયું. મુનિએ કહયું. મદનરેખા આ દેવની પુર્વ જન્મની સ્ત્રી છે. ને તેણે પતિદેવને મૃત્યુ વખતે ધર્મનું શરણ આપેલું; તેથી ઉપકારને વશ થઇ દેવે આ પ્રમાણે કર્યું છે. આ સાંભળી મણિરથ આનંદ પામ્યો. અને સતીને ધન્યવાદ

આવ્યો, તેવામાં આ આવેલો દેવ સતીને વીમાનમાં ઉપાડી ચાલતો થયો.

રસ્તે જતાં તેણે સતીને કહ્યું, હે પવિત્રસ્ત્રી, મણિરથ મ્હને મારી નાખીને રાજમહેલ તરફ જતો હતો. તેવામાં તેને સર્પ કરડવાથી તે મરી ગયો છે. અને સુદર્શન નગરનું રાજ્ય ત્હારા મોટા પુત્ર સૂર્યયશને મલ્યું છે. માટે હવે તું કહે ત્યાં તને હું લઈ જઉં. આ સાંભળી મદનરેખાએ કહ્યું, દેવ, મ્હારે દીક્ષા લેવી છે તો મને સુવૃતા આર્યાજી પાસે દિક્ષા અપાવો. દેવે તે પ્રમાણે કર્યું. મદનરેખા દીક્ષા લઈ આત્મ-કલ્યાણ કરવા લાગી.

અહિં નમિરાજ અનેક સુખમય સામગ્રીમાં વૃદ્ધિ પામ્યા. યુવાવસ્થાને પહોંચતા તેમને એક હજાર સ્ત્રીઓ પરણાવવામાં આવી. કેટલાક સમય બાદ પદ્મરથ રાજા નમિરાજને રાજ્યાસને સ્થાપી દિક્ષા લઈ ચાલી નીકળ્યાં. એકવાર નમિરાજાનો સુભદ્ર નામનો હાથી મદોન્મત્ત થઇને નાસી ગયો. તે હાથીને સુદર્શન નગરના સૂર્યયશ રાજાના સુભટોએ પકડીને બાંધ્યો. નમી રાજાને આ વાતની ખબર પડી. એટલે પોતાનો હાથી પાછો મોકલવાનું સૂર્યયશને તેણે કહેવડાવ્યું; પણ સૂર્યયશે તે માન્યું નહિ. પરિણામે બંન્ને વચ્ચે યુદ્ધ શરૂ થયું. સૌ પોતપોતાનું લશ્કર લઈ લડવા રણસંગ્રામમાં આવી પહોંચ્યા. આ વાતની મદનરેખાને ખબર પડી; બને ભાઇઓને લડતા અટકાવવા માટે તે પ્રથમ નમિરાજની છાવણીમાં આવી. નમિરાજે તેને દેખી વંદન કર્યું અને અયોગ્ય સમયે છાવણીમાં આવવાનું પ્રયોજન પુછ્યું. જવાબમાં સાધ્વીએ કહ્યું. નમિરાજ, તને ખબર છે કે તું કોની સાથે આ યુદ્ધ ખેલે છે?

ઢો. સુદર્શનના રાજા સૂર્યયશ સાથે.

પણ તે ત્હારો સગો ભાઈ થાય છે. ભાઈ ભાઈની સાથે લડવું શું ઉચિત છે ?

જરૂર નહિ. સતીજી. ચાલો હું અત્યારે જ લડત બંધ કરી મ્હારા ભાઈને મળવા આવું છું.

સાધ્વી. હમણાં નહિ. મ્હને પ્રથમ જવા દે સૂર્યયશની છાવણીમાં.

મદનરેખા સૂર્યયશની છાવણીમાં ગઈ. સૂર્યયશે સાધ્વીને દેખી વંદન કર્યું. મદનરેખા બોલીઃ સૂર્યયશ. હું ત્હારી માતા મદનરેખા છું.

સૂર્યયશ—તો ત્હમારો ગર્ભ ક્યહાં ?

આ નમિરાજ, તેજ મ્હારો ગર્ભ અને ત્હારો ન્હાનો ભાઈ !

સૂર્યયશ આશ્ચર્ય પામ્યો. બંને ભાઈ પ્રેમથી મળ્યાં સૂર્યયશ પોતાનું રાજ્ય નમિરાજને સોંપી દિક્ષા લઈ ચાલી નીકળ્યો. માતા સાધ્વી મદનરેખા યુદ્ધ વિરામ કરાવી ત્યાંથી ચાલી. ગઈ નમિરાજ રાજ્યસુખ ભોગવવા લાગ્યા.

કેટલેક કાળે નમિરાજના શરીરમાં દાહજ્વર નામનો રોગ થયો. અનેક રાણીઓ આસપાસ બેસીને તેમને ચંદન બાવનાના તેલનું વિલેપન કરવા લાગી. રાણીઓએ હાથમાં કંકણો પહેરેલા. તેલનું મર્દન કરતાં કંકણનો થતો અવાજ નમિરાજને દુઃખદાયક લાગ્યો. તેથી તે અવાજ બંધ કરવા તેમણે રાણીઓને કહ્યું. રાણીઓએ ફક્ત એકેક કંકણ હાથ પર રાખી બાકીના કંકણો ઉતારી નાખ્યા. પરિણામે અવાજ

ક્ષય થયો. નમિરાજને શાંતિ થઈ. તરતજ નમિરાજ વિચારમાં લાગ્યા: અહો ! કેવી અનુપમ શાંતિ! બધા કંકણો કેવો કોલાહલ મચાવી રહ્યા હતા ! ખરેખર એકલપણામાંજ સુખ છે. નમિરાજના વિચારો વૈરાગ્યભાવમાં પ્રવેશ્યા. આ ધન વૈભવ નોકર ચાકર એ સર્વ માત્ર કોલાહલમય અને વિઘ્ન રૂપ છે. માત્ર એકાંત ભાવમાંજ પરમ સુખ છે. જો મ્હારો આ રોગ નાબુદ થાય તો જરૂર હું દિક્ષા લઈ એકાંતવાસ સ્વીકારૂં. આ પ્રમાણે વિચાર કરતાં તેને શાંત નિંદ્રા આવી ગઈ. પ્રાતઃકાળ થતાંજ નમિરાજનો રોગ નાબુદ થયો. વીર પુરૂષો જે વિચાર કરે છે, તેને માટે તેઓ મક્કમજ હોય છે. નમિરાજે સર્વ રાજ્ય, રિદ્ધિનો ત્યાગ કર્યો. સ્ત્રીઓનાં, નગરજનોનાં સ્નેહમય વિલાપને છોડી, તેઓ આત્મ કલ્યાણ અર્થે દિક્ષા લઈ ચાલી નીકળ્યા. તે વખતે તેમને દિક્ષા નહિ લેવા માટે દેવે આવી દશ પ્રશ્નો પૂછ્યા. (વિસ્તાર સુત્રમાં) તે સર્વના આત્માને લાગુ પડતાં યોગ્ય ઉત્તરો આપી નમિરાજે સ્વનિશ્ચયમાં મક્કમ રહી પ્રવર્જ્યા અંગીકાર કરી, સખ્ત તપજપ સંવર ક્રિયાઓ કરી, કૈવલ્ય જ્ઞાન પામી તેઓ શાશ્વત સિદ્ધગતીને પામ્યાં. ધન્ય છે પ્રત્યેક બુદ્ધ શ્રી નમિરાજને. હેમને આપણા અગણિત વંદન હો !

---

૧૭ નિર્ગતિ (પ્રત્યેક બુદ્ધ.)

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં પુન્યવૃદ્ધ નામનું ભઠ઼ નગર હતું. એકવાર એક પરદેશી સોદાગર ઉત્તમ ઘોડાએ લઇને વેચવા માટે આ નગરમાં આવ્યો. સારાં ઘોડાએ હંમેશાં રાજાઓ ખરીદે. એમ માની તે સીધો રાજદરબારમ આવ્યો. રાજાને ભેટણું આપી તે બોલ્યોઃ મહારાજા. હું આપને લાયક સુંદર ઘોડાઓ લાવ્યો છું. તો જુવો. અને આપને ગમે, તે ખરીદ કરો. રાજાએ જવાબ આપ્યો. બહુ સારૂં. લાવો, તેમાંનો એક ઘોડો હું પસંદ કરૂં અને તે કેવો છે તેની પરીક્ષા કરૂં. એમ કહી રાજાએ તે ઘોડામાંથી એક બહુજ પાણી પંથો ઘોડો પસંદ કર્યો અને પરીક્ષા કરવા તેનાપર સ્વાર થયો. રાજાએ તે ઘોડાની લગામ ખેંચી એટલે ચપળ ઘોડો પવન વેગે ઉડયો. અને ઘણે દૂર નીકળી ગયો. ઘોડાને ઉભો રાખવા રાજાએ ઉપરા ઉપરી લગામ ખેંચવા માંડી. પણ ઘોડો અવળી લગામનો હતો. તે રાજાને ખબર નહતી. એટલે જેમ જેમ રાજા લગામ ખેંચતો જાય. તેમ તેમ તે દૂરને દૂર જતો જાય. એમ કરતાં તે હજારો ગાઉ નીકળી ગયો. આખરે રાજાએ જાણ્યું કે આ ઘોડો અવળી લગામનો હોવો જોઈએ. એટલે તેણે બીજી તરફ લગામ ખેંચી, તરતજ ઘોડો ઉભો રહયો. રાજાએ છુટકારાનો દમ ખેંચ્યો. તે ઘોડા પરથી નીચે ઉતર્યો. અને જુએ છે તો તે એક વિશાળ પર્વતપર આવી પહોંચ્યો છે. પાસેજ એક દિવ્ય મહેલ છે. રાજાને તે મહેલ જોવા અને તેમાં કોણ રહે છે

તે ત્યાંથી ઇચ્છા થઈ. એટલે તે ધીરે ધીરે આગળ ચાલીને મહેલમાં દાખલ થયો. તરતજ એક નવયુવાન ખુબસુરત સુંદરી રાજા સામે આવી અને બોલીઃ—પધારો રાજન્. આપના પધારવાથી મારે આજ સોનાનો સૂરજ ઉગ્યો. એમ કહી તે સુંદરીએ રાજાનો હાથ પકડયો, અને તેને દીવાન-ખાનામાં લઈ ગઈ. સુંદરીનું તેજસ્વી મુખાર્વિંદ જોઈ રાજા મોહ પામ્યો. સુંદરી પણ રાજાની દિવ્ય આકૃતી દેખી મોહ પામી. અરસપરસ બંનેને પ્રેમ જાગૃત થયો. થોડીવારે રાજાએ પૂછયુંઃ—સુંદરી. આપ કોણ છો અને આ ભયંકર અરણ્યમાં નિવાસ કરીને એકલાં કેમ રહો છો ?

બાળા બોલીઃ રાજન્. મારી કથની બહુ લાંબી છે. હું આપનાં પર મોહ પામી છું. આપ મારી સાથે લગ્ન કરો. તોજ હું મારી આપ વીતી આપને જણાવું. રાજાને તેનાપર પ્રેમ થયો હતો. એટલે ત્યાં બંને જણાએ ગાંધર્વ લગ્ન કર્યું. આ બાળા, વિદ્યાધરની પુત્રી હતી. તેણે પોતાની કથની કહેવી શરૂ કરીઃ—

હે રાજન્, ક્ષિતિપ્રતિષ્ઠિત નગરમાં જીતશત્રુ નામે એક રાજા હતો. તેની રાજસભામાં ચિત્રશાળા ન હતી. તેથી ચિત્રશાળા બનાવવા તેણે અનેક ચિત્રકારોને બોલાવ્યા અને કામ શરૂ કરાવ્યું. બધા ચિત્રકારો યુવાન હતા. માત્ર તેમાં એકજ ચિત્રકાર બહુ વયોવૃદ્ધ અને અશક્ત હતો. રાજાએ તમામ ચિત્રકારને એક સરખું કામ આપી અમુક દિવસમાંજ તે પુરૂં કરવાનું કહયું. તેણે વિચાર ન કર્યો કે યુવાન ચિત્રકારોની જેમ આ વૃદ્ધ ચિત્રકાર સરખું કામ

એકી દિવસે પુરૂં કેમ કરી શકશે ! સૌ ચિતારાઓ પો
પોતાને કામે વળગ્યા. હવે પેલા વૃદ્ધ ચિત્રકારને કન
મંજરી નામે એક પુત્રી હતી. તે રોજ પોતાના પીતાં
ચિત્રસભામાં ભાત આપવા આવતી હતી; પણ આ વૃ
ચિતારાને એવી ટેવ, કે જે સમયે કનકમંજરી ગરમ
ભાત લઈને આવે, તેજ વખતે તે જંગલમાં શૌચ
ક્રિયાએ જાય. એક વખત કનકમંજરી હાથમાં ભોજનનો
થાળ લઈ પિતાને આપવા સારૂં મધ્ય બજારમાં થઈને જતી
હતી, તેવામાં એક રાજકુમાર ભર બજારમાં પોતાનો ઘોડો
પૂરવેગે દોડાવતો અશ્વારૂઢ થઈને જતો હતો, તે કનક
મંજરીની લગોલગ આવી પહોચ્યો. કનકમંજરી ઘોડાની
હડફેટમાં આવે તે પહેલાં તે દૂર ખસી ગઇ અને બચી
જવા પામી. રાજ કુમાર આગળ નીકળી ગયો. ત્યાંથી કનક
મંજરી ચિત્ર સભામાં આવી. અને પિતાને ભાત આપ્યું.
પણ મૂર્ખ પિતા તે વખતે શૌચક્રિયા કરવા ગયો. દરમ્યાન
કનકમંજરીએ પોતાના હાથમાં રંગની એક પીંછી લીધી
અને ચિત્રસભાની દિવાલ પર તે પીંછી વડે એક સુંદર
મોરનું ચિત્ર ચિતર્યું. ચિત્રકળામાં તે એટલી બધી કુશળ હતી
કે તેણે દોરેલું મોરનું ચિત્ર જીવંત મોર જેવું લાગતું.

હવે તે નગરનો રાજા તે દિવસે બરાબર ચિત્રસભા
જોવા આવ્યો. મોરનું ચિત્ર તેને આબેહુબ અને ઘણુંજ
સુંદર લાગ્યું. ચિત્ર જોઈ તે મન સાથે બોલી ઉઠયો:—અહા,
આવો સુંદર મોર અહિં ક્યાંથી? એમ કહી તે મોરને પકડવા
સારૂં રાજા દિવાલ પર હાથ મુકવા ગયો; કનકમંજરી પાછળ

[illegible] તેની હતી. [illegible] આ ચિત્રશાળા જોઈને તે હસી પડી, અને કહેઃ મહારાજ, હું જો [illegible] મૂર્ખ ચોથો હતી, તે આવે અને પછી, રાજાએ [illegible] કનકમંજરી સામું જોયું અને કહ્યું—ચિતારી, ચોથા મૂર્ખ તું કોને કહે છે?

કનકમંજરીએ જવાબ આપ્યોઃ—મહારાજા, પહેલો મૂર્ખ એ કે જેણે યુવાન ચિત્રકારના જેટલી જગા, મરણાં [illegible] પુરી કરવા માટે વૃદ્ધને ચિતરવા માટે આપી છે. [illegible] એટલો વિચાર ન કર્યો કે યુવાન ચિતારાની સાથે [illegible] ચિતારો કામ પુરૂં કેમ કરી શકશે? બીજો મૂર્ખ રાજકુમાર, કે જે અશ્વક વસ્તીમાં પુરવેગે ઘોડાને દોડાવે. ત્રીજો મૂર્ખ મ્હારો પિતા, કે જે ગરમ ભાત જમવા માટે આવતાં તરત તે શોચક્રિયા કરવા ચાલ્યો જાય છે. અને ચોથા મૂર્ખ તમે, કે આ મોર ચિતરેલો છે, છતાં તમે તેને સાચો જાણી તેના માટે જાવ છો! કનકમંજરીના આ ચાતુર્યથી રાજા તેના પર ખુશી થયો. તેણે આ ચતુર કનકમંજરીને પરણવાનો નિશ્ચય કર્યો. તેના વૃદ્ધ પિતાને પુષ્કળ દ્રવ્ય આપી રાજા કનકમંજરીને પરણ્યો.

આ જીતશત્રુ રાજાને એક હજાર રાણીયો હતી. રાજા રોજ એકેક રાણીને મહેલે જાય અને રાતવાસો રહે. કનકમંજરીએ વિચાર કર્યો કે આતો બહુજ ખોટું, કારણ રાજા બરાબર એક હજાર દિવસે મારે ત્યાં આવે. માટે એવી યુક્તિ કરૂં કે તે મારી પાસેને પાસેજ રહે. કનકમંજરીએ તે દિવસે દાસીને કહ્યું કે રાજા અહિં આવે અને

ઉંઘવા માટે, ત્યારે તારે આવીને કહેવું કે રાત ઘણી લ
છે. તો એકાદ વાત કહો. રાજા સમય થતાં કનકમંજ
મહેલે આવ્યો. સંકેત મુજબ દાસી રાણી પાસે અ
અને કહ્યું:– બાઈ સાહેબ, રાત બહુ મોટી છે,
એકાદ વાત કહો તો રાત ખૂટે. કનકમંજરીએ બહુ સ
એમ કહીને વાત માંડી.

હે દાસી, એક રાજાને ત્યાં તેની પુત્રીના લગ્ન હ
તેથી ઘરેણા ઘડાવવા માટે રાજાએ એક ભોંયરામાં
સોનીને કામે બેસાડયાં, ભોંયરામાં તદ્દન અંધારૂં હ
સુર્ય ચંદ્રનો પ્રકાશ ન હતો, તેમ કયાંઇ છિદ્ર પ
ન હતા. રાજાએ ભોંયરામાં ચારે કોર મણિરત્નો મુ
દીધા હતા, જેના પ્રકાશ વડે સોનીઓ નિરંતર ઘડવા
કામ કરતાં. એકવાર એક સોનીએ બીજાને પુછ્યું, ભા
અત્યારે દિવસ છે કે રાત? બીજા સોનીએ જવાબ આપ્યો:
રાત. હે દાસી, સોનીએ કેવી રીતે જાણ્યું કે ને રાત્રિ હતી
દાસીએ કહ્યું. બાઇ. આમાં મને ગમ પડતી નથી, તો તમે
કહો. રાજા પણ આ વાત ધ્યાન દઇ સાંભળતો હતે
રાણીના આ પ્રશ્નનો તેણે ખુબ વિચાર કર્યો પણ તે કોયડ
ઉકેલી શકયો નહિ, અને ઉંઘવાનો ડોળ કરી મૌન રહયો
રાણીને તો કોઇપણ યુકિતથી બીજે દિવસે રાજાને પોતા
મહેલે લાવવાનો હતો; એટલે કનકમંજરી બોલી: દાસ
આજે રાત ઘણી ગઇ છે, તો આવતી કાલે હું કહીશ. બીજ
દિવસે પણ રાજા પ્રશ્નનો ઉત્તર સાંભળવા રાણીને મહેલે
આવ્યો અને પ્રેમ સુખ ભોગવી પલંગમાં ઉંઘવાનો ડોળ
કરી સૂતો. થોડીવારે પેલી દાસી આવી અને રાણીને

કેયું, બાઇ સાહેબ, ગઇ કાલની વાત પૂરી કરો.
યારે તેણે કહયું, દાસી. પેલો સોની રતાંધળો હતો;
રાત્રિએ તે દેખી શકતો ન હતો, તેથી તેણે જાણ્યું કે
રાત્રિ છે. દાસી આનંદ પામી અને બીજી વાત માંડવા
રાણીને કહયું: કનકમંજરીએ બીજી વાત માંડી;
અ પણ શાંત મને સાંભળવા લાગ્યો:—

હે દાસી, એક એવું તીર્થ સ્થાન છે કે જ્યાં એક
હાથનું દેવ મંદીર છે. અને તેમાં ચાર હાથની મુર્તિ
બેસાડી છે ! આ સાંભળી દાસી આશ્ચર્ય પામી બોલી:—
જાઓ, જાઓ, બા. એવું તે કયાંઇ હોતું હશે? કહો જોઇએ:
કનકમંજરીએ કહ્યું. આજે તો ઉંઘ આવે છે, કાલે કહીશ.
રાજાની પણ અધીરાઇ વધી એટલે ત્રીજે દિવસે પણ વાતનો
ભેદ પારખવા રાજા કનકમંજરીના મહેલે આવ્યો, સમય
થતાં દાસીએ આવીને ગઇ કાલની વાતનો અર્થ કહેવા રાણીને
કહ્યું. રાણી બોલી. દાસી, એક હાથના દેવ મંદીરમાં ચાર
હાથની (ચતુર્ભુજની) મુર્તિ બેસાડી હતી. દાસી બોલી.
હા, આ તો સાવ સહેલું હવે બીજી વાત કહો; રાણીએ
વાત શરૂ કરી:—

એક ગામમાં બે ચોર ચોરી કરવા આવ્યા. સીધા તે
રાજમહેલમાં પેઠા, અને રાજાનો ભંડાર લુંટયો. તેવામાં
પહેરેગીરો જાગ્યા અને ચોરને પકડી લીધા. પછી તે
બંનેને છિદ્ર વગરની એક પેટીમાં પુર્યા, પેટીને સીલ કરી
રાજાએ તે પેટી નદીમાં તરતી મુકી દીધી. થોડાંક દિવસ
બાદ પેટી તરતી તરતી કિનારે આવી, એટલે એક માણસે
તે પેટી ઉંચકી લીધી, ઉઘાડીને જોવાં તેમાંથી બે ચોર

નીકળ્યા. પેલા માણસે આશ્ચર્ય પામી તેમાંના એક ચોરને પુછયું: તમે કેટલા દિવસથી અંદર હતા? ચોરે વિચાર કરીને કહ્યું: ચાર દિવસથી. હે દાસી તે તેણે કેમ જાણ્યું! દાસી પ્રશ્નનો જવાબ આપી શકી નહિ, તેણે રાણીને જવાબ આપવા કહ્યું, રાણી બોલી:–આજે તો ઉંઘ આવે છે, કાલે કહીશ. રાજાને પણ નવી નવી વાત સાંભળવામાં રસ પડયો હતો. તેથી ચોથે દિવસે પણ તે આવ્યો. દાસીએ આવી વાત પુરી કરવા કહ્યું. એટલે રાણી બોલી:–હે દાસી. પેલા ચોરને ચોથીઓ તાવ આવતો હતો, તેથી તેણે જાણ્યું કે ચાર દિવસ થયાં હતાં. રાજા પણ આ સાંભળી વિસ્મય પામ્યો. કનકમંજરી રોજ નવી નવી વાતો કહેવા લાગી. અને વાર્તાના રસથી રાજા પણ તેને મહેલે રોજ આવવા લાગ્યો. એમ છ મહિના સુધી કનકમંજરીએ રાજાને પોતાને ત્યાં રાખ્યો. આથી બીજી રાણીઓ કનકમંજરીની અદેખાઇ કરવા લાગી અને તેના છિદ્રો શોધવા લાગી. એકવાર મધ્યાન્હે કનક મંજરી સામાચક કરી નવકાર મંત્રનો જાપ જપતી હતી, તે વખતે રાજાની બીજી રાણીઓએ આ દ્રશ્ય જોઈ રાજાને કહ્યું: પ્રાણનાથ! તમારી કનકમંજરી રાણી તમને વશ કરવાનો વશિકરણ મંત્ર સાધે છે! રાજા આ સાંભળી કનકમંજરીને મહેલે આવ્યો. તેને પ્રભુ સ્મરણ કરતી જોઈ રાજા આનંદ પામ્યો, અને કનકમંજરીની પ્રશંસા કરવા લાગ્યો. અદેખી રાણીયો લજ્જા પામી ત્યાંથી ચાલી ગઈ.

કોઇ એક દિવસે સ્થવીર મહાત્મા પધાર્યા. રાજા અને કનકમંજરી વ્યાખ્યાન સાંભળવા ગયા. મુનિએ ધર્મબોધ આપ્યો. બંનેએ ધર્મ પામી ગૃહસ્થ ધર્મ સ્વીકાર્યો. વિશુદ્ધ રીતે નિયમોનું પાલન કરી બંને દેવલોકમાં ગયા. ત્યાંથી

હું આ પર્વત ઉપર વિદ્યાધરની પુત્રી તરીકે ઉત્પન્ન થઇ. અને તમે પુન્ય વૃદ્ધ નગરમાં રાજા થયા. આ સાંભળી રાજા આશ્ચર્ય પામી બોલ્યો, હે સુંદરી. આ વાત તેં કેવી રીતે જાણી ? કનકમંજરીએ કહ્યું: રાજન્, પુર્વ જન્મમાં મારો પિતા વૃદ્ધ ચિતારો હતો, તે શુભ યોગે દેવલોકમાં ગયો, અને તેણે મ્હને અહિં આવીને મારો પુર્વ ભવ કહયો છે, વળી એક નિમિત્તિયાએ મ્હારા વિદ્યાધર પિતાને કહેલું કે આ પર્વત ઉપર એક રાજા આવશે, તે તેના પુર્વ સ્નેહને લીધે તમારી પુત્રી કનકમાળાનો સ્વામી થશે, રાજન્, મ્હારૂં નામ કનકમાળા છે. અને તેથીજ મેં આપને પતિ તરીકે સ્વીકાર્યા છે ! આ સાંભળી રાજાના આનંદનો પાર રહયો નહિ. તેણે સ્વદેશમાં જવાનો વિચાર કનકમાળાને જણાવ્યો, એટલે કનકમાળાએ તેને શીઘ્ર ગતિની વિદ્યા શીખવી. તે વડે રાજા પોતાને વતન ગયો. પોતાને વિદ્યા સાધ્ય હતી, એટલે તે અવાર નવાર કનકમાળા પાસે આવવા લાગ્યો. ગતિની ચપળતાને લીધે તેનું નામ નિર્ગતિ પડયું.

નિર્ગતિ રાજાને ઉદ્યાનમાં ફરવાનો બહુ શોખ હતો, રોજ તે ઉદ્યાનમાં આવે અને લીલીછમ જેવી લીલોતરી દેખીને આનંદ પામે. નવપલ્લવિત લતાઓની શિતળ છાયા નીચે તે ઘણીવાર સુધી બેસી રહે, અને આલ્હાદ પામે. તેવામાં તેની દ્રષ્ટિ એકવાર ફળ ફુલોથી ખીલેલા એક આંબા તરફ ગઇ, આંબાને દેખી રાજાના આનંદનો પાર રહયો નહિ.

કોઇએક બીજા પ્રસંગે રાજા બગીચામાં આવ્યો. આમ-

પાસના ઝાડો તરફ નજર કરતાં રાજાની દ્રષ્ટિ પેલા આંબા પર ગઈ, વસંત અને ગ્રીષ્મ ઋતુ પુરી થઇ હતી તે વખતે આંબો ફળફુલ રહીત સૂકાયલો રાજાની નજરે પડયો. તે જોતાંજ રાજા એકદમ હતાશ થઈ ગયો, અને ખેદ પામી બોલી ઉઠયો:—અહો! થોડાં વખત પહેલાં આ આંબાનું ઝાડ કેટલું બધું સુંદર દેખાતું! અને આજે તે એકદમ નિસ્તેજ કેમ જણાય છે! તેના ફુલ ફળ બધાં કયાં ગયા? તેના પર્ણો કેમ સુકાઇ ગયાં? શું દરેક ચીજમાં અસ્ત થવાનો ગુણ હશે! હા, જરૂર. રાજા આત્મ વિચારને પંથે વળ્યો. તે બોલ્યો:—શું ત્યારે મ્હારૂં આ સુશોભિત શરીર પણ આખરે આ દશા ને પામશે? શું તે અંતે માટીમાં મળી જશે? અંતરના ઉંડાણમાંથી તેને જવાબ મળ્યો! હા. એકવાર ત્હારા સુંદર દેહની પણ એજ દશા થવાની છે, રાજા વૈરાગ્ય ભાવમાં ચડયો, તેને પુદ્ગળના સ્વભાવનું અને આત્માની દશાનું ભાન થયું. રાજા ઘેર આવ્યો. તેની વૈરાગ્ય વિચાર માળા વધતી ચાલી. તરત તેને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ત્યાંજ રાજાએ સ્વયમેવ પંચ મુષ્ટિ લોચ કર્યો અને દિક્ષા લઈ ચાલી નીકળ્યો. અમુક વખતે કરકંડુ (૧) દ્વિમુખ [૨] નમિરાજ (૩) નિગ્ગઇ (૪) એ ચારેય પ્રત્યેક બુદ્ધ એકઠા થયા અને એક બીજાના દોષને જોતાં જોતાં આત્મભાવમાં આવી કૈવલ્ય જ્ઞાન પામી મોક્ષગતિને પહોંચ્યા! ધન્ય છે, એ ચારેય પ્રત્યેક બુદ્ધને! ત્હેમને અમારૂં કોટિશઃ વંદન હોજો.

૩૮ કરકંડુ

મગધદેશની ચંપાનગરીમાં દધિવાહન નામે રાજા રાજ્ય કરતો હતો. તે જિન ધર્મી ચેડા રાજાની પુત્રી પદ્માવતીને પરણ્યો હતો. એકવાર ગર્ભ ધારણ કરીને ગર્ભકાળમાં રાણીને પોશાક પહેરી, માથે છત્ર ધરી ઉદ્યાનમાં ફરવા જવાનો દોહદ થયો; પણ આ વાત તેનાથી રાજાને કહી શકાય નહિ, તેથી ચિન્તામાં ને ચિન્તામાં તે સુકાવા લાગી. એકવાર રાજાએ રાણીનું ચિંતાતુર વદન અને શરીરની ક્ષીણતા જોઈને ઉદાસીનતાનું કારણ પુછ્યું. રાણીએ વાત વિદિત કરી. રાજાએ તેનો દોહદ પુરો કરવાનું વચન આપ્યું. રાજા રાણી બંને હાથી ઉપર બેસી ઉદ્યાનમાં ફિરવા નીકળ્યા. ફરતે જતાં એકાએક આકાશ ચડી આવ્યું અને જોતજોતામાં ધોધમાર વરસાદ શરૂ થયો. ગાજવીજ પવન અને વરસાદના તોફાનથી હાથી મસ્તીએ ચડયો અને મદોન્મત્ત બનીને નાઠો. પુરવેગે હાથીને નાસતો જોઈ રાજારાણી ગભરાયાં. રાજાએ પદ્માવતીને કહ્યું: હાથી મસ્તીએ ચડયો છે અને તે ક્યાં જઈ અટકશે તે કહી શકાય નહિ; માટે તમે આ સામે દેખાતા ઝાડ પાસેથી હાથી જાય, કે તરતજ તે ઝાડની ડાળી પકડી લેજોઃ હું પણ તેમ કરીશ. બંને કબુલ થયાં. હાથી ઝાડ નીચેથી પસાર થયો કે તરતજ રાજાએ તે ઝાડની ડાળી પકડી લીધી; પણ રાણી તે ડાળીને પકડી શકી નહિ. હાથી રાણીને લઈ પુરવેગે દોડતો ઘણે દુર નીકળી ગયો. દધિવાહન રાજાને આથી ઘણોજ શોક

થયો. તે થોડીવારે ઝાડ પરથી નીચે ઉતર્યો અને રાણીની ફિકર કરતો ઘેર પહોંચ્યો.

હાથી કેટલેક દુર નીકળી ગયા પછી તેને તૃષા લાગવાથી તે એક જળાશય પાસે આવી ઉભો રહ્યો. આ વખતે રાણીએ છુટકારાનો દમ ખેંચ્યો. હાથી પરથી તે ધીરે થી નીચે ઉતરી અને જંગલ માર્ગે ચાલવા લાગી. તેવામાં એક તાપસે તેને જોઇ. જે તાપસ ચેડા રાજાને ઓળખતો હતો. જ્યારે પદમાવતીએ જણાવ્યું કે તે ચેદા રાજાની પુત્રી છે, ત્યારે તાપસે તેને ખુબ આશ્વાસન આપ્યું અને ખાવા માટે ફળફળાદિ લાવી આપ્યાં. પદમાવતીએ તે ખાધા અને તેનો આભાર માન્યો. પછી તાપસે તેને કહ્યું: બેન. અહીંથી થોડેક દુર ધનપુર નામે ગામ છે ત્યાં તમે જાવ. તમને ત્યાં શાંતિ મળશે. એમ કહી તાપસે તેને અર્ધ રસ્તે મુકી ગયો. પદમાવતી ત્યાંથી ધનપુર ગામમાં આવી અને હવે કયાં જવું તેનો તે વિચાર કરતી હતી, તેવામાં તેને એક સાદ્દવીજી મળ્યા. પદ્‌માવતીએ ત્હેમને વંદન કર્યું. તેનું નિસ્તેજ વદન જોઇ સાદ્દવીજીએ તેને ઉપાશ્રયમાં આવવાનું સૂચન કર્યું. પદ્‌માવતી સાધ્વીજીની સાથે ઉપાશ્રયે ગઈ. સાદ્દવીજીએ તેને ધર્મબોધ આપ્યો. પદ્‌માવતીનું હ્રદય વૈરાગ્ય રસથી ભિંજાયું. તેને સંસાર પર તિરસ્કાર છુટયો અને સાદ્દવીજીને દિક્ષા આપવાનું કહ્યું.

પદ્‌માવતી ગર્ભવતી હતી. તે વાત તેણે સાદ્દવીજીને કરી નહિ. સાધ્વીજીએ તો તેને દિક્ષા આપી. પદ્‌માવતી સંયમનો નિર્વાહ કરવા લાગી. થોડોક વખત વિત્યા બાદ

પદ્માવતીનો ગર્ભ કાળ નજીકમાં આવ્યો ત્યારે સાધ્વીજીએ વાત જાણી, એટલે તેમણે કોઈ ગૃહસ્થને ત્યાં ગુપ્ત રીતે પદ્માવતીને રાખી અને તેનો ગર્ભકાળ પૂરો કરાવ્યો. અહિં પદ્માવતીએ એક પુત્રનો જન્મ આપ્યો. સાધુ જીવનમાં પુત્રને સાથે રખાય નહિ એટલે પદ્માવતીએ તે બાળકને રત્નકંબળમાં વીંટયું, અને પોતાના પતિના નામવાળી વીંટી તેને પહેરાવી. બાળકને લઈને તે સ્મશાન ભુમીમાં આવી. ત્યાં બાળકને મુકયું અને તેને કોણ લઈ જાય છે તે જોવા સારૂં તે ઝાડની ઓથે છુપાઈને ઉભી રહી. તેવામાં એક ચંડાળ ત્યાં આવ્યો અને આ બાળકને લઈ ગયો. છાની રીતે પદમાવતી ચંડાળનું ઘર જોઈ આવી અને ત્યાંથી ઉપાશ્રયમાં આવી. તેણે સાધ્વીજીને કહ્યું કે બાળક મરેલું અવતર્યું, તેથી હું તેને સ્મશાન ભૂમિમાં મૂકી આવી છું. પુત્ર પ્રેમને વશ થઈ પદમાવતી સાધ્વી રોજ પેલા ચંડાળને ત્યાં જાય અને પુત્રને રમતો જોઈ આનંદ પામે.

હવે આ પુત્ર દિનપ્રતિદિન વૃદ્ધિ પામતો જાય છે. તેને ખરજવાનું દરદ થયું હતું, તેથી વારંવાર તે પોતાના શરીરને હાથથી ખણ્યા કરે. તેથી તેનું નામ કરકંડુ પડયુ. કરકંડુ સ્મશાન રક્ષકનું કામ કરતો. એકવાર બે સાધુ તે રસ્તે થઈને જતા હતા. તેમાંના એક સાધુ જ્ઞાની હતા. તેમણે કહ્યું. જો કોઈ માણસ આ વાંસની ઝાડીમાંથી પેલા ઉભા વાંસને કાપી લે તો તે રાજા થાય. આ શબ્દો કરકંડુએ સાંભળ્યા. તેમજ ચંપાનગરીનો એક બ્રાહ્મણ તે ઝાડીમાં બેઠેલો, તેણે પણ સાંભળ્યું. કરકંડુ એકદમ તે ઝાડી

પાસે દોડી ગયો પણ તે પહેલાં પેલા બ્રાહ્મણે તે વાંસ કાપી લીધો. કરકંડુ આથી ગુસ્સે થયો. અને તેણે તે વાંસ બ્રાહ્મણ પાસેથી છીનવી લીધો. બ્રાહ્મણે ગામમાં જઈ પંચ ભેગું કરી ન્યાય માગ્યો. પંચે કરકંડુને બોલાવી દંડ આપી દેવાનું કહ્યું. કરકંડુએ કહ્યું. વાંસ નહિ મળે. કેમકે અમારી રખેવાળી છે. પંચે કહ્યું. તને લાકડી આપવામાં શો વાંધો છે? આ બિચારો બ્રાહ્મણ છે તો આપી દે ને? કરકંડુ બોલ્યોઃ-આ જાદુઈ લાકડી છે, તે ન અપાય. કારણકે આનાથી તો મને રાજ્ય મળવાનું છે. આ સાંભળી સઘળા બ્રાહ્મણો હસીને બોલ્યાઃ એમ છે તો ભલે તું રાખ. પણ તને રાજ્ય મળે તો આ બિચારાને એક ગામ આપજે હો.

અરે! એકના બદલે બે ગામ આપીશ. ચિંતા શીદને કરો છો? એમ કહી કરકંડુ લાકડી લઈને ઘેર આવ્યો. પેલા બ્રાહ્મણને તો ક્રોધ માયજ નહિ. તેણે કરકંડુનો ઘાટ ઘડી નાખવાનો વિચાર કર્યો. કરકંડુને આ વાતની ખબર પડી. એટલે તે ગામ છોડીને ચાલી નીકળ્યો. અને પહોંચ્યો કંચનપુર. ત્યાંના એક બગીચામાં તે વિશ્રાંતિ લેવા માટે બેઠો. કંચનપુરનો રાજા અપુત્રિઓ મરણ પામેલો. પ્રજાએ રાજા નક્કી કરવા એક અશ્વને છુટો મૂક્યો. અશ્વ ફરતો ફરતો જ્યાં કરકંડુ બેઠો છે ત્યાં ઉદ્યાનમાં આવ્યો અને તેના માથા પર હણુહણાટ કર્યો. એટલે પ્રજાજનોએ જયવિજય ધ્વનિ કરી કરકંડુને ઉંચકી લીધો અને રાજ્યાસને બેસાડ્યો. આ વાતની પેલા બ્રાહ્મણને ખબર પડી એટલે તેને વધારે

ક્રોધ ચઢ્યો. તે કરકંડુ પાસે આવ્યો. અને તેને બીક દેખાડી. કરકંડુએ પેલો લાકડાનો દંડ ફેરવ્યો એટલે તેમાંથી અગ્નિના તણખા નિકળવા લાગ્યા. બ્રાહ્મણ ગભરાયો અને બે હાથ જોડી બોલ્યો. ભાઈ જેના કિસ્મતમાં રાજ્ય હોય તેજ ભોગવી શકે. પણ તમે મને વચન આપ્યા મુજબ એક ગામ તો આપશો ને ? કરકંડુએ કહ્યું. હા. જરૂર. પણ તારે કઈ જગ્યાએ ગામ જોઈએ છે ? બ્રાહ્મણ બોલ્યોઃ ચંપાનગરીની પડોશમાં. કરકંડુએ ચંપાનગરીના દધિવાહન રાજા પર એક ચીઠી લખી આપી. બ્રાહ્મણ ત્યાં ગયો અને રાજાને ચીઠી આપી. આ બ્રાહ્મણ ચંડાળ જાતિનો હતો. તેની દધિવાહનને ખબર પડતાં તે ઉશ્કેરાયો. તેણે ચીઠીના ટુકડે ટુકડા કરી ફેંકી દીધા, અને બ્રાહ્મણને માર મારી નસાડી મૂકયો. બ્રાહ્મણ કરકંડુ પાસે આવ્યો અને સઘળી વાત કહી. આથી કરકંડુ બોલ્યોઃ શું દધિવાહનને આપણી ચંડાળ જાતિપર આટલો બધો તિરસ્કાર ? એમ કહી તેણે સેનાપતિને બોલાવી લશ્કર તૈયાર કરાવ્યું અને દધિવાહન સામે લડવા નીકળ્યો. દધિવાહન પણ પોતાનું લશ્કર લઈ લડવા માટે મેદાનમાં આવ્યો.

આ વાતની પદ્માવતી સાધ્વીને ખબર પડી. એટલે તરતજ તે કરકંડુના તંબુમાં આવી. સાધ્વીજીને દેખી કરકંડુએ પ્રણામ કર્યા. અને આગમનનું કારણ પૂછયું. જવાબમાં સાધ્વીજી બોલ્યાઃ કરકંડુ, તું જેની સાથે આ યુદ્ધ ખેલે છે, તે તારો પિતા છે, એ તું જાણે છે ?

કરકંડુ આશ્ચર્ય પામી બોલ્યોઃ ના, મહાસતીજી. કહો કેવી રીતે ?

'જો આ વીંટી. તે પર કોનું નામ છે?'

વીંટી પર દધિવાહનનું નામ જોઈ કરકંડુ વિસ્મય પામ્યો. સાધ્વી બોલ્યા. કરકંડુ, સબુર. મને એકવાર જવા દે ત્હારા પિતા પાસે. એમ કહી સાધ્વી દધિવાહન પાસે ગયા અને કહ્યું.

'રાજન્ તમારી પદ્મમાવતી રાણીને હાથી લઈ ગયો. પછી તેનું શું થયું તે તમે જાણો છો'?

'નહિ, મહાસતીજી. હું તેમાંનું કશુંયે જાણતો નથી.'

'હું પોતે જ પદ્મમાવતી' સાધ્વીજી બોલ્યા.

'ત્યારે તમને ગર્ભ હતો તેનું શું થયું!' રાજાએ આશ્ચર્યથી પૂછયું.

તેજ આ કરકંડુ, કે જેની સામે તમે યુદ્ધ ખેલો છો.

રાજા દિંગમૂઢ બન્યો. યુદ્ધ બંધ થયું અને તે કરકંડુ પાસે આવી પ્રેમથી તેને ભેટયો. સાધ્વીએ તેમને ધર્મબોધ આપ્યો. દધિવાહન રાજા વૈરાગ્ય પામ્યો અને ચંપાનગરીનું રાજ્ય કરકંડુને સોંપી દીક્ષા લઇ તે ચાલી નીકળ્યો.

હવે કરકંડુ ન્યાયપૂર્વક રાજ્ય ચલાવે છે. કરકંડુને ગાયના ગોકૂળ બહુ પ્રિય હતા. એકવાર એક બાળ-વાછરડાને જોઈ તેને તેના પર ખૂબ પ્રેમ થયો. તેથી તેણે ગોવાળને કહ્યું. આ ગાયને તમે દોહશો નહિ અને સઘળું દુધ આ વાછરડાને પીવરાવી દેજો. ગોવાળે તે પ્રમાણે કર્યું. એટલે વાછરડો શરીરમાં હૃષ્ટપૃષ્ટ થયો. તે દેખી કરકંડુને ઘણો આનંદ થયો. સમય જતાં તે વાછરડો ઘરડો થયો. તેથી તે અશક્ત અને નિર્બળ બની ગયો. એકવાર કરકંડુએ ગોવાળને

[illegible] કેવો જરજરીત કરી મૂક્યો? [illegible] અને સામર્થ્ય રહિત [illegible]. તેનું મન માં વિચાર કર્યો; અરે, જગતની અંદર આ દશા! શું આ જગતમાં અનિત્યતા તો જુઓ કે પુનઃ આ સ્થિતિએ પહોંચવાનું! જે ઉદય થયું તે અસ્ત થવાનું છે, જીર્ણ તે નવીન થવાનું છે. ઉદય થયું તે અસ્ત થવાનું છે. તો મારે શા માટે [illegible] કરવું. એમ આત્મભાવના ભાવતાં કરકંડુને ત્યાંજ જાતિસ્મરણ જ્ઞાન થયું. તરત તેણે સ્વયમેવ પંચમુષ્ટિ લોચ કર્યો અને દીક્ષા લીધી. ઘણાં તપ જપ સંયમ કરી પૂર્વની દુષ્ટ ભાવનાને નિવારતાં તે કેવલ જ્ઞાન પામ્યા. અને મોક્ષમાં ગયા.

ધન્ય છે! પ્રથમ પ્રત્યેક બુદ્ધ શ્રી કરકંડુને!

---

૧૯ દ્વીમુખ

પાંચાળ દેશના કંપિલપુર નગરમાં જય નામે રાજા રાજ્ય કરતો હતો. તેને ગુણમાળા નામે રાણી હતી. ઉભય દંપતિ બહુજ ધર્મિષ્ઠ હતા. તેમને જૈન ધર્મ પ્રત્યે ઘણો પ્રેમ હતો. એકવાર રાજા કચેરી ભરીને સભામાં બેઠા છે, તેવામાં એક પરદેશી ચારણ રાજસભામાં દાખલ થયો, અને મહારાજાના ગુણોની પ્રશંસા કરવા લાગ્યો. આ સાંભળી રાજા બોલ્યોઃ–બારોટજી, તમે દેશ દેશાવરમાં ફરો છો, અનેક રાજસભામાં જાઓ છો, તો તમે મારી સભામાં કોઇ વસ્તુની ઉણપ જોઇ શકતા હો તો જરૂર કહો, કેમકે માત્ર આ-

ઋસ્લાઘા મ્હને પસંદ નથી. આ સાંભળી બારોટે રાજસભામાં ચોતરફ નજર કરી, તો તેને એક વસ્તુની ઉણુપ લાગી. એટલે તે રાજા પ્રત્યે બોલ્યોઃ-મહારાજા આપની રાજસભામાં બધુંયે સુંદર અને વ્યવસ્થિત છે, પણ એક ચિત્રશાળા નથી તેજ મોટી ઉણુપ છે. આ સાંભળી રાજાએ કહ્યુંઃ બરાબર છે બારોટજી તમારૂં કહેવું બરાબર છે. એમ કહી તરતજ રાજાએ કુશળ ચિત્રકારોને બોલાવ્યા. અને સભાના હોલમાં એક ચિત્રશાળા તૈયાર કરવાનું કહ્યું.

ચિત્રકારોએ આવી કામ શરૂ કર્યું. પ્રથમ તે મકાનનો પાયો ખોદવા માંડયો કે તરતજ તે પાયામાંથી એક રત્નજડિત્ર મુગટ નીકળ્યો. કારીગરોએ તે મુગટ રાજાને આપ્યો. દિવ્ય મુગટ જોઇ રાજા આનંદ પામ્યો અને તેણે તે પોતાને માથે મુકયો. મુગટ કેવો શોભે છે તે જાણવા સારૂં રાજાએ પોતાનું મ્હોં આરીસામાં જોયું. એટલે તેમાં તેને પોતાના બે મ્હોં દેખાયા. તે ઉપરથી તેનું નામ દ્વિમુખ તરીકે પ્રસિદ્ધ થયું.

ચિત્રકારોએ ચિત્રશાળા તૈયાર કરી. તેની આરોહણ ક્રિયા માટે તે મકાનની વચ્ચે તેમણે એક સુશોભિત સ્તંભ ઉભો કર્યો. સ્તંભને વસ્ત્રાલંકારોથી શણગારી ભવ્ય અને આકર્ષક બનાવ્યો. રાજા આ ચિત્રશાળાની આરોહણ ક્રિયા કરવા માટે આવ્યો. ચિત્રશાળાની નમુનેદાર કારીગીરી જોઇ તે ખૂબ સંતોષ પામ્યો. એટલું જ નહિ પણ સ્તંભની ચમત્કૃતિ અને મોહક દેખાવ જોઇ રાજાના આનંદનો પાર રહ્યો નહિ.

તે હર્ષપૂર્વક બારોટ પ્રત્યે બોલ્યોઃ કેમ બારોટજી, હવે આ ચિત્રશાળા બરાબર છે ને ? બારોટે જવાબ આપ્યોઃ

હા, મહારાજા. અત્યાર સુધી આવી ચિત્રશાળા મેં ક્યાંઈ જોઈ નથી. રાજા આનંદ પામી સ્વસ્થાનકે આવ્યો.

કેટલાક દિવસ બાદ પેલો ઉભો કરવામાં આવેલો સ્તંભ ઉખાડી લેવામાં આવ્યો. તેના પરથી વસ્ત્રાલંકારો લઈ લઈને માણસોએ તે લાકડાનો સ્તંભ ચિત્રશાળાના એક ખુણામાં આડો ફેંકી દીધો. વખત જતાં આ લાકડાપર રજ ધૂળ વગેરે જમા થયું. પરિણામે સ્તંભ તદ્દન બેડોળ લાકડાના ઠુંઠા જેવો બની ગયો. એકદા પ્રસંગે રાજા ફરીથી આ ચિત્રામણ સભામાં આવ્યો. ત્યાં તેણે એક ખુણામાં લાકડાનું ઠુંઠું પડેલું જોયું. તે જોઇને તેણે પાસે ઉભેલા રક્ષકને પૂછ્યું. અલ્યા, આ લાકડું અહિં કેમ મૂક્યું છે ? રક્ષકે જવાબ આપ્યો; મહારાજા. આપે સભામંડપ કરાવ્યો, તે વખતે જે સ્તંભ ખોડવામાં આવ્યો હતો, તે સ્તંભ ઉતારી લઇને અહિયાં મુકયો છે.

રાજા આશ્ચર્ય પામી મન સાથે બોલી ઉઠયો. પેલાં ભવ્ય અને સુંદર સ્તંભની આખરે આ દશા ? શું ત્યારે તે માત્ર વસ્ત્ર અને અલંકારોથીજ સુંદર લાગતો ? ખરેખર મારૂં શરીર પણ એકવખત આ દશાને પામશે ! અત્યારે સુશોભિત દેખાતા મ્હારા આ શરીરની પણ આખરે આ લાકડાના ઠુંઠા જેવી દુર્દશા થવાની જ ! તો પછી આજેજ, અરે અત્યારે જ શા માટે આ શરીર પરથી મમતા ન ઉતારવી ? રાજાનો

ક્યાં ભરૂંસો છે? ખરેખર પર વસ્તુઓજ માત્ર આ જીવને મુંઝવે છે, પૌદ્‌ગળિક વસ્તુઓના મોહમાં અંધ બની ખરેખર મેં આત્મકલ્યાણ સાધ્યું નહિ. એક મુમુક્ષુએ ખરૂંજ કહ્યું છે કે—

પર વસ્તુમાં નહિ મુંઝવો, એની દયાને મુજને રહી;
એ ત્યાગવા સિદ્ધાંત કે પશ્ચાત્‌ દુખ તે સુખ નહી.
હું કોણ છું? ક્યાંથી થયો? શું સ્વરૂપ છે મારૂં ખરૂં?
કોના સબંધે વળગણા છે? રાખું કે એ પરિહરૂં?

હા. ખરેખર એ બધી વળગણાઓ ત્યાગવા યોગ્ય છે. એમ કહી દ્વીસુખ રાજાએ ત્યાંજ પોતાના સઘળાં વસ્ત્રાલંકારો ઉતારી નાખ્યા, અને પંચમુષ્ટિ લોચ કરી સ્વયંમેવ દિક્ષા લઈ ચાલતાં થયાં ખૂબ તપજપ સંવર કરી કૈવલ્ય જ્ઞાનને પામી દ્વીસુખ પ્રત્યેક બુદ્ધ મોક્ષપદને પામ્યા.

---

૨૦ ચંદન મલયાગીરી

પૂર્વે કુસુમપુર નામે ભવ્ય નગર હતું. ત્યાં ચંદન નામે રાજા રાજ્ય કરતો હતો. તેને મલયાગીરી નામે સુશીલ અને સ્વરૂપવાન રાણી હતી. તેનાથી તેમને બે પુત્ર થયા. ૧ સાયર. બીજો નીર. રાજા ન્યાયી અને સત્યપ્રિય હતો. એકવાર કુસુમપુર નગરપર એક બળવાન રાજા સૈન્ય લઈને ચઢી આવ્યો. ચંદન રાજા બહાદુરીથી તેની સામે લડ્યો, પરન્તુ જોરાવર લશ્કર સામે તે ફાવી શક્યો નહિ. તેના સેંકડો સૈનિકો કપાઈ મુઆ. દુશ્મન રાજાના સિપાઈઓ

શહેરમાં પેઠા. અને રાજમહેલ પર ધસી આવ્યા. ચંદન રાજા ગભરાયો તેથી તે પોતાની સ્ત્રી મલયાગીરી અને બે પુત્રોને સાથે લઇ ગુપ્ત રસ્તે મહેલમાંથી બહાર નીકળી ગયો અને જંગલમાર્ગે ચાલ્યો. અનેક પહાડ પર્વતો નદીનાળાઓ વટાવતો ચંદન રાજા આખરે કંચનપુર નામના એક નગર પાસે આવી પહોંચ્યો. અહિં ચંદન રાજાએ વિચાર કર્યો કે હવે સમયને માન આપી જે કંઇ ધંધો મળે તે આનન્દથી કરવો અને કુટુંબનું રક્ષણ કરવું. આવો વિચાર કરી તે કંચનપુર નગરની ભવ્ય બજારમાં ફરવા લાગ્યો. તેવામાં તેણે એક શાહુકારની પેઢી જોઇ. શાહુકાર અંદર ગાદી તકીયા ઉપર બેઠો હતો. આસપાસ નોકર ચાકરો કામ કરતા હતા. ચંદને વિચાર્યું કે આ શાહુકાર સજ્જન પુરુષ જણાય છે. એમ ધારી તે શાહુકાર પાસે ગયો અને તેને પ્રણામ કર્યાં.

શાહુકારે પુછયું: ભાઈ તમે કોણ છો અને અહિં કેમ આવ્યા છો ?

ચંદન રાજા બોલ્યો. શેઠ. અમે પરદેશી છીએ અને પેટ ગુજારો કરવા આવ્યા છીએ. મારી સાથે મારી એક સ્ત્રી અને બે છોકરાઓ છે. આપ દયાળુ છો તેથી મને આશા છે કે તમે અમને બધાને નોકરીપર રાખશો અને આશ્રય આપશો.

શેઠ ભલો અને દયાળુ હતો. તેથી તેણે કહ્યું: ભલે હું તમને બધાને નોકરામાં રાખી લઉં છું. એમ કહી શેઠે ચંદન રાજાને પોતાને ત્યાં ભુજ પગારે નોકરીમાં રાખ્યો. મલયાગીરીને તેણે વાસણ માંજવાનું અને સાયર નીરને

ગાયો ચારવાનું કામ સોંપ્યું. આ રીતે ચંદન મલયાગીરી અને બે પુત્રો શેઠને ત્યાં નોકરીમાં રહ્યા. અને શહેરની બહાર નદી કિનારે એક નાનીશી ઝુંપડી બાંધીને તેમાં તેઓ સઘળાં આનંદપૂર્વક રહેવા લાગ્યા.

એકવાર એક ધનાઢ્ય વણઝારો કરીયાણાની પુષ્કળ ગાડીઓ ભરીને માલ વેચવા સારૂં કંચનપુર નગરમાં આવ્યો. અને શહેર બહાર એક તંબુ નાખી સસ્તા ભાવે તે માલ વેચવા લાગ્યો. ફાયદેથી માલ મળતો જોઈ શહેરના હજારો સ્ત્રી પુરૂષો તે જગ્યાએ માલ ખરીદવા આવવા લાગ્યા. પરિણામે રોજ ત્યાં માણસોનો મોટો મેળો ભરાવા લાગ્યો.

આ વાતની મલયાગીરીને ખબર પડી. એટલે તેણે વિચાર્યું કે શહેર બહાર માણસોની ઠઠ સારી જામે છે, તો હું કંઇક ચીજ લઇને ત્યાં વેચવા જાઉં; કે જેથી મને બે પૈસાની પ્રાપ્તિ થાય. અને કુટુંબ નિર્વાહનું દુઃખ અમારે ભોગવવું પડે નહિ. એમ ધારી જ્યારે ચંદન રાજા ઘેર આવ્યો ત્યારે મલયાગીરીએ નમ્રભાવે ચંદન રાજાને કહ્યું. સ્વામીનાથ. આપણે પેટને અર્થે દાસનું કામ કરીયે છીએ, છતાં આપણને પેટ પુરતું ખાવાનું મળતું નથી. શહેર બહાર માણસોનો મોટો મેળો ભરાય છે, જો આપની આજ્ઞા હોય તો હું ત્યાં લાકડા વેચવા જઉં. પરિણામે આપણને બે પૈસા મળશે અને આપણો ગુજારો ચાલશે. પૈસાના લોભને વશ થઈ ચંદન રાજાએ હા કહી. મલયાગીરી ચંદન રાજાની રજા લઈ લાકડા લેવા જંગલમાં આવી. આસપાસથી લાકડા એકઠાં કરી તેણે એક ભારી બાંધી અને તે લઈને પેલા

જુદી જુદી જગ્યા પાસે નકામાં લાકડી મૂકીને વેચવા લાગી. અને જે કોઈ પૂછે તેને લાકડીનું મૂલ્ય કહેવા લાગી.

મલયાગીરીએ કંઈ કેટલાક દહાડાએ તેનો ધંધો. તેનું ઘર પૂર્ણિમાના ચંદ્રને કલંકિત બનાવે તેવું હતું. તેના રૂપે ઉત્તમ કુળની ગરીબની કાંતિ જો કોઈને મુગ્ધ બનાવે તેવી હતી. મલયાગીરીનો મધુર કંઠ તંબુમાં રહેલા વણજારાએ સાંભળ્યો. સાંભળતાંજ તે ચમક્યો અને બહાર દ્રષ્ટિ કરી. તો નજીકમાં એક ઉત્તમ યૌવનવાળી બાઈ દીઠી તેના નેત્રમાં આવી. વણજારાએ એક અનુચરને બોલાવી પેલી બાઈ કોણ છે તેની તપાસ કરી લાવવાનું કહ્યું. અનુચરે તપાસ કરી આવીને શેઠને કહ્યું. શેઠ. તે એક કઠીયારણ બાઈ છે. અને લાકડાં વેચવાનો ધંધો કરે છે.

વણજારાએ કહ્યું: બોલાવી લાવ તે બાઈને. આપણે તેના લાકડાં ખરીદી લઈશું.

અનુચર મલયાગીરી પાસે ગયો અને કહ્યું: બાઈ, ચાલ અમારા શેઠ પાસે આ તંબુમાં. અમારે તારાં લાકડાં ખરીદી લેવાં છે.

મલયાગીરી તદ્દન શુદ્ધ અને સરળ સ્વભાવની હતી. વખત વ્યતીત થવાથી તેમજ પોતાને કંઈક વધારે પૈસા મળશે એ આશાએ તે માથે ભારો લઈને પેલા નોકર સાથે વણજારાના તંબુ પાસે આવી ઉભી રહી. વણજારો મલયાગીરીને દેખી તેના મોહક મુખારવિંદ પર મુગ્ધ બન્યો. તરત તેણે કહ્યું: બાઈ, આટલો મોટો ભારો ઉંચકતાં તમને

થાક લાગ્યો હશે. માટે કૃપા કરી ભારો નીચે ઉતારો. હું તેનું મૂલ્ય કરૂં છું.

મલયાગીરીએ ભારો નીચે ઉતાર્યો. અને વિશ્રાંતિ લેવા માટે બેઠી. તેવામાં વણઝારો બોલ્યો. બાઇ તમારૂં આવું સુંદર રૂપ હોવા છતાં તમે કેમ મજુરી કરો છો?

'શું કરીયે ભાઇ! પેટને માટે બધુંયે કરવું પડે. મજુરી કરવામાં શું કંઈ શરમ છે?' મલયાગીરીએ કહ્યું.

'પણુ તમારૂં રૂપ સાક્ષાત્ ઇંદ્રાણી સરખું છે. આ ધંધો છોડી દ્યો તો, વણઝારાએ પોત પ્રકાશવા માંડયું.

'ભાઇ, લાંબી ચોડી વાત જવા દ્યો. મને મોડું થાય છે. તમારે ભારી લેવી હોય તો ઝટ પૈસા આપી દ્યો. નહિ તો હું મારે રસ્તે પડું.

મલયાગીરીની એ પરવાઈ જોઇ વણઝારાએ વિચાર્યું કે અત્યારે અવસર નથી. બીજે પ્રસંગે વાત. પણ જરૂર આ સ્રીને કોઇ રીતે મારે સ્વાધીન તો કરવીજ. એમ વિચારી તેણે મલયાગીરીને તે ભારીના ડબલ દામ આપ્યા. મલયાગીરી તે લઈ વિદાય થઇ.

મલયાગીરી રોજ ભારી વેચવા મેળામાં આવે. અને વણઝારો શેઠ તેની પાસે જાતે જઇને સારા દામ આપી તે ભારી ખરીદી લયે. આમ કેટલોક વખત ચાલ્યું. વણઝારાનો તમામ માલ વેચાઇ રહયો; એટલે તેણે સ્વદેશ જવાની તૈયારી કરી. પણ: મલયાગીરીની મોહક મૂર્તિ તેના

[illegible]

[illegible]

* * * *

[illegible] લાગ્યો નહિ.

પ્રભાત થયું. બન્ને જણો ઊઠ્યા. અને મા મા કહી

રહવા લાગ્યા. પિતાએ આશ્વાસન આપી પુત્રના આંસુ લૂછયા. ચંદનરાજાએ વિચાર્યું કે જરૂર મલયાગીરીને કોઇ ઉપાડી ગયું લાગે છે. એમ ધારી તે સાયર અને નીર બંને પુત્રોને સાથે લઈ પત્નીની તપાસ કરવા પરદેશને પંથે નીકળી પડયો. ચાલતાં ચાલતાં રસ્તે એક નદી આવી. નદીનો પ્રવાહ ધોધબંધ વહેતો હતો. ચંદનરાજાને નદી ઉતરવાની હતી પણ બંને બાળકોને સાથે લઇ નદી ઉતરી શકાય તેમ ન હતું. તેથી તેણે સાયરને નદીને એક કિનારે ઉભો રાખ્યો. અને નીરને પોતાના ખભે બેસાડી તે નદી ઉતરી ગયો. બીજી વખત નીરને બીજે કિનારે ઉભો રાખી સાયરને લઈ જવા માટે તે નદીમાં ઉતર્યો. અર્ધાએક રસ્તે ચંદન આવ્યો. તેવામાં કર્મ સંયોગે નદીમાં એકાએક પૂર આવ્યું. ચંદન રાજા આ પૂરના જોસબંધ વહેતાં પ્રવાહમાં ઘસડાયો અને તણાવા લાગ્યો. હા. દૈવ શી ત્હારી ગતિ!

કહાં ચંદન કહાં મલયાગીરી, કહાં સાયર કહાં નીર,
જયમ જયમ વિપતડી પડે, તેમ તેમ સહે શરીર.

પત્નિના પરિતાપથી મુક્ત થવાનો પ્રયત્ન કરતા, પુત્રના પ્રેમવિયોગનું ચંદન રાજાને દુઃખ સાંપડ્યું. એટલું જ નહિ પરંતુ તેનો જીવન દીપક દુઃખમય સ્થિતિમાં બુઝાતો જોઇ રહેને મૂળ લાગી આવ્યું. તેને ગરજુની લેશમાત્ર પણ પરવા ન હતી. પણ સાયર અને નીર જેવાં નીર્દોષ બાળકોની અવિ-ધ્યની ચિંતા અને મલયાગીરી મેળવવાની મનોવૃત્તિ એજ તેને સંતાપતી હતી. પણ પુણ્યશાળી જીવોને દુઃખને અંતે ન્યાયે ચંદન રાજા અને સુખ સરજેલું હોય છે. તે

પાણીના પ્રવાહમાં તણાતો હતો, તે વખતે દૈવયોગે તેને એક તરતું લાકડું હાથમાં આવી ગયું. તેને આધારે તે તરતો તરતો નદી કિનારે આવી પહોંચ્યો. ધીરે ધીરે તે સ્વસ્થ બન્યો અને ત્યાં નજીકમાં એક ગામ દેખાતું હતું. ત્યાં તે ગયો. ગામના મુખ્ય રસ્તા પરથી તે પસાર થતો હતો. તેવામાં વિશ્રાંતિ લેવા માટે એક ભવ્ય મકાનના ઓટલા પર તે બેઠો. આ મકાનમાં એક શ્રીમંત વિધવા બાઈ રહેતી હતી. ચંદનનું તેજસ્વી મુખારવિંદ જોઇ તેને તેના પર પ્રેમ થયો. તે બાઈ નીચે આવી અને અજાણ્યા મુસાફરને તેણે આદરપૂર્વક અંદર બોલાવ્યો. ચંદન તે મકાનમાં દાખલ થયો. બાઈએ ભાતભાતની સુંદર રસોઈ બનાવી ચંદનને જમાડયો. મધ્યાન્હ સમયે આરામ કરવા માટે તે બાઈ ચંદનને એ દિવાનખાનામાં લઈ ગઇ. બાઇ ચંદન પર મોહ પામી હતી. તેથી ત્યાં તેણે ચંદનને સદા પોતાની સાથે રહેવા અને આનંદ સુખ ભોગવવાનું કહ્યું. પણ ચંદન ધર્મિષ્ઠ અને નિતિજ્ઞ હતો. તે ગમે તેવા દુખમાં કે સુખમાં અનીતિમાં પ્રવેશ કરે તેવો ન હતો. તેથી તેણે તે બાઈને ઉપદેશ આપ્યો અને ફરી આવી અયોગ્ય માગણી નહિ કરવાનું તેને કહ્યું. આ બાઈ બાળ વિધવા હતી. અને તેને કામવ્યથાનો મહા પરિતાપ હતો. તેથી ચંદનના ઉપદેશની અસર તેના અંતરંગમાં ઉતરી નહિ. આ સ્થાનનો ચંદને એકદમ ત્યાગ કર્યો અને ત્યાંથી ચાલી નીકળ્યો.

ફરતો ફરતો તે ચંપાનગરીમાં પહોંચ્યો અને ત્યાંના એક બગીચામાં વિશ્રાંતિ લેવા માટે બેઠો. અહિંનો

રાજા અપુત્રીયો મરણ પામેલો. તેથી પ્રજાજનોએ હાથણીને શણગારેલી. હાથણી ફરતી ફરતી ઉદ્યાનમાં આવી. અને ચંદનરાજા પર કળશ ઢોળ્યો. પ્રજાજનોએ જય વિજયના ધ્વનિથી ચંદનને વધાવી લીધો અને ચંપાનગરીની ગાદીએ તેને બેસાડયો.

× × × ×

સાયર અને નીર પિતાના વિયોગે ઝુરતા સામસામે કિનારે એક બીજા સામે દ્રષ્ટિપાત કરતાં ઉભા છે. તેવામાં એક વણઝારો ત્યાં નીકળ્યો. સાયરે પોતાની હકીકત તેને કહી. એટલે વણઝારે સાયરને પોતાના ભાઈ નીર પાસે મૂક્યો. બંને ભાઈ ભેગા થયાં. અને દુઃખના આંસુ સાર્યા. વણઝારાએ તેમને પોતાની સાથે આવવા કહ્યું. પણ બંને વીર પિતાના વીર પુત્રો હિંમતવાન હતા, એટલે તેમણે કહ્યું કે અમે આપબળે દેશ પરદેશ ફરશું અને સ્વતંત્ર રહીશું. વણઝારો ત્યાંથી ચાલ્યો ગયો. બન્ને ભાઈ દેશ પરદેશમાં ખૂબ રખડયા. ફરતાં ફરતાં તેઓ ચંપાનગરીમાં આવી પહોંચ્યા. અને ત્યાંના રાજા પાસે જઈ નોકરીની માગણી કરી.

બારબાર વર્ષના વ્હાણા વાઈ ગયા છે. પિતા પુત્રોને કે પુત્રો પિતાને ઓળખતા નથી. રાજાએ તે બન્નેને કોટવાળની જગ્યા સોંપી અને નોકરીમાં રાખ્યા.

આ તરફ વણઝારાએ મલયાગીરીને સતાવવા ખુબ પ્રયત્ન કર્યો. પણ મલયાગીરી પતિપરાયણ અને પવિત્ર સ્ત્રી હતી. તે વણઝારાની અધમવૃત્તિને લેશમાત્ર તાબે થાય

દેવી ન હતી. વણજારાએ તેના પર બળાત્કાર કરવાનું કર્યું સતીએ જીભ કચરી મરી જવાનું કહ્યું. વણજારો ત્રાતે થાકયો અને બીજા પ્રસંગપર તેને તાબે કરવાનું ઇચ્છી મન વાળ્યું.

એકવાર વણજારો મલયાગીરીને સાથે લઈ પોતાનો માલ વેચવા ચંપાનગરીમાં આવ્યો. અને શહેર બહાર તંબુ નાખી ત્યાં વિશ્રામ કર્યો. પોતાના માલના રક્ષણ માટે રાજ્યના રક્ષકો મેળવવા તે રાજા પાસે ગયો. મુલ્યવાન નજરાણું રાજાને ચરણે મૂકી બે રક્ષકો રક્ષણ માટે આપવાનું તેણે રાજાને કહ્યું. રાજાએ તેના તંબુની ચોકી કરવા માટે સાયર અને નીરને મોકલ્યા.

રાત્રિનો સમય હતો. સાયર અને નીર ચોકી કરતા હતા. તે સાથે વણજારાના પણ બે ત્રણ માણસો ચોકી કરતા હતા. તેમાંના એક માણસે સાયરને કહ્યું. ભાઇ, રાત ઘણી લાંબી છે. માટે એકાદ વાત કહો. સાયરે વિચાર કર્યો કે પરની વાત ખૂબ કરી. પણ હવે આપ વીતી વાત કહેવાય તો સારૂં. એમ કહી તેણે પોતનીજ જીવનકથા શરૂ કરી. મલયાગીરી ધ્યાનપૂર્વક તંબુમાં રહીને આ વાત સાંભળતી હતી. પોતાનાજ જીવનની કથની કહેવાતી જોઇને તે આશ્ચર્ય પામી-તેણે સાયર અને નીર (પોતાના બે પુત્રો) ને ઓળખી કાઢયા. તરત તે તંબુની બહાર આવી અને આનંદપૂર્વક બોલી ઉઠી. પ્યારા પુત્રો. હું પોતેજ તમારી દુઃખીયારી માતા મલયાગીરી! સાયર અને નીર તેને ઓળખી પ્રેમથી ભેટી પડયાં અને માતાને લઇ સ્વગૃહે આવી પહોંચ્યા.

આ વાતની વણઝારાને ખબર પડી; એટલે સવાર થતાં તે ફરીયાદ કરવા રાજાના દરબારમાં ગયો. રાજાએ સાયર નીરને તેડાવ્યા. અને વણઝારાંની સ્ત્રીને લઈ જવાનું કારણ પૂછયું. જવાબમાં સાયર નીરે પોતાનો જીવનવૃત્તાંત કહ્યો અને કહ્યું: રાજન્ આ રીતે અમને અમારી માતાનો મેળાપ થયો. હવે પિતાની ફીકર છે! તરત ચંદન રાજા આશ્ચર્ય સાથે ઉભો થયો અને બોલી ઉઠયો. વ્હાલા પુત્રો; આ રહ્યો તમારો પ્રિય પિતા ચંદન. એમ કહી તે બંને પુત્રોને પ્રેમથી ભેટી પડયો. મલયાગીરી અને ચંદન રાજા બંને વિશુદ્ધ સ્નેહપૂર્વક મળ્યાં, અને સુખ દુ:ખના આંસુ સાર્યાં; સૌએ પોતપોતાની આપવીતી કહી સંભળાવી. કર્મના અચળ સિદ્ધાંત પર વિશ્વાસ મૂકી તેઓ સઘળા આનંદપૂર્વક રહેવા લાગ્યા અને સુખ ભોગવવા લાગ્યા.

એકદા જ્ઞાનિ મહારાજ તે નગરમાં પધાર્યા; રાજા અને રાણી મુનિને વંદન કરવા ગયા. મુનિએ ધર્મબોધ આપ્યો. બંનેએ પુર્વભવ પુછયો. જ્ઞાનિ મહારાજે જણાવ્યું: ત્હમે પુર્વ ભવે ત્યાગી જૈન મુનિને ખીરનું સુપાત્ર દાન આપતા તેના ત્રણ ભાગ પાડેલા! પરિણામે પહેલી વખત તમે રાજ્ય ખોયાનું દુ:ખ પામ્યા! બીજી વખત પતિનો વિયોગ થયો! અને ત્રીજી વખત પુત્રોનો વિયોગ થયો! એ પ્રમાણે ત્રણ વખત તમારે દુ:ખ ભોગવવું પડ્યું. પણ અંતે સુપાત્ર દાનના મહાન પ્રભાવે તમે રાજ્યનું અગણિત સુખ પામ્યા. માટે હૃદયના સાચા ભાવથી સુપાત્રદાન દેવું અને ધર્મમાર્ગે પ્રવર્તન કરવું. મુનિનો આ ઉપદેશ સાંભળી

દેશનાથી પ્રતિબોધ પામ્યા. અને ગુરૂ ને મલયાસુને જણાવી તેમણે દીક્ષા લીધી. શુધ્ધ તપ જપ, સંવર ક્રિયા કરીને હૃદયની ઉચ્ચ ભાવનાઓ ભાવી તેઓ કેવલજ્ઞાન પામ્યા, અને મોક્ષગતિને પહોંચ્યા.

ધન્ય છે, ચંદન મલયાગીરીની સહન શીલતાને! અને સુપાત્ર દાનના અપુર્વ મહિમાને!

ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

---

૧ સત્યના સિપાઈઓ.

રસના ભર્યા રે, એ તો રંગના ભર્યા
શૂર સાચના સિપાઈઓ આનંદના ભર્યા.
માથા મૂક્યાં છે કાપી હાથ વડે વેગળાં
જોગણીના ખપ્પરોને ભાવે ભર્યા.................શૂર સાચના૦ ૧
વાજે છે ડંકા ને ગાજે અનાહત
સોહં સોહં નાદ શંખે પૂર્યા.................શૂર સાચના૦ ૨
તપના તો તીર અને ભક્તિ તણા ભાલાં
પ્રેમના પટા રમે એ સંતો નર્યા.................શૂર સાચના૦ ૩
ઝુઝે છે વીર ધીર, ખેલંતા મર્દ ખેલ,
કામ ક્રોધ લોભના ચૂરા કર્યા.................શૂર સાચના૦ ૪
ધારી જે ટેક નેક મરતાં ચૂકે નહિ,
મુક્તિને દ્વાર એ તો જઈને ઠર્યા.................શૂર સાચના૦ ૫
નીરખે છે નેણ ભરી, આત્માની જ્યોતને,
એવા મરજીવા તે સાચા મર્યા.................શૂર સાચના૦ ૬

દિવ્ય ચક્ષુ.

જૈન અને બૌદ્ધ સાહિત્યનાં ઉત્તમોત્તમ પુસ્તકો.

સન્મતિતર્ક— ચાર ભાગ સં. પં. સુખલાલજી અને પં. બેચરદાસ. રૂા. ૧૦) દરેક ભાગના. પાંચમો ભાગ નવોજ બહાર પડયો. જેની કિંમત રૂા. ૧૦) જેની અંદર ગ્રંથ સંપૂર્ણ થાય છે. અને વિસ્તૃત પરિશિષ્ટોથી અલંકૃત છે.

ભગવતી સુત્ર— પેલો બીજો ભાગ ટીકા સાથે ગુજરાતી અનુવાદ પં. બેચરદાસ દરેકના રૂા. ૯) ભગવતી સુત્ર ભાગ ત્રીજો રૂા. ૧૦)

પં. બેચરદાસ અને પં. સુખલાલજી સંપાદિત ગુજરાતી ભાષાના ઉત્તમ જૈન પુસ્તકો.

ભગવાન મહાવીરના દશ ઉપાસકો. (ઉપાસક સુત્રનો અનુવાદ)	૦–૮–૦
ભગવાન મહાવીરની ધર્મકથાઓ (જ્ઞાતા, ધર્મકથાનો અનુવાદ)	૧)
પ્રાકૃત વ્યાકરણ પં. બેચરદાસ.	૪)
જૈન દર્શન	૨)
સ્યાદ્વાદ રત્નાકર પાંચ ભાગ.	૧૦॥
પ્રાચિન સાહિત્ય	૦।≡

સં. જિનવિજય.

પાલી પાઠાવલી	૦॥=
જિતકલ્પ ભાષ્ય અવચૂરિસહિત.	૦)

પં. સુખલાલજી લિખિત.

આધ્યાત્મિક વિકાસક્રમ	૦।=
નવકાર મંત્રનું રહસ્ય	૦।=
અનેકાંતવાદની મર્યાદા	૦)=
૧૯૮૬ પર્યુષણ પર્વના વ્યાખ્યાનો.	૦।=
૧૯૮૪ પર્યુષણ પર્વના વ્યાખ્યાનો.	૦)=
ચાર કર્મગ્રંથો હિંદી	૪॥
બ્રહ્મચર્ય વિચાર (પં. સુખલાલજી)	૦–૫–૦
સન્મતિતર્ક ગુજરાતી છઠ્ઠો ભાગ. (પં. સુખલાલજી)	૧॥

મણીલાલ નથુભાઇ દોશી.

શ્રાવક ધર્મ	૧)
કાવ્ય પ્રકાશ. સં. રસિકલાલ અને રામનારાયણ પાઠક.	૧॥

બૌદ્ધ ધર્મના અપૂર્વ પુસ્તકો.

સં. જિનવિજય.

અભિધાનપ્પ દીપિકા	૫)

પ્રો. ધર્માનંદ કોસંબી

અભિધમ્મત્થ સંગહો	૨)
બુદ્ધ લીલા સાર સંગ્રહ	૨॥
બૌદ્ધ સંઘનો પરિચય	૨)
સમાધિમાર્ગ	૦॥
ધમ્મપદ ગુજરાતી અનુવાદ	૧)
બાહિરાન દાન વર્ણના	૧)
સુત્તનિપાત	૧)
મજ્ઝિમનિકાય	૧)
જાતક કથાઓ	૦॥

ઉપરાંત ગુજરાતી ભાષાના બીજાં કોઇ પણ પુસ્તકો માટે લખો અને વિગતવાર સૂચિપત્ર માંગો.

ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
ગાંધીરોડ, ફુવારા સામે – અમદાવાદ.